કરામત

અશ્વિની ભટ્ટ

નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ, નટરાજ ટોકીઝ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

VISIT…

LANZAROTE
Caliente.COM

KARAMAT (Gujarati Humorous Thriller) by Ashwinee Bhatt
1998
Published by : Navabharat Sahitya Mandir,
Ahmedabad-1 & Mumbai-2

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮
પુનઃમુદ્રણ : ૨૦૦૪
મૂલ્ય : રૂ. ૧૨૫-૦૦

પ્રકાશક :
અશોક ધનજીભાઈ શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

ટાઈપસેટિંગ :
ઈનોવેટિવ પ્રિન્ટ એન્ડ પેક
કચરિયા પોળ, બાલાહનુમાન,
ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

મુદ્રક :
યુનિક ઑફસેટ
એન. આર. એસ્ટેટ
તાવડીપુરા, શાહીબાગ,
અમદાવાદ

અર્પણ

પત્ની ફોઈને પ્રેમ કરતા
સુરતના અસલ સુરતીલાલા
અને સુરત શહેરના માજી મેયર
શ્રી અજિત દેસાઈને...

'કસબ' અને 'કરામત'

'અભિયાન' સાપ્તાહિકના એક વાર્ષિક અંક સાથે 'કસબ' નામની રમૂજસભર નવલકથા ભેટપુસ્તક રૂપે અપાઈ હતી. તદ્દન ગમ્મત માટે, એક સત્યઘટનાનો આધાર લઈને તે કથાનું સર્જન થયેલું અને તેની ૬૫ હજારો પ્રતો અભિયાનના વાચકોના હાથમાં પહોંચી હતી. એ નવલકથા કેટલા લોકોએ વાંચી હશે તેનો સાચો આંકડો મારી પાસે નથી. એ નવલકથાને વાચકો દ્વારા જે પ્રતિસાદ મળેલો તેનાથી ઉત્સાહિત થઈને આ જ રચનાપ્રકારમાં બીજી વાર્તાઓ લખવાનું વિચારેલું. તેને પરિણામે આ 'કરામત'ની રચના થયેલી. તેનું એક એક પ્રકરણ રોજેરોજ મુંબઈના 'સમાંતર' દૈનિકમાં પ્રગટ થયેલું અને લોકોએ માણેલું. 'કસબ'નાં જ પાત્રો લઈને એવી જ બીજી સત્યઘટનાના અંશો લઈ 'કરામત' રચાઈ છે.

ગુજરાતી ભાષામાં રચાતા કથાસાહિત્યમાં એકસાથે રોમાંચ, રહસ્ય કે ઉત્કંઠા જગાવે તેવું વસ્તુ, હળવી ભાષાનું લાલિત્ય અને આ બધા ઉપરાંત નિર્ભેળ આનંદ આપે તેવી વાર્તાઓ જૂજ છે તેવું મારું માનવું છે અથવા મારું અજ્ઞાન છે. ખેર ! એ જે હોય તે, પરંતુ લોકોને પ્રિય થઈ પડે તેવા નોખા રચના'પ્રકાર' (genre)માં લખવાનો મને ઉત્સાહ મળ્યો. અંગત રીતે હાસ્યપ્રધાન કથાસામગ્રીનો ઉપયોગ મેં મારાં લખેલાં અને પુસ્તકરૂપે પ્રકાશિત નહિ થયેલાં નાટકોમાં સફળતાથી કર્યો છે. પરંતુ નાટ્યાત્મક વળાંકો લેતી અને છતાં જેમાં રમૂજ હોય તેવી નવલકથા લખવાનું તો 'કસબ'થી બન્યું. એ જ પ્રકારમાં (genre)

આ 'કરામત' લખાઈ છે. કસબમાં સંડોવાયેલાં પાત્રો કરામતમાં પણ છે, અને હવે પછીની કેટલીક કથાઓમાં પણ તેમનો ઉપયોગ કરવાની નેમ છે. રોજ-બ-રોજ છાપાંઓમાં આવતા છેતરપિંડીના કિસ્સાઓ વાંચવા છતાંય લોકો છેતરાય છે અને અમુક લોકો અદ્‌ભુત રીતે છેતરી શકે છે. આવો એક કિસ્સો 'કરામત'ના મૂળ વિચાર તરીકે લીધો છે. મને શ્રદ્ધા છે કે આમવાચકોને આ નવલકથા વાંચવાની મજા આવશે. આવી નવલકથા શ્રેણીને પ્રકાશિત કરવાનો અને મને જુસ્સો આપવાનો યશ મારા જવાન મિત્ર મહેન્દ્રભાઈને છે.

- અશ્વિની ભટ્ટ

લેખકનાં અન્ય પુસ્તકો

- **નવલકથા :**

  લજ્જા સંન્યાલ
  આશકા માંડલ
  નીરજા ભાર્ગવ
  શૈલજા સાગર
  ફાંસલો
  ઓથાર
  અંગાર
  આખેટ
  કટિબંધ
  આયનો
  કસબ
  કરામત
  કમઠાણ

- **અનુવાદ :**

  અરધી રાતે આઝાદી

- **હવે પછી...**

  સંજુ માલવ
  કડદો

કરામત

અશ્વિની ભટ્ટ : લોખંડી વાચકોનો લેખક

પારો સ્થિર થઈ શકે છે, અશ્વિની ભટ્ટ નહિ. એ ગતિનો માણસ છે. એને વિગતિનો જેમ ભય નથી તેમ પ્રગતિનો મોહ પણ નથી. એને ગતિ જોઈએ. ગમે તે દિશામાં. ગમે તે દશામાં. આ ચંચલપગો માનવી મર્યા પછી ચિતા પર સખણો રહેશે કે કેમ તે પણ એક સવાલ છે.

'લજ્જા સન્યાલ', 'શૈલજા સાગર', 'નીરજા ભાર્ગવ' અને 'આશકા માંડલ' જેવી અત્યંત લોકપ્રિય નીવડેલી ધારાવાહી નવલકથાઓ લખીને 'સંદેશ' સાથે 'સેવક' નો પણ ફેલાવો વધારનાર અશ્વિની ભટ્ટ માત્ર નવલકથાકાર નથી, એ બીજું ઘણુંબંધું છે. આ 'ઘણુંબધું'નું લિસ્ટ તૈયાર કરવા બેસીએ તો તે એની નવલકથા જેવું જ લાંબું થઈ જાય.

અશ્વિની ભટ્ટ ઝડપી અનુવાદક છે. એનાં અનૂદિત પુસ્તકોની સંખ્યા એંસીથી ઓછી નથી. એ સપ્તરંગી પત્રકાર છે. જોઈએ તે રંગની કમાન કાગળ ઉપર ઉતારી શકે છે. એ કાબેલ મૅનેજર છે. પ્રેમાભાઈ હૉલનું મૅનેજમેન્ટ તેનો બોલતો પુરાવો છે. એ રંગભૂમિનો મજનૂ છે - રંગભૂમિની લયલા માટે પોતાના કપડાં ફાડે તેવો. એ અચ્છો અભિનેતા છે, દિલેર દિગ્દર્શક છે (પણ કાયમ નિચોવાતો), નિર્માતા છે. એની ખોપડીમાં ભેજું નથી, કૉમ્પ્યુટર છે. ચીવટ અને ચોકસાઈમાં એ રુક્ષ છે તો લાડ અને લાગણીમાં ઋજુ છે. એની બૌદ્ધિક તીક્ષ્ણતા સુપર બ્લેડને તો એની વિનોદવૃત્તિ વિનોદ ભટ્ટને બે ઘડી વિચારમાં મૂકી દે તેવી છે.... અને સૌથી વધુ તો એની યોજનાશક્તિ એવી તો ધારદાર છે કે મને ક્યારેક થાય છે કે નેહરુ, શાસ્ત્રી અને (મિસિસ) ગાંધીને તો જાણે તેની જાણ નહોતી પણ જો મોરારજી દેસાઈને તેની જાણ થાય અને પ્લાનિંગ કમિશનના અધ્યક્ષ તરીકે એની નિમણૂક કરવામાં આવે તો પહેલાં પાંચ વર્ષમાં જ એ પાંચ પંચવર્ષીય યોજનાઓ પૂરી કરી દેખાડે અથવા પૂરી કરી છે તેવું પુરવાર કરી બતાવે.

અશ્વિની ભટ્ટ લોખંડી વાચકોનો લેખક છે, અને એ પણ એક આકર્ષક અકસ્માત છે કે તેની કલમમાં લોહચુંબક પણ ભારોભર ભરેલું છે....

શેખાદમ આબુવાલા

કરામત

સાહેબ, અમારી જ્ઞાતિના મંગાભાઈની દાધારંગી ઈન્દુડીથી માંડીને માધુરી દીક્ષિત સુધીની સ્ત્રીઓ મેં નિહાળી છે. તેમ છતાં હું દાવા સાથે કહું છું કે મારી પન્નીફોઈનો જોટો જડે તેમ નથી. તમે હજુ તેના પરિચયમાં આવ્યા નથી એટલે તમને આ વાત અતિશયોક્તિવાળી લાગશે, બાકી જેમને પન્નીફોઈનો અનુભવ થયો છે તેમની દશા "ચોરની મા કોઠીમાં મોઢું નાખીને રડે" તેવી થઈ છે. ખેર ! એ કહેવત અમારી નાતને લાગુ પડતી નથી, કારણ અમારી માતાઓ ક્યારેય આવી રીતે રડી નથી. "ક્રાઇમ નેવર પેઝ" અથવા "સત્ય હંમેશાં બહાર આવે છે" તેવી સૂફિયાણી વાત પણ અર્થહીન છે, તેવું અમારી ન્યાતે અનેક વખત પુરવાર કરી આપ્યું છે. અમારી ન્યાતનાં તમામ બાળકો ચોરી, છેતરપિંડી, ચીલઝડપ વગેરે ગળથૂથીથી જ પ્રાપ્ત કરે છે; એવા ઉલ્લેખો સમાજશાસ્ત્રીઓના નિબંધોમાં અમારી જનજાતિ વિશે લખાયેલા છે પણ મારે સમાજશાસ્ત્રનો કોઈ નિબંધ લખવો નથી. હું તમને મારી પન્નીફોઈ વિશે વાત કરવા માગું છું.

ક્યારેક એકલો બેસીને હું પન્નીફોઈ વિશે વિચારું છું ત્યારે સાચે જ મને ઈશ્વરના અસ્તિત્વનો ઠોસ પુરાવો મળે છે, કારણ ઈશ્વર પણ ઓછો અવળચંડો નહિ હોય ! નહિ તો પન્ની જેવું રતન તેણે ઘડ્યું ન હોત. સગપણની દૃષ્ટિએ જુઓ તો મારી ફોઈ છે અને નથી. એ થોડી અટપટી વાત છે. હું આઠેક વર્ષનો હતો ત્યારે એક દિવસ ઓચિંતા જ મારા દાદા, માનનીય છનાભાઈ, પન્નીને લઈને ઘરમાં પ્રવેશેલા અને તેમણે કહેલું, "બાબુ, આ છોડી આજથી આપણે ત્યાં રહેશે." બાબુ એટલે મારા પિતાશ્રી. બસ તે દિવસથી પન્ની ઘરમાં આવેલી.

મારો દાદો સ્ત્રીઓની બાબતમાં સરકસના ખેલાડી જેવો છે. એક હિંચકો છોડીને, ત્રણ ગુલાંટ ખાઈને જેમ ઝૂલાનો ખેલાડી હેરત પમાડે અને બીજો હીંચકો ઝીલી લે, તેમ મારા પિતામહે સ્ત્રીઓની બાબતમાં કરી બતાવેલું. "જાઓ છોકરાઓ, તમારી ફોઈનો સામાન લઈ આવો", તેમણે બીજો હુકમ કર્યો હતો અને હું અને વર્ષા, એટલે કે મારી બહેન, આંગણામાં દોડ્યાં હતાં. બે મોટી સૂટકેસ, મોટો નેતરનો ચોરસ કરંડિયો, એક મોટો

બગલથેલો વગેરે ભારેખમ દાગીના અમે ઘરને મેડે ચડાવ્યા હતા, પણ ઘરની કોઈ વ્યક્તિએ દાદાને પૂછ્યું ન હતું કે એ છોડી કોણ છે. બસ પન્ની તે દિવસથી અમારી સાથે રહી હતી. તે વખતે તે અગિયાર વર્ષની હશે.

તમે તો કદાચ આજે "ચોલી કે પીછે" ગીતમાં નૃત્ય કરતી અભિનેત્રીઓને પહેરાવવામાં આવેલો ડ્રેસ જોયો હશે, પરંતુ અગિયારેક વર્ષની પન્ના, એવો ડ્રેસ પહેરીને અમારા ઘરમાં પ્રવેશેલી. હું અને વર્ષા તેનો સામાન ઉપર લઈ ગયાં હતાં. તે પછી તે પણ એક હાથમાં વેનિટી બોક્સ અને બીજે હાથે તેના ઘેરવાળા ચણિયાને, એક હાથની આંગળીઓની ચપટી વાળીને, એક પગ થોડોક ખુલ્લો દેખાય તેમ, ચણિયાનું કાપડ ઊંચકીને, તેના નિતંબ હિલોળતી દાદર ચડી હતી. ચણિયાના ઘેર નીચેથી દેખાયેલા તેના પગ પર હાથ ફેરવવાનું ભારે મન મને થઈ આવેલું. તેને જોઈ મારી બહેન વર્ષા તો ઓળઘોળ થઈ ગયેલી. પ્રથમ મુલાકાતથી જ બન્ને જણ વર્ષોથી દોસ્ત હોય તેમ વર્તવા લાગ્યાં હતાં.

તે અમારા ઘરમાં આવી પછી અમારા જૂના ઘરમાં નવું ચેતન આવ્યું હતું. ઘરમાંની જૂની ચીજો, રાચરચીલું, વાસણો, ચાદરો વગેરે તેણે એક પછી એક બહાર ફગાવ્યાં હતાં. તેની જગ્યાએ લાખોપતિને ત્યાં હોય તેવો સામાન આવવા માંડ્યો હતો. તેના હાથની સફાઈ બેનમૂન હતી. કોઈ દુકાનમાં નાહવાનો સાબુ લેવા ગઈ હોય અને પાછી ફરે ત્યારે તેની થેલીમાંથી ટૂથપેસ્ટ, શેમ્પુ, કોલ્ડ ક્રીમ, સેન્ટની બોટલ વગેરે અવનવી ચીજો નીકળતી. જૂની ઘડિયાળ રિપેર કરાવવા આપવા ગઈ હોય તો બેત્રણ કાંડા ઘડિયાળ મારીને લાવી હોય. મારા પિતા બાબુલાલ તસ્કરવિદ્યાના નિષ્ણાત ગણાતા. તે છતાં પન્નીનો કસબ જોઈને સ્તબ્ધ થઈ જતા.

ખેર ! તે ઘરમાં આવી ત્યારે હું આઠેક વર્ષનો હતો અને પન્ની અગિયારેક વર્ષની. પ્રેમ શબ્દ હું સમજતો ન હતો તે છતાં મારા જિગરમાં ઉલ્કાપાત મચ્યો હતો. તેનો હાથ પકડવામાં, તેની સાથે ધિંગામસ્તી કરવામાં, તેની આંખોમાં આંખ નાખીને જોવામાં મને સ્વર્ગીય આનંદ મળતો. સોળ વર્ષનો થયો ત્યારે એ બધાં સ્પંદનો હું સમજતો થયો હતો. હું પન્નીફોઈના પ્રેમમાં પડેલો.

અહીં એક સ્પષ્ટતા કરી લઉં. હું જે વાત કરવાનો છું તે ખરેખર સનસનીખેજ છે, પણ મૂળ વાત કરતાં પહેલાં, એક-બે અગત્યની વાત મારે કહી દેવી જોઈએ. જેમ તસ્કર પ્રવૃત્તિ અમારું જન્મજાત લક્ષણ છે તેમ જાતીયસબંધોની બાબતમાં અમારી જ્ઞાતિમાં ૨૧મી સદી તો સૈકાઓથી પ્રવેશેલી છે. લગ્ન પહેલાંના શારીરિક સંબંધો બાબત અમે અત્યાધુનિક વિચારો ધરાવીએ છીએ. આ સ્પષ્ટતા એટલા માટે કરું છું કે મારા દાદાની દૃષ્ટિએ ભલે હું તેનો ભત્રીજો થતો હોઉં, પરંતુ લયલા - મજનુ, જેસલ - તોરલ, શેણી - વિજાણંદ, રોમિયો - જુલિયટ વગેરે પછી જો તમારે કોઈ પ્રેમીઓનાં નામ જોઈતાં હોય તો "પવલો - પન્ની"નો ઉલ્લેખ તમે કરી શકો.

મારું નામ પ્રવીણ છે, પણ પન્ના મને પવલો કહીને સંબોધે છે અને હું તેને પન્ની કહું છું. અમારો વિશિષ્ટ સંબંધ નાનપણથી જ સર્જાયો હતો. "પન્ની, મારે ચોકલેટ ખાવી છે. કેડબરી મિલ્ક ચોકલેટ," બસ એટલું જ મારે કહેવાનું અને જાદુઈ લાકડી ફેરવતો કોઈ જાદુગર, સ્ટેજ પર આંટો મારે તેમ, તે બજારમાં એક આંટો મારી આવતી અને મારે માટે એક થપ્પી ચોકલેટ લઈ આવતી. તેના જેટલી હાથસફાઈ મેં મારી જ્ઞાતિના ખેરખાંઓમાં જોઈ નથી. વળી જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ તેને ખ્યાલ આવતો ગયો કે તેની દેહરચના તેની એક જબરદસ્ત એસેટ છે.

તમને કદાચ હિન્દી ફિલ્મોમાં આવતાં કેટલાંક દૃશ્યો વાહિયાત લાગતાં હશે. એવાં દૃશ્યો કે જેમાં હિરોઈન ગીત ગાય - માર દિયા જાય કે છોડ દિયા જાય - અને એ ગીતમાં ગુલતાન બનેલા ડાકુઓ વચ્ચેથી હિરોઈન, હીરોનાં બંધન કાપી નાખે... એ બધું તમને તર્ક વગરનું બકવાસ જેવું લાગે, કારણ તેમાં અતિશયોક્તિ હોય છે. જાડું કંતાય છે. નજાકત નથી હોતી. વિલન જાણે તદ્દન બેવકૂફ હોય તેમ તે સીન ગોઠવાય છે.

પરંતુ પન્નીફોઈ જ્યારે કોઈ 'ઑપરેશન' કરતી હોય, કોઈ દુકાનદાર સાથે વાત કરતી હોય ત્યારે જ તમને ખ્યાલ આવે કે દુકાનદારની આખી દુકાન લૂંટાઈ જાય તોય તે સંમોહનમાંથી બહાર આવતો નથી. પન્નીફોઈએ અનેક વખત પુરવાર કરી આપ્યું છે કે "નો અપીલ ઇઝ લાઇક સેક્સ અપીલ."

પન્નીફોઈની છટા, કોઈ પણ મુલાકાતમાં પેશ આવવાની કલા, તેના ચહેરા પર આવતી આવાહનયુક્ત લજ્જા, તેણે સાડી પહેરી હોય તો

બેદરકારીથી આંચલ સરકાવીને, ઘડીક તેના લો-કટ બ્લાઉઝ હેઠળના તેના ભરાવદાર સીનાના દીદાર કરાવીને, છેડો સરખો કરી લેવાનું ટાઈમિંગ; સ્કર્ટ પહેર્યું હોય તો ચોક્કસ સમયે, ટટ્ટાર થઈને, સ્કર્ટના ગર્ડલમાં, બન્ને હાથના અંગૂઠા ભરાવીને, કેડ પર વળતી તેના શર્ટની ક્રિસને સરખી કરવાની ક્રિયા કે પછી કાન પાછળ આંગળીઓ ફેરવીને તેના વાળ સરખા કરવાની હરકત.. જેવી અંગભંગિમાઓમાં તે બેમિસાલ હતી. હોઠ પર સ્મિત રમતું રાખીને, કંઈક 'બાસ'ભર્યા અવાજે અને સામેના માણસની આંખમાં આંખ મિલાવીને વાત કરવાની કલા તેને નૈસર્ગિક રીતે હસ્તગત થઈ હતી.

હું તેને કહેતો, "પન્નીફોઈ, યાર તારે તો ફિલ્મોમાં અભિનેત્રી થવાની જરૂર હતી."

"ખોટા મસકા મારવાની જરૂર નથી પવલા. તારે ચુંબન કરવું હોય તો કરી લે." તેને પ્રશસ્તિ ગમતી.

પણ હું ખરેખર સાચું કહું છું. પન્ની, આમ તો કાળી કહી શકાય તેટલી શ્યામ છે. મારા કરતાં તો ખરી જ, પણ સાહેબ, તમે જો ચિત્રકાર હો અને તમારે આઇડિયલ પ્રપોર્શનવાળી કોઈ મોડેલ જોઈતી હોય તો પન્નીનો મુકાબલો, કદાચ કોઈ ન કરી શકે. તેના સીનાનું અને નિતંબનું માપ એકસરખું છે. તેના નાકની અણી, હડપચી અને કપાળના સેન્ટરની બરાબર વચ્ચે છે. અમેરિકન ફિલ્મો જોઈને તેણે પગની અદ્‌ભુત દરકાર લીધેલી છે. ડોક પાતળી છે અને વાળ ઠીક ઠીક લાંબા, ભરાવદાર અને લીસા છે. ચમકતી ઘેરી કથ્થઈ કીકીઓવાળી આંખો દક્ષિણ ભારતની રૂપાંગનાઓ જેવી છે. ક્યારેક હું તેને જોઈને તેની મા કેવી હશે તે વિચારતો. પણ મારો દાદો કે પન્ના એ વિશે ક્યારેય મગનું નામ મરી પાડતાં નહિ. અલબત્ત અમારી જ્ઞાતિના છોકરા-છોકરીઓ અન્ય કેટલીય જ્ઞાતિના છોકરા-છોકરીઓ કરતાં રૂપાળાં હોય છે.

જેટલી એ ખૂબસૂરત અને નાજુક છે તેટલી એ ખરેખર નથી. હું થોડો અસાવધ રહું તો મને ઊંચકીને ફેંકી દે તેટલી શક્તિશાળી છે. એ બિલાડી જેટલી ચપળ અને સોફ્ટ છે. તે ધારે તો શીમળાના રૂના તકિયાની જેમ જ તમે એને આલિંગી શકો અને તે ન ઇચ્છે તો આંગળી પણ અડાડી ન શકો.

તમને થશે કે આ બેટો, એની ફોઈના પ્રેમમાં એટલો ગળાડૂબ છે કે તેનાં વખાણ કરતાં થાકતો નથી. ખરેખર તે સાચું છે, પણ ક્યારેક તે મને અકળાવી નાખે છે. ગુસ્સાથી મારું માથું ફાટી જાય તેટલું રંજાડે છે. હમણાંની જ વાત કરું. તેણે છેલ્લે જે સ્કીમ બનાવી હતી અને મેં તથા મારા કેટલાક સાથીદારોએ, તેમ જ પન્નીએ મુખ્ય ભૂમિકામાં રહીને કામ પાર પાડ્યું હતું તેની વાત અમારી જ્ઞાતિમાં ચર્ચાનો વિષય થઈ પડી હતી. અમ્દાવાદના સી.જી. રોડ પર આવેલા 'આદમ એન્ડ ઈવ' સ્ટોર્સના માલિક નટવરલાલના એક પુત્ર કિશનને એ સ્કીમમાં ભેરવવામાં આવેલો. ૪૦૦ રૂપિયામાં, ૧૦૦૦ની નોટો આપવાની એ સ્કીમમાં એ છોકરાના લગભગ નવ લાખ રૂપિયા ઉતારી લેવામાં આવેલા (વધુ વિગત માટે વાંચો "કસબ"). એ સ્કીમની ખૂબી એવી હતી કે રૂપિયા ગુમાવવા છતાં કિશન આજે પણ એમ જ માને છે કે સ્કીમ અદ્‌ભુત હતી, પણ સંજોગો પ્રતિકૂળ નીવડ્યા.

ટૂંકમાં અમારો ખર્ચ અને સાથીદારોના ભાગની વહેંચણી કરવા છતાં અમારી પાસે નેટ ચાર લાખ પંદર હજાર ત્રણસો પંચોતેર રૂપિયા વધ્યા હતા. એ નાણાંનો વહીવટ કેમ કરવો તેની હું વેતરણમાં હતો અને પન્નીફોઈએ ઓડિટ ઉઠાવેલું.

"પવલા... એ રૂપિયા, નવી સ્કીમમાં ઇન્વેસ્ટ કરવા માટેના છે. મેં તને કહ્યું હતું તે યાદ છે ને ! - કે એ નાણાં આપણે દાણચોરીમાં રોકવાના છે," પન્નીએ એવું કહેલું તેની હું ના નથી પાડતો, પણ તે વખતે મને એમ હતું કે પન્ની અમસ્તું જ કહી રહી છે.

"પણ પન્ની, દાણચોરી આપણો વિષય નથી," મેં કહેલું.

"પવલા... જગતમાં એવો કોઈ વિષય નથી જે માણસ ધારે તો શીખી ન શકે."

"કોઈ નિશાળમાં આવો વિષય શિખવાડાતો નથી પન્ની," મેં કહેલું.

"પવલા, આ બાબતનો તેં પહેલાં વિરોધ કર્યો ન હતો. આપણે બનાવટી નોટોની સ્કીમ બનાવી ત્યારે તેનો નફો દાણચોરીમાં નાખવાનું નક્કી થયેલું."

"ઓહો ડાર્લિંગ ! તેં એવું કહેલું, પણ નક્કી કર્યું ન હતું. આઇ મીન તેં એવું વિચારેલું. તે વખતે મને એવો ખ્યાલ ન હતો કે તું ખરેખર દાણચોરીમાં પડવાનું વિચારીશ."

"હું ગંભીર વાત કરતી હોઉં ત્યારે ડાર્લિંગ કહેવાની જરૂર નથી અને મારાથી સહેજ દૂર બેસ. તારે એ ભૂલવાની જરૂર નથી કે હું તારાથી મોટી છું અને તારી ફોઈ છું."

"ઓ.કે. પન્ની, પણ દાણચોરીના ધંધામાં આપણા જેવા સરળ માણસોનું કામ નહિ."

"તું અક્કલનો ઓથમીર છે પવલા."

"તું સમજ. જે ધંધામાં દાઉદ ઇબ્રાહીમ જેવા ખૂનખાર માણસો પડ્યા હોય તેમાં આપણું કામ નહિ. તેના કરતાં તું મને એ પૈસાથી એક સરસ ગેરેજ ઊભું કરવા દે તો આપણને કાયદેસર ધંધાનું સર્ટિફિકેટ મળે," મેં કહ્યું.

ખરેખર તો 'ચોરી' જ અમારો મુખ્ય વ્યવસાય હતો, પણ જેમ લોકો બે ચોપડા રાખે છે તેમ હું નાને પાયે ગેરેજ ચલાવતો. દેખાવ પૂરતોય તમારો કાયદેસરનો ધંધો તો જોઈએને ! ચોરીના ધંધાનું વિઝિટિંગ કાર્ડ તો ન જ રાખી શકાયને ! "પન્ની, જેમ જેમ આપણી પાસે આપણા વારસાગત વ્યવસાયનું ધન આવતું જાય તેમ તેમ આપણા કાયદેસરના ધંધાનો વિકાસ થવો જોઈએ."

"પવલા... મારે આર્થિક નીતિ પરનું તારું ભાષણ નથી સાંભળવું. એ નાણાં આપણે દાણચોરીની સ્કીમમાં રોકવાં છે."

"પન્નીફોઈ, તું વાસ્તવનો વિચાર કર. દાણચોરીના ધંધા વિશે હું જેટલું જાણું છું તેટલું તું જાણતી નથી. કારણ હું બજારમાં ફરું છું. દાણચોરી બાવાના ખેલ નથી. તું એમ માનતી હોય કે ચાર-પાંચ લાખના રોકાણમાં તું ધંધો કરી શકીશ તો તે વાહિયાત વાત છે. આજે એટલા રૂપિયાને તો કસ્ટમ્સ ખાતાનો જુનિયર અફસર અડકતો પણ નથી અને તેમાં ડેન્જર કેટલું છે તે તને ખ્યાલ નથી. હથિયારબંધ પઠ્ઠાઓ વગર એ ધંધો શક્ય નથી અને તેમાંય પાછી જુદા જુદા વિસ્તારોમાં મોનોપોલી.. સિન્ડિકેશન.. ગેંગસ્ટરો અને રાજકારણીઓની જમાત... પ્રોટેક્શન રેકેટ... ઓફ કોર્સ,

તું કહેતી હોય કે આપણે દાણચોરીથી લેવાયેલા માલનું નાને પાયે રિટેઇલિંગ કરીએ તો કદાચ તેટલા ઇન્વેસ્ટમેન્ટમાં ચાલે. બહુ બહુ તો લોકલ પોલીસને હપ્તો આપવાનો થાય."

"ફાઈન પવલા..." કહીને તેણે ચર્ચા સમાપ્ત કરી હતી. બીજે દિવસે તેણે સવારે હિસાબ કર્યો હતો અને હું ગેરેજના પ્રોજેક્ટ માટેના કામે બહાર નીકળતો હતો ત્યારે તેણે મને કહેલું. "પવલા ડિયર, ગઈ કાલે રાત્રે મેં ઘણો વિચાર કર્યો છે. આપણી બનાવટી નોટોની સ્કીમમાં ચાર લાખ પંદર હજાર ત્રણસો પંચોતેર નેટ નફો થયો હતો. તેમાંથી પંદર હજાર ત્રણસો પંચોતેર મેં બાપુજીને આપી દીધા છે. આમ ચાર લાખ પડ્યા છે. તેમાંથી બે લાખ તું લઈ લેજે. તારે ગેરેજ કરવું હોય તો મને વાંધો નથી. મારા બે લાખ હું દાણચોરીમાં રોકીશ. કદાચ બીજો ભાગીદાર મારે લેવો પડશે."

તે આવું બોલી ત્યારે મારું કાળજું કપાઈ ગયું હતું. સાહેબ, તમે કોઈ સ્ત્રીને પ્રેમ કરતા હો ત્યારે તમારી સ્થિતિ નિઃસહાય બની જાય છે તેનો અનુભવ તમને હશે. પન્ની જેટલો પ્રેમ કરે છે તેટલા જ પ્રમાણમાં જક્કી છે. તમે જ કહો, દાણચોરી કોઈ આસાન ચીજ છે ! સાલી જે ધંધામાં વાતે વાતે એકે-૪૭ ફૂટતી હોય, ભેદી ખૂન થતાં હોય, લોકો પર સહેજ શંકા આવે તો તેને મધદરિયે ફેંકી દેવાતા હોય, તેવા ધંધામાં પડાતું હશે ! અને જ્યારે તમારી પાસે તમારો પોતાનો ધીખતો ધંધો હોય ત્યારે આવું ગાંડપણ કેટલું બેહૂદું કહેવાય !

અમારી છેલ્લી ચર્ચાને અઠવાડિયું થયું હશે. મને એમ હતું કે તે પોતાનો વિચાર બદલશે, પણ નહિ, પન્ની એટલી જિદ્દી છે કે ન પૂછો વાત ! આમ તો એ ઘણી વાર ઓચિંતી આવી મને ભેટતી, ચુંબનો કરતી. હું નાહવા ગયો હોઉં તો એ કંઈક બહાનું કાઢીને બાથરૂમનું બારણું ઉઘડાવતી અને અંદર આવી જતી, પણ નહિ... એ બધું જ, જાણે કે ભૂલી ગઈ હોય તેમ વર્તવા લાગી હતી.

અને એક દિવસ મારી દહેશત સાચી પડી. હું સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં એક અધિકારી સાથે, મારા ગેરેજ માટેની લોન બાબત માથાઝીંક કરીને ઘેર આવ્યો હતો અને મને આઘાત લાગે તેવું આશ્ચર્ય થયું હતું.

જયલો અને પત્ની ગુસપુસ વાતો કરતાં બેઠાં હતાં. એ લોકો વાતોમાં એટલાં ઓતપ્રોત હતાં કે મારે ખોંખારો ખાઈને કમરામાં પ્રવેશવું પડ્યું. કમરામાં પડેલી ચાની કીટલી અને લગભગ ખાલી થયેલી નાસ્તાની ડિશો જોઈને મને ખ્યાલ આવ્યો કે મિટિંગ ઘણા વખતથી ચાલતી હશે... એટલું જ નહિ પણ તેમની વાત ગંભીર સ્વરૂપની હશે, તે પણ હું સમજી શકતો હતો.

પત્નીએ મને ધમકી આપી હતી કે દાણચોરીના ધંધા માટે એ નવો પાર્ટનર લેશે. એ વાત યાદ આવતાં મારું માથું ભમેલું. વધુ નવાઈ તો મને એ લાગેલી કે તે આ જયલાને ભાગીદાર બનાવશે ? એ વાત કહું તે પહેલાં :

આ જયલો કોણ છે તે તમને કહી દઉં.

જયલો ઉર્ફે જયેન્દ્ર પુરોહિત, અમારી ન્યાતનું એક અવ્વલ કૅરેક્ટર છે. તમને ખ્યાલ તો આવી ગયો હશે કે પુરોહિત અટક અમારી જ્ઞાતિમાં ન જ હોય. પણ અમારી કોમમાં નામ અને અટકો બદલવાનો વાવર ચાલે છે. પહેલાંના જમાનાનાં નામો હવે કોઈને ગમતાં નથી. હવે તો ઘેર ઘેર જિતેન્દ્ર, મિથુન, અમિતાભ, ઇન્દિરા, રાજીવ, શ્રીદેવી, માધુરી, રેખા એવાં નામો પ્રચલિત બન્યાં છે. નામો સાથે અટક પણ લોકોએ મન ફાવે તેવી રાખી છે. ગમે તેમ, એક વાત ચોક્કસ છે કે પુરોહિત અટક રાખવાનો જો કોઈને અધિકાર હોય તો તે જયલાને છે. તમે 'આગે સે ચલી આતી' અટક ધરાવતા હો, જન્મના અકસ્માતને કારણે તમે પંડિત અટકથી ઓળખાતા હો, પણ તમે અભણ હો, ચતુર્વેદી અટક હોય અને તમને ચાર વેદોનાં નામ પણ આવડતાં ન હોય... પણ જયલાના કિસ્સામાં તેવું નથી.

તે સંસ્કૃત ભણેલો છે. ધાણી ફૂટે તેમ તે વેદોચ્ચાર કરી શકે છે. કોઈ કર્મકાંડી બ્રાહ્મણને ચક્કર આવી જાય તેવો કર્મકાંડ, પૂજા-પાઠ, સંધ્યાઆરતી તેને આવડે છે. લગ્ન અને મરણની વિધિઓમાં પારંગત છે. એ પોતે જનોઈ પહેરે છે અને પહેરાવી પણ જાણે છે. તમને આ વાતથી આશ્ચર્ય થશે. તમને લાગશે કે હું ગપ્પાં મારું છું. પણ એવું નથી. જયલાનું જીવન આમ તો ટ્રેજિક કહી શકાય. નાનપણમાં બિચારાએ ખૂબ વેઠ્યું છે. મેં કહ્યું તેમ અમારી જ્ઞાતિમાં ગળથૂથીથી તસ્કરવિદ્યા મળે છે તેનો અર્થ

એ નથી કે નાતના બધા લોકો સુખી છે. કેટલાંય કુટુંબો ગરીબ દશામાં જીવે છે. કેટલાંય જિંદગીનો અડધો ભાગ પોલીસ કસ્ટડી કે જેલમાં વિતાવે છે.

જયલાનો બાપ રઘલો આવો જ એક સામાન્ય જણ હતો. નાની-મોટી ઘરફોડ ચોરી કરીને માંડ રોટલા ભેગો થતો. આવડતનો અભાવ એટલે મોટી ધાપ મારી શકેલો નહિ. વળી જયલાના જન્મ પહેલાં તેને ત્રણ છોકરીઓ થયેલી. એ છોકરીઓ સારી એવી મોટી થઈ પછી જયલાનો જન્મ થયેલો. રઘલાનું નાતમાંય ખાસ માન નહિ. અમારા સમાજમાં સ્પેશિયાલિસ્ટો, સફળ તસ્કરો, મોટો ધંધો (ચોરીનો) કરી જાણનારાનું માન રહેતું, પરંતુ એક વખત નડિયાદમાં એક ઘટના બની અને રઘલાનું નામ જ્ઞાતિના મહાનુભાવોમાં ઊંચકાયેલું. એ આખીય ઘટના હાસ્ય અને કરુણ રસની મિશ્ર લાગણીઓ જન્માવે તેવી.... સમજોને કે બ્લેક કોમેડી જેવી છે.

એ આખીય વાત કેવળ સનસનીખેજ નહિ, પરંતુ હાસ્યરસના અનુપમ નમૂના જેવી છે, જે ક્યારેક તમે વાંચી હશે. (વધુ વિગત માટે વાંચો 'કમઠાણ') અત્યારે મારે તમને બીજી વાત કરવાની છે. એટલે જયલાના બાપ રઘલા વિષે મારે એટલું જ કહેવાનું કે નડિયાદમાં ઇન્સ્પેક્ટર રાઠોડ નામના પોલીસ અધિકારીના ઘરનું છાપરું ફાડીને તેણે ઇન્સ્પેક્ટરની વર્દીઓ, પિસ્તોલ અને ચંદ્રકો સુધ્ધાં માર્યાં હતાં અને તે માલ પાછો મેળવવા માટે પોલીસ ઇન્સ્પેક્ટરે તોડ કરવો પડેલો. અને સંસ્કૃત પાઠશાળામાં રઘલાના દીકરાને ભણવા માટેની સ્કૉલરશીપ પોલીસ વેલફેરમાંથી મેળવેલી. જયલો સંસ્કૃત પાઠશાળામાં આમ તો ક-મને જોડાયો હતો. તેને ભણવામાં રસ ન હતો. પરંતુ પાઠશાળામાં જે ભોજન મળતું તેવું ભોજન તેણે ક્યારેય આરોગ્યું તો શું, પણ જોયુંય ન હતું. પરિણામે તે પાઠશાળામાં રહેલો અને કાળક્રમે પંડિત થયો હતો. એટલું જ નહિ તેને જનોઈ પણ આપવામાં આવી હતી. એ દ્વિજ બન્યો હતો. સાચા અર્થમાં દ્વિજ. અને પછી તો તેણે કર્મકાંડી આચાર્ય જેવી નામના, થોડાંક જ વર્ષોમાં પ્રાપ્ત કરેલી.

પરંતુ વારંવાર મેં કહ્યું છે તેમ અમારી જ્ઞાતિનાં આગવાં લક્ષણો ક્યારેય જતાં નથી. જયલો પણ તેમાંથી બાકાત ન હતો. અલબત્ત, તે પોતે ચોરી કે ઉઠાંતરી કરતો નહીં પણ તેના યજમાનો વિષે પાકી માહિતી મેળવતો અને એ માહિતી વેચતો. જયલા માટે એ કામ તદ્દન સરળ રહેતું કારણ

આજ સુધીમાં ક્યારેય પોતાના ઘરમાં પાઠ-પૂજા કરવા આવતા ગોર મહારાજ શંકા કરી હોય તેવા દાખલા નથી. એટલે જ તેણે જાણભેદુનું સ્પેશિયલાઇઝેશન પ્રાપ્ત કર્યું હતું.

આ જયંત પુરોહિત, મારી પન્નીફોઈ સાથે એકલો બેસીને ગંભીરતાથી વાત કરી રહ્યો હતો તેનો અર્થ એ હતો કે પન્નીફોઈએ તેને 'કન્સલ્ટેશન' માટે બોલાવ્યો છે. પણ પન્ની સાથે મારે દાણચોરીના ધંધામાં પડવા વિષે મતભેદ હતો એટલે તે દિવસે જયલાએ મને બેસવા માટે આગ્રહ કર્યો છતાં હું રોકાયો નહિ. મારી પન્ની ફોઈને ખ્યાલ આવ્યો કે તેની જયલા સાથેની મુલાકાત મને બિલકુલ પસંદ ન હતી. હું લગભગ બે કલાક અમથો અમથો રખડીને પાછો આવ્યો ત્યારે પન્ની બહાર ગઈ હતી.

જયલા સાથે તેને શી વાત થઈ તે જાણવાની જિજ્ઞાસા મારા દિમાગમાં ભડકાની જેમ જલતી હતી. જયલો, પાઠશાળામાં રહીને ભારે નમ્ર, વિવેકી અને સાહિત્ય પરિષદના પ્રમુખની જેમ વાત કરતો થઈ ગયો હતો. શુદ્ધ ઘી, ફળાહાર અને સૂકો મેવો, અહર્નિશ, તેને પુરોહિત તરીકે ખાવા મળતો. એ બધો આહાર તેની ચામડી પર છવાયો હતો. ચાટલામાં જોઈને મેં મનોમન મારી જાતને જયલા સાથે સરખાવી જોઈ અને મારા દિમાગમાં નિરાશા છવાઈ. અલબત્ત મને આશ્ચર્ય થતું હતું કે જયલો આટલો સુસજ્જ છે છતાં તે હજુ પરણ્યો કેમ નથી ? એક પછી એક પ્રશ્નો મને કનડતા રહ્યા. પન્ની, અમારી જ્ઞાતિનું અણમોલ રતન હતી. એટલે તેનાં માગાં લગભગ દર અઠવાડિયે આવતાં.

"મેરે તો ગિરધર ગોપાલ દૂસરા કોઈ નહિ," એવી પંક્તિ તે હસીને ગાતી અને નાના બાળકને રમાડતી હોય તેમ મારા ગાલે ચૂંટલા ખણતી. તે મને પ્રેમ કરતી તેના પુરાવા મને અનેક વખત મળી ચૂક્યા છે. અમે કરવાનું અને ન કરવાનું પણ કરી ચૂક્યાં છીએ છતાં એ મારી પત્ની બનશે કે નહિ તેની દ્વિધામાં હું ઘણી વખત પડી જતો.

"પવલા, તું કવલો છું તેની ના નહીં. બાકી..." તે કહેતી.

"બાકી શું પન્ની ?"

"તું યાર, અમુક રીતે તદ્દન જડસો છું."

"જડસો એટલે પન્ની ?" મારા વિષે તે બધું જ જાણતી હતી છતાં હું તેને જડસો કેમ લાગતો હતો તે મને સમજાતું ન હતું. તે હસતી અને જવાબ આપવાને બદલે મને ભેટતી. મારું માથું તેની છાતીસરખું ચાંપીને તે કહેતી :

"પવલા, તને કશું સંભળાય છે ?"

હું જોરથી, વધુ જોરથી તેના વક્ષઃસ્થળ સાથે મારું માથું ભીડતો, અને તેના હૃદયના ધબકારા મારા કાનમાં સંભળાતા પણ મને તેના કરતાં તેના ચુસ્ત સીનાને આલિંગવામાં વધુ આનંદ પડતો.

"નહિ પન્ની, કંઈ સંભળાતું નથી. ફરી ટ્રાય કરું છું," કહીને હું મારું માથું સહેજ ફેરવતો. તે ઓચિંતી જ મને ધક્કો મારી દેતી.

"પવલા, મેં તને હૃદયનો અવાજ સાંભળવાનું કહ્યું હતું. અવળચંડાઈ કરવાનું નહિ."

"પણ પન્ની, હું તો..."

"સારું, તારું કામ કર," તે બોલતી અને ચાલી જતી. આવી પળો હું હંમેશાં ચૂકી જતો. તે વખતે મારે હળવેથી તેને કહેવું જોઈતું હતું કે, "યસ, પન્ની, મને સંભળાય છે. તારા ખૂબસૂરત સીના હેઠળ છુપાયેલા હૃદયનો અવાજ મને સંભળાય છે. તારું હૃદય મારા હૃદયના અવાજનો પડઘો પાડે છે."

ખેર ! એ બધી વાત જવા દો. હું પન્નીની રાહ જોતો બેઠો હતો. જયલા સાથે થયેલી વાતચીત વિષે જાણવા હું અધીરો થઈ ગયો હતો. લગભગ કલાકે તે આવી. તે સુંદર કપડાં પહેરે તે મને ગમતું અને હું પણ તેને લીધે જ સુંદર કેમ દેખાવું તે શીખ્યો હતો. તે ઉપરના કમરામાં આવી તે પહેલાં દાદરમાંથી 'ઇન્ટીમેટ'ની મઘમઘતી સુગંધ આવી.

હું મારા રાઈટિંગ ટેબલની ફરતી ઢળતી ખુરસીમાં જ બેઠો હતો. તરત જ મેં ઇન્ડિપેન ઉઠાવી અને જાણે શાહી ભરવાની કોશિશમાં હોઉં તેમ અભિનય કરવા માંડ્યો હતો. જેમ જેમ મારા પિતાશ્રી અને અમે લોકો 'ધંધા'માંથી કમાતા ગયા હતા તેમ તેમ અમે ઘરમાં સગવડો કરી હતી. ઉપલા માળમાં બે કમરા હતા તે હું અને વર્ષા વાપરતાં. પન્ની ઘરમાં આવી

પછી તે અને વર્ષા એક કમરામાં રહેતાં. નીચેના ભાગમાં મારાં મા-બાપ એક કમરામાં રહેતાં. એક દીવાનખંડ, રસોડું અને મોટો વરંડો, પાછળના ભાગમાં વાડો... એટલી જગ્યા હતી.

પત્ની આવી ને તેણે સહેજ ખોંખારો ખાધો. ફરતી ખુરસીને ફેરવી મેં બારણા તરફ ક્યારનીય પીઠ કરી નાખી હતી જેથી મારે પત્નીને સામે જોઈને આવકારવી ન પડે. "ઓહ પવલા, તું આવી ગયો છું !" તેણે પૂછ્યું. મારી પાછળ આવી અને તેણે જોરથી ખુરશી ગોળ ફેરવી. ખુરસી ગોળ ચકરાવે ત્રણ-ચાર આંટા ફરી અને પત્નીની સામે મારો ચહેરો આવે તેવી રીતે ઊભી રહી ગઈ. મેં કહ્યું તેમ તે પણ મારા દાદા પાસે વ્યવસાયના સરળ પાઠો શીખી હતી.

"છોકરાઓએ તદ્દન મુવાલી કે મુફલિસની જેમ કદી ફરવું નહિ. દેવું કરવું પડે તો ભલે, પણ અપ-ટુ-ડેટ રહેવું. એક નૂર આદમી હજાર નૂર કપડાં. તમે જેટલા 'જેન્ટલમેન' દેખાવ તેટલો સફળ તમારો ધંધો થાય." દાદા આવા કમાન્ડમેન્ટ્સ વારે વારે આપતા. મારા બાપાને અને તેમને ઓછું બનતું કારણ તેમના અનેક પ્રયત્નો છતાં તેમનો 'બાબુ' સુધર્યો ન હતો તેથી જ તેમને મારા તરફ આકાશ જેટલી અપેક્ષાઓ હતી.

"પવલા..." પત્નીએ મારા બન્ને ગાલને તેની હથેળીઓમાં ઝીલ્યા. હું તેની સામે જોઈ રહ્યો. તેણે સીફોનની રાખોડી રંગની સાડી પહેરી હતી અને એવા જ રંગની ચોળી પહેરી હતી. કરોડપતિઓની સ્ત્રીઓ જ્યાં કપડાં સિવરાવે તેવી ટેલરિંગ શોપમાં તે કપડાં સિવડાવતી. નહિ સ્લીવવાળું કે નહિ સ્લીવલેસ, એવું સુંદર બ્લાઉઝ અને ઢાકાની મલમલ જેવા પાતળા પોતની સાડી તેણે એવી રીતે પહેરી હતી કે એ પારદર્શક કપડાં હેઠળ છુપાતી તેની કાયાને જોવાનું, જોતા રહેવાનું કોઈને પણ મન થાય. તેણે તેના વાળ અંબોડામાં ગૂંથ્યા હતા. મને ખબર નથી કે એ ક્યારે બધું શીખી આવે છે, પણ તે વાળનું અદ્‌ભુત સુશોભન કરી શકે છે. તેણે અંબોડામાં પીળાં ફૂલની વેણી નાખી હતી. હાથમાં નવોઢા જેટલી બંગડીઓ ઠઠાડી હતી અને કાનમાં લટકણિયાં નાખ્યાં હતાં.

"પવલા, તારે પૂછવું નથી, હું ક્યાં જઈને આવી તે ?" તેણે મારી આંખોમાં આંખ નાખીને, મારો ચહેરો તેની હથેળીમાં ઝીલીને, તેનો ચહેરો

ઝુકાવીને મારી હડપચી તેની છાતીમાં ખૂંપે તેટલી નજીકથી મને પૂછ્યું.

"તારી અંગત વાતમાં મારે માથું મારવું ન જોઈએ," મેં કહ્યું.

"વાહ મેરે રાજ્જા.." કહીને તેણે મારો ચહેરો ઓર નજીક લીધો. તેના હોઠ અને મારા હોઠ વચ્ચે બસ એક ઇંચ જેટલી જગ્યા રહી હશે. "તું તો ભારે વિવેકી થઈ ગયો છું ને !" તે બોલી. તેના શ્વાસોશ્વાસ મારા ચહેરા પર અડતા હતા. હું જાણતો હતો કે, નો અપીલ ઈઝ લાઈક સેક્સ અપીલ, એ પન્નીનો મુદ્રાલેખ હતો. એટલું જ નહિ મેનકાએ વિશ્વામિત્ર જેવા અઠંગ યોગીને મહાત કર્યો હતો, તો મારું તો કોઈ ગજું ન હતું.

"પવલા..." બસ એટલું જ તે પછી બોલી શકી હતી. મેં તેને મારા બન્ને બાહુઓમાં સમાવી હતી. થોડીક ઊંચી એડીના શૂઝને કારણે તે લપસી હતી. તેના ધક્કાથી ગોળ ફરતી ખુરશી ફરી હતી અને તે મારા પર પડી હતી. મારા પર પડેલી પન્ના અને હું ચકડોળે ચડ્યાં હતાં.

"હું જયલાની સાથે ગઈ હતી.." આખરે તે બોલી હતી. મારાથી અળગી થઈને.

"જયલાની સાથે ?" દોરી પર લટકતા ગલમાં માછલી કેમ ભરાતી હશે તે મને ત્યારે સમજાયેલું. "શું કામ પન્ની ?"

"મેં તને કહ્યું હતું ને કે આપણે દાણચોરીમાં ઝંપલાવવું છે." તે બોલી અને હું ખડખડાટ હસ્યો.

પન્નીને એમ હતું કે દાણચોરીના ધંધાનું નામ સાંભળીને જ હું છેડાઈ પડીશ અને ગુસ્સે થઈશ પણ મને જબરદસ્ત હસવું આવતું હતું. જયલો અને દાણચોરી ! મંદિરને ઓટલે હસ્તરેખાવાળો હાથ ચીતરીને બેસવાનું હોય કે બહુબહુ તો બેચાર જણને મંગળ નડે છે કે શનિ કહીને ચળકતા પથ્થરો પધરાવી દેવાનું કામ કરવાનું હોય તો જયલો ચોક્કસ કામમાં આવે, પણ દુબઈ કે મિડલ ઈસ્ટનાં બીજાં બંદરોની ખૂનખાર સિન્ડિકેટો સાથે ધંધો કરવામાં, આ પુરોહિત બનેલા, રઘલા જેવા અદના આદમીના દીકરાનો ગજ ક્યાં વાગવાનો ! અરે ! સાલાને હોડીમાં બેસાડીને કાંકરિયા તળાવનું ચક્કર મરાવ્યું હોય તોય તાળવે જીવ ચોંટી જાય અને એ માણસ દાણચોરી

માટે દરિયો ખેડી શકે ! સાલી વાતમાં કંઈ દમ તો હોવો જોઈએ ને ? પાઠશાળામાં વધુમાં વધુ તેણે સૂરણ જેટલું કઠણ શાક કાપ્યું હશે ! અને દિવાળીમાં કદાચ ભીંતભડાકા કર્યા હશે તેથી વિશેષ કાતિલ કોઈ હથિયાર વાપરવાનું તો ઠીક, જોવાનુંય તેના નસીબમાં ન હતું. મને સાચે ખડખડાટ હસવું આવતું હતું.

પન્ની અને જયલાને દાણચોરીથી સોનાનાં બિસ્કિટો લાવતાં હું ઘડીભર કલ્પી રહ્યો. તે મને હસતો જોઈ રહી અને જાણે કે હું અસ્તિત્વમાં જ ન હોઉં તેમ તેણે પોતાની ચોળાયેલી સાડી સરખી કરી. ખૂણામાં મુકાયેલા, અરીસાવાળા કબાટ સામે જોઈને તેણે પોતાના અંબોડામાંથી ખોસેલી વેણી, હાથ માથા પર લઈને સરખી કરી. હું પોતે જ હસીને થાક્યો પણ વાર્તાલાપ અટકાવવા હું ઇચ્છતો ન હતો.

"અચ્છા તો ડાર્લિંગ, પન્ની, તું જયલા સાથે દાણચોરીમાં ઝંપલાવવા માગે છે. એટલે હાથે કરીને મોત માગી રહી છું. તું અને જયલો પહેલી જ ખેપમાં દુબઈ, અબુધાબી કે મસ્કત પહોંચશો કે શારજાહ જશો ?" મેં તેને પૂછ્યું પણ તેણે જવાબ ન આપ્યો.

"અરબી ધાવમાં જશો કે પછી લકઝરી લાઇનરમાં કે પછી વિમાનમાં ?" મેં પૂછ્યું પણ તે નિરુત્તર રહી.

"પન્ની, તને ખબર છે પહેલી તકે શું થશે તે ?" તોય તે બોલી નહિ.

"અરે હોડકામાં જ, ખારવાઓ તારી ઉજાણી કરશે અને જયલાને ઊંચકીને દરિયામાં પધરાવી નાખશે. એમ નહિ થાય તો અબુધાબીના કોઈ શેખને તારી ભેટ ચડાવશે... અને જયલાના મંત્ર-તંત્ર ત્યાં કામમાં નહીં આવે."

હું ખુરશીને હિંચોળતો બોલતો રહ્યો અને તે, તેની પર્સ ઉઠાવીને તેના કમરામાં ચાલી ગઈ. ઘડીભર મેં રાહ જોઈ પણ તે પાછી આવી નહિ. હું હળવેથી ઊભો થયો. તેણે બારણું બંધ કર્યું ન હતું. તે કપડાં ઉતારતી હતી. તેણે હળવેથી સાડીનો છેડો, પાટલીઓ ખેંચી. વર્ષો પહેલાં મેં તેને અમારા ઘરમાં પ્રવેશતી - ચણિયો-ચોળી પહેરીને પ્રવેશતી - જોઈ હતી.

તે દિવસથી હું રોજ તેને જોતો.

"પવલા... આ રીતે કોઈ સ્ત્રી સામે જોવાય નહિ. તેણે મને, તેના આગમનના પ્રથમ અઠવાડિયે ઘણી વખત ટોક્યો હતો. તેમ છતાં મેં આદત સુધારી ન હતી. તે વખતે હું આઠેક વર્ષનો હોઈશ અને તે દસ-અગિયાર વર્ષની યુવતી. તેને જોવાની મને આદત પડી હતી. બલકે દારૂડિયાની જેમ મને તેનો નશો કરવાની ટેવ પડી હતી. બારણાની બારસાખે બન્ને હાથ ટેકવીને હું ઊભો રહ્યો.

"પ્રવીણ, બહાર જઈશ ? મારે કપડાં બદલવાં છે." તે બોલી. તે મને જ્યારે પ્રવીણ કહીને સંબોધતી ત્યારે તે મારી સાથે ગંભીર રીતે રિસાઈ છે તેમ જણાવવાનો તેનો હેતુ રહેતો.

"મને ખબર છે તું ગુસ્સે થઈ રહી છું. તું કહે તેવી સ્કીમમાં હું સાથ આપવા તૈયાર છું. પણ પત્ની, હું તને આત્મહત્યા કરવા દેવા તૈયાર નથી. અને તારે બીજું કશુંક કરવું હોય તો આપણે કિશનના ઑપરેશનમાંથી જે પેસા બનાવ્યા છે તે બધા તું લડાવી દે. મારે ગેરેજ કરવું જ છે તેવું નથી."

વેલ... તે પંજા પર સહેજ ઊંચી થઈ. અમેરિકન સ્ત્રીની માફક તેણે બન્ને ખભા ઉલાળ્યા. "હું વિચારીશ." કહીને તે ઊંધી ફરી અને તેણે ચોળીનાં બટન ખોલ્યાં. "આઉટ પવલા." તે બોલી. મને લાગ્યું કે તે હસતી હતી. હું બહાર નીકળ્યો.



તે રાત્રે મને ઊંઘ ન આવી. સવારના અમે સાથે ચા પીધી. મારો વ્યવસાય ગમે તે હોય પણ ઊંડે ઊંડે હું લેખક થવા માગતો હતો અને રોજ રાત્રે થોડું લખતો, પણ તે દિવસે કંઈ લખાયું નહિ. સવારના ચા પીને હું તૈયાર થયો. તૈયાર થતાં થતાં મેં હળવેથી પત્નીને તેનો દિવસનો કાર્યક્રમ પૂછી લીધો. સાંજે ચાર વાગ્યે તે બહાર જવાની હતી. મેં તેને પૂછ્યું નહિ કે તે ક્યાં જવાની છે. સવારના એક આંટો હું ગેરેજ પર મારતો. મેં બે મિકેનિક પગારથી રાખ્યા હતા. મોટે ભાગે સ્કૂટરો અને મોટરસાઇકલોનું રિપેરિંગ અમે કરતા. નાનપણથી જ મારા પિતાએ મને એકે પૈસો વાપરવા નહિ આપેલો. મારો બાપો પણ દાદા પાસેથી જે પદાર્થપાઠો શીખેલો તે

જ તેણે અમને વારસામાં આપ્યા હતા. "જરૂરિયાતોને કોઈ કાયદા નડતા નથી" સૂત્ર હું નાનપણથી શીખેલો. સાચું કહું તો 'ચેરિટી બિગિન્સ એટ હોમ' એ કહેવતની રૂએ હું બાબુલાલ - ઉર્ફે 'બાબુ' - મારા પિતાના ખિસ્સામાંથી જ તફડંચી કરતો. પત્ની અમારા ઘરમાં આવી પછી જ મેં બહાર હાથ અજમાવવાનું રાખ્યું હતું. એ બાબતમાં તેણે મને અનેક ગુરુચાવીઓ આપી હતી. મેં કહ્યું તેમ પોતાના તરફ ધ્યાન કેન્દ્રિત કરાવીને ગમે તે દુકાનદારને તે લગભગ મૂર્છિત અવસ્થામાં મૂકી શકતી. તે દરમિયાન હું ખૂબ જ આસાનીથી મારું કામ પતાવતો. અમારા સાથીદારો પણ ઘણી વખત કહેતા કે આ કામ પવલા-પત્ની વગર અશક્ય છે.

ખેર ! ગેરેજમાંથી મોટરસાઇકલ ઉપાડીને મેં જયલાના ઘર તરફ હંકારી હતી. જયલાનો બાપ રઘલો કણઝરી છોડીને, રાયપુર નામના ગામમાં રહેવા આવી ગયો હતો. મારા દાદાએ તેને પગાર વત્તા કમિશનથી, ઉઠાંતરીનો માલ સાચવવા માટે રાખી લીધો હતો, પણ જયલો ઉર્ફે જયંત પુરોહિત હવે દ્વિજ હતો એટલે રઘલા સાથે રહેતો નહિ. એક વિધવા માજીને ત્યાં ભાગવતનું પારાયણ કરવા તે ગયો હતો પછી એ ઘરમાંથી નીકળ્યો જ નહિ. માજીનું મકાન દ્વારકાધીશના મંદિરની બાજુમાં જ હતું, એટલે તેને માફક પણ હતું. જયલો સાંજે એકાદબે પેગ વ્હિસ્કી ગટકાવતો. હેલ્થના કારણસર તેને થોડો છાંટોપાણી કરવો પડે છે, તેવું તે અમને કહેતો, ગમે તેમ પણ સવારના મંગળાનાં દર્શન અને મહાદેવમાં આરતીનો સમય તે ક્યારેય ચૂકતો નહિ. વળી એ ભજનો પણ ગાઈ શકતો. આ બધું હોવા છતાં શાવરના ઠંડે પાણીએ નહાવું, જાહેરમાં સૂર્યનમસ્કાર કરવા અને વાતે વાતે હરિઃ ઓમ્ બોલવું તેણે હસ્તગત કર્યું છે.

"અરે પવલા ! હરિઃ ઓમ્ અત્યારના પહોરમાં તું ક્યાંથી ?"

"જયલા, મારે તારું થોડું અંગત કામ હતું."

"બોલ હરિઃ ઓમ્ તારી સેવામાં હાજર જ છું." તે બોલ્યો. સાલું નમ્રતામાં તેને પહોંચે તેવો કોઈ આદમી મેં જોયો ન હતો.

"જયલા, વાત થોડીક નાજુક છે," મેં કહ્યું અને તેના ઘરની પરસાળના હીંચકા પર જઈને બેઠો. તે પણ મારી બાજુમાં બેઠો.

"મને લાગ્યું જ. હું તારે ત્યાં આવ્યો ત્યારે જ મને ખ્યાલ તો આવ્યો હતો કે કંઈક ગરબડ છે. જન્માક્ષર લાવ્યો છું ?" તેણે પ્રશ્ન કર્યો. મારો બેટો મને જ તેના ઘરાક કે યજમાનની જેમ ટ્રિટ કરી રહ્યો હતો.

"અરે ! ગ્રહદશા પૂછવા નથી આવ્યો."

"તો હરિઃ ઓમ્ કોઈ પોલીસલફરું ?"

"નહિ જયલા, મને સમજાતું નથી કે મારે તને કેવી રીતે વાત કરવી ?"

"તારાથી હરિઃ ઓમ્ બોલાય તેમ ન હોય તો પવલા લખીને આપ. હું તને કાગળપેન્સિલ આપું ?" હું તેની સામે તાકીને થોડીવાર જોઈ રહ્યો અને પછી ગંભીરતાથી બોલ્યો.

"જયલા ... તું.... તું પન્ની સાથે શું વાત કરતો હતો ?"

"હરિઃ ઓમ્ મને પ્રથમ તો એ કહે કે આ પ્રશ્ન પાછળ તારું પ્રયોજન શું છે ?"

"જયલા, હવે મારી સાથે તારે પંડિતની જેમ વાત કરવાની જરૂર નથી. પન્ની તને એમ ને એમ બોલાવે તે વાતમાં માલ નથી."

"તારો તર્ક તદ્દન બરાબર છે. હરિઃ ઓમ્, પણ હું વચનબદ્ધ છું."

"જયલા, તારા વચનની ઐસીતૈસી. તું મને કહેવા માગે છે કે નહિ ?"

"હરિઃ ઓમ્ તું બળજબરી કરવા માગે છે ?"

"બળજબરી કરું તે પહેલાં મારે જવાબ જોઈએ. પન્ની તારી સાથે શું વાત કરતી હતી ?" મેં જયલાની નજીક જઈને કહ્યું, "જયલા, એક વાત સમજી લેજે કે હું વાત જાણ્યા વગર જવાનો નથી. અને આ હીંચકા પરથી તને ઊઠવા દેવાનો નથી. " જયલો મૂળગત રીતે ડરપોક આદમી તો છે જ. વળી તેણે જે વ્યવસાય સ્વીકાર્યો હતો તેને કારણે પણ તે સોફ્ટ પણ થઈ ગયો હતો.

"ઠીક છે પવલા... તારા કુટુંબના મારા પર ઉપકાર છે તે મને ખબર છે અને પન્નીએ મને સોગંદ આપ્યા છે. મારી હાલત અત્યારે ત્રિશંકુ જેવી છે. તને ત્રિશંકુની કથા તો ખબર છે ને ! સાંભળ... એક વખત આ

ધરતી પર...''

"જયલા, ત્રિશંકુની કથા તું રણછોડજીના મંદિરના ચોકમાં જઈને કરજે. પન્ની સાથે તારે શું વાત થઈ હતી ? મારી પાસે સમય નથી. હું હવે રાહ જોયા વગર તને કાબરચીતરો કરી નાખીશ.''

"તને જો એવી શંકા હોય કે તારા જ ઘરમાં, તારી જ પ્રેમિકા સાથે હરિઃ ઓમ્ હું કોઈ પ્રેમાતુર વાર્તાલાપ કરતો હતો તો એ વાત ભ્રમ છે, મિથ્યા છે. અને તને ના ખબર હોય તો એક વાત હું પણ તને કહી દઉં. પન્ની આપણી કોમની મિસ ઇન્ડિયા છે તે હું સ્વીકારું છું. એટલું જ નહિ, મિસ યુનિવર્સની પેજન્ટમાં તે ગોખ્યા વગરના જવાબો આપી શકે તેવી છે. એટલું જ નહિ પણ એ સમારંભનું સમગ્ર ભંડોળ ચાંઉ કરી શકે તેટલી શક્તિશાળી છે, કોઈપણ પુરુષને તે પીગળાવી નાખે તેવું રહસ્યમય રૂપ તે ધરાવે છે એટલું જ નહીં તેના જેવી સ્ત્રી મળે તો સ્વર્ગ મેળવવાની જરૂર ન રહે. કિન્તુ હરિઃ ઓમ્ મને તેમાં રસ નથી. આ વાત તારા મગજમાં ઠસે તેવું વાજબી કારણ પણ હરિઃ ઓમ્ મારી પાસે છે.'' જયલાએ હીંચકાનો સળિયો પકડીને મારા ખભા પર બીજો હાથ મૂકીને કહ્યું, "એટલે જ સમવયસ્ક ! તારી શંકા નિરર્થક છે."

"વાજબી કારણ એટલે ?'' મેં પૂછ્યું અને જયલાએ મારી સામે જોઈને માર્મિક હાસ્ય વેર્યું. તને શું કહેવું ?''

"હરિઃ ઓમ્... પ્રેમ કરવાનો કેવળ તારો જ અધિકાર ઓછો છે ?''

"એટલે જયલા તેં-''

"જી હરિઃ ઓમ્..'' કહીને તે ઊભો થયો અને ઓરડામાં જઈને એક સ્ત્રીનો સુંદર ફોટોગ્રાફ લઈ આવ્યો. મારા હાથમાં આપીને બોલ્યો, "જયા...''

"જયા ?'' મેં પૂછ્યું. તેણે મારા હાથમાં મૂકેલો ફોટો હું જોઈ રહ્યો. એ છોકરીનો ચહેરો સરસ હતો. જયલો આવું પંખી પાડી લાવે તેવી કલ્પના દસ વર્ષ પહેલાં કોઈને આવે તેમ ન હતી. તે આનંદનો ઉચ્છ્વાસ નાખીને બોલ્યો :

"યસ... જયા... આ જયા અને હું જયંત, બસ એટલું બોલીને તે

મને ન સમજાય તેવાં કવિત બોલવા માંડ્યો. મેં શાંતિથી તેને સાંભળ્યો. પ્રેમમાં પડેલો માણસ જ્યારે પ્રેમાલાપે ચડે છે ત્યારે તે સામા માણસને કેટલો 'બોર' કરે છે તેનો તો તમને સૌને અનુભવ હશે જ. આખરે તેનો પ્રેમજ્વર ઓસર્યો કે તરત મેં વાતનો દોર હાથમાં લીધો.

"અચ્છા જયલા.. હવે કહે તમે શું વાત કરતાં હતાં ?"

"હરિઃ ઓમ્ પ્રવીણ, તું મને એ ન પૂછ. હું સોગંદથી બંધાયેલો છું અને હવે જ્યારે મેં સ્પષ્ટતા કરી છે કે એ કોઈ અંતરંગ પ્રેમાલાપ ન હતો..."

"જયલા, તને ખબર છે પન્ની અને મેં અને બીજા સાથીદારોએ મળીને એક કાર્ય પાર પાડેલું તે-"

"કેમ નહિ ? આપણી આખી નાતને ખબર છે. તમે આદમ એન્ડ ઈવ સ્ટોર્સવાળા નટવરલાલના દીકરાને બનાવટી નોટોના ચક્કરમાં નાખ્યો હતો. હરિઃ ઓમ્ હેટ્સ ઓફ ! આટલું સજ્જડ આયોજન તો કોઈ ન કરી શકે."

"તેમાંથી મળેલા રૂપિયા હવે પન્ની બીજી ભયાનક સ્કીમમાં રોકવા માગે છે."

"કઈ સ્કીમમાં ?"

"એ મને ખબર નથી જયલા, પણ સાહસને મર્યાદા હોવી જોઈએ. હોવી જોઈએ કે નહિ ?"

"તારી વાત ખોટી નથી !" જયલાએ કહ્યું.

"એ "ડી. ગેંગ" જેવું કામ કરવા માગે છે. જયલા."

"ડી. ગેંગ ?" તે ચોંક્યો."હરિઃ ઓમ્, ડી. ગેંગ ?" તેણે પ્રશ્ન કર્યો.

"હા જયલા, "ડી. ગેંગ જેવું-"

"શું વાત કરે છે ? હરિઃ ઓમ્ બોમ્બધડાકા ?" કોઈ બેંકના સેલરમાં ?"

"નહિ નહિ."

"તો પછી આર.ડી.એક્સ.માં ?"

"નહિ જયલા, એ દાણચોરીના વ્યવસાયમાં પડવા માગે છે. તને ખ્યાલ આવે છે ને આખી વાતની સિરિયસનેસ ? હવે તું જ કહે મારે તેને રોકવી જોઈએ કે નહિ ?"

"અવશ્ય, હરિઃ ઓમ્.. પણ પવલા, એટલા રૂપિયા છે તેની પાસે..."

"તે જ હું તને સમજાવવા માગતો હતો અને રૂપિયા પણ ધારો કે હોય તો શું ? હર્ષદ મહેતા જેવા માણસ પાસે, બેંકોની કરોડો રૂપિયાની સિક્યોરિટીઝ આવી હતી. તે દાણચોરીમાં પડ્યો ? અંબાણી, તાતા કે બિરલા કરોડો રૂપિયા હોવા છતાં બિસ્કિટોમાં પડ્યા છે ! અરે ! આપણા પ્રધાનો કે ધારાસભ્યો જો, એ લોકો ગમે તે કૌભાંડ કરે પણ રેગ્યુલર દાણચોરીમાં કેટલા પડ્યા ? એવા તો કેટલાય દાખલા છે. છે કે નહિ ? અને જે કામમાં સાલા માણસને રહેંસી નાખતાં કોઈ વિચાર ન કરે તેમાં પડાય ? મેં જયલા આગળ મારી શક્તિ પ્રમાણે દાણચોરોની દુનિયાનું બયાન કર્યું. જયલો સ્તબ્ધ થઈને સાંભળી રહ્યો. "હવે મને કહે તેણે તને શું કામ બોલાવ્યો હતો ?"

"પવલા, હરિઃ ઓમ્, ધરમથી; તેં મને આ વાત ન કરી હોત તો મારી જીભ કાપી નાખત, પણ મેં તને વાત ન કરી હોત," જયલો આખરે પલળ્યો હતો, "પવલા, એ મારી પાસે લેવાલોની માહિતી માગતી હતી."

"મતલબ ?"

"મતલબ કે... ખેર ! તને ખબર નહીં હોય, પણ સોનાચાંદીના બજારમાં મારા અનેક યજમાનો છે. સોનીઓ, લાખોપતિઓ."

"તેનું શું છે ?"

"પત્ની મને તે વિષે પૂછતી હતી," તે બોલ્યો.

"શું ?" મેં પ્રશ્ન કર્યો. જયલો પત્ની સાથે થયેલી વાતચીતનો શબ્દેશબ્દ સંભારતો મારી સામે ઊભો રહ્યો.

જયલાની માહિતી ચોંકાવનારી ન હતી છતાં મને વિચારમાં નાખી દે તેવી જરૂર હતી. પત્નીને ખબર હતી કે અમારી જ્ઞાતિમાં જયંત પુરોહિત, એક માત્ર જણ હતો જે અમદાવાદના સંખ્યાબંધ શ્રેષ્ઠીઓનાં ઘર સુધી પહોંચી શકતો. એટલું જ નહિ એક ઉમદા પંડિત તરીકે તેણે ઉપસાવેલી પ્રતિભાને કારણે તે ઘણા લોકોનાં રસોડાં સુધી પહોંચેલો. તેણે પણ પોતાના વ્યવસાયને

અનુરૂપ કેટલાંક સૂત્રો અજમાવ્યાં હતાં. તેમાનું એક સૂત્ર હતું, "આવે નહિ કોઈ આડે, જેની જીત લખી રસોડે."

જે ઘરમાં તે પૂજા-પાઠ કે સરઅવસરના ક્રિયાકાંડ માટે જતો તે ઘરની સ્ત્રીઓ સાથે જ મહદંશે તેનો વ્યવહાર રહેતો. આપણા સૌના અનુભવમાં છે કે ઘરના કોઈ પણ ધાર્મિક તહેવાર કે ઉત્સવ પ્રસંગોની તૈયારીઓ, તેમ જ તેનો આનંદ, જેટલો સ્ત્રીઓ લે છે તેટલો ભાગ્યે જ પુરુષો લે છે, પરિણામે જયલાને અનેક 'ભાભી'ઓ હતી, દીદીઓ હતી, માતાઓ હતી અને તે કારણે તે ઘણાં કુટુંબોનાં અનેક રહસ્યો જાણતો. વળી તેને પોતાને ક્રિયાકાંડમાં જેટલો રસ હતો તેથી વધુ રસ કૌભાંડોમાં પણ હતો. કોનું લફરું કોની સાથે છે તેનો પણ તે આડકતરો લાભ લેતો. કોના ઘરમાં કેટલી સંપત્તિ છે, દાગીના અને ઝવેરાત્ છે, ચોખ્ખાં અને બે નંબરનાં નાણાં છે તે બધું તે જાણતો. અમારી જ્ઞાતિના અવ્વલ તસ્કરો, જે યુદ્ધના મોરચાઓની જેમ પ્લાનિંગ કરતા, તેમને માટે મિલિટરી ઇન્ટેલિજન્સનું કામ જયલો કરી આપતો. ઓફ કોર્સ તેની ફી આપવી પડતી.

પન્નીએ તેથી જ પ્રથમ ચરણ તરીકે જયલાને કન્સલ્ટેશન માટે બોલાવ્યો હતો અને દાણચોરીથી લવાયેલું સોનું કોને કોને વેચી શકાય તે અંગે ચર્ચા કરી હતી. મારે માટે આ મુદ્દો જ રહસ્યમય હતો. પન્નીને દાણચોરીના ધંધા વિશે કશો જ ખ્યાલ ન હતો. મતલબ કે સોનું કેવી રીતે આંતરરાષ્ટ્રીય માર્કેટમાંથી મેળવાય છે, તેના પેમેન્ટ પેટે શું આપવું પડે છે, ડોલર્સ કે પાઉન્ડ કે પછી ચાંદી અને સૌથી ભયાનક તો ડ્રગ્સ દ્વારા આ પીળી ધાતુની ખરીદી કેવી રીતે થાય છે, તેના આડતિયા કોણ છે, તેનું શિપમેન્ટ ક્યાં થાય, તેની આંતરદેશીય ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા કેમ ગોઠવાય, ક્યાં કેટલા હપ્તા ચૂકવવાના થાય વગેરે અનેક આંટીઘૂંટીઓ વિશે તે તદ્દન અભણ હતી, તેની મને ખબર હતી, એટલું જ નહિ પણ આ ધંધામાં તાલબ, બખિયા, મસ્તાન, દાઉદ ઈબ્રાહિમ વગેરે વગેરે જે મહાનુભાવો પડ્યા હતા તેમના વિશેનો તલસ્પર્શી અભ્યાસ પણ તેણે કર્યો ન હતો.

આ અભ્યાસ કર્યા પહેલાં જ તે જયલા પાસેથી 'માર્કેટિંગ' વિષે માહિતી મેળવવા પ્રયત્ન કરે તે હબસીભાઈના ડાબા કાન જેવી વાત હતી !

"જયલા દોસ્ત, તારી અને પન્નાની કોન્ફરન્સમાં શું શું વાત થઈ તેનો

શબ્દેશબ્દ અહેવાલ મારે જોઈએ છે. તું મારા ઘરમાં આવ્યો તે પહેલાં, મતલબ કે તને પન્નાએ કેવી રીતે બોલાવ્યો ત્યાંથી માંડીને તું ગયો અને તે પછી તમે ફરી મળ્યાં ત્યારે શું થયું તેની સંપૂર્ણ વિગતો મારે જોઈએ છે."

"મને સમજાતું નથી કે હરિઃ ઓમ, તને આટલી ફિકર કેમ થાય છે?"

"ફિકર કેમ થાય છે ? આ તો કંઈ પ્રશ્ન છે ? તું સમજ, દાણચોરી એક તો આપણો વ્યવસાય નથી. તેને માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપણી પાસે નથી. જે કામમાં ચોક્કસ જ્ઞાતિઓ પડી છે. તેમાં આપણું કામ નહિ. દરિયાકિનારે પંદર દિવસ પણ પન્ની રહી નથી. એવી જ રીતે થરપારકરમાંય તે રહી નથી. આમાં 'રગેડ' મરજીવાનું કામ, આપણું નહિ. અને પન્ની જેવી ખૂબસૂરત ઔરતને ખારવા ઉઠાવી ગયા તો હું કે તું છોડાવી શકીએ નહિ."

"વેલ... પન્નીએ મને મેસેજ કહેવરાવ્યો હતો."

"તું મને બધું જ કહેજે જયલા... તને ખબર છે ને કે જિંદગીમાં એક જ સ્ત્રી સાથે મેં પ્રેમ કર્યો છે અને તે પન્ની સાથે. તેણે મારી જિંદગીમાં બહાર આણી છે. અત્યારે હું છું તે તેના પ્રતાપે છું. તારી આગળ શું છુપાવવું. એ અમારા ઘરમાં આવી અને અમારા ઘરની રોનક બદલાઈ હતી. અને શું વાત કરું ! જે દિવસે તે આવી તે જ દિવસે સાંજે, તે અને મારી બહેન વર્ષા સાંજના ફરવા નીકળેલાં. હું શેરીમાં લકટીઓ રમતો હતો. તું તો જાણે છે આપણે નાનાં હોઈએ ત્યારે કેવી રીતે રમતા હોઈએ. મારા ઢીંચણ પર ધૂળ ચોંટી હતી. હાથ તદ્દન ગંદા હતા. ધૂળમાં રમી રમીને મારી અડધી ચડ્ડી અને ખમીસ પણ મેલાં થઈ ગયાં હતાં. ત્યાં મારી બહેન વર્ષા અને પન્ની તૈયાર થઈને ઘરની બહાર નીકળ્યાં, લટાર મારવા. પન્નીએ સ્કર્ટ-બ્લાઉઝ પહેર્યાં હતાં. પગમાં સુંદર જોડા. સફાઈથી વાળ હોળીને, પીઠ પાછળ ઘોડાની કેશવાળીની જેમ લટકાવ્યા હતા, પણ જયલા, મારું ધ્યાન લકટીઓ રમવામાં હતું.

પન્ની મારી પાછળ આવીને ઊભી રહી હતી. હું ભોંય પર ઉભડક બેસીને લકટીઓ આંટતો હતો. તે મારા પર ઝૂકી હતી અને તેની સુંવાળી

આગળીઓ મારી આંખો પર જોરથી દબાવી હતી અને તેણે હળવેથી મને પૂછ્યું, "બોલ તો કોણ પવલા ?"

મીઠી ઘંટડી જેવો રણકાર તેના અવાજમાં હતો. એક ક્ષણ તો હું ચોંકી ઊઠેલો. એક ક્ષણ મને ખ્યાલ ન આવ્યો, પણ હું બેવકૂફ નથી. મારી બહેન વર્ષા મને આટલી નજાકતથી બોલાવે નહિ તેની મને ખાતરી હતી અને મારી મા સૌભાગ્યવતી મણિબહેન... પવલા હરામખોર, તારી લકટીમાં પૂળો મેલ... કહીને જ મને બોલાવે. એટલે જ મેં ચાન્સ લીધેલો અને હું બોલી ઊઠેલો.

"પન્નીફોઈ."

અને તેણે હસીને તેના હાથ મારી આંખ પરથી હઠાવ્યા હતા. મને ખભા પકડીને તેની સામે ફેરવ્યો હતો. મારા ફાટી ગયેલા ગાલે ચીમટા ભરીને બોલી હતી, "પવલા... આટલી ગંદી તો ભેંસ પણ ન હોય ... મારી સામે જો... કહીને તેણે કેડ લચકાવીને, બન્ને હાથ કેડ પર મૂકેલા અને બોલેલી, "મારે તને બુચ્ચા કરવી હોય તો કેવી રીતે કરું." જયલા હું તે જ વખતે બેભાન થઈ ગયો હોત. શરમનો માર્યો ધરતીમાં સમાઈ ગયો હોત. તેણે મને જે રીતે 'પવલા' કહીને બોલાવેલો તેનો નાદ મારા કાનમાં ગુંજતો હતો. હું સીધો બાથરૂમમાં દોડ્યો હતો અને નળ નીચે બેસી ગયો હતો. મેં પ્રતિજ્ઞા લીધી હતી કે હું ક્યારેય ગંદો નહિ રહું... તું સમજયો ? એ જ રાતે હું ચોખ્ખોચણાક થઈને તેની સામે ઊભો રહ્યો.

"પન્નીફોઈ, હવે તો બુચ્ચા કરીશને," મેં કહેલું.

"હાય રે પવલા... તું તો દેવાનંદ કરતાંય રૂપાળો લાગે છે." કહીને તે મને વળગી હતી. જયલા... જયલા એ દિવસથી, એ પળથી હું પન્નીને ચાહતો હતો અને આજેય એટલા જ ઝનૂનથી ચાહું છું. દોસ્ત, આવી મારી પ્રિયતમા દાણચોરીના ચક્કરમાં દાઉદ જેવા માણસની દાઢમાં આવે તો મારું શું થાય..." કહેતાં કહેતાં મારા કરતાં વધુ પાણી જયલાની આંખોમાંથી નીતર્યાં હતાં. એકાએક મને યાદ આવ્યું હતું કે મારે પન્ની વિષેની અંતરતમ વાતો નથી કરવાની. મારે જયલા પાસેથી વાત જાણવાની છે. હું ધરતી પર આવ્યો.

"એ તને શું કહેવા માગતી હતી ?" મેં જયલાને પૂછ્યું.

"તેણે મને બોલાવ્યો. અમે ક્યાંય સુધી સંસ્કૃત વિષે વાત કરતાં રહ્યાં. તે મને એક નિદોર્ષ વિદ્યાર્થિનીની જેમ પૂછતી હતી કે જયંત, સંસ્કૃત શીખવવા માટે..." જયલો તેથી આગળ પ્રવચન આપે તે પહેલાં મેં તેને રોક્યો.

"જયલા, મને ખ્યાલ આવી ગયો. મૂળ વાત કેવી રીતે શરૂ થઈ ?"

"મૂળ વાત... વેલ... તેણે મને મારા યજમાનો વિષે પૂછ્યું. મારે ચોકસીઓ, સોનીઓ કે ઝવેરીવર્ગમાં કેટલા સાથે પરિચય છે. હવે તું તો જાણે છે યાર કે લગભગ આખું માણેકચોક આપણને ઓળખે છે. એટલે મેં તેને કહ્યું કે તું મને કહે તારે શું કામ છે. મને એમ હતું કે તેને ઝવેરાત ખરીદવું હશે કે કદાચ દાગીનો ઘડાવવો હશે."

"પછી ?"

"તેણે નોટપેન્સિલ લીધી અને મેં કહ્યાં તેમાંનાં થોડાંક નામ તેમના ધંધાની માત્રા પ્રમાણે લખ્યાં."

"કોનાં કોનાં ?"

"જોને ત્રિકમલાલ વ્રજભૂષણદાસ, વ્રજ જ્વેલર્સવાળા, રણછોડલાલ પ્રભુદાસ એટલે શ્રીજી જ્વેલર્સ, પછી ખીમજી મેઘરાજ, વનમાળીદાસ, કરસનદાસ", એમ કહીને લગભગ ડઝનેક નામ જયલાએ આપ્યાં. એ નામો મેં પણ લખી દીધાં."

"પછી ?"

"પછી તેણે મને કહ્યું કે આ લોકોના છોકરાઓનાં નામ લખાવ એટલે મેં લખાવ્યાં તે અંગે તેણે ઇન્ફર્મેશન માગી."

"એટલે કેવી ઇન્ફર્મેશન ?"

"કયો છોકરો, કેવડો છે, મતલબ કેટલી ઉંમરનો છે, કેવો દેખાય છે, પરણેલો છે કે નહિ, દુકાનમાં ક્યા છોકરાઓ બેસે છે, કેટલા ક્યાં ભણે છે વગેરે," જયલાએ કહ્યું.

"પછી ?"

"પછી તેણે મને કહ્યું કે જયલા, આ બધી દુકાને મારે આંટો મારવો પડશે."

"તને લઈને કે એકલી ?"

"એ એકલી જ જવા માગતી હતી. પણ પછી તેણે વિચાર ફેરવ્યો."

"તેં એને પૂછ્યું નહિ કે આ ઇન્ફર્મેશન તેને શું કામ જોઈએ છે ?"

"મેં પૂછ્યું ત્યારે તે હસી હતી અને બોલેલી, જયંત, હું કોઈ ડિરેક્ટરી છાપવાની નથી. હું તને વખત આવે કહીશ."

"અચ્છા, પછી શું થયું ?"

"તેણે મને એ લોકોની ખરીદી વિષે તું શું જાણે છે તે પૂછ્યું. ખરીદી, અંદાજે વેચાણ, ઘરની જાહોજહાલી, કોને ત્યાં કેટલી મોટરો છે, બંગલા કેવા છે, તેમાંના પરણેલાની પત્નીઓ કેવી છે વગેરે અનેક સવાલો તેણે કર્યા અને જે કાંઈ હું જાણતો હતો તે બધું મેં તેને કહ્યું. અલબત્ત, એ લોકોના ઘરમાં શું શું ચીજ છે, કયા પ્રસંગે ઘરની સ્ત્રીઓ કેવું ઝવેરાત, સાડીઓ વગેરે પહેરે છે તેનો લગભગ પાકો અંદાજ મને છે. બંગલાઓ, મોટરો અને ફર્નિચર વગેરે વિષે બધી જ મને ખબર છે. પરંતુ તેમની દુકાનોમાં શું ચાલે છે, એ લોકનું ટર્ન ઓવર કેટલું છે તેનો તો મને ક્યાંથી ખ્યાલ હોય ! તો પણ તેને પ્રોમિસ કર્યું હતું કે મારાથી શક્ય તેટલી માહિતી હું મેળવી આપીશ."

"એ શું કામ તેવી માહિતી માગે છે તે તારે પૂછવું હતું ને ?"

"તે મેં નહિ પૂછ્યું હોય ? પણ મને તેણે એટલું જ કહ્યું કે જયલા, તને તારી યોગ્ય ફી મળી જશે. તારે રોટલાથી કામ છે કે ટપ ટપથી ?" તે બોલી હતી. તું તો જાણે છે હરિઃ ઓમ કે એ કેટલી ચબરાક છે. તેના મનમાં શું છે તે કળાવા દે તેવી નથી." જયલો બોલ્યો અને મારા પેટમાં પણ ફાળ પડી. તેની વાત તદ્દન સાચી હતી. એના પ્રેમીને, એટલે કે મને, તેના પવલાને જ જો તે જાણવા ન દે તો પછી જયલો તે કઈ વાડીનો મૂળો !

"જયલા, મેં સાંભળ્યું છે કે આજે ચાર વાગ્યે તમે પાછાં મળવાનાં છો."

"તે બરાબર છે."

"શું કામ ?"

"મને ઓળખતા જ્વેલર્સનું લિસ્ટ અને બને તેટલી માહિતી મેં તેને આપી છે. તે મને કહેતી હતી કે તે નામોમાંથી તે શોર્ટ લિસ્ટિંગ કરીને તૈયાર રાખશે. એ યાદી પ્રમાણે મારે તેને દુકાનોમાં લઈ જવાની છે."

"દુકાનોમાં ?"

"અને પછી તે નક્કી કરશે તેમના બંગલાઓ જોવાનું, એટલે કે બહારથી જોવા માટે."

"જયલા, હું તને રાત્રે પાછો મળીશ. તારે દોસ્ત, મને મદદ કરવી પડશે."

"પવલા, તું મારે માથે ભયાનક પાપનું પોટલું મૂકવા માગે છે."

"પાપ નથી જયલા, આ પુણ્યનું કામ છે. એક ગાયને કતલખાને જતી અટકાવવાનું કામ છે. જયલા, અને સમજાતું નથી કે તેના મનમાં શું ચાલે છે. એ મને કહે તો હું કોઈ ઝવેરીની દુકાન તોડવા તૈયાર છું. અરે ! બેંકમાં ખાતર પાડવા તૈયાર છું. એ કહે તે ઘરની તિજોરી સાફ કરવા તૈયાર છું, પણ દાણચોરી નહિ."

"તારી વાત સાથે હું એક બીજી દૃષ્ટિએ પણ હરિઃ ઓમ્ સંમત છું." જયલો બોલ્યો.

"કઈ દૃષ્ટિએ જયલા ?" મેં પૂછ્યું, કારણ મને એક જ દૃષ્ટિ દેખાતી હતી - દાણચોરી એટલે મોતનો ખેલ.

"એ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ છે. દાણચોરીને કારણે ભાવો પર શું અસર થાય છે તેનો એક લેખ મેં વાંચ્યો હતો. તું કહેતો હોય તો તેની કોપી... "

"જયલા, તું પ્રવૃત્તિઓની અને ભાવોની લમણાઝીંક છોડ. મારે પત્નીને કોઈ પણ ભોગે દાણચોરીમાંથી અટકાવવી છે."

"પવલા, થોડોક ટેકનિકલ પ્રશ્ન થશે. કદાચ તેની સ્કીમથી મને સારી એવી ફી મળે તેવી શક્યતા છે. પણ જવા દે. તું દોસ્ત છું એટલે દોસ્તી કરતાં યાર ફી વધારે હોય ! આ તો આજકાલ જયાને કારણે મારે પણ ખર્ચ વધ્યો છે."

"જયા ? જયા કોણ ?" મારાથી પ્રશ્ન પુછાઈ ગયો. મારે એ પૂછવા જેવું ન હતું. જયલાએ થોડી વાર પહેલાં જ જયાનો ફોટો મને બતાવ્યો હતો.

"બસને દોસ્ત, એટલી વારમાં ભૂલી ગયો ?" તેણે મોઢું લટકાવીને પૂછ્યું.

"ઓહ એ જયા... દોસ્ત તારી જયા એટલે મારી ભાભી થશે. હું તેનો દિયર થઈશ, પણ જ્યારે માણસની મતિ મૂંઝાયેલી હોય ત્યારે તે શું બાફે છે તે કહી ન શકાય. તું વિચાર કર જયલા, કે તારી આ જયા..." કહીને મેં ફોટો ઉઠાવ્યો, "આ ખૂબસૂરત જયા, નમણી નાજુક જયા, દાણચોરીના ચક્કરમાં ફસાય, ભયાનક દેખાતા ખારવા કે માફિયા ટોળીના સભ્યો વચ્ચે ફસાય અને ધાર કે ક્યારેક માલની લેવડદેવડમાં કશીક ગરબડ થાય ત્યારે એનાથી શું થઈ શકે ? ખરેખર જયા જ હોડમાં મુકાય. એ બધા ભેગા થઈને તેને ચૂંથી નાખે. નાનકડી ચકલી પર બે-ત્રણ બાજ પક્ષીઓ ત્રાટકે કે કોઈ બિલાડી નિર્દોષ ગભરુ પારેવડાને પીંખી નાખે તેવી તારી જયાની દશા થાય... તને કલ્પના આવે છે દોસ્ત ? અને આવું ન થાય અને કદાચ કોઈ લબાડ કસ્ટમ્સ અધિકારી તેને પકડે... ઓહ ઈશ્વર, જયલા.... આ કલ્પના જ કેટલી ધ્રુજારી ભરેલી છે. જયા પર કસ્ટમ્સ અધિકારીઓ મોં ખોલાવવા માટે અત્યાચાર કરે. એ મોં ન ખોલે તો કસ્ટડીમાં જ તેના હાલહવાલ ખરાબ થઈ જાય. મોત માટે પળે પળે ઝંખતી તે કસ્ટમ્સ અધિકારીઓનો માર ખાતી રહે... અને જો મોં ખોલે તો શિકારી કૂતરાનું ટોળું જેમ નાનકડી સસલીની રાહ જોતું હોય તેમ જયા છૂટે તેની રાહ માફિયા બદમાશો જોતા રહે...

અને જ્યારે તેને કોઈ ભેદી ભોંયરામાં લઈ જવામાં આવે અને દાણચોરોના બોસ, મોટી સિગાર પીતાં પીતાં હુકમ કરે, "કલ્લુ.. એ છોકરીના કપડાં ઉતારો અને રાક્ષસ જેવો દેખાતો કલ્લુ ખડખડાટ હસીને તેના પહેરેલાં આ ખૂબસૂરત વસ્ત્રો, કોઈ ઝાડની છાલ ઉતારતો હોય તેમ ઉતારી નાખે.."

હજુ આખી વાત પૂરી કરું તે પહેલાં જયલાની આંખ જાણે ફાટી ગઈ હોય અને તેની જયા ખતરનાક ગુંડાઓના હાથમાં પડી હોય તેમ તેના બન્ને હાથ ઊંચા થયા, તેણે જોરથી માથું ધુણાવ્યું , "બસ પવલા... બસ, મારી જયાને બચાવી લે.. મારી જયાને બચાવી લે... બચાવી લે...." તે બરાડી ઊઠ્યો. એક લાંબી પળ પછી તે હોશમાં આવ્યો. તેણે મારા ખભા

પર હાથ મૂક્યો. મારા હાથમાંથી જયાનો ફોટો લગભગ આંચકી લીધો... અને હૈયે વળગાડ્યો...

"હું તને મદદ કરીશ." તે બોલી ઊઠ્યો. હું તને મદદ કરીશ પવલા !"

દાણચોરીની ગિરોહમાં કેવું વાતાવરણ હોય તે મેં કાંઈ જોયું ન હતું. હિંદી અને અંગ્રેજી ફિલ્મોમાં આવતાં દશ્યોનું ભેગું કચુંબર કરીને મેં જયલાને ખવરાવ્યું હતું. તે ચોંકી ઊઠ્યો હતો. તેને સાચે જ એવું લાગ્યું હતું કે જયા તેની જયા - જાણે કે ખતરનાક બદમાશોની ટોળકીના ખુફિયા અડ્ડામાં ફસાઈ. તેણે તરત જ મારી વાત સ્વીકારી હતી. જો તે પોતે જયાને એવી ખતરનાક પરિસ્થિતિમાં મૂકવાની કલ્પના સરખીય કરી શક્તો ન હોય તો પત્ની તો ખરેખર તેવાં કામમાં ઝંપલાવવા માગતી હતી.

"તારી વાત સત્તર આના ને બે પાઈ છે," જયલો બોલ્યો, "પત્નીને દાણચોરીના ચક્કરમાં ન જ નાખી શકાય. તેને રોકવી જ જોઈએ."

"જયલા, એ વારી વળે તેમ નથી. તેને આપણે અક્કલથી રોકવી પડશે," મેં કહ્યું, "તું જાણે છે એ કેટલી જિદ્દી છે. તારે ફક્ત મને માહિતી જ આપવાની કે તે શું કરવા માગે છે, કોને મળે છે, ક્યાં જાય છે, વગેરે. કબૂલ !"

"કબૂલ !" જયલો બોલ્યો. અમે બન્નેએ જમણા હાથની હથેળીની ત્રણ આંગળીઓ વાળી. અંગૂઠો ઊંચો રાખ્યો અને અંગૂઠો નાકે અડાડ્યો અને ટચલી આંગળીઓ એકબીજાની સાથે અંકોડે ભિડાવી પ્રતિજ્ઞા લીધી. એકમેકને મદદ કરવાનાં વચન આપ્યાં અને આનંદથી છૂટા પડ્યા.

હું ઘેર આવ્યો ત્યારે પત્ની ઘરમાં ન હતી. આજના કામથી મને સંતોષ હતો. એટલું જ નહિ મારે ગેરેજ માટેની લોનની વ્યવસ્થા અંગે આજે કોઈ બેન્કઅધિકારીને મળવાનું ન હતું. એટલે મેં કાગળોનો થપ્પો ઉઠાવ્યો. "ગરીબનો બેલી" નામની એક વાર્તાના થોડાંક પાનાં મેં લખ્યાં હતાં. એ પાનાં મેં રાઈટિંગ ટેબલના ખાનામાંથી કાઢ્યાં. હજુ તો તે પાનાં વાંચીને હું 'કન્ટિન્યુઈટી'નો વિચાર કરું તે પહેલાં જ પત્ની આવી હતી. તેણે ધાર્યું નહીં હોય કે હું તે સમયે ઘરમાં હોઈશ.

"પવલા, પાછો શું લખી રહ્યો છું ?" તેણે આવીને, મારી ખુરશી

પાછળથી હાથ મારે ગળે વળગાડ્યા હતા. મેં ઝડપથી કાગળ પર એક ફાઈલ મૂકી. આ એક એવી બાબત હતી જેમાં મારે અને પન્નીફોઈને ભારે મતભેદ થતો. મારો કે અમારા કુટુંબનો વ્યવસાય ચોરીનો હોય તેનો અર્થ એ નહિ કે હું લેખક ન થઈ શકું. હું કાંઈ અભણ ન હતો. મારા દાદાની સલાહ પ્રમાણે મને અને વર્ષાને અને પન્નીને પોતાને શ્રેષ્ઠ ભણતર મળે તેવી તજવીજ મારા બાપાએ કરી હતી અને તેને કારણે જ મને લખવાનો શોખ નીપજ્યો હતો.

"પવલા-" પન્નીએ પ્રવેશતાં જ મને સવાલ પૂછ્યો હતો. "પાછો લખવા બેઠો છું. કેટલી વખત મેં તને કહ્યું છે કે એ લાઇનમાં તારો શક્કરવાર વળવાનો નથી. તારે લખવાનો જ વ્યવસાય હસ્તગત કરવો હોય તો તું (બનાવટી) ચેકો લખ, બેન્કોમાંથી (કોરા) ડિમાન્ડ ડ્રાફ્ટ્સ લાવીને લખ અને એ પણ ન ફાવે તો પરીક્ષાઓ માટે શ્યોર સજેશન્સની ગાઈડો લખ." તે ઘણી વખત આની આ જ વાત કહેતી અને હંમેશાં મારા પેટમાં તેલ રેડાતું.

દિવસરાત મહેનત કરીને મેં મારી પ્રથમ નવલકથા 'અબળાની આત્મકથા' લખી હતી અને મેં તેને ઉત્સાહથી વાંચવા આપી હતી. મને એમ હતું કે તે મને બિરદાવશે મને પ્રોત્સાહિત કરશે. પણ નહીં-

"પવલા... પવલા... અબળાની આત્મકથા !" એવો ઉદ્‌ગાર કાઢીને તાળીઓ પાડીને પછી હોઠ પર પોતાની હથેળી ઢાંકીને જાણે કે જગતની સર્વશ્રેષ્ઠ જોક સાંભળી હોય તેમ હાસ્ય વેરેલું. "સાલા નબળા, તારી અબળાની આત્મકથા કોઈ અબળા પણ વાંચે તેવી નથી. તારે ખરેખર જ જો કથા લખવી હોય તો 'એક રાતની રમત' કે પછી 'મધુની મધુરજની' જેવી કથા લખ તો કમબખ્ત બજારમાં ચપોચપ ઊપડશે... તું જો, પેલો પ્રશાંત મારૂતિ ૧૦૦૦ લઈને ફરે છે."

"પન્ની, " હું લગભગ ક્રૂરતાથી તેની સામે જોતો રહ્યો. તેના માથામાં મને પેપરવેઇટ મારવાનું મન થઈ આવ્યું. "મને એ પ્રશાંતનું નામ લઈને ઉશ્કેર નહિ. તું એ ગંધાતી ચોપડીઓને સાહિત્ય કહે છે ? હું બધું સહન કરી શકતો પણ પ્રશાંત સાથેની મારી સરખામણી નહિ. તેનું સાચું નામ પ્રશાંત નથી તેનો તો તમને ખ્યાલ આવ્યો હશે. તેનું મૂળ નામ પશો,

એ પણ મારી જેમ ભણેલો અને તેણે અમારી ન્યાતના અન્ય સભ્યોની માફક જ આધુનિક વ્યવસાય અપનાવેલો. તે પોર્નોગ્રાફીના સચિત્ર ચોપડા આયાત કરતો. તેનું સરળ ગુજરાતીમાં ભાષાંતર કરતો. આજે એ ધંધાનો ચેમ્પિયન ખેલાડી ગણાય છે. આજે કોલેજના લગભગ નેવું ટકા વિદ્યાર્થીઓને કદાચ તેમના અભ્યાસક્રમમાં કયાં પુસ્તકો છે તેનો ખ્યાલ હોય કે નહિ પણ પ્રશાંતનાં પુસ્તકોનાં શીર્ષકો યાદ હોય જ. ગમે તેમ પન્ના પોતે જ ઘણી વખત મને કહેતી, એવો ધંધો તો નાનું છોકરું પણ કરી બતાવે. તેમાં ધાડ શી મારવાની ? અને છતાં હું લખતો હોઉં ત્યારે તે મહેણાં મારતી.

"તારે જે કામ હોય તે મને કહે. મારા લખાણ વિશે આપણે કશી મગજમારી કરવાની જરૂર નથી." મેં કહ્યું, "આમેય સાહિત્યજગતમાં તેની ભયાનક મગજમારી ચાલતી જ હોય છે." તે મારી નજીક આવી. એકદમ નજીક. "યાર ! હું જાણું છું. બરાબર જાણું છું કે" તે નજીક આવીને ઊભી રહે એટલે ભલભલો માણસ પીગળી જાય. તેમાં હું પણ બાકાત ન હતો. પણ એ મને દાણચોરીની સ્કીમમાં કેવળ તેની આ કાયાકર્ષણની કલાથી ભેરવે તે વાતમાં માલ ન હતો. હું તે બાબતે તદ્દન સજાગ હતો.

"આજે સવારના પહોરમાં ક્યાં ગયો હતો પવલા ? ના ના, આ તો અમસ્તી જ તને પૂછતી હતી" તે બોલી. પણ હું જાણતો હતો કે તે અમસ્તી આવો સવાલ ન જ કરે.

"મારે પણ કોઈ કામ તો હોય કે નહિ ?"

"હોય.... હોય.... મેં ક્યાં ના કહી છે ? આ તો મને સહેજ નવાઈ લાગી એટલે તને પૂછતી હતી."

"શેની નવાઈ ?"

"આમ તો તું ક્યારેય દેવદર્શને જતો નથી એટલે જ નવાઈ લાગી કે સવારના પહોરમાં રણછોડજીનાં દર્શન કરવા તું કેમ ગયો હોઈશ ?"

"રણછોડજીનાં દર્શને ! તને સ્વપ્નું આવ્યું હતું ?" મેં કટાક્ષ વેર્યો.

"પવલા, સ્વપ્નાં ઊંઘમાં આવે. જાગતાં નહિ," તે બોલી, અને પછી ચૂપ રહી. હાથે કરીને ચૂપ રહી. તેણે ઊંડો શ્વાસ લીધો અને મારી સામે આવી.

"જવા દે, તું તારે કામે ગયો હોઈશ. મારે તારું અગત્યનું કામ હતું."

"બોલ !"

"પવલા, મારે એક જૂની જીપ ખરીદવી છે."

"જીપ ? તારે જીપનું શું કામ છે ?" મેં પૂછ્યું.

"કંઈક કામ હશે ત્યારે જ મેં તને પૂછ્યુંને. તું કહેતો હતો ને કે મિલિટરી ડિસ્પોઝલમાંથી તદ્દન સસ્તે ભાવે જીપ મળે છે."

"મળે છે, પણ પછી તેના પર ખર્ચોય કરવો પડે છે. કાં તો પછી ઘાલમેલ કરવી પડે છે." મેં કહ્યું, "પણ તારે ગાડી જ લેવી હોય તો તું નવી જ લે ને !" મેં કહ્યું.

"મારી પાસે એટલું બજેટ નથી." તે બોલી. અમે જે બનાવટી નોટોનું કૌભાંડ કર્યું હતું તેમાંથી અમે ઠીક ઠીક રૂપિયા ઉતારી લીધા હતા, પણ તેમાં મારો અડધો ભાગ હતો. મુદ્દાની વાત એ હતી કે નાખી દેતાંય હું અને પન્ની વ્યક્તિગત રીતે ચારપાંચ લાખ રૂપિયાનાં માલિક તો હતાં જ.

"પન્ની, તારી પાસે બજેટ નથી એમ કહીને તારે મને નવરાવવો હોય તો હું સ્નાન કરવા ખુશીથી તૈયાર છું. તારે ગાડી જ લાવવી હોય તો તું મારુતિ ફ્રન્ટી લાવ. એ ગાડી સારી આવે છે."

"પવલા, મારે જીપ જોઈએ છે. તું અને જનુ જમ્બો તે દિવસે લઈ આવ્યા નહોતા ?" તેણે મને એક પ્રસંગ યાદ દેવરાવ્યો. એ વાત ખાસ જૂની ન હતી. હું અને અમારો એક મસિયાઈ સગો જનુ, અમે બન્ને દિલ્હી જઈને પચ્ચીસ હજાર વત્તા દસ હજાર લાંચના અને બે હજાર ખાણીપીણીના અને કેબરે ડાન્સના ખરચીને સાડત્રીસ હજારમાં એક જીપનો સોદો મિલિટરી ડિસ્પોઝલ યાર્ડમાંથી કરી લાવેલા. આ પણ એક આવડતનો સવાલ છે. ડિસ્પોઝલ યાર્ડમાં ઘણીબધી ગાડીઓ વેચાતી હોય છે. અલબત્ત, દિલ્હીના ખેરખાંઓ વચ્ચેથી ગાડી ખરીદી લાવવી હોય અને થોડો ખરચ કરો તો ધારી ગાડી તમે લગભગ મફતમાં લઈ શકો.

હું અને જનીઓ દિલ્હી ગયા હતા અને ડિસ્પોઝલના એક તિવારી નામના આડતિયાને મળ્યા હતા. તેણે અમને આ ધંધાના પાયાના સિદ્ધાંતો શીખવ્યા હતા. અલબત્ત, તે વખતે અમારી પાસે ઝાઝા પૈસા ન હતા. અમે

ત્યાં પહોચ્યા ત્યારે, દિલ્હીના કોઈ જોગિન્દર સિંહે ટેન્ડર ભરીને લગભગ હજાર જેટલી જીપો ખરીદી હતી અને ગાઝિયાબાદ પાસે એક ખેતરમાં એ જીપો ખડકાયેલી હતી. આડતિયાનું સરનામું એક કાસમભાઈ નામના શખસે અમને આપેલું. ચાંદની ચોકમાં તેની મુલાકાત લઈને અમે તેને સમજાવ્યું કે, "ભાઈ, સસ્તામાં જીપ જોઈએ છે."

કાસમભાઈએ તેની સાથે લાખ્ખો રૂપિયાનો ધંધો કરેલો એટલે એ અમારી સાથે ધંધો નહિ પણ દોસ્તીદાવે અમને ફાયદો થાય તે રીતે કામ કરશે તેવી ખાતરી કાસમે આપેલી અને એવું બન્યું પણ ખરું. અમે ગાઝિયાબાદ ગયા. જ્યાં જીપો ખડકી હતી તે ખેતરે પહોંચ્યા. ફાટક પાસે બે સંત્રીઓ ઊભેલા હતા તેમને અમારાં નામ-સરનામાં લખાવવામાં આવ્યાં.

"બન્નેને પચાસ પચાસ પકડાવી દો." મારા ચહેરા પર આશ્ચર્ય આવે તે પહેલાં સ્મિત વેરીને આડતિયા તિવારીજીએ આંખ મારી હતી.

"ઓહ... યસ," કહીને મેં પચાસની બે નોટો પધરાવી હતી. તે પછી ગારાથી દીવાલ ચણીને બનાવેલી એક ઓફિસમાં એ તિવારી અમને લઈને ગયો. તેને બધા જ પિછાનતા હતા. ખૂબ જ પ્રેમથી અમારી આગતાસ્વાગતા થઈ.

"યે હમારે પુરાને દોસ્ત કાસમ કે રિશ્તેવાલે હૈં," કહીને તેણે મારી અને જમ્બોની ઓળખાણ કરાવેલી અને પછી ચા-પાણી મગાવવામાં આવેલાં. એના કંઈ પચીસેક રૂપિયા થયા એ મારે આપવા પડેલા. ત્યાર બાદ મુદ્દાની વાત થઈ.

"પ્રવીણભાઈ," તેણે ફરી મારી સાથે કાનફૂસિયાં કર્યાં. "પાંચસો રૂપિયા કાઢો." મારે તેને પૂછવું હતું શેના ? પણ તેણે સ્મિત વેરીને પાછી આંખ મારી. મેં પાંચસો ગણી આપ્યા અને ઓફિસના ચાર કર્મચારીઓને તેણે સો સોની નોટ અને બે પ્યુનને પચીસ પચીસ પકડાવ્યા. પચાસ ગજવામાં મૂક્યા. ઓફિસમાંથી અમને ગાડીઓ પસંદ કરવા મોકલવામાં આવ્યા. ગાડીઓ બતાવનારા બે આદમીઓ હતા. અલબત્ત, જનુને ગાડીઓની બાબતમાં સારી એવી સમજ પડે છે. તેણે સૌથી સારી દેખાતી ગાડી પસંદ કરીને કહ્યું, "૧૧૫ નંબરવાળો પીસ ઠીક દેખાય છે."

"એ ના લેવાય," તિવારીએ કહ્યું, "તમે બોલો નહિ, ગાડી હું પસંદ કરીશ," કહીને તેણે ખિસ્સામાંથી એક નાનકડી નોટબુક કાઢી. આખા ભંગારવાડામાં ફરતાં ફરતાં તેણે નોંધ કરવા માંડી. ૧૨૮ નંબરની ચેસિસ, ૪૫ નંબરનું એન્જિન. ૩૧૧ નંબરનાં આગલાં બે ટાયરો, ૪૧૦ નંબરની લાઇટો... બસ એમ નોંધ કરવા માંડી અને પછી એ કાગળની કોપી કરી અને પેલા બન્ને પઠાને એક કોપી આપી. "પ્રવીણભાઈ, બન્ને દોસ્તોને પંદરસો પંદરસો ગણી આપો. મને અને જનુને તેણે શું લખ્યું તે બતાવ્યું ન હતું કે તેણે કશું કહ્યું ન હતું."

"બન્ને જણને પં-" હું બોલું તે પહેલાં જ તેણે મારે ખભે હાથ મૂક્યો અને હળવેથી કહ્યું, "દોસ્તીમાં ઓછા લે છે." મેં અવાક થઈને ગણી આપ્યા. મારા દાદા અમને ઘણી વાર કહેતા. જુઓ છોકરાઓ, મફતમાં કશું મળે નહીં. ભણવું હોય તો ફી પણ આપવી પડે - એ સૂત્ર મને યાદ આવ્યું. "છેતરાઈશ તો શીખવા મળશે. ચાલ્યો જઈશ તોય પગીઓને, ઓફિસવાળાને, પટાવાળાને અને ગાઝિયાબાદ સુધી આવવા માટે ખર્ચેલાં નાણાં નકામાં જશે. માટે થવા દો જે થાય તે."

મેં પૈસા ચૂકવ્યા. પેલા લોકોએ અંગૂઠે થૂંક લગાડીને નોટો ગણી લીધી. વળી પાછા અમે ઓફિસમાં આવ્યા.

"પસંદ કરી ગાડી ?" ઓફિસમાં સુપરિન્ટેન્ડેન્ટે પૂછ્યું.

"જી સાહેબ નં. ૧૨૮," તિવારીએ કહ્યું અને તેણે ટાઇપ કરેલા કાગળોની થપ્પી કાઢી. તેમાં કિંમતો લખી હતી - એકવીસ હજાર પાંચસો. તે બોલ્યો. મેં મારી બ્રીફકેસ કાઢી અને રૂપિયા ગણ્યા. અહીં ભાવતાલ ચોક્કસ રહેતો.

"બીજા હજાર કાઢજો પ્રવીણભાઈ," તિવારીએ કહ્યું. મેં ચૂપચાપ એ પૈસા પણ આપ્યા.

"રસાદ કાલે લઈ જજો."

"અરે સાહેબ એ શું બોલ્યા ! નાણાં બેન્કમાં જ છે સમજો ને," તિવારીએ હસીને કહ્યું અને અમે બહાર નીકળ્યા. અમે ટેક્સીમાં આવ્યા હતા. ત્યાંથી અમને ગાઝિયાબાદના એક ગેરેજમાં લઈ ગયો. ભૂરા

ઓવરઓલ પહેરેલો, મોટી ફાંદવાળો એક શીખ ગેરેજના શેડમાંથી કાળા ઓઇલવાળા હાથ લૂછતો લૂછતો બહાર આવ્યો અને જાણે સગો ભાઈ પરદેશથી આવ્યો હોય તેમ એ તિવારીને ભેટ્યો.

"પ્રવીણભાઈ, સુખવીન્દર સિંહને પાંચ હજાર ગણી આપો."

જનુ જમ્બો અમારી ન્યાતમાં અખાડિયન ગણાતો. તેનો દેખાવ પણ મહાકાય હતો. તેનો ગુસ્સો માથાની ચોટી સુધી ચડ્યો હતો. હું તે જોઈ શકતો હતો. પણ અડધું મૂંડાયા પછી હવે પાછી પાની કરવી યોગ્ય ન હતી. મેં સુખવીન્દર સિંહને પાંચ હજાર ગણી આપ્યા અને અમે ત્યાંથી વિદાય થયા.

"બસ, કામ પતી ગયું... હું તમને કહું કે આ તો તમે પહેલી વખત આવો છો એટલે સસ્તામાં પત્યું."

"પણ ગાડી ?"

"ત્રણ દિવસમાં મળશે," તિવારીએ કહ્યું. તે દિવસે રાત્રે તિવારીએ અમારા ખર્ચે પીધો અને ખાધું. ત્રણ દિવસ પછી અમે ગાડી લેવા ગયા અને સાચે જ સુખવીન્દરે પેટ્રોલ-બેટ્રોલ પુરાવીને તદ્દન ચાલુ હાલતમાં અમને ગાડી સોંપી. એક પંજો અમારે તિવારીને આપવો પડેલો, પણ જુદી જુદી ગાડીઓના સારા પાર્ટ્સ નાખીને અમને જે ગાડી આપવામાં આવી તેમાં ફક્ત પતરાનું જ કામ અમારે અમદાવાદમાં કરાવવું પડ્યું હતું.

પત્નીને આ વાતની બરાબર ખબર હતી.

"પવલા, તું જો મને જીપ નહીં લાવી આપે તો મારે જનુને કહેવું પડશે."

"જનુને કહેવું તો પડશે જ," મેં કહ્યું, "પણ મને તું કહે તારે જીપ શું કામ જોઈએ છે ?"

"મારા પ્રોજેક્ટ માટે !" તે બોલી, "દાણચોરીના પ્રોજેક્ટ માટે," તેણે હાથે કરીને વાક્ય ઉમેર્યું હતું.

દાણચોરીના જગતમાં હું પત્નીને કોઈપણ હિસાબે પડવા દેવા માગતો ન હતો. તે છતાંય તેણે મને જીપ લાવી આપવાની જે વાત કરી તેને કારણે હું થોડોક વધુ ચિંતામાં પડ્યો હતો. દાણચોરો કદી જૂની ગાડી, ડિસ્પોઝલમાંથી

લાવેલી ગાડીઓ વાપરતા નથી તેનો મને ખ્યાલ હતો. અરે ! ઘણી વખત તો પેટી-પેક ગાડીઓ એક જ વાર ખેપમાં વાપરીને અને પછી તેને ક્યાંક પધરાવી દેવાના દાખલા પણ બન્યા છે.

હજુ તો અમારી વાત અધૂરી હતી ત્યાં જનુ જમ્બો પોતે જ આવી પહોંચ્યો હતો. સામાન્યતઃ તે અમારે ત્યાં આવે તે મારી મા કે બાપાને ગમતું નહીં. જનુ દોસ્ત ખરો પણ કેટલાક દોસ્ત દૂરથી જ રળિયામણા હોય છે. જનુ તેમાં સૌથી પ્રથમ નંબર આવે. જનુ જમ્બો આમ તો અમારી જ્ઞાતિનો ખરો, પણ ક્રોસ બ્રીડ. તેના પિતાને એક અવ્વલ પરાક્રમ કરતાં કરતાં જ એક પંજાબી કે કાશ્મીરી ઔરત તેને ભટકાયેલી. એ કિસ્સો ઘણો રોમાંચક છે, પણ અત્યારે મારે તમને બીજી જ વાત કરવાની છે. ટૂંકમાં જનુના જિન્સમાં પંજાબની ખડતલ ધરતી ઊતરી આવી હતી. તે લગભગ ૬ ફૂટ ૨ ઇંચ ઊંચો થયેલો અને નૈસર્ગિક રીતે તેનું આખું શરીર દારાસિંહ જેવું જ ઘડાયેલું. તેમાં વળી તેને બોક્સિંગનો ચસકો લાગેલો એટલે તેમાં તેણે ચન્દ્રકો મેળવેલા પણ નાકનું હાડકું ગુમાવેલું તેને કારણે તે હેન્ડસમ હોવા છતાં માર ખાઈ ગયેલો.

એટલે જ્યારે તમે તેના નાકે અડો ત્યારે તમે તેના ગાલે અડતા હોય તેવું લાગે. ગમે તેમ તેના તદ્દન ફ્લેટ થઈ ગયેલા નાક અને સ્નાયુબદ્ધ શરીરને કારણે તેનું નામ લેતાં લોકો ડરતા. અમારે જ્યારે કશુંક મસલ્સનું કે એવું કામ કરવાનું હોય ત્યારે જનુને યાદ કરવો પડતો. આમ છતાં તેનો પ્લસ પોઇન્ટ એ હતો કે ભાગ્યે જ કોઈને રંજાડતો. દિવસભર હસતો રહેતો. એટલું જ નહિ તે ભીતરથી તદ્દન મુલાયમ માણસ હતો.

જયલાના રૂપરંગની અને પાંડિત્યની જેમ મને દહેશત રહેતી તેમ જનુની મને કોઈ દહેશત રહેતી નહિ. કારણ પત્નીને શરીર પર સ્નાયુઓના ગઠ્ઠેગઠ્ઠા જામ્યા હોય તેવો આદમી ખાસ પસંદ આવતો નહિ.

“અરે ! જનુ.. આવ આવ...,” તે દાદર ચડ્યો તે સાથે જ તેના પગલાંનો અવાજ કળીને પત્ની દાદરે પહોંચી હતી અને મને ખ્યાલ આવ્યો હતો કે પત્ની કેટલી લુચ્ચી હતી. હું ઘરમાં ઓચિંતો પાછો ન આવ્યો હોત તો કદાચ તેણે જીપનો ‘જી’ સુધ્ધાં ઉચ્ચાર્યો ન હોત. મતલબ એ હતો કે તેણે જનુ જમ્બોને ક્યારનોય સંદેશો મોકલીને મળવા બોલાવ્યો હતો. જનુ

આવી જશે અને મારા દેખતાં જીપની વાત કરવી પડશે, એ પરિસ્થિતિ કંઈક વિચિત્ર બનશે એમ માનીને જ તેણે મને કહી નાખ્યું હશે તે દેખીતી વાત હતી.

"તું સાલા હનમાનજી જેવડો તો ચોક્કસ થઈશ." પન્નીએ હસીને કહ્યું. "શું આયુષ્ય છે ! હમણાં જ તને યાદ કર્યો. કેમ ખરું ને પવલા ?" પન્નીએ પાછી મારી સાક્ષી લીધી.

"ખરેખર ! અરે કેટલાય દિવસથી હું રાહ જોતો જ હતો. સાલી પેલી સ્કીમમાંથી (બનાવટી નોટોની) મળેલા પૈસાય યાર વપરાઈ ગયા. મને થતું જ હતું કે પન્ની કંઈક બુદ્ધિ લડાવ્યા વગર રહેવાની નથી. બોલ જાની... શું વાત છે !" જનુ બોલ્યો. તેનો અવાજ ઈમોશનલ અને ઘેરો હતો. સ્પાઈડરમેનના ભૂરા ચિત્રવાળું, ભડક પિન્ક રંગનું ટી શર્ટ અને કાળું પેન્ટ અને સફેદ પટ્ટો પહેરીને, કપાળ પર મોટાં ગોગલ્સ ચડાવીને, માથામાં હેડબેન્ડ પહેરીને તે આવ્યો હતો. પન્નીને મસલ્સના ગઠ્ઠાવાળા માણસો ગમતા હોય કે નહિ પણ તેનું કસાયેલું, કસરતી શરીર જોઈને મને ઈર્ષ્યા જરૂર આવતી હતી. જનુ હમણાં હમણાંનો વાત વાતમાં ફિલ્મ કલાકાર રાજકુમારની નકલ કરતો થયેલો એટલે સમજે, કે ન સમજે વાતે વાતે જાની બોલવાની તેને ટેવ પડેલી.

"અરે ! એ જ વાત હતી જનુ. હમણાં હું પવલાની સાથે વાત જ કરી રહી હતી."

"સ્કીમની ?"

"બેલાશક, બીજું શું ? અને તને યાદ કર્યો."

"પન્ની જાની, એટલે તો તું મને પસંદ છું. તારું કામ લાજવાબ જ હોય છે અને તું નહિ માને, મારે ઘણા આપણી નાતના લોકો સાથે ચર્ચા થઈ છે કે સ્કીમ તો બાપુડી તારી જ. સાલું કોઈ જોખમ જ નહિ. બોલ સ્વીટી, શું હુકમ છે ?" જનીઓ બોલવામાં જરા વધુ પડતી છૂટ લઈ રહ્યો હતો.

"જનુ, આપણે એક જીપ જોઈશે," પન્ની બોલી.

"અરે ! એક શું તું કહે તેટલી. હિમ્મતનગર રોડ પર સો જીપો

ભાડે દોડે છે. તું અવાજ કર જાની, આખો કાફલો હાજર. શું કહે છે, પવલા ?"

"મને પણ તેણે હમણાં જ કહ્યું," મેં તદ્દન શુષ્કતાથી જવાબ આપ્યો.

"મારે જીપનો કાફલો નથી જોઈતો. મારે એક જીપ જોઈએ છે અને તે પણ ભાડે નહિ વેચાતી જ લેવી છે."

"તો નવી જ લઈ લઈએ જાની," તે બોલ્યો. મને સહેજ હસવું આવ્યું.

"નહિ જમ્બો. નવી જીપ મને પોસાય તેમ નથી." પન્ની બોલી. આટલી વાત કરતાં કરતાં તે મારા કમરામાંના પલંગ પર બેઠી હતી. જમ્બો પણ એ જ પલંગ પર એક ખૂણે બેઠો હતો.

"શું વાત કરે છે ? તને ના પોસાય તે તો સાલી અજબ વાત કહેવાય." કહીને તે તેની નજીક સર્યો. જમ્બો ભલે 'ડમ્બ' દેખાતો હોય પણ 'ડમ્બ' દેખાતા માણસો જ સ્ત્રીઓની બાબતમાં સફળ થતા હોય છે.

"સાચે જ જમ્બો, અને બીજું એ કે એ જીપનો ઉપયોગ વધુમાં વધુ મહિના માટે જ કરવાનો છે. એ પછી એ જીપનું કોઈ કામ રહેવાનું નથી."

"વાઉ. મતલબ કે પાછી કોઈ સ્કીમ તો તેં બનાવી જ છે. ફાઇન, સમજી ગયો. ટૂંકમાં તારે કોઈ ઑપરેશન માટે જીપ જોઈએ છે. તે પણ જૂની."

"જનુ, જૂની એટલે દેખાવમાં જૂની ભલે હોય પણ તેનું મશીન અપ-ટુ-ડેટ હોવું જોઈએ અથવા બનાવી લેવું પડે અને તેમાં બીજા થોડાક ફેરફારો કરવા પડશે. તે અંગે હું તારી સાથે પછી વાત કરીશ." પન્નીએ 'પછી' શબ્દ પર ભાર મૂક્યો અને મારી સામે જોયું.

"ડન, જાની, આપણે કેટલે સુધી ખરચવા છે ?" તેણે પૂછ્યું.

"પચાસથી વધારે એક પૈસો નહિ."

"એ તું હવે મારા પર છોડ," જનુએ કહ્યું.

"અને જનુ... હું તને મારી ટીમમાં દાખલ કરવા માગું છું. તું હમણાં ફ્રી તો છું ને !"

"અરે જાની ! ફ્રી હોઉં કે ન હોઉં," તે બોલ્યો અને તેણે તેનો હાથોડા

જેવો હાથ પન્નીની જાંઘ પર મૂક્યો, "તારે માટે યાર, હું અડધી રાત્રે હાજર થઈ જાઉં," કહીને તેણે પન્નીની જાંઘ દબાવી. પન્નીને જો જનુની ગરજ ન હોત તો કાં તો તેણે જોરથી ચીસ પાડી હોત કે પછી તેને લાફો ચડાવી દીધો હોત - તે ગમે તેમ - અધ્ધર થઈ, તેણે શ્વાસ લીધો અને હળવેથી તેણે જમ્બોનો હાથ હઠાવ્યો.

"જમ્બો, તારે એક બીજું કામ કરવું પડશે" તે હળવેથી બોલી. "આજથી જ્યાં સુધી આપણી સ્કીમ પૂરી ન થાય ત્યાં સુધી દાઢી વધારવી પડશે."

"ખરેખર ! એટલે પવલાએ ગયે વખતે વધારી હતી તેવી ?" તેણે પૂછ્યું. બનાવટી નોટોની સ્કીમ (જુઓ 'કસબ' નવલકથા) તેણે બનાવી ત્યારે મારે દાઢી વધારવી પડી હતી અને હું કાર્લ માર્ક્સ જેવો દેખાતો હતો.

"યસ જનુ...." પન્ની બોલી.

"પણ તું મને સ્કીમ તો સમજાવ !" તેણે કહ્યું.

"એ બધું તને હું સમજાવીશ. અત્યારે તારે બે જ કામ કરવાનાં છે. મારે માટે જેટલી બને તેટલી સસ્તી જીપ તારે મેળવવાની. એ જીપ પાછી ચોરાયેલી ન હોવી જોઈએ. મિલિટરી ડિસ્પોઝલની હોય તો બેસ્ટ, પણ મશીન ટનાટન જોઈએ. સમજ્યો. હિમાલયન રેલીમાં ભાગ લેવાનો હોય એટલી તૈયાર..."

"તું ફિકર ન કર," જમ્બો બોલ્યો.

"અને આજથી દાઢી વધારવાની. વાળ પણ કપાવતો નહીં. થોડાંક વાળ વધે પછી વિચારીશું કે તારે વાળ વધારવા જોઈએ કે નહિ." તે બોલી અને તેણે સાચવીને કહ્યું, "હવે તું ઊપડ." મારે ઘણીબધી બાબતો વિચારવાની છે." જનુ કંઈક ક-મને ઊભો થયો. "અને જનીઆ... જીપગાડી માટે મારે વધારેમાં વધારે પચાસ હજાર ખરચવાના છે. તેમાં તું જેટલા બચાવી શકે તેટલી રકમ હું તને ડબલ કરીને આપીશ."

"એટલે પન્ની... અત્યારે હું ધાર કે તને ૪૦ હજારમાં ટનાટન જીપ લાવી આપું તો તું મને...."

"વીસ હજાર આપીશ અને સ્કીમમાં તારો જે ભાગ નક્કી થશે તે

તો ખરો જ, અન્ડરસ્ટુડ ?" પત્નીએ કહ્યું.

"યાર ક્યા બાત હૈ...." કહીને તેણે મારી પીઠ પર ધબ્બો માર્યો. તમે જનીઆનો ધબ્બો ખાધો હોય તો તમને સમજાય નહીં કે તે આનંદ વ્યક્ત કરવા માગે છે કે પછી તમારી પીઠ તોડવા માગે છે ! તેણે જો મને આટલા જોરથી ધબ્બો ન માર્યો હોત તો કદાચ હું તેની પાછળ જ નીચે ગયો હોત અને તેને ખાનગીમાં મેં સમજાવ્યું હોત કે પત્નીની, અક્કલ બહેર મારી ગઈ છે અને તે દાણચોરીના ધંધામાં પડવા માગે છે, પણ મને તેની દયા ન આવી. નસીબ તેનાં... સાલી ઘો મરવાની થઈ હોય તેમાં આપણે શું ? જનુ ચાલ્યો ગયો પછી, હોઠ સંકોડીને વ્હિસલ દ્વારા કોઈ તરજ લહેરાવતી પત્ની તેના કમરામાં ચાલી ગઈ. મેં "ગરીબનો બેલી" વાર્તાનાં પાનાં ગોઠવીને, આગળ લખવાનું શરૂ કર્યું.

પણ બેચાર વાક્યો લખીને હું અટક્યો હતો. પત્ની શું કરવા માગતી હતી તેનો મને અંદાજ આવતો ન હતો. મારું માનવું છે કે તે ઘણા વખતથી કશોક પ્લાન જરૂર ઘડી રહી હતી. હું પોતે મારા ગેરેજ અંગેના આયોજનમાં મશગૂલ હતો. તે દરમિયાન મારાથી પત્ની પર નજર રખાઈ ન હતી.

"ઓ. કે. " મારી જાતને મેં કહ્યું, "તે દાણચોરીમાં પડવા માગે છે." મેં કાગળ પર "ગરીબનો બેલી"ની જગ્યાએ મારા નામના લીટા કરવા માંડ્યા અને વિચારવા માંડ્યું. મેં તેને આ ધંધાના ખતરાઓથી વાકેફ કરી છે. પિરિયડ.. એ મૂર્ખી નથી. સ્ટોપ. એ ખતરનાક લોકો સાથે ધંધો કરવાનું વિચારે તેટલી બેવકૂફ નથી. સ્ટોપ. જયલાને તેણે ઇન્ફર્મેશન માટે રોક્યો હતો. જનુ જમ્બોને તેણે જીપ માટે બોલાવ્યો હતો, એટલું જ નહિ તેને સ્કીમમાં ભાગીદાર બનાવવાનું મારા દેખતાં કહ્યું હતું. ધેર ફોર.. પણ ધેર ફોર વોટ ? મને અકળામણ થતી હતી. મેં કાગળ પર લીટા કરીને લખવા માંડ્યું હતું.

જયલો... ઇન્ફર્મેશન.. કઈ ઇન્ફર્મેશન... ? ચોકસીઓ, ઝવેરીઓ, સોનીઓ વિષે... જનુ જમ્બો ટ્રાન્સપોર્ટેશન... પણ શેનું ટ્રાન્સપોર્ટેશન ? જીપ... જીપ શું કામ ? છતાં કશું તર્કબદ્ધ નીપજતું ન હતું.

"વેલ... જયલો મારું હુકમનું પાનું છે," મેં મનમાં કહ્યું.

થોડા દિવસ બાદ હું જયલાને મળ્યો હતો. "હલો જયલા.. તારી જયા કેમ છે ?" કોઈ પણ પ્રેમીને જો તમારે મૂડમાં લાવવો હોય અને કશીક ખાનગી માહિતી કઢાવવી હોય તો તેની પ્રેમિકાથી વાત શરૂ કરવી. મેં એ જ રીતે શરૂઆત કરી હતી.

પણ જયલો ભીંતની જેમ ઊભો રહ્યો. ઘડીભર મને લાગ્યું કે તેની અવસ્થા ગંભીર છે. તેની જયા દાણચોરોના અડ્ડામાં કે પોલીસચોકીની કોઈ કાળકોટડીની દીવાલો વચ્ચે, અત્યાચારોનો ભોગ બનીને, ચૂંથાઈ ગયેલા પંખીની માફક તરફડતી હોય તેવું મેં જે ચિત્ર તેની સામે ખડું કર્યું હતું તેનાથી હજુય સ્તબ્ધ હશે, પણ તેવું ન હતું. તે સ્તબ્ધ હતો, કારણ કે મારી સાથે તે વાત કરવા માગતો ન હતો.

"જયલા, કેમ તું કાંઈ બોલતો નથી ?"

"પવલા... હરિઃ ઓમ્.. તું ચાલ્યો જા... વિદાયમાન ભવ : !" આખરે તે બોલ્યો, "તું મને વધુ કશું કહીશ નહિ," તોય હું સમજ્યો ન હતો. મને એમ કે મારી વાત તેને ગળે ઊતરી ગઈ છે.

"મેં તને પહેલેથી કહ્યું હતું દોસ્ત જયંત, કે તું વિદ્વાન પુરોહિત છું. આ ભયાનક ધંધામાં તારું કામ નહિ. તેં સાચે જ યોગ્ય નિર્ણય લીધો છે જયલા... તેં પન્નીને જણાવી દીધું ને ?"

"તું ગેરસમજ કરી રહ્યો છું."

"શેની ગેરસમજ ?"

"તું કહે છે તે મારાથી નહિ થાય," તે બોલ્યો. હું સમજ્યો નહિ.

"તું શું કહેવા માગે છે."

"મારાથી ચાડીઓ નહિ ખવાય. મારા ધર્મની વિરુદ્ધ મારાથી નહિ જવાય. આપણી પરંપરા શું કહે છે ? મૃત્યુને આવકારી લેવું, પણ મોઢું ન ખોલવું. સત્યમેવ જયતે નાનૃતમ્ ।"

"જયલા, તું શું વાત કરી રહ્યો છું ? તારે ક્યાં પોલીસ પાસે મોઢું ખોલવાનું છે ? આપણી એ પરંપરા જરૂર છે, પણ હું પોલીસ નથી."

"તું પન્નીની વિરુદ્ધ છે તે તો હરિઃ ઓમ્ સાચું કે ખોટું ?"

"શું વાત કરે છે જયલા.. હું પન્નીનો વિરોધી ! વાત જ અસંભવ

છે. પણ તું જરા વિચાર. હાથે કરીને પન્ની કૂવાની પાળ ઉપર ઊભી રહીને પાછલે પગલે ચાલવા ઇચ્છતી હોય તો એક ભાવિ પતિ તરીકે, એક વર્તમાન પ્રેમી તરીકે મારી ફરજ ખરી કે નહિ ? તારી જયાનો જ દાખલો લે ને, કાલ ઊઠીને તારી જયા પ્રશાંતના સ્ટુડિયોમાં જાય તો શું તું તેને રોકીશ નહિ ?" જયલાને ખબર હતી કે પ્રશાંતના ધંધા શું હતા.

"એ વાત અલગ છે."

"અલગ નથી જયલા, તેણે 'રિક્રુટમેન્ટ' શરૂ કરી નાખી છે."

'રિક્રુટમેન્ટ... એટલે તું કહેવા શું માગે છે.'

"જયલા, એ ખૂનખાર માણસોની ટોળકી બનાવી રહી છે. જીપ ગાડીઓનો ઓર્ડર તેણે આપી દીધો છે. કાલે તે બંદૂકો મગાવશે. દાઢીવાળા ખતરનાક 'સોલ્જરો'ની ભરતી કરી રહી છે. જયલા, તું એમાં ભરાઈશ નહિ. તું રહ્યો નમ્ર માણસ અને તને ખબર છે ને કે એક વખત દાણચોરોની ટોળકીમાં તમે દાખલ થયા પછી પાછા બહાર નીકળવાનો કેવળ એક જ રસ્તો હોય છે... પુનર્જન્મ...આ જન્મમાં તમે માનો કે તમે બહાર નીકળો તો વાત જ ભૂલી જાવ."

"પણ હું હરિઃ હોમ, ક્યાં એ ખતરનાક ટોળીમાં ભળ્યો છું ?" તે બોલી ઊઠ્યો, "મારું કામ માત્ર નાનકડું જ છે."

"નાનકડું એટલે ?"

"મારે તેને માહિતી જ આપવાની હતી. તે મેં આપી દીધી છે. પન્ની જ કહેતી હતી કે મારું કામ લગભગ પતી ગયું છે."

"ઓહ જયલા, તેં આ શું કર્યું ? તેં એને માહિતી આપીને કે કયા સોની કે ઝવેરીને કયા દાણચોરની સાથે સંબંધ છે."

"હોતું હશે ! એવી માહિતી હું ક્યાંથી લાવવાનો ? કોઈ ઝવેરી સોની મને એક નૈષ્ઠિક બ્રાહ્મણને આવી વાતો કરતો હશે ?" જયલો પોતાની જાતને કાયમ બ્રાહ્મણ તરીકે જ ઓળખાવતો.

"તો પછી કઈ માહિતી ? મારી દોસ્તીના સમ જયલા. તારી જયાના સમ જો મને ના કહે તો."

"પવલા, તું પન્નીને જઈને કહે તો મને કદીય માફ નહિ કરે." તે

બોલ્યો. મેં ગળે હાથ દઈને તેણે મને પ્રથમ વચન આપ્યું હતું તે યાદ દેવરાવ્યું. આખરે તે બોલ્યો :

"મેં કેટલાક લોકોનાં ઘરની માહિતી તેને આપી છે."

"તે તો પહેલેથી મને ખબર હતી, તેમાં નવું શું ?"

"માલમિલકતની માહિતી કે ટર્નઓવર જેવી સામાન્ય માહિતી નહીં."

"તો ?"

"સામાજિક માહિતી. કોનાં છોકરાં કેવાં છે, કોનાં મા કે બાપ કેવાં છે, કોના ઘરમાં શું લફરાં છે, કોણ પીનારો છે, કોણ મુજરામાં જાય છે, કે ક્લબોમાં પત્તાં રમે છે વગેરે..."

જયલાએ જે વર્ણન તે પછી કર્યું તેને કારણે મારો મૂંઝારો ઔર વધ્યો હતો. પન્નીને 'ફોલો' કરવા સિવાય મને મારા પ્રશ્નોના જવાબ નહિ મળે તેની મને ખાતરી થઈ ગઈ.

મારામાં પણ છનાભાઈ ગજ્જર (અમે ગજ્જર, અટક સ્વીકારેલી) મારા દાદાનું લોહી ફરતું હતું. પન્ની તેની સ્કીમ વિષે જયલાને કે જનુ જમ્બોને વધુ યોગ્ય ગણતી હોય તો, મારા બાપાનું કશું જવાનું નથી, પણ મને ચિંતા એ હતી કે તેની નાદાનિયતને કારણે છેવટે તો મારે જ ગુમાવવાનું આવશે. પન્નીને ગુમાવવા હું કોઈ કાળે તૈયાર ન હતો. તમે દાણચોરો વચ્ચે તમારી માશૂકાને કેવી રીતે ફસાવા દો ! અને જયલો તદ્દન નકામો હતો. એ પન્નીના સંમોહનમાં આવી ગયો હતો. તેની જયા, જ્યારે જાણશે કે તેનો પ્રેમી, જયંત પુરોહિત, દાણચોરોમાં ભળેલો છે ત્યારે તે તેના નામનું નાહી નાખશે, પણ આટલી સિમ્પલ વાત, એ સેમ્પલ મૂરખ સમજતો ન હતો.

જનુ તો અક્કલનો ઓથમીર હતો. એ વાંદરાને, જે નિસરણી પન્નીએ પકડાવી હતી તે નિસરણી જ તેના પગમાં ભરાશે, તે વગર તેની સાન ઠેકાણે આવવાની નથી. એ મારો બેટો જોધપુર, જીપ લેવા ચાલ્યો ગયો હતો. દિલ્હીની જેમ જોધપુરમાં પણ ડિસ્પોઝલની જીપોને ઢગલો પડ્યો છે. મારી પાસે માહિતી મેળવવાના આ બન્ને વર્તુળો, જયલો અને જનુ રહ્યા ન હતા. વળી છેલ્લા કેટલાક વખતથી પન્ની અને જયલા વચ્ચે પબ્લિક ફોન પર વાતચીત થતી. એટલે જ મારે ન છૂટકે, એક જાસૂસની માફક તેનો

પીછો કરવાનું નક્કી કરવું પડ્યું હતું.

એ ગમે ત્યારે ઘરની બહાર નીકળે અને મારે દોડાદોડ તેની પાછળ જવું પડે એટલે તો હું સવારે વહેલો તૈયાર થઈ જતો. હાલ પૂરતું મેં ગરાજે બેસવા જવાનું કામ મુલતવી રાખ્યું હતું અને ઘરમાં રહેવા ખાતર જ મેં મારી નવલકથા "ગરીબનો બેલી"ને આગળ ધપાવવાનું નક્કી કરેલું. આ નિર્ણયના બે ફાયદા હતા. એક તો હું પત્ની પર એવી છાપ ઊભી કરી શકું કે તેને જે કરવું હોય તે કરે, મને તેમાં રસ નથી. અને બીજો ફાયદો એ હતો કે તે જેવી બહાર નીકળે, તેવો જ હું પણ તેનો પીછો કરી શકું.

વળી, પીછો કરવા માટે મારાથી મોટરસાઇકલનો ઉપયોગ થઈ શકે તેમ ન હતો. કારણ મારી મોટરસાઇકલ પત્ની બરાબર ઓળખે છે. એટલે મેં રિક્ષા ભાડે રાખી હતી. અમારી સોસાયટીને નાકે રહેમાન રિક્ષાવાળો રહે છે. તેને મેં એડ્વાન્સ પૈસા આપીને, દિવસ-રાત માટે તેની રિક્ષા બૂક કરી હતી, જેથી મારે તેનો પીછો કરવામાં વિલંબ ન થાય.



ઘરમાં તે વ્યસ્ત રહેતી. કશીક નોંધો કર્યા કરતી. પણ એ કાગળિયાં તે પોતે જ ફાડી નાખતી. મારી અને તેની વચ્ચે કેવળ ઔપચારિક વાત થતી. તે તેના દાણચોરીના ધંધા વિષે બોલતી નહિ અને હું મારા ગેરેજનું કેટલે પહોંચ્યું તે કહેતો નહિ.

સોમવારે તે અગિયાર વાગ્યે તૈયાર થઈ. પત્ની જાતભાતના ડ્રેસિસ રાખે છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી દિબ્રૂગઢ સુધીની કન્યાઓ જે કાંઈ પહેરે તે બધી જ ચીજો તેની પાસે છે, ફદિયું પણ ખરચ્યા વગર ભાગ્યે જ કોઈ આટલા ડ્રેસિસ રાખી શકે. ગમે તેમ, તે જે કાંઈ વેશભૂષા કરે તેમાં તે અનુપમ લાગતી.

તે દિવસે તેણે ગરવી ગુજરાતણ જેવાં કપડાં પહેર્યાં હતાં. આછા ઈંટ કલરની પ્રિન્ટ કરેલી સાડી અને તેને મેચ થાય તેવી ચોળી. એ ચોળી પણ બખૂબી સિવરાવે છે. બરડા પર તેનો જેટલો મોટો 'કટ' હોય તેવડો જ કટ તેના વક્ષઃસ્થળ પર હોય ! એક ગાંઠનો ઢીલો અંબોડો, તેના પર આર્ટિફિશિયલ ગુલાબી રિબન, કપાળમાં મોટો ચાંદલો, હોઠ પર આછી

ગુલાબી લિપ્સ્ટિકનો હળવો લસરકો, બન્ને હાથમાં ડઝન જેટલી લાલ-લીલી કાચની બંગડીઓ, ગળામાં મંગળસૂત્ર જેવો અછોડો, ગુજરાતી છેડે પહેરેલી સાડી અને પગમાં મુલાયમ ચંપલો. તેને જોઈને હું હલબલી ઊઠ્યો હતો. ઘડીભર તો મને થઈ ગયું કે હું તેને કહી દઉં પન્ના, દાણચોરી તો દાણચોરી, પણ હું ઔપચારિક સંબંધો નહીં સહી શકું. પણ બોલ્યો નહિ. નિતંબના આછા હિલોળા સાથે ચાલતી તે બહાર નીકળી. અને સાચવીને મેં તેનો પીછો શરૂ કર્યો.

પન્ની શેરીને નાકે પહોંચી અને રહેમાનની જ રિક્ષા પાસે ઊભી રહી. તેણે રહેમાનને કંઈ પૂછ્યું. મને ખાતરી હતી કે રહેમાન કહેશે કે રિક્ષા એંગેજડ છે. પણ તેને બદલે હસીને તેને રિક્ષામાં બેસાડી. અને હું દોડીને ત્યાં પહોંચું તે પહેલાં તો રહેમાને રિક્ષા ધમધમાવી. એ કમબખ્ત રહેમાનીઓ રિક્ષાને ઉડણ-ખટોલો જ સમજે છે. હરામખોરને મેં એડ્વાન્સ પૈસા આપ્યા હતા. અને આખો દિવસ મારા સિવાય કોઈને રિક્ષામાં નહિ બેસાડવાનું નક્કી કર્યું હતું. પણ સાલો વખત જ ખરાબ છે. પૈસા આપતાંય લોકો કામ કરતા નથી. બીજી રિક્ષા આવી જ નહિ. હું રાહ જોતો રહ્યો. ઘેર પાછો જઈને મોટરસાઈકલ લઈ આવું તોય હવે રહેમાનને પકડવો શક્ય ન હતો.

મનમાં ને મનમાં ગાળો દેતો હું ઘેર પાછો આવ્યો ત્યારે લગભગ સાડા અગિયાર વાગ્યા હતા. મેં ‘ગરીબનો બેલી’ નવલકથાનું નવું પ્રકરણ લખવાનું શરૂ કર્યું. પણ મારી જ બાંધેલી રિક્ષામાં પન્ની ચાલી જાય તેનો આઘાત અને રહેમાન પરનો ગુસ્સો એ બન્ને કારણે મારાથી કશું લખાયું નહિ. હું મોટરસાઈકલ લઈને આખરે મારા ગરાજ પર ચાલ્યો ગયો. હું જમવા માટે આવ્યો ત્યારે પન્ની આવી ન હતી. બપોરના ચાર વાગ્યા પણ પન્ની આવી નહિ. હું વળી કેટલીક ઉઘરાણી માટે બહાર જઈ આવ્યો. સાંજે લગભગ ૬ વાગ્યે તે પાછી આવી હતી.

તે આવી કે તરત હું બહાર નીકળ્યો. રહેમાન, નાકા પરની લારીએ ઊભો રહીને ચા પીતો હતો.

“રહેમાન...” હું ગાળ બોલું તે પહેલાં તો તે બોલી ઊઠ્યો.

“પ્રવીણ શેઠ. સાલું આ આપણને ભારે પડે હોં !”

"મતલબ ?"

"મતલબ શું, મને તમારે પહેલેથી કહેવું જોઈએ ને કે સાલા આખા અમદાવાદ ડિસ્ટ્રિક્ટમાં ફરવાનું છે. આવતી કાલથી જનાબ આપણી રિક્ષા જોઈતી હોય તો બીજા ત્રીસ રૂપિયા કમ-સે-કમ વધારે જોઈશે. સાલું ક્યાં ક્યાં મને લઈ ગઈ તમારી પન્નીબાઈ."

"પન્નીબાઈ ? કમબખ્ત તને હજાર વખત કહ્યું છે કે તું એને પન્નીબાઈ ન કહે." મેં ગુસ્સાથી કહ્યું. એ રહેમાનીઓ ઓછો ન હતો. આમ તો તેની 'ફાટતી' હતી પણ પન્નાની ગેરહાજરીમાં થોડું આડુંઅવળું બોલી લેતો.

"સોરી. પણ રિક્ષા બીજી શોધી લેજો."

"પણ મેં તને કહ્યું નો'તું કે તારે મારા સિવાય કોઈને-"

"હવે એ પન્ની... પન્નીફોઈ અને તમે જુદાં ઓછાં છો ?" તે બોલ્યો. હવે રહેમાન આગળ મારે ઘરની વાત શું કરવી ?

"તને ના પોસાતું હોય તો હું બીજી રિક્ષા ભાડે લઈશ. આટલા દિવસ, તને મેં એમ ને એમ પૈસા આપ્યા તે કમબખ્ત તારી નજરમાં નથી આવતા ? અને એવી તે કેટલી ફરી તારી રિક્ષા ? ગામમાં ને ગામમાં તું આંટો નથી મારતો ?" મેં કહ્યું. ખરેખર મારે જાણવું હતું કે આટલું બધું તે ક્યાં ફરી આવી.

"અરે ? શું વાત કરો છો યાર ! એક મિનિટ નવરી નથી પડી. અહીંથી મણિનગર સ્ટેશન."

"તે કાંઈ દૂર ના કહેવાય."

"ત્યાં બેન્કમાં હોલ્ટ. પછી ત્યાંથી સ્વામીનારાયણ મંદિર. ત્યાં કોઈ પુરોહિત સામેલ થયો." રહેમાને કહ્યું. મને ખ્યાલ આવ્યો કે જયલો જ હશે. ત્યાંથી પુષ્પકુંજની પાછળ. સાલો આખો રસ્તો ખરાબ છે."

"ત્યાં કોને ત્યાં ગયા ?"

"રામજી ઠક્કર."

તેં બરાબર જોયું ?"

"બંગલા પર બોર્ડ હતું." રહેમાને માહિતી આપી. હું ચોંક્યો. રામજી

ઠક્કર શરાફ હતો. અમારી જ્ઞાતિનો નથી. કચ્છી લોહાણો છે. બનાવટી નોટોનો જે કસબ અમે કર્યો હતો તેમાં અમારા સાથીદારોને ખબર ન પડે તે રીતે રૂપિયા સવાબે લાખ અમે મારી લીધેલા અને આ રામજીને ત્યાં વ્યાજે મૂકેલા. એ વાત તદ્દન ખાનગી હતી. મેં અને પત્નીએ નક્કી કર્યું હતું કે અમારાં લગ્ન થાય ત્યારે જ એ રકમ આપણે ઉઠાવવી. અમારી જ્ઞાતિમાંનું લગભગ દરેક કુટુંબ આવું પ્રોવિઝન હંમેશાં કરી જ રાખે. કુટુંબના કમાઉ સભ્યને જેલમાં જવાનું થાય ત્યારે 'ફેમિલી'ના સભ્યો ભૂખે ન જ મરવા જોઈએ. એ બાબતમાં અમે બધા રાજકારણીઓની જેમ જ વર્તીએ. એક વખત પ્રધાન કે એમ.એલ.એ. થયા પછી જેમ રાજકારણીઓના કુટુંબની રહેણીકરણીમાં કે મોટરગાડીમાં સહેજ પણ ઓટ આવતી નથી, તેવું અમારે પણ કરવું પડે છે.

"અચ્છા, પછી ?"

"પછી ત્યાંથી નીકળ્યાં ને માણેકચોક ગયાં. તમે તો જાણો છો પ્રવીણ શેઠ કે માણેકચોકમાં રિક્ષા ચલાવવી તેના કરતાં મોતના કૂવામાં મોટરસાઇકલ ચલાવવી સહેલી છે." રહેમાને માણેકચોકની ભીડ, ટ્રાફિક વગેરેની ચર્ચા છેડી. પણ મેં તેને વચ્ચેથી અટકાવ્યો, "ત્યાં શું કામ ગયાં ?"

"કોઈ કિરીટકુમાર શાંતિલાલ ચોકસી છે તમારો ઓળખીતો ?"

"હેં અરે... હા !" મેં કહ્યું. હું એવા કોઈ ચોકસીને ઓળખતો ન હતો. અમદાવાદમાં માણેકચોક સોના-ચાંદીની દુકાનવાળો એક અવ્વલ વિસ્તાર છે. ત્યાં શેરબજાર છે, સોના-ચાંદીની દુકાનો છે, શરાફોની પેઢીઓ છે. વાસણોનું બજાર, શાકબજાર, ફ્રૂટ માર્કેટ અને ગામઠી કપડાંનું બજાર પણ છે. સાંજે દુકાનો બંધ થઈ જાય એટલે તેના ઓટલાઓ પર ખાણી-પીણીની દુકાનો મંડાય છે. ફાફડા, જલેબી, કચોરી, સમોસા, પાણીપૂરી, ભેળ, કુલ્ફી, આઇસક્રીમ, વગેરે અનેક આઇટમોનું ફૂટપાથિયું બજાર ભરાય છે.

"બસ એ બન્ને કિરીટકુમારની દુકાનમાં ગયાં. અડધો કલાકે બહાર આવ્યાં. એ ધમાલમાં પોલીસવાળાઓએ મને રૂપિયા પંદરની ઉઠાડી. એ હિસાબ તો હજુ આપવાનો છે. જમવાનું પણ ખર્ચ છે અને ચા-પાણીનું."

"તને પન્નીએ જમાડ્યો નહિ ?"

"હોતું હશે ! કિરીટકુમારની કંપનીમાંથી નીકળીને એ બન્ને જણને મેં સી.જી.રોડ પરની 'આશિયાના' પર ઉતાર્યાં અને પન્નીફોઈએ મને કહી દીધું, તું જમીને કલાકમાં આવ. અમારે ઇમ્પોર્ટન્ટ મિટિંગ છે, એટલે મારે જવું પડ્યું. ફોગટના અઢાર રૂપિયા ખર્ચવા પડ્યા. કલાક પછી હું પહોંચ્યો. તે પછી પંદર મિનિટે બન્ને બહાર આવ્યાં."

"બન્ને એટલે ! પુરોહિત અને પન્ના ?" મેં પૂછ્યું.

રહેમાને ડોકું ધુણાવી હા પાડી.

"પછી ?"

"પછી શું... યુનિવર્સિટી, ત્યાંથી સેટેલાઇટ રોડ, ત્યાંથી છેક ગોતા અને ત્યાંથી પાછા સરખેજ વચ્ચે પેલી ક્લબો પાસે અને ત્યાંથી ડ્રાઇવ ઇન...અને નવરંગપુરા, સી.જી. રોડ. તમે વાત ન પૂછો. અને મેમનગર રોડ પરના એક બંગલા આગળ રિક્ષા ઊભી રાખી-"

"પણ એ બધે ક્યાંય-"

"ક્યાંય શું ? બંગલા ખરીદવાના હોય તેમ પેલા ભાઈ પન્નીબાઈ સોરી.. તમારી ચશ્મે બદ્દૂરને લોકોનાં મકાનો બતાવી રહ્યો હતો."

"મેમનગર આગળ શું ?"

"મેમનગર એટલે મેમનગર નહિ યાર. પણ એ મેઈન રોડ પર એક મોટા બગીચાવાળા બંગલાની બહાર રિક્ષા ઊભી રખાઈ ને પેલો પુરોહિત અંદર ગયો. હું અને પન્નીફોઈ બહાર રિક્ષામાં જ બેઠેલાં રહ્યાં."

"પછી ?" મેં પૂછ્યું.

"સાલો એ ભામટો પોણા કલાકે બહાર આવ્યો ત્યારે હસતો હતો. તેના હાથમાં ખાખી પરબીડિયું હતું. કામ પતી ગયું, પન્ના. તેણે આવીને કહ્યું અને પાછી રિક્ષા ચલાવી. ફરી સી.જી. રોડ પર આવ્યો ત્યાં એક બાઈ મળી, કોઈ જયા નામની અને પાછાં એ લોકો એક રેસ્ટોરાંમાં ગયાં." રહેમાને કહ્યું, "બસ, પછી અહીં આ તરફ આવ્યાં. પેલા પુરોહિત અને પેલી કોઈ બાઈ અમારી સાથે આવ્યાં નહિ."

આખરે રહેમાનને થયેલા ખર્ચનાં નાણાં ચૂકવીને ઘેર પાછો ફર્યો.

પન્ની સંધ્યાસ્નાન માટે બાથરૂમમાં ચાલી ગઈ હતી. હું હળવેથી તેના કમરામાં પ્રવેશ્યો. તેણે પોતાની પર્સ રાઈટિંગ ટેબલ પર નાખી હતી. કપડાં ઉતારીને પલંગ પર નાખેલા એક કપડાની થેલી તેણે ડ્રેસિંગ ટેબલ પર મૂકી હતી. એ થેલી ભરેલી હતી. હું ડ્રેસિંગ ટેબલ પાસે ગયો. થેલી હાથમાં લીધી. તેનાં નાકાં પહોળાં કરી થેલીમાં નજર નાખી. હું દંગ થઈ ગયો અંદર નોટોની થોકડીએ થોકડીઓ હતી. સો રૂપિયાનાં ચાર બંડલ અને બાકીનાં પચાસનાં બંડલો. એમ કરીને લગભગ એક લાખ વીસ હજાર જેટલા રૂપિયા હતા. મેં થેલી પાછી મૂકી અને પર્સ ખોલી. પર્સમાં તેની રાબેતા મુજબની ચીજો ઉપરાંત સોનાનું એક દસ તોલા વજનનું બિસ્કિટ, લાલ સુંવાળા પાતળા કાગળમાં લપેટેલું હતું. ઘડીક હું એ જોઈ રહ્યો અને પછી મારા કમરામાં ચાલ્યો ગયો.

થોડી વારે તે સ્નાન કરીને બહાર આવી. તે સ્નાન કરીને બહાર આવે ત્યારે તમે જો તેને જુઓ તો જગતનાં તમામ સુખ-દુઃખ તમે ભૂલી જાવ.

ગમે તે ઋતુ હોય. પન્ની રાત્રે સૂતાં પહેલાં સ્નાન કરવાનું ચૂકતી નહિ. એ સ્નાન કરીને બહાર આવે ત્યારે તેને આલિંગવા, તેના ભીના દેહને, તેમાંથી રેલાતી તાજગી અને સુગંધને મારામાં સમાવી લેવા હું તત્પર રહેતો. કશીક અવળચંડાઈ કરતો. ક્યારેક તેને ઊંચકીને પલંગમાં નાખતો અને અમારું પ્રણયગાન રચાતું. પણ તે દિવસે હું નિર્લિપ્ત રહ્યો.

“પવલા...” મેં જવાબ ન આપ્યો એટલે તે ફરીથી બોલી. તેના અવાજમાં આવાહન હતું. હું ઊભો થયો. મારા કમરામાંથી તેના કમરામાં ગયો.

“પવલા.... આ જો ને... મારા ગરદન પરના વાળની એક લટ મારી ગળાની ચેઈનમાં ભરાયેલી છે. કાઢી આપે છે ?”

આવા કામમાં મારાથી ના કેમ કહી શકાય ? મેં હળવેથી તેની ચેઈનમાં ભરાયેલા વાળની નાનકડી લટ છૂટી કરી. પણ તેના સ્પર્શથી હું હચમચી ગયો હતો. તે મારી તરફ ફરી. તેના ઉરોજ મારી છાતી સાથે અડે તેમ તે ઊભી રહી.

“પન્ની... રામજીભાઈને ત્યાં મૂકેલા પૈસા તેં ઉઠાવી લીધા તે યોગ્ય

કર્યું નથી.'' મેં ગંભીરતાથી કહ્યું. તે મારા આવા ઓચિંતા સ્ટેટમેન્ટથી ચોંકી તો ગઈ હતી, પરંતુ પન્નીમાં આ એક અલૌકિક શક્તિ છે. તે ગમે તેવા અણધાર્યા સંજોગોમાં સ્વસ્થતા જાળવી શકે છે. નાની હતી ત્યારથી મેં એ જોયું છે. ક્યારેક કોઈ દુકાનમાંથી તફડંચી કરતાં તે પકડાઈ જાય તો પણ એટલી સ્વસ્થતાથી ચોરેલી ચીજને હાથમાં રમાડે કે જાણે તેને ખ્યાલ જ ન હોય કે આવી રીતે ઉઠાંતરી ન થાય !

રામજી ઠક્કરને ત્યાંથી તે પૈસા લઈ આવી છે તે હું કેવી રીતે જાણી શક્યો તેનો આંચકો તેને જરૂર લાગ્યો હતો. પણ તે તદ્દન સ્વસ્થતાથી મારી સામે આંખ પટપટાવતી જોઈ રહી અને પછી બોલી : ''એ પૈસા હું ડબ્બલ કરીને મૂકીશ.'' તે બોલી.

''દાણચોરી વિષે તારે જાણવાની જરૂર છે. પન્ની.. યુ અન્ડરસ્ટેન્ડ... દાણચોરીમાં તું પડ નહિ. પ્લીઝ.. તારે જોઈતા હોય તો મારા ભાગના તમામ પૈસા તું લઈ લે. તું કહે તો હું તારે જોઈએ તેટલા રૂપિયા મારી લાવું. પણ દાણચોરી નહિ.'' મેં કહ્યુ અને તે મને વળગી પડી.

''પવલા, તું મને મૂરખ સમજે છે ?'' કહીને તેણે તેના હોઠથી મારા હોઠ સીવી લીધા.

સાહેબ ! જે સ્ત્રીને તમે ચાહતા હો, જેને માટે તમારું દિલ અને દિમાગ અહર્નિશ તપડતું હોય, તે જ્યારે તમને ચુંબન કરે, એક ચુસ્ત આલિંગનમાં જકડી લે ત્યારે તમારું અસ્તિત્વમાત્ર ઓગળી જાય છે. તમે કેવળ એક સંવેદનમાત્રની અનુભૂતિ કરતા રહો છો. મારું કંઈ એવું જ થયું હતું. પન્ની સાથે લગભગ ઝઘડવાના આશયથી મેં શરૂઆત કરી હતી. રામજીભાઈને ત્યાં મૂકેલી અમાનત, અમારાં લગ્ન પછી જ વાપરવાની પ્રતિજ્ઞા લઈને મૂકેલા રૂપિયા તે લઈ આવે તે કેવળ અયોગ્ય જ નહિ, પરંતુ અનૈતિક વાત હતી, કારણ કે અમે એકમેકને વચન આપ્યું હતું.

અને છતાં એ બાબતનો ઝઘડો કરવાને બદલે, આલિંગનના આસવમાં હું હોશ ગુમાવી બેઠો હતો... પન્ની, ''તારે મારા ભાગના પૈસા લઈ લેવા હોય તો તું લઈ લે પણ દાણચોરીના ધંધામાં પ્લીઝ... પડીશ નહિ. મને એમ હતું કે તે મારી જેમ જ, વળી મને એ રીતે ચુંબન કરીને કહેશે :

"યસ ડાર્લિંગ, તારી વાત સાચી છે. હું રસ્તો ભૂલી હતી. દાણચોરી આપણા બસની વાત નથી." પંરતુ તે બોલી નહિ. તેને બદલે તેણે એટલું જ કહ્યું કે "પવલા, તું મને મૂરખ સમજે છે ?" તેનો મતલબ તમે કાઢો તો ખરેખર તે મને જ મૂરખ કહેવા માગતી હતી. હું પ્રણયગાનના સૂરોમાં મહાલતો હતો. નશામાં હતો છતાં એક ઝાટકો મને એ વાક્યથી લાગ્યો અને હું તેનાથી અળગો થયો.

"તું શું કહેવા માંગે છે પન્ની ?"

"એ જ કે હું મૂરખ નથી. મેં ઓલ પ્રૂફ સ્કીમ બનાવી છે. અને તેનો માત્ર 'એફિશિયન્સી'થી અમલ થવો જોઈએ."

"હું સમજ્યો નહિ."

"બનાવટી નોટોની સ્કીમ [જુઓ 'કસબ' (નવલકથા)] આપણે કરી ત્યારે પણ તારા મગજમાં એવી જ શંકાઓ હતી." પન્નીએ કહ્યું, "અને છતાં એવું જોખમ લીધા વગર આપણે બનાવટી નોટો મારફતે એક સજ્જડ યોજના પાર પાડી હતી કે નહિ ?"

"એટલે પન્ની, તું બનાવટી લગડીઓનું કોઈ કારસ્તાન કરવા માંગે છે ?"

"પવલા... તને આખી વાતમાં રસ જ નથી, પછી આપણી ચર્ચાનો કોઈ અર્થ ખરો ?" તે બોલી.

"પણ તું અવાવરું કૂવામાં ભૂસકો મારવા જતી હોય ત્યારે હું તને અટકાવું કે નહિ ? પન્ની, હું તને પ્રેમ કરું છું. મારા જિગરથી તને ચાહું છું. તારા વગર હું અધૂરો છું અને અધૂરો રહીશ. મારે તને કોઈ ખતરનાક જોખમો લેવા દેવાં નથી."

"મેં તને કહ્યું ને હું મૂરખ નથી." તે બોલી, અમારી વાત ચાલતી હતી ત્યાં નીચેથી અમારી કામવાળી રેખાએ બૂમ પાડી.

"શું છે ?" પન્નીએ પૂછ્યું અને તે દાદર પાસે ગઈ.

"પન્નાબેન, પ્રોફેસર સાહેબ તમને મળવા આવ્યા છે."

"મોકલ ઉપર." પન્નીએ કહ્યું અને મારા તરફ ફરી, "પ્રોફેસર દાસને મેં મળવા બોલાવ્યા છે. તું ગમે તે ભરડતો નહિ."

"એટલે પન્ની દાસને તેં-"

"તું ચિંતા ન કર. દાસની સાથે મારે ચોક્કસ પ્રકારની વાતચીત કરવાની છે. મારે તેની મદદ જોઈશે."

"શું કહ્યું ?" મેં પૂછ્યું.

"હું કપડાં બદલીને આવું ત્યાં સુધીમાં દાસને એન્ટરટેઈન કરજે. રેખાને કહે કે કંઈક નાસ્તો લઈ આવે." કહીને તે પોતાના કમરામાં કપડાં બદલવા ચાલી ગઈ. પ્રોફેસર કે. દાસ હળવે પગલે દાદર ચડીને ઉપર આવ્યા.

પ્રોફેસર કે.દાસ અમારી જ્ઞાતિનું એક અણમોલ રત્ન હતું. ઉંમરમાં તે લગભગ મારા પિતા જેવડા હશે. છતાં તે વધુ ઘરડા લાગતા, તેનું મુખ્ય કારણ તેમના ધોળા વાળ હતા. તે સોનેરી ફ્રેમનાં ગોળ ચશ્માં પહેરતા. વાળ ઘટ્ટ હોવા છતાં મોટું કપાળ અને કપાળમાં ચહેરો કઢાવ્યો હોય તેવી રીતે ઊગેલા વાળને કારણે તેમનો દેખાવ કોઈ વૈજ્ઞાનિક, કોઈ પંડિત કે ફિલસૂફ જેવો લાગતો. એ કોઈ બંગાળી માણસ નથી. તેમનું મૂળ નામ કાળિદાસ. જુવાનીમાં તે પોતાની જાતને કમલેશ અથવા કમલ દાસને નામે ઓળખાવતા. ચાર ગુલામ કે ચાર રાણીઓને ઊલટસૂલટ કરીને, એકના બેનો જુગાર રમવાની કલા તેમણે નાનપણમાં હસ્તગત કરેલી. તે પછી તે હાથચાલાકીના અનેક ખેલ કરી જાણતા. કે. લાલે જેમ કાંતિલાલમાંથી પોતાનું નામ બદલ્યું તેવું જ અમારા કાળિદાસે કર્યું હતું. અલબત્ત જાદુની અનેક કરામતો તે જાણતા એટલે ન્યાતમાં તે પ્રોફેસર તરીકે પંકાયેલા."

રસ્તા પર જાદુના ખેલ માટે ભીંડ જમાવીને ચુનંદા શાગિર્દોને તે છૂટા મૂકતા. લોકો મશગૂલ થઈને પ્રોફેસરની ચાલાકી જોતા અને સંમોહન રચાતું અને પ્રોફેસર પોતાનો ખેલ બતાવીને આઠ આના, રૂપિયો, બે રૂપિયા માટે એક અદના કલાકારની જેમ ટોપી ફેરવતા, દરમિયાનમાં તેમના ચુનંદાઓ લોકોના ખિસ્સાં ખંખેરી લેતા. એવી કેરિયરની શરૂઆત કરીને કે. દાસે પછી તો ભારે તરક્કી કરેલી. તેમની પણ અનેક કથાઓ અમારી જ્ઞાતિમાં પ્રચલિત છે.

પન્નીએ તેમને શું કામ બોલાવ્યા હશે તેના વિચારમાં હું એટલો લીન

કે સ્તબ્ધ હતો કે પ્રોફેસરને આવકારવાનું પણ ચૂકી ગયો હતો. પ્રોફેસર, બગલમાં એક રેકઝીનની બ્રીફ કેસ દબાવીને થોડીક ક્ષણો કંઈક ક્ષોભમાં ઊભા રહ્યા.

"ઓહ... પ્રોફેસર... આવો આવો." મેં એકદમ કહ્યું.

"મને એમ કે તેં મને ઓળખ્યો નહિ." પ્રોફેસરે મ્હેણું માર્યું.

"અરે હોતું હશે સાહેબ. તમે તો ગુરુ છો. તમે અમારે ઘેર આવ્યા તેનું મને આશ્ચર્ય થતું હતું."

"એ તો તું મળતો નથી. છેલ્લા પંદર દિવસમાં આ ત્રીજી વખત આવ્યો. પન્ની ક્યાં છે ? નહાવા બેઠી છે ?" પ્રોફેસરે પૂછ્યું. તેને ખબર હતી કે પન્ની સંધ્યાસ્નાન કરવા જાય તો તમારે કલાક તો રાહ જોવી પડે.

"નહિ. સ્નાન કરી લીધું. હવે તે તૈયાર થતી હશે."

"બોલ ત્યારે. તૈયારી કેટલે પહોંચી ?" પ્રોફેસરે ખુરશીમાં બેઠક લેતાં કહ્યું.

"તૈયારી ! ઓહ... એટલે..."

"અરે ! સ્કીમની સ્તો.." પ્રોફેસરે કહ્યું.

"ઓહ એ તૈયારી !" મેં મોઢું હસતું રાખીને કહ્યું. હું કેવી રીતે જવાબ આપી શકું કે મને કશી ખબર નથી ?

"બાકી સાહેબ, મેં મારી જિંદગીમાં અચ્છા અચ્છા ખેલંદા જોયા છે. પણ જો બુદ્ધિ.. નીતરી બુદ્ધિની વાત કરતા હો તો પન્નાની જોડ મળવી મુશ્કેલ છે. શું સાલી સફાઈ છે એ છોકરીમાં ! સાલા પવલા, મને જો એ નાની ઉંમરમાં મળી હોત તો સાચે જ એક વખત તો રિઝર્વ બેન્કના ગવર્નરને બદલે નોટો પર અમારાં નામ છપાતાં હોત."

"વાત સાચી છે પ્રોફેસર... તો શું ખાસ નવીનમાં..."

"બસ, એ જ... હમણાં જ આવ્યો પ્રવાસ કરીને. અઠવાડિયાથી ભારે રઝળપાટમાં હતો. ગઈ કાલે રાત્રે કામ પત્યું. અને મને થયું પન્નીને રિપોર્ટ આપતો આવું."

"અચ્છા અચ્છા... એટલે અઠવાડિયાથી તમે-" મને એ કહેતાં શું

વીતતી હતી તે વર્ણવવું મુશ્કેલ છે. પ્રોફેસરને એમ હતું કે હું પન્નીની સ્કીમ વિષે જાણતો જ હોઈશ. પણ હું કશું જાણતો ન હતો તેનો મને ભારે રંજ થતો હતો.

"એ જ ને ! તું તો જાણે છે ને આપણું કામ. બધું પ્રિસાઇઝ... ભૂલચૂક કોઈ જોઈએ જ નહિ. જાદુમાં એ જ અગત્યની બાબત છે દીકરા... ઝીણવટ, પ્રિસિશન, અને એ બધું એમ ને એમ મળતું નથી. તેમાં જોઈએ સાધના, પારાવાર પરિશ્રમ."

"તમે શું પતાવીને આવ્યા ?" મેં સાચવી રહીને પ્રોફેસરને પાટા પર ચડાવવાનો પ્રયત્ન કર્યો. કારણ પન્ના મને એમ ને એમ કોઈ વાત કરવાની નથી તેની મને ખાતરી હતી. મારી જાતે જ મારે માહિતી મેળવવી પડે તેવી પરિસ્થિતિ હતી જ.

"પન્નીએ જે સોંપ્યું હતું તે." પ્રોફેસરે કહ્યું.

"અચ્છા..અચ્છા.. તે" મેં જાણે કે મને બધી જ ખબર હોય તેમ ઉદ્ગાર કાઢ્યો. પન્ની તૈયાર થઈને બહાર આવે તે પહેલાં જ પ્રોફેસર પાસેથી વાત જાણવી જરૂરી હતી. "એટલે એ પતી ગયું. પણ પ્રોફેસર, તેમાં સમય ખૂબ લાગ્યો, નહિ ?"

"તું વાત જ ન કરીશ. મારા ટાંટિયા ફરી ગયા અને સાલા આ ભવાયાને શોધવા તે કાંઈ સહેલી વાત નથી."

"ભવાયા ?"

"બેલાશક ભવાયા. તને શું કહેવું ? પવલા, આપણી કોમના ગમે તે કલાકારના તેમની સામે ક્લાસ નહિ." પ્રોફેસરે કહ્યું, "મેં દુનિયાભરના ખેલ જોયા છે. પણ તેમની આગળ કોઈના ક્લાસ નહિ." તે માથું ધુણાવીને પ્રશસ્તિ કરતા રહ્યા.

"એટલે તમે ભવાઈના કલાકારોને મળીને આવો છો ?" મેં હળવેથી પૂછ્યું. કારણ મને સમજાતું ન હતું કે પ્રોફેસર, મારો બેટ્ટો શું વાત કરવા આવ્યો હતો !

"એક રીતે એમ જ કહેવાય, બાકી તને શું વાત કરવી ! ભવાયા, નટવા, બજાણિયા, ભટકટીયા બહુરૂપી, નટબાવા, ભામટા, ભાંડ એમ એક

એકથી ચડે તેવા કલાકાર પડ્યા છે.'' પ્રોફેસરે કહ્યું, ''અને સ્ટેજ પર પરદા ને લાઈટ ને અંધારાં ને અજવાળામાં નહિ, ચારે બાજુ ઓડિયન્સ બેઠું હોય અને કરતબ બતાવે ને લોકો મોઢામાં આંગળાં નાખી દે, સમજ્યો ?''

''એ તો ખ્યાલ આવ્યો પ્રોફેસર, પણ તમે કામ શું પતાવ્યું ?'' મેં પૂછ્યું. પ્રોફેસર કમબખ્ત આ લોકકલાકારોની શું પીંજણ કરતો હતો તે મને સમજાયું નહિ.

''પતાવ્યું એટલે પન્ની પોતે જ ખુશ થઈ જશે.'' પ્રોફેસર બોલ્યો. ત્યાં જ પન્ની આવી હતી. તેણે વાળ એક રિંગમાં નાખ્યા હતા અને મીડી પહેરીને બહાર આવી હતી.

''હલો પ્રોફેસર.'' તે બોલી. પ્રોફેસરનો બચ્ચો અંગ્રેજી ઉમરાવની માફક ઊભો થયો અને તેણે પન્નીને હળવું આલિંગન આપ્યું અને તેના બન્ને ગાલે ચુંબન કર્યું.

''પન્ની, કામ બની ગયું છે. પણ સાલી રઝળપાટ ખૂબ કરવી પડી. આખરે બેચરાજીથી સોમલો હાથમાં આવ્યો. તેના સિવાય પણ બે જણ મહેસાણામાં છે. ભવિષ્યમાં કદાચ કામ લાગે તેટલા માટે બીજા કલાકારોનાંય નામ - સરનામાં અને ફોટા લેતો આવ્યો છું.'' પ્રોફેસરે કહ્યું. અને તેણે પોતાની સાથે આણેલી રેકઝીનની પોર્ટફોલિયા જેવી બેગની ઝીપ ખોલી.

''અરે ! પ્રોફેસર, તમે ચા-નાસ્તો કર્યાં કે નહિ ? આપણે ઉતાવળ ક્યાં છે ?'' પન્ની બોલી, ''પ્રવીણ...પ્રોફેસરને ચા-નાસ્તાનું કહ્યું કે નહિ ? તારે કામ હોય તો ઊપડ. હું અને પ્રોફેસર બેઠાં છીએ.''

સાલું, આટલું ઘોર અપમાન મારું ક્યારેય થયું ન હતું. થોડીક વાર પહેલાં હું પલળી જ ગયો હતો. પ્રોફેસર જો થોડો મોડો આવ્યો હોત તો સાચે જ હું તદ્દન તાબે થઈ ગયો હોત. પણ પન્નીએ મને મારી જગ્યા ક્યાં છે તે બતાવવા માટે જ કહ્યું.

''ઓ.કે. પન્ની, તું અને પ્રોફેસર મજાથી વાતો કરો. હું જાઉં છું.'' મેં લગભગ તોછડાઈથી કહ્યું.

''અરે જાય છે ક્યાં પવલા ? તારે સાલા, આ જોવા જેવું છે. તું જો, આપણી નાતમાં આવા કસબી હોવા જોઈએ.'' પ્રોફેસરે કહ્યું અને

ફોટોગ્રાફસનું એક પેકેટ કાઢ્યું.

"તેને એ ફોટામાં ખાસ રસ નહિ પડે." પત્નીએ કહ્યું.

"તું તો મને કહેતી હતી કે પવલા પાસે જ એ કામ કરાવવું પડશે." પ્રોફેસરે કહ્યું.

"એ તો પછી નક્કી કરીશું પ્રોફેસર. અત્યારે તેને જવા દો." પત્નીએ કહ્યું અને હું ગુસ્સે ભરાયો. તે મારી ફોઈ તરીકે જ જો વર્તવા માગતી હોય તો ભલે વર્તે. હું તેના ભત્રીજાની જેમ વર્તવા માગતો ન હતો. મારે શા માટે ઊઠીને મારા જ કમરામાંથી ચાલ્યા જવું જોઈએ ? પત્ની અને પ્રોફેસરને ખાનગી વાત કરવી હોય તો જાય બહાર.

"તમે લાવ્યા છો તો એ તસવીરો જોઈને જ હું જઈશ." કહીને હું બેઠો. પ્રોફેસરને ખબર ન હતી કે મારે અને પત્નીને કેટલા મતભેદો છે. તેણે તો તેની બેગમાંથી 10 x 12 ઇંચના, એન્લાર્જ કરેલા ફોટા કાઢ્યા.

માય ગોડ શું ફોટા હતા ! પોતાના ખભા પર એક માણસને બેસાડીને, તેના ખભા પર જાડી ડાંગ મુકાવીને, એ ડાંગના બન્ને છેડા પર એક એક છોકરીને બેસાડીને દોરડા પર ચાલતો નટ, મોમાંથી વીસ વારની ચૂંદડી કાઢતો ભામટો, તલવાર ગળી જતો માતાજીનો ભગત, મોઢામાંથી અગનજ્વાળાઓ ઓકતો ખેલી, અણીદાર ખીલાઓની પથારીમાં સૂતેલો બાવો, મોઢામાં સાપનું મોઢું લઈને ફરતો વાદી - એમ અનેકાનેક ખેલીઓના ફોટાગ્રાફ્સ હતા. પ્રોફેસેરે ત્રણ ફોટા હાથમાં રાખીને બાકીના ફોટા એક પછી એક મને જોવા માટે આપ્યા. જેમ જેમ અને જે જે કરામત હું જોતો ગયો તેમ તેમ તેના કલાકારનો પરિચય પ્રોફેસર આપતો ગયો. પત્નીનું નાક ચડી ગયું હતું. અને તે મારી સામે ખુરશીમાં ટટ્ટાર બેઠી હતી. તે પ્રોફેસરને નારાજ કરવા માંગતી ન હતી. એટલે કટાણું સ્મિત વેરીને તેણે ફોટા જોયા હતા. કોઈ સાંસ્કૃતિક લોકકલાઓનો મેળો પોતે યોજવાનો હોય તેમ પ્રોફેસર બધું વર્ણન કરતો રહ્યો.

બધા ફોટાગ્રાફસ પત્યા પછી પ્રોફેસરે પોતાના હાથમાં રાખેલા ફોટામાંથી એક મારા હાથમાં મૂક્યો. "હુકમનો એક્કો આ છે." તે બોલ્યો. હું ફોટા સામે તાકી રહ્યો. જુગુપ્સા થાય તેવા એ ફોટા હતા. તદ્દન બિહામણા

અને બીભત્સ. કોઈ માણસના પેટમાં તલવાર જેવો મોટો જમૈયો ખોસવામાં આવેલો અને તે માણસનાં આંતરડાં બહાર નીકળી ગયાં હતા અને તેમાંથી લોહી વહી રહ્યું હતું. મેં મારી આંખો ફેરવી લીધી. એ ફોટા જોવાય તેમ ન હતા. પણ પન્નીએ એ જ ફોટા પોતાના હાથમાં લીધા અને ક્યાંય સુધી તે ફોટોગ્રાફસ જોતી રહી. પન્નીને ફિલ્મી સામયિકોના ફોટા જોવાનો શોખ છે. જ્યારે ત્યારે એ ટીકી ટીકીને ફોટા જોતી હોય છે. પણ આવા ભયાનક, ખૂનખરાબાની ફિલ્મોમાં પણ ક્યારેય ન આવી શકે તેવાં વાયોલન્ટ એકશન ફોટોગ્રાફસ તે પોલીસ ડિટેક્ટિવની ઝીણવટથી જોઈ રહી હતી.

"બ્રેવો પ્રોફેસર... યુ હેવ ડન ઇટ." આ આપણો માણસ છે. તે બોલી. "શું નામ છે તેનું ?"

"સોમો. થોડો ક્રેકપોટ છે.પણ તેના જેવી કરામત મેં ક્યાંય જોઈ નથી. કે.લાલ જેવો માણસ પણ મોઢામાં આંગળાં નાખી દે તેટલી સફાઈ છે, અને આ 'એક્ટ' તો એટલી ચાલાકીથી તે કરી બતાવે છે કે તમે થડકી ઊઠો."

"ફાઇન પ્રોફેસર.... આપણે તેને મળવું પડશે."

"તું કહે ત્યારે" તે બોલ્યો, "મેં તેને અત્યારથી જ પાંચસો રૂપિયા આપી દીધા છે. આપણે કહીશું ત્યારે તે હાજર થશે."

"પ્રોફેસર, તેને આપણે ઘેર લાવવાનો નહિ. સરનામું પણ નહિ આપવાનું. આપણે તેને બીજે ક્યાંય મળીશું."

"ફાઇન... તેમાં શું ?" પ્રોફેસરે કહ્યું. દરમિયાનમાં રેખા, અમારી નોકરાણી ચા-નાસ્તાની ટ્રે લઈને આવી હતી. તે પછી ઝાઝી વાત થઈ નહિ. પ્રોફેસરે આડીઅવળી પૂછપરછ કરવાનો પ્રયત્ન કર્યો. પણ પન્નીએ તેના પ્રશ્નો ઉડાડ્યા.

"હજુ ઘણુંબધું પ્લાનિંગ બાકી છે પ્રોફેસર. એક વખત બધી જ ગણતરી કરી નાખીશ પછી આપણે 'બ્રિફિંગ' માટે મળીશું. અત્યારે તમારું કોઈ કામ નથી."

"પન્ની, આ વખતે થોડાક રૂપિયા વધુ મળે તેવું કાંઈક કરજે." પ્રોફેસરે કહ્યું.

"તમારું મારા ધ્યાનમાં જ છે. આપણી સ્કીમ જો સક્સેસફૂલ જશે તો આંકડો ખાસ્સો મોટો થશે. પછી પ્રોફેસર ગયા ત્યાં સુધી ઔપચારિક વાતો થતી રહી.

"પન્ની, મને સમજાવીશ તું શું કરવા માંગે છે?" મેં અકળાઈને પૂછ્યું. તેના ચહેરા પર હાસ્ય આવ્યું.

"દાણચોરી."

"દાણચોરી માય ફૂટ." હું પણ અંગ્રેજી ફિલ્મો જોઈને અમુક ડાયલોગ શીખ્યો હતો. "દાણચોરીના ધંધામાં તું આ પ્રોફેસર, આ જમ્બો અને પેલો નબળો જયલો - એ બધાને ભાગીદાર બનાવવા માંગે છે ?"

"એ સિવાય ઘણાની જરૂર પડશે." પન્ની બોલી.

"ઘણાની એટલે ?"

"આખી ટીમ જોઈએ ને ભાઈ," પન્ની બોલી, "હવે તું મને આરામ કરવા દઈશ ? સવારે નવ વાગ્યે મારે શામજી ખીમજીની મુલાકાતે જવાનું છે."

"શામજી ખીમજી ? એ કોણ ?"

"શામજી ઉર્ફે શ્યામ... ખીમજી મેઘરાજ એન્ડ સન્સના વારસદારોમાંનો એક અને ખીમજી શેઠનો બીજા નંબરનો દીકરો."

"તેનું શું છે ?"

"હું તેનો પરિચય કરવાની છું..."

"વોટ ?" મેં બરાડો પાડ્યો. તે પોતાના કમરામાં ચાલી ગઈ. હું ચકરાવે ચડ્યો હતો. પન્ની મને સમજાતી ન હતી.



મારે તેની પાછળ તેના કમરામાં જવું હતું. તે શું કરવા ધારે છે તેનો આછો અંદાજ મને આવ્યો હતો. પણ તેની સ્કીમનો સમગ્ર ખ્યાલ આવ્યો ન હતો. હું મારા રાઈટિંગ ટેબલ પર જઈને બેઠો. મને પાન, બીડી, દારૂ જેવી કોઈ આદતો નથી. એ દૃષ્ટિએ અમારુ કુટુંબ સુધરેલું ગણાય. તેનો અર્થ એ નથી કે અમારા ઘરમાં ક્યારેય શરાબ પીવાના પ્રસંગો બન્યા નથી. મારા દાદા છનાભાઈ, મારા પિતા બાબુભાઈ અને મારી માતા મણિબહેન

એ બધાં જ પીએ છે. મતલબ કે રોજ પીનારાં નથી. પરંતુ સરઅવસરે બધાં જ ટટકાવે છે. અમે છોકરાઓ પણ મોટાઓની સાથે પી શકીએ, પરંતુ મારા દાદાએ જે સિદ્ધાંતો અમને વારસામાં આપ્યા છે તેમાંનો એક સિદ્ધાંત નશાને અંગે પણ હતો. "છોકરાઓ, જેમ આપણે રોજ જમવામાં બાસુદી ઠોકતા નથી, ખસખસનો શીરો, દાળ-ભાત-શાક કે રોટલીની જેમ ખાતા નથી, તેવું જ શરાબનું છે. જેમ વરાનું જમણ રોજ ન હોય તેમ શરાબ પણ રોજ ન હોય."

આમ છતાં અમારા ઘરમાં બધું જ હોય છે. પત્નીની શું ગણતરી છે તે બાબત વિચાર કરવામાં મને સિગારેટ પીવાની જરૂરત લાગી એટલે મેં ૫૫૫નું પાકીટ કબાટમાંથી કાઢીને એક સિગારેટ સળગાવી અને હાથમાં પેન્સિલ લઈને મેં મુદ્દાઓ લખવા માંડ્યા.

પત્નીએ ઘણા વખત પહેલાં દાણચોરીના ધંધામાં પડવાનું સ્વપ્નું જોયેલું, જેનો મેં ખાસ વિરોધ કર્યો ન હતો. કારણ ન હતું કે સમય પણ નહોતો. તેમ છતાં એ જિદ્દી છોકરી તેના નિર્ધારમાં મક્કમ હતી. મારી પાસેની માહિતીને તર્કબદ્ધ રીતે સાંકળીને મેં પત્નીના મગજમાં ચાલતા વિચારો સમજવાનો પ્રયાસ કરવા માંડ્યો.

તેણે સૌ પહેલાં જયલાને સ્કીમમાં લીધો હતો. તેમ તેણે શા માટે કર્યું ? મેં મારી જાતને પ્રશ્ન પૂછ્યો. જયલાએ મને જે વાત કરી હતી તેમાં તેનો જવાબ હતો. જયલા થકી તે સોનીઓ, ચોકસીઓ અને ઝવેરીઓ વિષે માહિતી મેળવવા માગતી હતી. નંબર ટુ - તેણે જનુ જમ્બોને જીપ લાવી આપવાનો - સેકન્ડ હેન્ડ જીપ લાવવાનો હુકમ કર્યા હતો. મતલબ કે તેની સ્કીમમાં 'જીપ' જ જોઈશે તે અનિવાર્ય બાબત હતી. નંબર ૩ - તે બેંકમાં ગઈ હતી. શક્ય છે કે તેના ખાતામાંથી પૈસા ઉપાડવા અથવા તો મારું કેટલું બેલેન્સ છે તેની માહિતી તેને મેળવવી હતી. ત્યાંથી એ રામજીભાઈ શરાફને ત્યાં ગઈ હતી. મને એટલી તો ખબર હતી જ કે રામજીભાઈને ત્યાં બીજી ડિપોઝિટ મૂકવા તે ગઈ ન હોય. ધેટ મીન્સ અમે જે ડિપોઝિટ મૂકી હતી તેમાંથી નાણાં ઉપાડવા ગઈ હશે. રિક્ષાવાળા રહેમાને જે માહિતી આપી તે પ્રમાણે, રામજીભાઈને ત્યાંથી તેણે નાણાં ઉપાડ્યાં છે તે નક્કી છે. કેટલાંક ઉપાડ્યાં છે તે મારે રામજીભાઈને જ પૂછવું પડશે.

નંબર ૪ - તે પછી તે લોકો કિરીટકુમાર શાંતિલાલને ત્યાં ગયાં. ત્યાંથી તેણે નવ્વાણું ટકા સોનું ખરીદ્યું હશે તેમાં બેમત મને લાગતા ન હતા. હું આ વિચારો એક પછી એક એમ સળંગ ક્રમમાં ગોઠવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. અને આર્કિમિડીઝની જેમ મને એ ઘટનાઓ તાળો મળી ગયો, તેમ છતાં મને જનુ જમ્બો અને પ્રોફેસરના રોલ સમજાતા ન હતા. હું જાળવીને ઊભો થયો. મેં પન્નીના બેડરૂમના બારણાને સહેજ ધક્કો માર્યો. બારણું અંદરથી વાસેલું ન હતું.

"પવા.." તે બોલી. મને તે પવલો કહે તેનો વાંધો ન હતો. પણ પવો કહે તે બિલકુલ ગમતું નહિ. પન્ની ફોઈ આ વાત બરાબર જાણતી હતી. એની નારાજગી બતાવવા માટે જ તેણે એવું ઉદ્દ્બોધન કરેલું. "મારે અત્યારે વાંચવું છે." તેણે કહ્યું. તેની વાત ખોટી પણ ન હતી. તે સાચે જ એક પુસ્તક હાથમાં લઈને પલંગમાં પડી હતી. સામાન્યતઃ સાંજે અમે સાથે જમતાં હોઈએ છીએ, પણ હમણાં અમારું બન્નેનું કામકાજ અનિયમિત થઈ ગયું હતું અને ગમે ત્યારે ગમે ત્યાં જમી લેતાં.

"પન્ની, તારે કશુંક અગત્યનું વાંચવાનું હોય તો મને વાંધો નથી, પણ મને તારી ચિંતા તો થાયને !"

"અચ્છા, કઈ જાતની ચિંતા," તેણે પુસ્તકમાં કશોક કાગળ બુક-માર્ક તરીકે મૂક્યો અને બાજુએ મૂક્યું. તેના માથા નીચે મૂકેલા મુલાયમ, શીમળાના રૂ ભરેલા તકિયા ફેરવ્યા અને એક હાથ પર માથું ટેકવીને તેણે મારી તરફ પડખું ફેરવ્યું. હું તેના પલંગ પાસે જઈને ઊભો રહ્યો.

"મને ખબર છે કે આજકાલ હું તને દીઠો ગમતો નથી, પણ તેનો અર્થ એ નથી કે હું પણ એવું જ વલણ ધરાવું છું. બેલાશક, કદાચ જયલા જેટલો હું પંડિત નથી. તેના જેટલો રૂપાળો નથી. જનુ જમ્બો જેટલો કદાવર નથી કે પ્રોફેસર જેટલી હાથચાલાકી મને આવડતી નથી. પણ એક વાત સમજું છું. અને તે એ કે પન્નીફોઈ, તું મારી જાન છું. મારો શ્વાસ છું. મારું અસ્તિત્વમાત્ર છું." મેં થોડાક વખત પહેલાં જ 'ગરીબનો બેલી' નવલકથામાં લખેલાં વાક્યો બોલી નાખ્યાં અને પછી ઉમેર્યું, "તારે દાણચોરીમાં પડવું હોય કે હથિયારોના ધંધામાં, હું તને મરતે દમ તક સાથ આપવા તૈયાર છું. ભલે મને ફાંસી થાય, પણ ફાંસીના માંચડે લટકતાં

લટકતાંય પત્ની મારે મોઢે, સર્વવ્યાપી ઈશ્વરનું નામ નહિ હોય, પરંતુ અંતર્યામી મારી પત્નીફોઈનું નામ હશે અને લોકો એ જ વાત યાદ કરશે કે પ્રવીણની ગરદન તૂટી ગઈ છતાં તેના ગળામાંથી એકમાત્ર અવાજ નીકળ્યો હતો અને તે પત્નીના નામનો.. કહીને હું કમરામાંથી બહાર નીકળ્યો.

ધીરે પગલે નીકળ્યો.

એક વાત હું તમને કહી દઉં. પત્ની ગમે તટેલી ચતુર હોય, પણ જ્યારે હું અપ-સેટ હોઉં કે જ્યારે આવી ડાયલોગબાજી કરું ત્યારે તે હચમચી ઊઠે છે કારણ તે મને એટલું ચાહે છે. હું નાનો હતો ત્યારથી આ વાત મને સમજાઈ હતી. મારી મા મણિબહેન, અભણ ઔરત છે. અને હું નાનો હતો ત્યારે વારંવાર મને ઝૂડતી, પરંતુ પત્ની ઘરમાં આવ્યા પછી અનેક વખત તેણે મને મારી માતાના ખોફમાંથી બચાવેલો. હંમેશાં તે મને બચાવવા માટે, મને તેની સોડમાં લઈ લેતી. અમારી વચ્ચે કેવળ ચારેક વર્ષનો ફેર હતો, છતાં તે મારી ફોઈ, ઘરડી ફોઈ હોય તેમ મને વહાલથી તેની કોમળ છાતીએ ચાંપતી અને કહેતી "પવલા... મા જ આપણને મારે... બીજા લોકોને શું પરવા હોય, ચાલ તો, હવે છાનો રહી જા..." અથવા તો કહેતી "પવલા, તું છોકરી છું ? માનો માર ખાતાં રડવું આવે છે તો ભવિષ્યમાં પોલીસનો માર તો તું કેવી રીતે ખાઈ શકવાનો ?"

પણ તે દિવસે મારા ડાયલોગની તેના પર કોઈ અસર તત્કાલ તો થઈ નહિ. મારા કમરામાં હું ચાલ્યો ગયો પછી ક્યાંય સુધી મને પાછો બોલાવ્યો નહિ. હું 'ગરીબનો બેલી' નવલકથાના મારા નિઃસહાય 'હીરો'ની જેમ જ મારા પલંગમાં આખરે સૂતો હતો. રાતના મોડે સુધી તેના કમરાની બત્તી બળતી હતી. આખરે લગભગ અગિયાર વાગ્યે તેણે બત્તી બુઝાવી. તેની પાસે દોડી જવાનું મને મન થયું હતું. પણ મેં મારી જાતને રોકી રાખી. સાહેબ, સ્ત્રી જેટલું કઠોર પ્રાણી જગતમાં બીજું નહિ હોય તેવું તે દિવસે મને લાગતું હતું. એટલું જ નહિ પાસું ફરીને હું સૂઈ ગયો ત્યારે સ્વપ્નમાં પણ હાથમાં હંટર લઈને ઊભેલી, ખડખડાટ હસતી પત્ની મને દેખાતી હતી. મને કોઈ થાંભલા સાથે લગભગ નિર્વસ્ત્ર બનાવીને બાંધવામાં આવ્યો હતો. અને પત્ની હંટર લઈને કોઈ ભેદી ગીત ગાતી હતી. હંટર વીંઝોળતી હતી અને તેના પઠ્ઠાઓ - પ્રોફેસર, જનુ, જયલો, રહેમાન, રામજીભાઈ,

કિરીટકુમાર શાંતિલાલ અને બીજાઓ જંગલી નૃત્ય કરી રહ્યા હતા. મને થોડી થોડી વારે ચાબખા મારવામાં આવતા હતા.

આ દૃશ્યમાં હું એટલો ઓતપ્રોત હતો કે પન્ની આવીને મારી બાજુમાં ઊભી રહી તેનીય ખબર ન પડી. તે પછી પલંગ પર બેઠી, પછી મારું ઓઢવાનું ધીરેથી સેરવ્યું. ઝૂકી અને તેણે મારા ગાલ સાથે ગાલ અડકાડ્યો અને હળવેથી મારા કાનમાં કહ્યું, “પવલા, હું તને એટલી જ ચાહું છું.”

“પન્ની... મેં કેવળ ઉદ્‌ગાર કાઢ્યો.

“પવલા, કેટલી સિગારેટો પીધી છે ?” તેણે પૂછ્યું, “મેં કેટલી વખત તને કહ્યું છે, પણ તારી આ ટેવ છૂટતી નથી. કોણ જાણે તું ક્યારે સુધરવાનો.”

“પણ પન્ની... એક મિનિટ... હું બ્રશ કરી આવું.” હું ઊભો થઈ ગયો.

“તરસ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય,” તેણે કહ્યું અને તે પોતાના કમરા તરફ ચાલી ગઈ. મેં તેને પકડી લેવાનો પ્રયત્ન કર્યો. તેનો હાથ પકડ્યો. પન્ની વીરાંગનાની માફક ઊંડો શ્વાસ લઈને ઊભી રહી ગઈ.

“બળજબરી કરવાની કોઈ જરૂર નથી.”

“પન્ની, હું બળજબરી કરવા નથી માગતો.”

“તો આ શું કરે છે ?” તેણે કહ્યું. મેં તેનો હાથ ઝડપથી છોડ્યો.

“મને સમજાતું નથી કે તમને પુરુષોને આટલી નાનકડી વાત કેમ સમજાતી નથી ?”

“કઈ વાત ?”

“સિગારેટ અને શરાબની વાસથી મોઢું ગંધાતું હોય, શરીરના પસીનામાંથી ખાટી વાસ આવતી હોય... અને તમે માનો કે કોઈ સ્ત્રી તમને પ્રેમ કરે...! એવી વાસ સાથે આલિંગે ! આનંદથી, સ્વેચ્છાથી તમારા પાશમાં તે સમાય તો તે છલના છે.” પન્ની બોલી. આવું લેક્ચર તેણે મને પહેલાં પણ એક વખત આપ્યું હતું. પ્રેમ અને તેનો ઐહિક આવિર્ભાવ એ કોઈ મિકેનિકલ, લૌકિક ક્રિયા નથી. ચિદાનંદની અનુભૂતિ કરાવે તે જ સાચો પ્રેમ. તેમાં બધું જ સર્વાંગ સ્વચ્છ અને સુંદર હોવું જોઈએ. સ્ત્રીએ વેણી નાખવી, સ્ત્રીએ શણગાર કરવો, સ્ત્રીએ નિયમિત વાળ ધોવા,

કોસ્મેટિક્સ, સેન્ટ, શેમ્પૂ વગેરે વાપરવું અને પુરુષોએ તેનાથી ઊંધું જ કરવું - આ કેવી વાત છે ? – પન્ની આવું ભાષણ આપતી ત્યારે હું તેની સામું જોઈ રહેતો. અમારી જ્ઞાતિમાં જેટલી હાથસફાઈની કલા વિકસી હતી તેટલી જાતસફાઈ વિકસી ન હતી. છતાં પન્નીને તેની આવી સૂઝ કેવી રીતે હતી તેનું આશ્ચર્ય મને થતું. તે રહસ્ય હતું. એ રહસ્ય કેવળ મારા દાદા છનાભાઈ જ જાણતા હતા.. પન્નીને તે મારા ઘેર લઈ આવ્યા હતા. ક્યારેક મને થતું કે પન્ની અમારી જ્ઞાતિની કોઈ ઔરતનું ફરજંદ ન હોઈ શકે. પરંતુ તે બાબત મારા દાદાને પૂછવાની હિંમત મારા બાપા બાબુલાલ પણ કરી શકતા ન હતા. પન્નીને પોતાને પણ મેં તેની મા વિષે પૂછ્યું હતું પરંતુ તેની મા જિપ્સી હતી તેવું કહીને તે ભીંત સામે તાક્યા કરતી.

પન્ની તેના કમરામાં ચાલી ગઈ અને તેણે બારણું બંધ કરી નાખ્યું. હું અણી ચૂક્યો હતો. હું ઊભો રહી ગયો. મેં બાથરૂમમાં જઈને મોં સાફ કર્યું. દાંત ઘસી ઘસીને ચકચકિત કર્યા. કપડાં બદલ્યાં અને તે પછી સૂતો.

સવારે તે જાગે તે પહેલાં હું જાગ્યો હતો. તે ઊઠી ત્યાં સુધી મેં છાપાં વાંચ્યાં હતાં. રેખાએ ચાની ટ્રે વગેરે લાવીને મૂકી હતી.

“ગુડ મોર્નિંગ પન્ની...” મેં કહ્યું. મેં નાઈટડ્રેસ પહેર્યા હતો. મારા ચહેરા પરથી સાબુના સેન્ટની સુવાસ વહેતી હતી. મેં વાળ બરાબર ઓળ્યા હતા.

“ગુડ મોર્નિંગ...” તે હસીને બોલી, મારી નજીક આવી. અમે અંગ્રેજ વિવેક બરાબર શીખી ગયાં હતાં.

“પવલા, તારે ગુડ મોર્નિંગ કિસ કરવી હોય તો મને વાંધો નથી.”

“પન્ની, ગઈ કાલે રાત્રે મેં વિચાર બદલ્યો છે.”

“શેનો ?”

“દાણચોરી અંગેનો.”

“મતલબ...”

“તને વાંધો ન હોય તો હું તારી સ્કીમમાં સામેલ થવા માગું છું.” આમ તો એવું કહેતાં મારી જીભ ઊપડતી ન હતી. પણ હાર કબૂલવા સિવાય મારો કોઈ બીજો માર્ગ ન હતો.

"સામેલ થવા મતલબ ? તું ક્યારે સામેલ ન હતો ?" તે હસીને બોલી.

"તારા ભાગમાં આવેલા રૂપિયા મેં દાણચોરી માટેના કોર્પસમાં ગણેલા જ છે." તે બોલી. હું કશી પ્રતિક્રિયા કરું તે પહેલાં તે ઊભી થઈ. તેના કમરામાંથી તે થોડાંક કાગળો લઈ આવી. તેમાં કેટલીક વિગતો લખેલી હતી.

રામજીભાઈ ઠક્કરને ત્યાં વ્યાજે મૂકેલા પૈસામાં વ્યાજ સાથેની કુલ રકમ થાય છે. રૂપિયા ૨,૫૦,૩૧૨ અને ૨૫ પૈસા. તે ઉપરાંત બેંકમાં તારા ત્રણ ખાતાંઓમાં થઈને આપણી સહિયારી અંગત મિલ્કત રૂા. ૪,૩૦,૧૦૨ રૂપિયા છે. આ ઉપરાંત આપણા ગોડાઉનમાં જે સામાન પડ્યો છે તેના વેચાણમાંથી લગભગ ૨,૭૫,૦૦૦ જેટલા રૂપિયા આવશે. આ સિવાય ગેરેજ માટે તેં જે લોન માટેનાં કાગળિયાં કર્યાં છે તેમાંથી આપણને લગભગ ૪૨૨,૦૦૦ જેટલા મળી શકશે.

"આ બધું શું છે પન્ની ?"

"એક વાર મારી વાત સાંભળી લે," પન્ની બોલી. "આમ આપણી પાસે તેર લાખ સિત્યોતેર હજાર ચારસો ચૌદ રૂપિયા જેટલી રકમ છે."

"પન્ની, ક્યાંથી છે ? ગેરેજની છ લાખ રૂપિયાની લોન સામે મારે માર્જિન મની આપવાના છે અને ગેરેજ માટેના ઈક્વિપમેન્ટની સામે એ પૈસા અપાશે તે કેમ તું વિચારતી નથી ?"

"મેં એ વિચાર્યું જ છે. આજે હું બેન્કમાં શા માટે ગઈ હતી ? મેનેજર સાહેબ સાથે મારે વાત થઈ ગઈ છે. તેમણે જ મને કહ્યું કે કાગળિયાં બધાં ઓ.કે છે."

"પણ પન્ની, તને બેંકિંગની ખબર નથી. મને જે લોન મળશે તે કંઈ કેશ નહિ મળે."

"એટલી સાદી વાત હું સમજું છું. તેં જે લિસ્ટ આપ્યું છે તેમાંની મોટા ભાગની ખરીદીનાં બિલો બેન્કમાં જશે જ."

"ઓહો પન્ની, એ બિલો પરના ચેક સીધા સપ્લાય કરનારી પાર્ટીને અપાશે."

"એ પાર્ટી મેનેજરની ઓળખીતી છે. બેન્કના ચેકો આવી જશે. પછી તે પોતાનો કટ લઈને આપણને રૂપિયા આપશે." પન્ની બોલી, "તારે એ ચિંતા કરવાની નથી. ટૂંકમાં છ લાખની લોન સામે ખર્ચ કાઢતાં ૪,૨૨૦૦૦ રૂપિયા આપણા હાથમાં આવશે."

"ઓ.કે. દલીલ ખાતર તારી વાત સ્વીકારી લઉં છું. પછી ?"

"પછી શું ? એ પૈસા આપણી સ્કીમમાં લગાડવાના. જયલો, જનીઓ, પ્રોફેસર વગેરેને મેં શું કામ એકઠા કર્યા છે ?"

"પણ પન્ની, દાણચોરી જેવી ખતરનાક-"

"બીજાઓ માટે ભલે એ ખતરનાક ધંધો ગણાતો હોય, પણ આપણે માટે નહિ, કારણ આપણે કોઈ દાણચોરી કરવાની નથી."

"મતલબ ?...."

"મતલબ કે આપણે કોઈ માલ દુબઈથી કે અબુધાબીથી કે પાકિસ્તાનથી લાવવાનો નથી."

"એટલે શું સીધેસીધી દાણચોરી કરવા માગતી નથી ?"

"તું જ તો કહેતો હતો કે એ આપણું કામ નહિ."

"પણ તું ક્યાં માનતી હતી ?"

"માનવાનો સવાલ જ નહોતો. એટલી અક્કલ મને છે પવલા. દાણચોરીના ધંધામાં દસ-બાર લાખથી કશું વળે નહિ. વળી એ ધંધો કેટલો ખતરનાક છે ! તેમાં પકડાવ તો કેટલી સજા થાય, તેની મને ખબર ન હોય તેટલી હું ગમાર નથી."

"ઓહ, પન્ની, મને એમ કે-"

"શું મને એમ કે ? તું મારી વાત સાંભળવા જ ક્યાં તૈયાર હતો ? હું તને કહું તે પહેલાં તો તું તૂટી પડ્યો હતો. ડી. ગેન્ગ અને એ.કે.૪૭, ભયાનક અડ્ડાઓ, ખારવાઓ અને અરબાઓ, ફિલ્મોમાંથી જોઈજોઈને તેં જે વર્ણનો કરવા માંડ્યાં ત્યારે મને તારી દયા આવતી હતી."

"પણ પન્ની, મને કહે તો ખરી કે તારી સ્કીમ શું છે ?"

"તેમાં તારે અને જમ્બોએ ખતરનાક રોલ કરવાનો છે. અત્યારે તારે

એથી વધારે ડીટેઇલ્સ સાંભળવાની જરૂર નથી અને આમેય અત્યારે મારે તૈયાર થવાનું છે. સાડાદસ વાગ્યે મારે અને જયલાએ ખીમજી મેઘરાજના દીકરા શામજીને મળવા જવાનું છે."

"એ છે કોણ ?"

"કરોડપતિનો દીકરો છે," પન્નીએ કહ્યું, "ખીમજી મેઘરાજ જ્વેલર્સનો માલિક."

"એ તને ઓળખે છે ?"

"આજે ઓળખાણ થશે," તે બોલી અને ઊભી થઈ.



ગઈ કાલની જેમ જ પન્ની તૈયાર થઈ હતી. તેણે મને દિવસો સુધી પૂરી વાત કરી ન હતી એટલે તેને તૈયાર થતી જોઈને મારો જીવ કપાતો હતો. તેણે ફરી વખત એક ગાંઠનો ઢીલો અંબોડો લીધો હતો. રેખાને તેણે રિક્ષામાં મોકલીને સેવંતીના ફૂલની વેણી મગાવી હતી. એ વેણીને મેચ થાય તેવી લેમન-યલો સાડી, જેમાં ઘેરા પીળા રંગના બટમોગરાની પ્રિન્ટ કરેલી હતી અને એવાં જ જરા મોટા કદનાં, લીલાં પાંદડીઓવાળાં ફૂલ પાલવમાં છાપેલાં હતાં. એ જ ડિઝાઇનની સાડલાની નાનકડી કિનાર હતી. પાલવનાં ફૂલોના રંગ જેવી જ ચોળી તેણે પહેરી હતી. ગળામાં મોતી ભરેલો નેકલેસ, હાથમાં મોતીની બંગડીઓ અને કાનમાં લગભગ સાડીના રંગને મળતાં મોટાં નંગ જડેલી બુટ્ટીઓ પહેરી ઈવનિંગ ઈન પેરિસનો સ્પ્રે કર્યો. તદ્દન આછી લિપસ્ટિક લગાવીને થોડો મેક-અપ કર્યો.

સાડીની નીચે તે ચણિયાને બદલે નિતંબ સુધી ટાઇટ રહે તેવી સ્લીપ પહેરતી. કોણ જાણે ક્યાંથી એ બધાં વસ્ત્રો લાવતી હતી કે સિવરાવતી હતી તેની આજ સુધી મને ખબર પડી નથી. સાડીનો છેડો ખોસીને, સ્તનયુગ્મ. પર તેની ક્રિસને યોગ્ય રીતે ગોઠવીને તે ચાટલા સામે ઊભી રહી ત્યારે હું જાણે ભસ્મીભૂત થઈ જઈશ તેવી ઇર્ષ્યાની બળતરા મારા આખા શરીરમાં છવાઈ હતી. એવું ન હતું કે પન્ની રોજ સારાં કપડાં પહેરતી ન હતી, પણ જે કાળજીથી, પોતાના શારીરિક સંપન્નને ઉઠાવ આપવાની તે જહેમત લઈ રહી હતી તે મને અકળાવતી હતી. આવી રીતે ક્યારેય તે મારી સાથે ફરવા

આવતી વખતે તૈયાર થઈ ન હતી.

એથી વધુ આઘાત તો રેશમી પહેરણ અને સફેદ બાસ્તા જેવું ધોતિયું પહેરીને જયલો આવ્યો તેને કારણે થયો હતો અને મને પેલા કમબખ્ત રહેમાને કહ્યું ન હતું કે પત્નીએ તેને વરદી આપી જ દીધી છે એટલે તેની રિક્ષા લઈને જયલો જ આવ્યો હતો.

"પવલા, જમવા માટે તું મારી રાહ ન જોતો" પીળી પટ્ટીઓવાળી ચંપલ પહેરતાં પહેરતાં પત્નીએ મને કહ્યું. નિતંબને હળવોકશો હિલોળો આપવાનું તેની નૈસર્ગિક ચાલમાં હતું કે પછી કેટ-વોક પર ચાલતી કોઈ લલનાની તે નકલ કરતી હતી તેની આજ સુધી મને ખબર પડી ન હતી.

"ફાઇન," એથી વિશેષ મારાથી કશું બોલાયું નહિ. પત્ની પાસે તેના પર્સ ઉપરાંત નોટો ભરેલી થેલી પણ હતી. તે મારા વર્તનથી થોડી પલળી હતી કે પછી મેં નમતું જોખ્યું હતું તે વિવાદાસ્પદ વાત હતી, પણ મારા નિર્ધારમાં ઓટ આવી હતી. પત્ની શિકારે ચડી હતી તેટલું તો સ્પષ્ટ હતું. તે શું કરવા માગતી હતી તેની ચર્ચા તો અમારે તે પછી થોડા દિવસ બાદ થઈ હતી, પણ રહેમાન રિક્ષાવાળાને ફોસલાવીને, જયલાને તેની જયા વિશે વાતોમાં નાખીને, મેં થોડીક બાતમી મેળવી હતી.

ખીમજી મેઘરાજ જ્વેલર્સ અમદાવાદની કેટલીક મોટી પાર્ટીઓમાંની એક હતી. આમ તો એ કુટુંબ કચ્છથી મુંબઈમાં સેટલ થયેલું અને તેની જ્વેલરીની દુકાનો મુંબઈ, સુરત, રાજકોટ અને અમદાવાદ ખાતે હતી. ચાર છોકરા અને પાંચ છોકરીઓનું સર્જન કરીને ખીમજી શેઠે વિદાય લીધી હતી. બે નાની દીકરીઓ સિવાય બધાંનાં લગ્ન થયેલાં. સૌથી મોટો ભાઈ અને સૌથી નાનો મુંબઈમાં સેટલ થયેલા. જે ત્રણ છોકરીઓ પરણાવેલી હતી તેમાંથી બે જમાઈઓને સુરતમાં અને એકને રાજકોટમાં દુકાનો કરી આપવામાં આવેલી. અમદાવાદ ખાતે શામજી નામનો એક ભાઈ કારભાર સંભાળતો. એક છોકરો અમેરિકા ભેગો થયેલો.

બીજા લોકો સાથે આપણી વાતને કોઈ લેવાદેવા નથી. આ શામજી ઉર્ફે શ્યામકુમારને પત્નીએ ટાર્ગેટ બનાવેલો. તેનું સિલેકશન કરતાં પહેલાં ઘણાબધા ચોકસી, ઝવેરી, સોનીઓ વિષે જયલા અને પત્ની વચ્ચે સવિસ્તર

ચર્ચા થયેલી, પણ પત્નીએ તે બધાનો છેદ ઉડાડેલો અને આ શ્યામકુમાર ઉર્ફે શામજીને પસંદ કરેલો.

આવી જ રીતે તેણે બનાવટી નોટોની જે સ્કીમ કરેલી (વાંચો 'કસબ') તેમાં આદમ એન્ડ ઈવ સ્ટોર્સના માલિક નટવરલાલના છેલબટાઉ છોકરાને શિકાર તરીકે પસંદ કરેલો. એ પસંદગી કરી ત્યારે પણ ખરેખર અદેખાઈ આવેલી, કારણ કિશન સાચે જ હેન્ડસમ, ભણેલો અને પૈસાદાર હતો, પરંતુ શામજીની પસંદગી મને જરા વિચિત્ર લાગી હતી, પણ પત્નીનું નાક શિકારી કૂતરા જેવું છે. તે હંમેશાં પોતાની ગટફીલિંગથી કામ કરતી હોય છે. કિસન કરતાં આ તદ્દન જુદો જ માણસ હતો.

શામજી તેના નામ પ્રમાણે શ્યામ હતો. ઉંમરમાં કદાચ મારા પિતા બાબુલાલ જેવડો હશે. કદાચ તેથી મોટો. તેનો ચહેરો જોતાં પહેલી નજરે જ તે શેરબજારીઓ લાગે. તેનું શરીર જાડું ન કહી શકાય છતાં ભરાવદાર તો કહેવાય જ. તે રેશમી ઝભ્ભો, સફેદ ટોપી અને સફેદ બંડી, સફેદ ધોતિયું અને પગમાં કાળા લોફર્સ પહેરતો. ચહેરા પર કાળી ફ્રેમનાં ચશ્માં અને ટોપી. એ ટોપી ઉતારે ત્યારે તમને ખ્યાલ આવે કે તેના માથા પર ઘારી મૂકી હોય તેમ ટોચ પર ગોળ ટાલ હતી. અમદાવાદમાં બે ઠેકાણે તેની દુકાન હતી. એક તો રતનપોળને નાકે અને બીજી નવા બનેલા સી.જી.રોડ પર આવેલા 'સરયુ' કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં. આદમ એન્ડ ઈવ સ્ટોર્સથી લગભગ એક કિલોમીટરને અંતરે આ સ્ટોર્સ આવેલો. અમદાવાદના ભાવે જોવા જાવ તો સ્ટોર્સની જગ્યા માત્ર ૩૦-૩૫ લાખની થાય. તેમાં ફર્નિચર, એરકન્ડિશન્ડ વાતાવરણ, અદ્ભુત ડિસ્પ્લે વગેરેનો આંકડો મૂકો અને તેમાં મૂકવામાં આવેલા ઝવેરાતનું દામ ઉમેરો તો સ્ટોર્સની કિંમત સહેજે ત્રણેક કરોડની થાય. આ ઉપરાંત રોજકોટમાં ચાંદીના દાગીના ઉતારવાની ફેક્ટરી પણ ચાલતી.

શામજીનો બંગલો, આ દુકાનથી ખાસ્સો દૂર, ચીફ મિનિસ્ટરના જૂના બંગલાની બાજુમાં આવેલો. લગભગ બે એકર જગ્યામાં આઠેક બેડરૂમવાળું મકાન, દિલ્હીના કોઈ નામાંકિત સ્થપતિએ બનાવેલું. શામજીની પત્ની પણ બધી રીતે જાજરમાન હતી. શામજી કરતાં જાડી અને કંઈક ઊંચી. શામજીનો મોટો દીકરો અમેરિકા ભણવા ગયેલો. નાનો દીકરો કુટુંબથી નોખો પાકેલો.

તે દિલ્હીમાં રહેતો અને એન.એસ.ડી.માં ભણતો. તેની એક દીકરી હતી. તેને થોડાક જ વખત પહેલાં પરણાવેલી. શામજી પૈસાદાર માણસ હતો, પણ તેની શાખ ખાસ સારી ન હતી. તે તદ્દન સ્વાર્થી અને ગણતરીપૂર્વકનો લંપટ પણ ખરો. તેની પત્ની તેનાથી વધુ ખમતીધર કુટુંબમાંથી આવતી. શામજી પર તે રોફ ચલાવતી. હસબન્ડના ચરિતરથી તે બરાબર વાકેફ હતી અને દુકાનમાં તે જતી નહિ છતાં તેનો હિસાબ હંમેશાં નજરતળેથી કાઢતી.

જયલો પત્નીને લઈને તેની દુકાન પર ગયો હતો. બન્ને રહેમાનની રિક્ષામાં ગયેલાં. ઊંચા આરસનાં પગથિયાં ચડીને પત્ની એ ભવ્ય સ્ટોર્સમાં પ્રવેશી હશે ત્યારે શેઠ અને વાણોતરનું શું થયું હશે તે કલ્પના કરતાં મને કંઈક બ્લેક કોમેડી જેવી રમૂજ થઈ હતી. પણ તે જોવા માટે હું હાજર ન હતો. તે દિવસની વાત મેં જયલા પાસે મેળવી હતી. શામજીને તો મેં ઘણા વખત પછી જોયો હતો.

"અરે ! આવો.... પંડિત" શામજીએ તેને આવકારેલો.

"મેં તમને વાત કરી હતી ને ! એ આ પુષ્પાબહેન..." કહીને જયલાએ પત્નીની ઓળખાણ કરાવેલી.

"અરે ! આવો આવો !" શામજીભાઈએ પત્નીને આવકારેલી અને તેની સામે જોતાં જોતાં ચાલવામાં તેનો પગ તેના ધોતિયામાં ભરાયો. આજુબાજુ જો કાઉન્ટરો ન હોત અને તેણે ટેકો લીધો ન હોત તો તે ફરસ પર ઝીંકાયો હોત. તે સહેજ ઝંખવાણો પડ્યો. તે પત્નીને દુકાનમાં બનાવેલી નાનકડી કાચની કેબિનમાં લઈ ગયો. ક્યાંય સુધી ઔપચારિક વાતચીત થતી રહી. જયલાએ શામજીનાં ભરપૂર વખાણ કર્યે રાખ્યાં. ઠંડાં પીણાં મગાવવામાં આવ્યાં. "પુષ્પાબેન, હરિ ઓમ્ એક પુરોહિત તરીકે હુ કહીશ કે મેં આજ સુધીમાં ઘણા શ્રેષ્ઠીઓ અને ધનિકો જોયા છે. પરતુ શામજી શેઠની તોલે આવે તેવા તો ભાઈ જૂજ જ. દાન-દક્ષિણા અને શ્રદ્ધામાં હરિ ઓમ્ તેમનો જોટો ન જડે."

આખરે હળવેથી શામજીએ પૂછ્યું, "તમારા પતિ શું કરે છે ?" પત્નીને ખાતરી હતી જ કે આ પ્રશ્ન આવશે જ.

"એ એક્સપોર્ટ-ઇમ્પોર્ટનું કરે છે."

"અહીં અમદાવાદમાં ?"

"અમદાવાદ અને મુંબઈ," પન્નીએ કહ્યું.

"ઓફિસ ક્યાં છે ?" શામજીએ પૂછ્યું.

"આમ તો બધું ઘેરથી જ થાય છે. મુંબઈમાં તેમના દોસ્ત સંભાળે છે." પન્નીએ ઠાવકાઈથી જવાબ આપ્યો.

"ખાસ કરીને શું આઇટમો ?"

"ઘણીબધી આઇટમો. મોટા ભાગની હેન્ડિક્રાફ્ટની ..." પન્નીએ કહ્યું.

"શું નામ તેમનું ?"

"અશોકભાઈ," જયલાએ કહ્યું. "અમારાં પુષ્પાભાભી કરતાં હરિ ઓમ્, તેમના પતિ દેવ થોડાક અલગ પ્રકૃતિના આદમી છે. સહેજ ઓછાબોલા અને તે ભલા અને તેમનું કામ ભલું, અને જ્યારે જુઓ ત્યારે ક્યાંક ને ક્યાંક જવાનું હોય, ઘડીમાં દુબઈ, ઘડીમાં સિંગાપોર, તો વળી સાઉથ આફ્રિકા."

"આમ તો નોકરી જેવું જ." પન્નીએ હળવેથી કહ્યું. એમ વાતો ચાલી. આખરે પન્નાએ પાંચ પાંચ તોલાની ચાર લગડીઓ કાઢી અને ટેબલ પર મૂકી. "મારે આ કાઢવાની છે." તેણે કહ્યું. શામજીએ એક પછી એક લગડી હાથમાં લીધી.

"સ્ટાન્ડર્ડ બિસ્કિટ કરતાં અડધા વજનની લાગે છે." તે બોલ્યો. કોઈકે જોનસનના દસ તોલાનાં બિસ્કિટ ગાળીને બનાવી છે. "ક્યાંથી લીધી હતી તમે ?"

"મને ખબર નથી. આ તો મારા હસબન્ડ લેતા આવ્યા હતા. મને તો આમાં શું સમજણ પડે ! આ તો જયંતભાઈ મારે ત્યાં આવે છે એટલે મેં તેમને કહ્યું કે મારે આ સોનું કાઢવું છે. તેમણે તરત જ તમારું નામ આપ્યું. ભાઈ, આ કામ રહ્યું વિશ્વાસનું. એટલે મેં કહ્યું આપણે ત્યાં જ જઈએ. એટલે જ અહીં આવ્યાંને !"

"જુઓ પુષ્પાબહેન, અત્યારે સોનાના ભાવ થોડા ડાઉન છે. આ તો ઠીક છે તમે બિસ્કિટ લઈને આવ્યાં છો એટલે હું તમને ૪૨૦૦નો ભાવ આપીશ." શામજીએ કહ્યું. તે વખતે ૧૦ તોલાના બિસ્કિટનો ૪૫૦૦ની

આસપાસ ભાવ ચાલતો. ઇન્ટરનેશનલ માર્કેટ તે સમયે ૩૦થી ૩૫૦૦૦નું ગણાતું.

"મેં કહ્યુંને શામજીભાઈ, મને આ વાતમાં સમજણ ન પડે. આ તો મારા હસબન્ડ લઈ આવેલા અને મારે ઘરેણાં કરાવવાં હોય તો કરાવી લે એમ કહીને આપેલી પણ મારે હમણાં કોઈ ઘરેણાંની જરૂર નથી એટલે જ મેં જયંતભાઈને કહેલું કે મારે આ સોનું કાઢી નાખવું છે."

"વાંધો નહિ. આ ઓરિજિનલ હોત તો હું તમને ચાલુ ભાવ આપત પણ આ ગળાઈને રિકાસ્ટ કરેલાં બિસ્કિટ છે." શામજીએ કહ્યું અને હળવેથી ઉમેર્યું, "તમારે તેના બદલામાં કશોક દાગીનો જોઈતો હોય તો મારી દુકાનમાં અનેક ડિઝાઇનો છે."

"નહિ નહિ, અત્યારે તો મને કેશમાં જ રસ છે." પન્નાએ હળવેથી કહ્યું.

"જેવી તમારી મરજી," કહીને તેણે ચારેચાર લગડીઓ પ્રિસિશન સ્કેલમાં જોખી અને તેના એકાઉન્ટન્ટને બોલાવ્યો.

"આપણી પાસે કેશ કેટલી છે ?"

"કેશ તો ત્રીસેક હજાર જેટલી છે," તેણે કહ્યું.

"મારે ચોર્યાશી હજાર રૂપિયા જોઈશે."

"કોઈને બેન્કમાં મોકલવો પડશે સાહેબ."

"તો મોકલો અને એક લાખ રૂપિયા ડ્રો કરાવી લો," શામજીએ કહ્યું.

"અરે ! એવી કોઈ ઉતાવળ નથી. હું કાલે આવીને લઈ જઈશ." પન્નીએ કહ્યું, "તમે ચિંતા ન કરો." થોડી આનાકાની થઈ અને આખરે પન્ની અને જયલો લગડીઓ મૂકીને નીકળ્યાં. શામજી દુકાનના ઓટલા સુધી વળાવવા આવ્યો.

"મને તમારું કાર્ડ આપશો ?" પન્નીએ સાચવીને કહ્યું અને શામજીનું કાર્ડ લીધું.

"તમે મને તમારું સરનામું ન આપ્યું."

"હું એન.આઇ.ડી પાસે રહું છું. ક્યારેક તમને જયંતભાઈ મારે ત્યાં

લઈ આવશે."

"ઓહ યસ" શામજીએ કહ્યું અને હસીને આવજો આવજો કરતાં છૂટાં પડ્યાં. પન્ની તે પછી ઘેર આવી હતી. જયલો પણ તેની સાથે આવ્યો હતો. પન્ની ઘરમાં પ્રવેશી ત્યારે બન્ને પારાવાર ઉત્સાહમાં હતાં.

"તેં જોયુંને જયલા, આપણે તો અત્યારે પહેલી મુલાકાતમાં પાંચ હજાર ગુમાવ્યા."

"તારી વાત સાચી છે પન્ની, તું જ આવી હિમ્મત કરી શકે. હરિ ઓમ્ બાકી તને કહું એ શામજીનો બચ્ચો તને જોઈને ગળ્યો ગળ્યો થઈ ગયો હતો. નહિ તો તેણે આટલો પણ ભાવ આપ્યો ન હોત. તું સંભાળજે, હરિ ઓમ્ એ કમબખ્ત દેખાય છે તેટલો સરળ નથી." જયલાએ કહ્યું.

"તું ચિંતા ના કર જયલા. હું પણ કોઈ કાચી માટીની નથી અને મેં પણ એક અવ્વલ માનું દૂધ પીધું છે," પન્ની બોલી, અને હું ચમક્યો.

"પન્ની, તારી માને મારે ચોક્કસ મળવું પડશે." જયલાએ કહ્યું. પન્ની એકદમ ભીંત તરફ તાકી રહી. મારા ઘરના સિવાય કોઈને ખબર ન હતી કે પન્નીનો આ અત્યંત નાજુક ખૂણો હતો.

"જયલા, સાલા, આજે કંઈક ઊંધુંચત્તું કરીને આવ્યા લાગો છો," મેં તરત જ વાત પલટી હતી. "તમારામાંથી મને કોઈ કહેશો કે શું થયું?"

આ પ્રશ્નનો જવાબ આવે તે પહેલાં દાદર ખખડ્યો હતો. અમે કંઈક અપેક્ષાથી જોઈ રહ્યાં. દાદરમાંથી જનુ જમ્બો પ્રવેશ્યો.

"હાય પવલા," તેણે પહેલાં મને જોયો. મેં હાથ લાંબો કર્યો, પણ એ હરામજાદો સીધો પન્ની પાસે ગયો.

"પન્ની જાની.. કામ પતાવી આવ્યો છું. આપણે જોઈએ તેવી અસ્સલ ચીજ મળી ગઈ છે." કહીને તેણે હળવું આલિંગન તેને આપ્યું.

"અચ્છા જમ્બો, તારા ખર્ચનો હિસાબ જરા પવલાને આપી દે. હું ત્યાં સુધીમાં કપડાં બદલી આવું." કહીને પન્ની તેના કમરામાં ચાલી ગઈ. જમ્બોને તેની જગ્યા પર કેમ રાખવો તે તેને બરાબર ખબર હતી, પણ તેથી વિશેષ આનંદ મને થતો હતો, કારણ મને તેણે કશું સ્પષ્ટ કહ્યા વગર ટીમમાં દાખલ કરી નાખ્યો હતો. એટલું જ નહિ, હિસાબનીશ તરીકે

નીમ્યો હતો.



તે રાત્રે મને પત્નીએ તેના કમરામાં બોલાવ્યો હતો.

"પવલા... ડાર્લિંગ, તારે ડીટેઈલ્સ સાંભળવી છે ને !"

"યસ ડિયર..." મેં કહ્યું. મારી આંખમાં ઝળઝળિયાં આવ્યાં. આનંદનાં... તેની સ્કીમ દાણચોરીની જ હતી. પણ દાણચોરો કલ્પી ન શકે તેવી. તે દિવસે એકાએક તેણે મને કહ્યું, "પવલા ડિયર, તારે ડિટેઈલ્સ સાંભળવી છે ને !" ત્યારે બસ જાણે મારી જિંદગીમાં બહાર આવી ગઈ હતી.

"પત્ની... પત્ની, તું સાચે જ પરપીડનમાં રાચતી ખલનાયિકા છું. ભયાનક છું." મારાથી બોલાઈ ગયું હતું. પણ તેણે, હાસ્ય વેર્યું હતું.

"તારી ભાષા દિવસે દિવસે ગુજરાતના સાક્ષરો જેવી થતી જાય છે." તે બોલી હતી. તેમાં અભિનંદન હતાં કે વ્યંગ તે મને સમજાયું ન હતું. "પવલા, પાગલ... તને એમ હતું હું કોઈ દાણચોરીની ખતરનાક ટોળી ઊભી કરવા માગું છું ?"

"પત્ની, સાચે જ મને એમ હતું. મને થતું હતું કે દાઉદ ઇબ્રાહીમ કે હાજી મસ્તાન કે તાલબ જેવી જ કોઈ ટોળકીમાં તું ફસાઈશ. અને તને છોડાવવી શક્ય નહિ બને." મેં કહ્યું.

"દાણચોરી રાષ્ટ્રવિરોધી ગુનો છે પવલા. ચોરી અને દાણચોરીમાં મોટો ફેર છે. અને તારા કરતાંય વધારે સમયથી મેં નક્કી કર્યું છે કે હું ધંધો કરીશ. આપણા બાપદાદાનો વ્યવસાય જ કરીશ. પણ તેમાં હું કોઈ સામાન્ય માણસના ઘરમાં ખાતર નહિ પાડું. માંડ બે છેડા મેળવીને ઘર ચલાવતાં દપંતીએ, હપ્તાથી ટી.વી.સેટ લીધો હોય અને તે આપણે ઉઠાવી લાવીએ તે યોગ્ય નથી." પત્નીએ તસ્કરશાસ્ત્રના નૈતિક સિદ્ધાંતો દર્શાવવા શરૂ કર્યા. મેં તેને યાદ ન દેવરાવ્યું કે એક સમય હતો જ્યારે ટી.વી. તો શું ટાલ્કમ પાઉડરનો ડબ્બો પણ તે મારી લાવતી. અરે ! અમે આઈસક્રીમ ખાવા જતાં ત્યારે તે ગમે રીતે એકાદ કપ કે ચોકબાર મારી લેતી. પણ મારે એ ચર્ચા કરવી ન હતી. તસ્કરશાસ્ત્રીઓમાં અમારી જ્ઞાતિમાં નાના પાયા પરથી મોટા પાયા પર ઉદ્યોગ સ્થાપતા લોકો જેવા જ મહત્ત્વાકાંક્ષી

લોકો હતા.

"તારી વાત બરાબર છે." મેં તેને કહ્યું.

"એટલે તો મેં આ શામજીને પકડ્યો છે." કહીને તેણે મને તેની સ્કીમ સમજાવી. એક પછી એક, સ્ટેપ બાય સ્ટેપ શું કરવાનું છે તે મને ડિટેઈલ્સથી સમજાવતી ગઈ. હું દંગ થઈને સાંભળતો રહ્યો. તેની કલાઈમેક્સ આવી ત્યારે તો બસ હું એટલો આનંદવિભોર થઈ ગયો કે મેં એટલા જોરથી તેને ભીંસી નાખી કે તેણે લગભગ ચીસ પાડી.

"પવલા... તું માણસ છું કે હેવાન ! મને સમજાતું નથી કે જ્યારે તું મને ભેટે છે ત્યારે મને એ જ થાય છે કે તેં કદી કોઈ સ્ત્રી જ જોઈ નથી કે શું ?" કહીને તે ઊભી થઈ ગઈ. "કોણ જાણે તારી પત્નીની તું શું દશા કરીશ !" કહીને તે અરીસા સામે જઈને ઊભી રહી.

"પન્ની, મારી પત્ની ? તો પછી તું કોણ ?"

"આઘો ઊભો રહીને વાત કર. હું તારી ફોઈ થઉં છું." તે આવું બોલતી. અને બસ, હું ગાતા ચંડોળની માફક ખુશહાલ બની જતો. અને તેને રંજાડતો. તેને એ ગમતું.

ખેર ! એ દિવસે મેં બેફામ પ્રેમ કર્યો હતો. બીજે દિવસથી હું કામે લાગ્યો હતો. પન્નીએ સ્કીમ બનાવી હતી તેમાં અનેક પ્રકારની ડિટેઈલ્સ વર્ક આઉટ કરવાની હતી. સ્કીમની શરૂઆતમાં સૌપ્રથમ જયલાની ભરતી કરવામાં આવી હતી. તે પછી જમુ જમ્બોની અને પછી પ્રોફેસર કે. દાસની. પણ આટલા લોકથી કામ ચાલવાનું ન હતું. અમારે બીજા સંખ્યાબંધ સાથીદારોની જરૂર હતી. વળી તેમાં અમુક અપવાદ સિવાય બીજા કેટલાક એવા લોકો લેવાનું જરૂરી હતું જે સામાન્યતઃ અમદાવાદમાં કે આસપાસ રહેતા ન હોય.

પન્ની જે સ્કીમ બનાવતી તેમાં મુખ્યત્વે ત્રણ સિદ્ધાંતો રહેતા. નંબર એક – "લોભે લક્ષણ જાય." નંબર ટુ – "ચોરની મા કોઠીમાં મોઢું ઘાલીને રડે." નંબર થ્રી – "શૂળીનો ઘા સોયથી સર્યો." આ ત્રણ સિદ્ધાંતોના અમલમાં શું શું કરવું જોઈએ તેનો તે વિગતવાર વિચાર કરતી. અને પછી તેનું આયોજન કરતી. પ્રથમ કામ એવી વ્યક્તિ પસંદગી કરવી જે લોભિયો

હોય, જેણે જિંદગીમાં ઘણા લોકોને ધૂત્યા હોય અને જેની પાસે મબલખ પૈસા હોય. આ કામ જયલાની મદદથી પન્નીએ પતાવી નાખ્યું હતું. તે પછીનાં કામોમાં નાણાં ઊભાં કરવાં. જે ઈનીશીયલ ઇન્વેસ્ટમેન્ટ કહેવાય તે કરવાનું હતું. આ કામ તે એકલી કરી શકે તેમ ન હતી. એટલે એ રીતે તેણે મને વાત કરવી જ પડે તેવી સ્થિતિ તો હતી જ, પરંતુ પન્નીની સ્ટાઈલ તદ્દન નોખી છે. તે પહેલાં જિજ્ઞાસા ઊભી કરે. તમારું મગજ ફાટી જાય તેટલું કુતૂહલ પેદા કરી તમારા દિમાગને હલબલાવી નાખે. પરિણામ એ આવે કે તે શું કરવા ધારે છે તેની અટકળ કરીને તમે એક ચોક્કસ વિચાર પર આવો. અને તે પછી તમે નક્કી કરો કે તેના મગજમાં ચોક્કસ આવી જ સ્કીમ રમી રહી છે, પરંતુ જ્યારે એ તમને ડિટેઈલ્સ આપે ત્યારે તમે સદંતર નહિ તોય લગભગ ખોટા હો.

ખેર ! તેણે મને સ્કીમની વાત કરી તે પછીના બીજા જ દિવસથી હું કામે લાગ્યો હતો. પહેલું કામ મારે વીસ તોલા સોનું ખરીદવાનું હતું. હવે સોનાની બાબતમાં કે હીરાની બાબતમાં હું થોડો નબળો છું. મને છેતરાવાની દહેશત રહે એ સ્વાભાવિક છે. એથી જ જયલાને સાથે લઈને હું સુરત પહોંચ્યો હતો અને ત્યાંથી ૪૪૦૦/- ના ભાવે અમે વીસ તોલાની લગડીઓ લઈ આવ્યા હતા.

વેલ ! સુરતથી અમે જે લગડીઓ લઈને આવ્યા હતા તેમાંથી એક લગડી લઈને જયલો શામજી ચોકસીનો દુકાને પહોંચ્યો હતો.

“અરે આવોને મહારાજ.” પવલાને કાં તો લોકો મહારાજ કહીને બોલાવતા અથવા કેટલાક તેને પુરોહિતજી કહેતા. શામજીએ તેને આવકારેલો.

“શામજી શેઠ, આજે પણ સ્વાર્થે આવ્યો છું.” કહીને તેણે શામજીને સહેજ ઇશારો કર્યો હતો. શામજી તેને પોતાની કેબિનમાં લઈ ગયેલો.

“બોલોને મહારાજ, શું વાત છે ?”

“હરિ ઓમ્... આજે પુષ્પાબેનને ત્યાં ગયો હતો.” (પુષ્પાબહેન એટલે પન્ની.) જયલાએ કહ્યું.

“મારા પૈસા તો તમે પહોંચાડી દીધાને ?” શામજીએ કહ્યું.

“એ તો પહોંચી ગયા છે. પણ તેમણે આજે મને બીજી એક લગડી

વેચવા આપી છે." જયલાએ કહ્યું.

"લગડી વેચવા આપી છે ?" શામજીએ આશ્ચર્યથી કહ્યું.

"જી દસ તોલાની.." જયલાએ કહ્યું, "એમને તાત્કાલિક નાણાભીડ છે એટલે."

"મા'રાજ, તમે સોના-ચાંદીના બજારમાં જાવ તો વધારે પૈસા મળશે." શામજીએ કહ્યું.

"પુષ્પાબહેને ના કહી. મેં તેમને એ જ કહ્યું. પણ મને કહે. હરિ ઓમ્ પચાસ-સાઠ ઓછા મળે તો વાંધો નહિ પણ તમે શામજીભાઈને જ આપી આવો."

"પણ એ જાતે કેમ ના આવ્યાં ?" શામજીએ કહ્યું અને લગડીને પ્રિસિશન સ્કેલમાં મૂકી.

"એ જાતે જ આવવાનાં હતા. પણ આજે સવારે જ તેમના હસબન્ડ આવ્યા એટલે તેમણે મને કહ્યું.

"સાલું મા'રાજ, કંઈક ગરબડ જેવું તો નથીને !" શામજી કંઈ અક્કલનો પઠો ન હતો.

"સોનામાં ? હોતું હશે શામજીભાઈ ! તમે માર્કો જુઓને હરિઃ ઓમ્... ૯૯૯ છે કે નહિ ?"

"નહિ નહિ મા'રાજ, પણ મને એ સમજાતું નથી કે આ પુષ્પાબહેન સોનું વેચી શું કામ દે છે ?" શામજીએ પૂછ્યું

"તો શું કરે ?" તેને પોતાને ઘરેણાંનો શોખ નથી. તેના વરને આમ તો..." જયલાએ વાત અડધેથી છોડી.

"તેના વરને શું મા'રાજ ?"

"હરિ ઓમ્ એ બધી વાત છોડોને ! તમે તમારું વિચારોને શામજીભાઈ. તમને આમાં નુકસાન છે કે ફાયદો ? આજે ૪૪૫૦નો ભાવ છે તમે ૪૨૦૦ ગણી આપો એટલે વાત પતી."

"મા'રાજ, ભાવ પચાસ રૂપિયા ઘટ્યો છે. તો મનેય ફાયદો થવો જોઈએને !" શામજીએ કહ્યું.

"તે તો થવાનો જ ને હરિઃ ઓમ્ તમને તો યાર ઘેર બેઠે ગંગા જ છે ને !"

"મને ૪૧૦૦ માં રસ છે પુરોહિત." શામજી કાબો હતો. તેને ખ્યાલ આવ્યો કે જયંત પુરોહિતને જરૂર તેમાં કંઈક ફાયદો છે. એટલે તેણે પૂછ્યું.

"તમને એમાં શું રસ છે ?"

"એ જ હું તમને કહેવાનો હતો. મને તેણે કહ્યું છે કે તેની પાસે દર પંદર દિવસે એકબે બિસ્કિટ આવશે. અને એ હું વેચી આપું તો મને તે બે ટકા દલાલી આપશે. અને હરિ ઓમ, શામજીભાઈ મારે સાલું એક નાનકડું નવું ઘર, નદીની આ પાર લેવું છે. અને હરિ ઓમ્ હું રહ્યો બ્રાહ્મણ. આપણને તો કોઈ આપે તો જ બે પાંદડે થવાય. ધંધામાં આપણું કામ નહીં."

"શું કહ્યું ? દર પંદર દિવસે તેની પાસે એક બે બિસ્કિટ આવશે મતલબ ?"

"મતલબ કે તેનો વર દર મહિને પરદેશ જતો હોય છે. એટલે સામાન તો ઝાઝો હોય નહિ. હમણાં ચાયના જઈ આવ્યો." જયલાએ હળવે રહીને કહ્યું.

"ચાયના ?"

"ચીન... હરિઃ ઓમ્.. ચીન. ત્યાંથીય બિસ્કિટ લાવ્યો છે. પણ તેમાં વજન જુદી જાતનું છે." જયલાએ કહ્યું.

"કેમ વજન જુદી જાતનું છે ? વજન તો બધે સ્ટાન્ડર્ડ હોય ને !"

"હવે બધું તમે જાણો. પુષ્પાબહેને મને એ લગડીઓ બતાવી. પણ તે દિવસે તમે કહ્યું કે રિકાસ્ટ થયેલી છે એટલે મને કહે તમે સ્ટાન્ડર્ડ બિસ્કિટ જ લઈ જાવ." જયલાએ ઠાવકાઈથી કહ્યું.

"મહારાજ, એટલે જ મેં તમને પૂછ્યું ને ભાઈ પાણી પહેલાં પાળ બાંધવી સારી. યાર, તમે તો જાણો છો સોનાની બાબતમાં કેટલી જાતના કંટ્રોલ છે."

"જુઓ શામજીભાઈ આપણને હરિઃ ઓમ્ એ કશી ખબર નહિ. આ તો એક વખત તેમને ત્યાં કથા કરવા ગયો હતો એટલે ઓળખાણ થઈ. અને પછી તો એમને ત્યાં લાલજી ભગવાનની પ્રતિષ્ઠા કરેલી છે એટલે

મારે જવું પડે છે. પુષ્પાબહેન લાખ રૂપિયાની બાઈ છે. અને આમ બિચારી દુ:ખી છે." જયલાએ હળવેથી કૂકરી ફેંકી.

"દુ:ખી છે ?" શામજીએ પૂછ્યું.

"પૈસેટકે નહિ, પણ બીજી રીતે." જયલાએ કહ્યું.

"બીજી રીતે એટલે ?"

"ભાઈ, મોટા ઘરમાં મોટાં પોલ. સમજોને હરિઃ ઓમ્." જયલાએ વાત અધ્યાહાર રાખી. "તમને હું બધું નિરાંતે કહીશ. હજુ મારે એક જગ્યાએ રુદ્રિ કરવા જવાનું છે." કહીને જયલાએ પેલી લગડી સાચવીને ગજવામાં મૂકી.

"એ બિસ્કિટ લઈ જવું છે ?"

"ભાઈ, મને પુષ્પાબહેને કહ્યું છે કે બેંતાળીસ મળે તો કાઢી નાખજો. હવે વનમાળીદાસને ત્યાં આપી દઈશ." જયલાએ શામજીના હરીફનું નામ દીધું.

"અરે હોતું હશે ? તમે કહો એટલે મને નુકસાન થાય તોય કામ તો કરી આપવાનું." શામજીએ કહ્યું અને પછી તેના મુનીમને બૂમ પાડી અને બેંતાળીસ હજારની નોટો ગણી આપી.

• જયલો આ વાત પતાવીને આવ્યો ત્યારે પ્રોફેસર કે.દાસ ત્યાં બેઠા હતા અને જમ્બોની રાહ જોવાતી હતી.

થોડી વારમાં જમ્બો આવ્યો. જમ્બોની દાઢી પણ વધવા માંડી હતી. મને તેનો આનંદ થતો હતો. પન્નીએ જ્યારે બનાવટી નોટોની સ્કીમ બનાવેલી ત્યારે મારે દાઢી અને વાળ વધારવા પડ્યા હતા. આ વખતે જમ્બોને એ હુલીઓ બનાવવાનો હતો.

પન્નીએ મિટિંગની શરૂઆત કરી.

પન્નીએ ફ્રોક પહેર્યું હતું. મોટા કાળા અને સફેદ ચોકડાવાળું એ ફ્રોક આમ તેની ત્વચા સાથે ખાસ મેળ ખાતું ન હતું. પરંતુ પન્ની ઘણી વખત મનસ્વી બનીને તેનાં કપડાં પસંદ કરતી. તેણે મારા કમરામાં જ આ મિટિંગની ગોઠવણ કરી હતી. તે પોતે, ઊંચી પીઠની ખુરશીમાં બેઠી હતી. પ્રોફેસર કપડાની આરામખુરસીમાં બેઠા હતા. જયલો મારા પલંગમાં ચડી બેઠો હતો. હું ટેબલ ટોપ પર અને જમ્બો પન્નીના પગ પાસે ભીંતને અઢેલીને

ફરસ બેઠો હતો. પન્નીએ તેનો એક પગ બીજા પગ પર ગોઠવ્યો હતો અને ખોળામાં તેણે રાઈટિંગ પેડ રાખ્યું હતું. વાતાવરણ કંઈક અનૌપચારિક હતું, છતાં મિટિંગ કોઈ બોર્ડ મિટિંગની માફક શરૂ થઈ હતી. ફક્ત જમ્બો થોડુંક અટકચાળું કરવાના મૂડમાં હતો. પન્નીના ખુલ્લા પગ આમેય ગમે તેને ઉશ્કેરે તેવા સુદૃઢ, માંસલ અને છતાં અનુપમ હતા.

"જુઓ, આપણે જે નવી સ્કીમ બનાવી છે તેમાં વિવિધ પ્રકારના નિષ્ણાતોની જરૂર પડશે એટલે વારંવાર આપણે મળવાનું થશે. કેટલીક બાબતોમાં મિલિટરી પ્રિસિશન જોઈશે. આ આખીય સ્કીમ પાર પાડવામાં અઠવાડિયાંઓ જશે. જેટલા માણસોને આમાં સામેલ કરવામાં આવશે તે બધાને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે તે મારે કહેવાની જરૂર નથી. સ્કીમમાં હું, પ્રવીણ, જયંત, જનુ અને પ્રોફેસર તમે... આટલા જણ જ કેવળ 'કોર ગ્રુપ' તરીકે કામ કરશે. તે સિવાયના બધા તેમની કામગીરી પૂરતા જ સામેલ હશે. સ્કીમમાં કેટલો ખર્ચ થશે તેનો અંદાજ મેં અને પ્રવીણે (એટલે હું) કાઢ્યો છે. પણ કેટલી ગ્રોસ આવક થશે તેનો અંદાજ અત્યારે અધ્યાહાર છે. તેમ છતાં મારે સ્પષ્ટતા કરવી એ મારી ફરજ છે.

તમારે લોકોએ કોઈ રોકાણ કરવાનું નથી તે તમે સૌ જાણો છો. પરિણામે જે કાંઈ આર્થિક જોખમ થશે તે મારું અને પ્રવીણનું થશે તેથી જ ખર્ચ પર જેટલો બને તેટલો કંટ્રોલ રાખવો જરૂરી છે. એટલું જ નહિ કોણે શું કરવાનું છે તે બધાએ સમજી લેવું જરૂરી છે. એટલું જ નહિ, દર શનિવારે સાંજે દરેક જણે તેના કામનો રિપોર્ટ આપવાનો રહેશે.

હું તમને કામની વહેંચણી કરું તે પહેલાં મારે તમને સૌને એક વાતની સ્પષ્ટતા કરવાની છે. તમારાં ચાલુ કામો (ચોરી-ચીલઝડપ વગેરે) સદંતર બંધ કરી દેવાનાં છે. કોઈપણ વ્યક્તિએ કોઈ જ લફરાં કરવાનાં નથી. પોલીસથી બધાએ દૂર રહેવાનું છે. ટ્રાફિકના નિયમનો પણ ભંગ ન થાય તે રીતે નમ્ર અને કાયદાપાલન કરતા નમૂનારૂપ નાગરિકની માફક જ વર્તવાનું છે. કોઈ સવાલ ?" પન્નીએ અટકીને પૂછ્યું.

જમ્બોએ હળવેથી પન્નીના પગ પર હાથ મૂક્યો. "યસ બોસ, મારા તરફથી તારા પગ અને મારું માથું." કહીને તેણે પન્નીના ઢીંચણ પર ગાલ અડાડ્યો.

"જનુ.. મિટિંગમાં.... મિટિંગની જ વાત, આઘો બેસ." પત્નીએ કહ્યું.

પ્રોફેસરે સહેજ ખોંખારો ખાધો.

"યસ પ્રોફેસર, તમારે કંઈ કહેવું છે." પત્નીએ પૂછ્યું.

"આપણે કામકાજ આગળ ચલાવીએ તે પહેલાં મારે એટલું તારા ધ્યાન પર લાવવાનું છે કે જો અમારે, અમારું કામકાજ બંધ કરવાનું હોય તો અમને કશુંક વળતર મળવું જોઈએ... આઇ મીન મારે સ્પષ્ટતા કરવી નકામી છે, પણ મારી આવક પહેલાં જેવી નથી."

"હવે જોખમ વગર તો આપણા જીવનમાં કયું કામ થઈ શકે તેમ છે?" જમ્બો બોલી ઊઠ્યો.

"તું વચ્ચે ન બોલ તો સારું જમ્બો, કારણ તને આખી સ્કીમ ખબર નથી." પ્રોફેસર બોલ્યા.

"આખી સ્કીમ તો પત્ની સિવાય કોઈને ખબર નથી.", જમ્બોએ જવાબ આપ્યો.

"તમે ચર્ચા છોડો. તમારો શું મુદ્દો છે ?"

"મેં કહ્યો તે જ. સ્કીમ પાર પાડતાં કદાચ મહિનાઓ જાય. તે દરમિયાન જો અમારે કંઈ જ કરવાનું ન હોય..."

"તેમ તો કરવું જ પડેને પ્રોફેસર, સ્કીમમાં મેં કહ્યું તેમ દરેક માણસની ચોક્કસ ભૂમિકા છે એટલે એ વ્યક્તિ ન કરે નારાયણ અને બીજા કોઈ કારણસર પોલીસના હાથમાં ઝડપાય તો બધું ચોપટ થાય. હું તો એટલે સુધી કહું છું કે કોઈએ માંદા પણ પડવાનું નહિ. સ્વાસ્થ્ય અને બધા જ રિફલેક્સ ટનાટન રહેવા જોઈએ." પત્નીએ કહ્યું, "તેમ છતાં તમારો મુદ્દો મારા ધ્યાનમાં છે. સ્કીમ માટે જે કાંઈ ખર્ચ થશે તે તો એક્સપેન્સ એકાઉન્ટ ખાતે જશે એટલે તે ચિંતા તમારે કરવાની નથી. બાકી રહી વાત તમારા પોતાના રોજિન્દા ખર્ચની. એ પૈસા તમારો જોઈતા હોય તો તમે ડ્રો કરી શકો છો, પણ તમારા હિસ્સામાંથી તે પૈસા કાપી લેવાશે."

"પણ હિસ્સાની, હરિઃ ઓમ્ સ્પષ્ટતા થાય તો ઘણું સારું."

"વેલ... એ કરી જ લઈએ." પત્નીએ કહ્યું અને તેણે મારી સામે જોયું, "કેમ બરોબરને પવલા... તું કોષાધ્યક્ષ છે એટલે તારું શું કહેવું છે ?"

"પ્રોફેસર, આ સ્કીમમાં પ્રથમ તો જાણે લાંબું ઇન્વેસ્ટમેન્ટ થવાનું છે તે વાત આ જયલો બરાબર જાણે છે. રામજીભાઈ શરાફને ત્યાંથી બે લાખ રૂપિયા વ્યાજે લેવામાં આવ્યા છે. (જે વાત ખોટી હતી. અલબત્ત, અમને વ્યાજખાધ જરૂર જતી હતી.) એ રામજી સુવાળી સૂંઠનો નથી. તેની પાસેથી માંડમાંડ સમજાવીને ૧૮ ટકા વ્યાજ ઠરાવ્યું છે બાકી ૨૪-૨૫ ટકાના વ્યાજ વગર એ હાથ મૂકવા દેતો નથી. તેવી જ રીતે મારા ગેરેજની પ્રપોઝલ સામે ચાર લાખ રૂપિયા બેન્કમાંથી વ્યાજે લીધેલા છે તે પણ ૧૮ ટકાના વ્યાજે છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં લગભગ ૧ લાખ ૭૫ હજારનું ખર્ચ થઈ ચૂક્યું છે. ખર્ચનો હિસાબ ખુલ્લો છે. તેમ છતાં બધાને રોજના ૭૫ રૂપિયાથી ૧૦૦ રૂપિયા સુધી ખર્ચ પેટે આપવાનો વાંધો નથી. અલબત્ત, તે પાછા આપવાના રહેશે. સ્કીમ નિષ્ફળ જાય તો નહિ."

"એ બિલકુલ "ફેર" વાત છે હરિ ઓમ્" જયલો બોલ્યો.

"એટલે પહેલી સ્પષ્ટતા એ કરવાની કે ઇન્વેસ્ટમેન્ટ અમે જોખમ લઈને કર્યું છે એટલે તમારા પૈસાનું જે કાંઈ વ્યાજ થાય તે અમને મળવું જોઈએ. મતલબ કે ખર્ચમાં ગણાવું જોઈએ. આમ છતાં, બધા જ સભ્યોને ઈન્વેસ્ટ કરવાની ઇચ્છા હોય તો દરેક જણે 'પ્રોરેટા' પૈસા કાઢવા જોઈએ, પરંતુ અમને ખબર છે કે એ શક્ય નથી એટલે મારી પ્રપોઝલ એમ છે કે ખર્ચ કાઢતાં જે નફો થાય તેમાંથી ૭૫% પત્ની અને મને મળવા જોઈએ અને બાકીની રકમમાંથી તમને ત્રણને."

બસ એ બાબત પરચર્ચા થઈ અને આખરે પ્રોફેસર, જમ્બો અને જયલાને નેટ પ્રોફિટમાંથી ૧૦-૧૦ ટકા ભાગ આપવાનું નક્કી થયું. આ મુખ્ય વાત પત્યા પછી કામની બાબતની ચર્ચા થઈ.

જનુ અને પ્રોફેસરે શું કામ કરવું, જયલાએ શું કરવું અને મારે શું કરવું તેની વિગતો નક્કી થઈ અને પછી સૌએ એકતા અને ગુપ્તતાની પ્રતિજ્ઞા લીધી અને બધાં છૂટાં પડ્યાં.

હું અને પત્ની એકલાં પડ્યાં. તે એકાએક મારી નજીક આવી અને બોલી :

"તારા દાંત બતાવ તો પવલા."

"મારા દાંત ?" મેં અવાક થઈને પૂછ્યું.

"ઈઈઈ...ઈ" તેણે પોતાના દાંત ભીડાવીને, ટૂથપેસ્ટની જાહેરાતમાં આવતી મોડેલોની માફક કૃત્રિમ હાસ્ય વેર્યું. "આમ કર તો.." મને એમ કે નાનપણમાં તે મારા દાંત જોઈને મને બ્રશ કરવાનું કહેતી તેવું કશુંક તે અત્યારે કહેવા માંગે છે. કાં તો હું સિગરેટ પીવાનો બંધાણી થઈ ચૂક્યો છું કે નહિ તે જોવા માંગે છે. પણ તેવું ન હતું. મેં દાંત ભીડાવીને હોઠ પહોળા કરીને મારા દાંત બતાવ્યા. તે મારા દાંત સામે કોઈ નિષ્ણાત ડેન્ટિસ્ટની માફક જોઈ રહી.

"સેન્ટરથી ત્રીજા અને ચોથા દાંત પર ખોલી બરાબર બેસશે." તે બોલી.

"શું કહ્યું ?"

"પવલા, કાલે તું પેલા ચાઇનીઝ ડેન્ટિસ્ટની એપોઇન્ટમેન્ટ લઈ લેજે."

"અરે પણ શેને માટે ? મારો એકે દાંત હલતો નથી.""

"એટલા માટે નહિ પણ તારે દાંત પર સોનાની ખોલીઓ ચડાવવી પડશે."

"ખોલીઓ ચડાવવી પડશે ? એટલે..."

"અરે ભાઈ, જમ્બોની માફક તારે પણ હુલીયો બદલવો પડશે ને !"

"એટલે પન્ની... એ તો તેં મને કહ્યું નહિ...!"

"મને એમ કે એટલી સાદી વાત તું સમજી લઈશ. ન કરે નારાયણને કશીક ગરબડ થાય અને પોલીસ ફરિયાદ થાય તો તારું કે જમ્બોનું આઇડેન્ટીફિકેશન મળે નહિ ને !"

"પણ તારી વાત પરથી તો લાગતું હતું કે ઑપરેશન કોઈપણ જોખમ વગર પાર પડશે."

"ઓહો પવલા, ચોરનારની ચાર આંખો એ વાત મારે તને સમજાવવાની છે ? અને મફતના પૈસા તને પણ મળે તો નહિ જ ને ! તેની સાથે હું આર્ગ્યુમેન્ટમાં ઊતરું તે પહેલાં જ તેણે મને સૂચનાઓ આપી.

"ચાઇનીઝ ડેન્ટિસ્ટ પાસે જઈને તારે તારા આગલા દાંતમાંથી જેટલામાં સોનાની ખોલીઓ નંખાવાય તેટલામાં નંખાવવી પડશે. અને

ડોક્ટર પાસે થોડાક ચાઈનીઝ કેરેક્ટર્સ પણ શીખી લેવા પડશે. તું સમજ્યો ?"

"ચાઈનીઝ કેરેક્ટર્સ ?" મેં પૂછ્યું.

"થોડાક શબ્દો. મારે તેની લિપીના થોડાક અક્ષરો જોઈશે. એની ડાઈ બનાવવી પડશે." તેણે કહ્યું. મારે તેની વાત માન્યા વગર છૂટકો ન હતો.



બીજે દિવસે મેં ચાઈનીઝ ડોક્ટર ચેન યાંગની મુલાકાત લીધી. છેલ્લાં ચાલીસ વરસથી તે અમદાવાદમાં સેટલ થયેલો. તેની પાસે કઈ ડિગ્રી હતી તે તો મને ખબર નથી. પણ એક જમાનામાં તેને ત્યાં દાંત પડાવવા માટે લાઈન લાગતી. તેણે મને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો કે મારે દાંત પર ખોલીઓ ચડાવવાની કોઈ જરૂર ન હતી. એટલું જ નહિ, મારા દાંત ઘોડાના દાંત જેટલા મજબૂત છે" કહીને તેણે મને જિદ્દ છોડવવા માટે પ્રયત્ન કર્યો. અરે ! તેની ચૂંચળી આંખોવાળી છોકરીને જે તેને આસિસ્ટન્ટ તરીકે મદદ કરે છે તેને પણ બોલાવીને મારા હોઠ ઊંચા કરીને મારા દાંત બતાવ્યા. પણ હું ડગ્યો નહિ. આખરે તેણે મારા દાંતનું માપ લીધું, કશાક મટીરિયલ પર બચકાં ભરાવીને દાંતની છાપ ઉપસાવી અને મને બે-ત્રણ દિવસ પછી આવવાનું કહ્યું.

આ દરમિયાન તેની ડિસ્પેન્સરીમાં લટકતા એક ભેદી ચાઈનીઝ કેલેન્ડર તરફ હું જોતો રહ્યો હતો.

"સાહેબ, તમારી ભાષા ગજબ છે." મેં તેને કહ્યું.

"યસ, અમારી ભાષામાં જુદા જુદા શબ્દો એક ચિત્ર સ્વરૂપના હોય છે."

"અચ્છા અચ્છા, મારું નામ કેવી રીતે લખાય ?" મેં કહ્યું અને ડોક્ટરે તેની ચૂંચળી આંખોમાં સ્મિત લાવીને મારું નામ લખ્યું. તેણે જાણે કોઈ અદ્‌ભુત પેઈન્ટિંગ કર્યું હોય તેમ મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"રિપબ્લિક ઓફ ચાયના કેવી રીતે લખાય ?" મેં કહ્યું અને તેણે ફટાક દઈને લખ્યું.

"હું તને પ્રેમ કરું છું. એવું લખવું હોય તો ?" એમ કરીને મેં તેની પાસે જાતભાતની ચીજો લખાવી. તેણે મારી પાસે સોનું લાવવા સહિતનું

ફૂલ પેમેન્ટ માંગ્યું. મેં પૈસા ચૂકવ્યા અને કહ્યું, "ડોકટર, હું બહારગામથી આવીશ પછી એ ખોલીઓ નખાવી જઈશ." ડોકટરને તેનો વાંધો શું કામ હોય ? તેણે મારી પાસેથી પૈસા ઠોકી લીધા હતા.

ત્યાંથી પછી હું આઇ સ્પેશિયાલિસ્ટ ડો. દેસાઈ પાસે ગયો. આમ તો મારે ચશ્માના નંબર નથી, એટલે તેણે આંખ તપાસીને કહ્યું કે તમારે નંબર નથી.

"એ તો મને ખબર છે સાહેબ, પણ મારે મારી આંખો બ્લુ દેખાય તેવા લેન્સ બનાવરાવવા છે."

"શું કામ ભાઈ ?"

"મને ટી.વી સિરિયલમાં રોલ મળે તેમ છે."

"તમે એક્ટિંગ કરો છો ?"

"સ્કૂલ અને કોલેજમાં કરતો હતો. હવે ટી.વીમાં ગોઠવાઈ જવાય તેવો ચાન્સ છે, પણ પ્રોડ્યુસર કમબખ્ત કહે છે રોલ ભૂરી આંખવાળા માટે છે."

"તમને ખબર છે કે ઇમ્પોર્ટેડ લેન્સ વાપરવા પડે ?"

"સાહેબ, તમે ખર્ચની ચિંતા ન કરતા. મારે ભૂરા કાચ જેવા લેન્સ જોઈએ. એક વખત યાર, મારી પસંદગી થઈ જાય એટલે.બસ. બાકી સાહેબ, આપણને તક મળે એટલે એક વખત તો અમિતાભ બચ્ચનને પણ આપણે ચીત કરી નાખીએ." મેં કહ્યું. ડોક્ટર દેસાઈ ખાસ નામાંકિત ડોક્ટર ન હતો. કોન્ટેક્ટ લેન્સ કરાવવા માટે તેની પાસે કોઈ આવતું હશે કે નહિ તેની પણ મને ખબર નથી. તે છતાં તેણે મને મૂંડવાનું નક્કી કર્યું અને હું મૂડાવવા તૈયાર જ હતો.

આ દરમિયાન જયલો વડોદરા ગયો હતો અને ત્યાંથી પાછી ૧૦-૧૦ તોલાની જહોનસનની લગડીઓં લઈ આવ્યો હતો. આમ અમારી કંપની પાસે ત્રીસ તોલા સોનાની સિલક થઈ હતી. ચાઇનીઝ ડોક્ટર પાસે હું જે અક્ષરો લખી આવ્યો હતો, તેમાંથી 'રિપબ્લિક ઓફ ચાયના' લખેલા અક્ષરો એક પેઇન્ટરને આપીને અમે તેનું આર્ટ વર્ક કરાવ્યું હતું. આ આર્ટવર્ક જયલાને આપવામાં આવ્યું અને ચાંદીના સિક્કા બનાવતા ચુનીલાલ માણેકલાલ નામના એક જૂના સોની પાસે જયલો પહોંચ્યો હતો. એ સોનીને

આર્ટવર્ક આપવામાં આવ્યું અને દસ તોલાનાં બે બિસ્કિટ આપવામાં આવ્યાં. જયલો તેને પિછાનતો ન હતો, પણ બીજા એક સોની પાસે તેને ફોન કરાવીને તેણે એપોઇન્ટમેન્ટ લીધી હતી. જયલો એને ત્યાં છપ્પન ઇંચીઓ કોટ પહેરીને વેપારીના લેબાસમાં પહોંચેલો.

ચૂનીકાકો અસ્સલ કારીગર ગણાતો. તેણે આર્ટવર્ક જોયું. જહોન્સનનાં બિસ્કિટો જોયાં અને પછી પૂછ્યું.

"આ શેના માટે છે ?"

"કાકા, ગારે ચીન જવાનું છે. ત્યાં કાપડના હોલસેલનો કરાર થવાનો. તે વખતે થોડી ભેટો આપવી પડેને ! એટલે મને થયું કે થોડાક પ્યોર ગોલ્ડના નાનાં બિસ્કિટો બનાવીને લઈ જઉં. મને તમે આમાંથી બબ્બે તોલાનાં, આવા માર્કાવાળા બિસ્કિટ બનાવી આપો. તમારે કામના જે જોઈએ તે પૈસા લઈ લો, તેનો મને વાંધો નથી, પણ સોનું આવું ને આવું રહેવું જોઈએ." જયલાએ તેને સમજાવ્યું.

ચૂનીકાકાએ સાચે જ લૂંટનો ભાવ લીધો અને ત્રણ દિવસ પછી આવવાનું કહેલું. આ દરમિયાનમાં પ્રોફેસરે બજારમાંથી ફરી ફરીને ખાખી કપડાની ખરીદી કરી હતી. જમ્બોએ ડિસ્પોઝલમાંથી થોડીક બીજી ચીજો ખરીદી હતી.

મેં તમને જયલાના બાપ રઘલાની વાત કરી હતી. તેને અમે મધ્ય પ્રદેશમાં વસેલા અમારી જ્ઞાતિના એક ચેમ્પિયનને ત્યાં મોકલી આપ્યા હતો અને ત્યાંથી ૩૦૩ની નકલ જેવી ચાર રાઇફલો બનાવવા માટેના ઓર્ડર આવ્યા હતા. રઘલો ચાર-પાંચ દિવસે પાછો આવ્યો હતો અને અમને રાઇફલોની ડિલિવરી એક મહિના પછી આપવાનું નક્કી થયું હતું.

પ્રવૃત્તિથી લગભગ આખું ઘર ધમધમવા માંડ્યું હતું.



"પવલા... પાછું આપણે રતિલાલના બંગલાની વ્યવસ્થા કરવી પડશે અને આ વખતે ગેરેજ નહિ, તેનો બંગલો વાપરવો પડશે એટલે એ વ્યવસ્થા તું કરી આવજે," મને સૂચના આપીને તે તૈયાર થઈ. અમારી ન્યાતનો એક 'રાતો' નામનો સભ્ય વર્ષો પહેલાં તડીપાર થયેલો અને કલકત્તા નાસી

ગયેલો. અમારે ક્યારેક જરૂર પડતી ત્યારે તેનો બંગલો વાપરતા.

આજે પણ તેણે અદ્‌ભુત સાડી પહેરી હતી. લાલ બુટ્ટાવાળી અને નાનકડાં લીલાં પાંદડીની કોરવાળી સાડી તેના શ્યામ દેહથી તદ્દન નોખી પડતી અને એટલે જ તે સારી લાગતી. તેને આ રીતે તૈયાર થયેલી જોઈને મારા હૃદયમાં તિરાડો પડતી.

"ક્યાં જાય છે પન્ની ?"

"યાર, રોજ તું આમ સવાલ શું પૂછે છે ! તારું કામ કરને !" તે બોલી.

"આજે જયલો નથી આવવાનો તારી સાથે ?"

"જયલાનું શું કામ છે ?"

"પન્ની, એ માણસથી તું ચેતજે." મેં કહ્યું. મને એ શામજીનો ખાસ ભરોસો ન હતો.

"પવલા, હું નાની નથી," કહીને તે હસી હતી અને પર્સ ઉલાળતી બહાર નીકળી હતી.



"અરે પુષ્પાબહેન... આવો આવો. તમે તો પછી દેખાયાં જ નહિ." શામજીએ હળવેથી પન્નીના બાહુ પર સ્પર્શ કર્યો. પન્નીએ બહોળું હાસ્ય આપ્યું.

"બોલો, શું લેશો ?"

"કંઈ જરૂર નથી ? હું તો તમને થેંક્સ કહેવા આવી હતી."

"એમાં થેંક્સ શું પુષ્પાબહેન ?"

"ભાઈ, મારે તો ફરજ ન ચુકાયને. આજે સવારે નવરી થઈ. એ હોય એટલે મારે દિવસભર કામ રહે." પન્નીએ ઠાવકાઈથી કહ્યું, "સવારની ફ્લાઇટમાં જ 'એ' ગયા."

"અચ્છા, ક્યાં ગયા ?"

"હોંગકોંગ," પન્નીએ કહ્યું, "આવતે અઠવાડિયે આવશે."

"તેમને ફરવાનું બહુ રહેતું લાગે છે."

"વાત જ ન પૂછો. અઠવાડિયું અહીં તો અઠવાડિયું દુનિયાને છેડે."

"તો તો કામકાજ ભારે હશે !"

"એવું જ."

"ક્યારેક લઈ આવોને આપણી દુકાને ?"

"ના રે ભાઈ, એ તો ઘરમાં જ સારા."

"કેમ ?"

"એમને બહાર જવાનું બહુ પસંદ નથી. આખો વખત બહાર ફર્યા કરે એટલે ઘેર આવે ત્યારે બસ આરામ જ કરે. મારી સાથે ભાગ્યે જ બહાર આવે."

"પણ તો તો કંટાળો આવે."

"આવે જ છે ને ભાઈ. પહેલાં તો તેમની સાથે હું જતી, પણ હવે કંટાળો આવે છે."

"પુષ્પાબહેન, તમારે બાળકો કેટલાં ?" શામજીએ પૂછ્યું. પન્ની તદ્દન મૂંગી થઈને જોઈ રહી અને પન્નીની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

"શું થયું પુષ્પાબહેન ?" શામજી ચોંકીને ઊભો થયો.

શામજીને એકાએક થોડો ઝાટકો લાગ્યો હતો. ઘડીભર તે વિહ્વળ થઈ ગયો. ન પૂછવાનો સવાલ તેણે પન્નીને પૂછ્યો, તેવી પાપની લાગણી તેના ચહેરા પર છવાઈ ગઈ. સિનેમાનાટકમાં આંસુ લાવવા માટે કુશળ અભિનેત્રીઓ પણ ગ્લિસરીનનો ઉપયોગ કરે છે, પણ પન્ની માટે હાસ્ય અને રુદન તદ્દન સહજ હતાં. પારિજાતના ઝાડને હલાવો અને પાંદડાં પર ટકી રહેલાં પુષ્પો જેમ વરસે તેમ તે હાસ્ય વેરીને ખિલખિલાટ હસી શકતી હતી. મોહક, મારકણું, સહાનુભૂતિભર્યું કે અચરજમય સ્મિત આપવું તેને માટે જેટલું આસાન હતું તેટલું જ રુદન પણ ગુલાબના ફૂલ પર ઝમતા ઝાકળની જેમ આસાન હતું. આંખમાં આંસુનાં ટીપાં ઉપસાવવાં કે પછી ચોધાર આંસુએ રડવું, એ બન્ને બાબતોમાં તે નિષ્ણાત હતી અને એટલે ઘણી વખત હું પણ ગોથું ખાઈ જતો તો બિચારા શામજીની તે શું વિસાત...!

તેમ છતાં એ ઓછો ન હતો. પન્નીને જોઈને જ તેના હૃદયની, દિમાગની અને શરીરની તમામ નસો તો પ્રથમ મુલાકાતથી જ ઝણઝણી ઊઠી હતી. સામે બેઠેલી પન્ની રડી પડી તે સાથે જ તે ઊભો થઈને તેની

બાજુમાં આવ્યો હતો. રડતી અજાણી સ્ત્રીને પણ સાંત્વન આપવા તમે સ્પર્શ કરો તો તેમાં કશો પ્રોબ્લેમ ઊભો થતો નથી. જેની તાજી જ ઓળખાણ થઈ હોય તેવી સ્ત્રીને તમે સીધું જ ચુંબન ન કરી શકો, પણ એવી સ્ત્રી જો કદાચ કોઈ કારણસર તમારી સામે રડે તો તમે પ્રેમથી તેને છાની રાખવાના હેતુથી ચોક્કસ તેને માથે, ગરદન પર, અરે ! જો તમારામાં નજાકત હોય તો ગાલે હાથ ફેરવી શકો અને આલિંગન પણ આપી શકો. શામજીએ તે જ રસ્તો અજમાવ્યો હતો. પન્ની ખુરશીમાં બેઠી હતી. શામજી ખાસ ઊંચો ન હતો, પરિણામે પન્નીનું માથું તેની છાતી સુધી આવતું.

"પુષ્પાબહેન... પ્લીઝ... શું થયું તમને ?" કહીને શામજીએ પન્નીના માથા પર હાથ મૂક્યો. પન્નીએ એક હાથે પોતાનું મોઢું ઢાંકીને ડૂસકાં લેવાનું ચાલુ કર્યું હતું. શામજીએ હળવેથી તેની આંગળીઓ સેરવી અને તેનો હાથ પન્નીના કાન સુધી લંબાયો. શામજીએ તેનું માથું પોતાની છાતીસરસું ચાંપ્યું. અલબત્ત, કેબિનની સિચ્યુએશન કંઈક વચિત્ર હતી. દુકાનમાં શું ચાલે છે તે જોઈ શકાય તે માટે સેન્ટરમાં જ કાચની કેબિન બનાવવામાં આવેલી. જેમાં બે ટેબલો હતાં અને થોડી ખુરસીઓ. અત્યારે શામજીને એ કાચ નડી રહ્યા હતા. આમેય પન્ની દુકાનમાં પ્રવેશી ત્યારથી જ કેવળ દુકાનના વાણોતર જ નહિ, જે ઘરાકો હતા તેમનું ધ્યાન તેના તરફ ખેંચાયેલું હતું.

શામજીને એ કારણે થોડો સંકોચ તો થતો જ હતો. તેણે એક હાથ લંબાવીને ડોર ક્લોઝરવાળું બારણું ખોલીને, પાસેના જ કાઉન્ટર પર ઊભેલી સેલ્સ ગર્લને ધીરેથી બૂમ પાડી, "પ્રતિમા..." ડોર ક્લોઝરવાળું બારણું બંધ થયું. પ્રતિમા નામની છોકરી નવરી જ ઊભી હતી. તેણે શેઠનો અવાજ સાંભળ્યો. તે આવી. બારણું ખોલ્યું. "પાણીનો ગ્લાસ લઈ આવ જલદી." તે હાંફળીફાંફળી બહાર દોડી. પન્નીએ તેનું માથું શામજીના શરીર પર ઢાળી દીધું.

"પુષ્પાબહેન..." શામજી બોલ્યો.

"કંઈ નહિ.. કંઈ નહિ.." ઘેરા રડમસ અવાજે પન્નીએ કહ્યું. શામજી સહેજ આડો ફર્યો અને તેણે જનતાની પરવા કર્યા વગર ધીરેથી પન્નીના ગાલ પર હાથ ફેરવ્યો.

"માફ કરજો, મારો ઇરાદો તમને દુઃખ પહોંચાડવાનો-"

"નહિ નહિ... હું સ્વસ્થ છું. તમે ચિંતા નહિ કરો." શામજીના શરીર પર માથું ઢાળીને પન્નીએ, કેડે ખોસેલો રૂમાલ કાઢીને મોં લૂછ્યું. ત્યાં જ પ્રતિમા પાણીનો ગ્લાસ લઈને આવી પહોંચી. શામજીએ તેના હાથમાંથી ગ્લાસ લઈને પન્નીના બરડા પર હાથ મૂકીને, ઝૂકીને તેણે જ પન્નીને પાણી પાયું.

"શું થયું સાહેબ ?" પ્રતિમાએ ગભરાટથી પૂછ્યું.

"બહેનને સહેજ ચક્કર જેવું લાગે છે." શામજી બોલ્યો.

"શેરડીનો રસ લઈ આવું ?" પ્રતિમા બોલી ઊઠી.

"નહિ, મારે કંઈ પીવું નથી." પન્ની બોલી. એણે પ્રતિમા સામે જોઈને ફિક્કું સ્મિત વેર્યું. "મને ઘણી વખત આવું થઈ જાય છે. તમે ચિંતા ન કરો."

"તમે આરામથી બેસો." પન્ની ટટ્ટાર થઈ હતી. એટલે શામજીએ વળી ચાન્સ લીધો અને પન્નીના બન્ને ખભા સહેજ દબાવીને તેને ખુરસીની પીઠ પર ઝુકાવી.

બસ, આમ શામજી અને પન્નીના 'એફેર'ની શરૂઆત થઈ. તે દિવસે શામજીએ આગ્રહ કરીને તેની ગાડીમાં પન્નાને બેસાડી અને.એન.આઇ.ડી પાસેના બંગલે મૂકવા આવ્યો.

પન્નીને ખબર હતી કે તે મૂકવા આવશે જ. રસ્તામાં પણ તેણે આગ્રહ કર્યો. "તમે કંઈક પી લ્યો - તમારે કોઈ દવા લેવી છે ?" ડોક્ટરને ત્યાં જવું છે ?" પણ પન્નીએ માથું ધુણાવ્યા કર્યું અને મોટરમાંય જાણે કે ભારે અસ્વસ્થ હોય તેમ-

"પ્લીઝ શામજીભાઈ, તમે મને અત્યારે કાંઈ ન પૂછો."

શામજી ચૂપચાપ અમારા બંગલા સુધી મૂકવા આવ્યો. આ અમારો બંગલો પણ એક ચોક્કસ જગ્યા હતી. મૂળ એ રતિલાલનો બંગલો હતો. અમારી ન્યાતનો એક રાતો પણ અવ્વલ કારીગર છે. મૂળ બોરીબંદર પર કામ કરતો અને ગોદીમાં તેનો 'ધંધો' ચાલતો. એક વખત પોલીસને કૂંડાળે તેનો પગ પડ્યો અને તેણે સ્વેચ્છાએ પોતાની જાતને તડીપાર કરેલી. લગભગ આખા હિન્દુસ્તાનમાં તે ફરેલો અને પછી કલકત્તામાં સેટલ થયેલો. તેણે પોતાનું નામ રતિલાલ રાખેલું. અત્યારે તેની બોલબાલા છે. તેની વાત

ક્યારેક હું કરીશ. આ રતિલાલે અમદાવાદમાં એક બંગલો ખરીદેલો. જ્યાં અત્યારે તેની એક માથાભારે બહેન રહેતી. રતિઆની બહેન,નામે જયાગૌરી પણ કોઈ ઓછી માયા નથી. લગ્ને લગ્ને કુંવારી રહેલી જયાગૌરીએ તેની જિંદગી દરમિયાન ઇલિઝાબેથ ટેલર કરતાં વધુ લગ્નો કરેલાં, પણ ૪૫ વર્ષની થયા પછી તેની આ લગ્નની રમત અટકેલી. હવે તે'રિટાયર્ડ' થઈને નેશનલ ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ પાસે, ભાઈ રતિલાલે ખરીદેલા બંગલામાં રહેતી. પન્ની પર તે ખૂબ જ હેત રાખીતી અને એક જમાનામાં મારા દાદા છનાભાઈની તે પાર્ટનર રહી ચૂકેલી. તેની રોમાન્ટિક વાતોથી તો સમજોને કે મહાભારત જેટલી લાંબી સિરિયલ બની શકે.

ગમે તેમ પણ અમારી ઇચ્છા થાય ત્યારે અમે તેનો બંગલો વાપરી શકતાં, એટલું જ નહિ પણ તે અમે કહીએ તે પ્રકારનો રોલ ભજવી શકતી. પન્નીએ બંગલાના ઝાંપે જ શામજીને અટકાવેલો.

"તમને અંદર સુધી મૂકી જાઉં."

"નહિ, હું સ્વસ્થ છું અને મારાં કાકીસાસુ વળી પાછી બધી પૂછપરછ કરશે."

"ઓહ !" શામજીએ ઉદ્‌ગાર કાઢેલો, "એટલે તમારે ઘેર તમે મને નહિ બોલાવો."

"ના, ના, એમ નહિ. પણ હું તમને અનુકૂળ સમયે બોલાવીશ."

"મેં તમને આજે ડિસ્ટર્બ કરી નાખ્યાં... નહિ ?"

"પ્લીઝ શામજીભાઈ, એવું તો બને. કેટલીય વખત એવો પ્રશ્ન મને પુછાય છે અને મને સાચે જ કંઈ થતું નથી પણ તમે જે સરળતાથી મને પ્રશ્ન પૂછ્યો તેનાથી મારું હૃદય ભરાઈ આવ્યું. હું તમને ક્યારેક નિરાંતે વાત કરીશ."

પન્ની સાચવીને, તેને લટકાવીને છૂટી પડી હતી. તે પછી ત્રણેક દિવસ સુધી તેણે શામજીને લટકતો રાખ્યો હતો. ચોથે દિવસે તેણે શામજીની દુકાન પર ફોન કર્યો હતો.

"અરે પુષ્પાબહેન ! સારું થયું તમે ફોન કર્યો. નહિ તો આજે હું તમારે ત્યાં જ આવવાનો હતો. તે દિવસે તમને અસ્વસ્થ કરી નાખ્યા પછી

મને ઊંઘ જ નહિ આવી. બે દિવસ ચિંતામાં ગયા. વારંવાર મને થતું હતું કે તમને ખોટું નહિ લાગ્યું હોયને !"

"ઓહ શામજીભાઈ, કેટલી વખત મારે તમને કહેવું કે તમારો કોઈ દોષ નથી."

"પણ તોય પુષ્પાબહેન મને-"

"મને પુષ્પા કહેશો તો વધુ ગમશે. તમારાથી ઘણી નાની પણ છું." પન્નીએ કહ્યું. શામજીના હૃદયમાં આનંદના, સંકોચના અને ઉમંગના ડંકા વાગવા માંડ્યા.

"તમે... પુષ્પા... ક્યાંથી ઘરેથી ફોન કરો છો ?"

"પાછું તમે કહ્યું ?"

"બસ, હવે નહિ કહું. બોલ, શું કામ હતું ?"

"મારે થોડુંક કામ હતું એટલે ફોન કર્યો. આમ તો હું જાતે જ આવવા માગતી હતી, પણ-"

"તો આવી જા ને !"

"નહિ, આજે નહિ."

"શું કામ હતું ?"

"શામજીભાઈ, આજે તમારી પાસે કેટલા પૈસા છે ? પન્નીએ સવાલ કર્યો અને શામજીના હૃદયમાં વાગતા ડંકા એકદમ ઓસરી ગયા. તેણેય ઓછાં ચોમાસાં જોયાં ન હતાં. પન્ની ભલે સોનાની પાટ આપીને રોકડા પૈસા લઈ જાય, પણ એમ ને એમ તે કોઈને ફદિયું પકડાવે તેવો ન હતો. પન્નીને શું જવાબ આપવો તેય જોકે તેને માટે સમસ્યા થઈ પડી. પણ તેણે તરત જ તેનો ઉકેલ કાઢ્યો." એક મિનિટ પુષ્પા... ફોન ચાલુ રાખજે" કહીને તેણે ફોન મૂક્યો ને કેબિનમાંથી જાણે તેના એકાઉન્ટરને બૂમ મારતો હોય તેમ તેણે મોટેથી કહ્યું, જેથી પન્ની તેના ફોનમાં સાંભળી શકે. "અરે જશુભાઈ, કેશ કેટલી છે ? અરે ! પણ બેંકમાં મોકલતાં પહેલાં તમારે મને પૂછવું તો જોઈએને ! તમે ઊભા રહો એક મિનિટ..." કહીને તેણે નીચે મૂકેલો ફોન સ્ટાઈલથી ઉઠાવ્યો, "હલો પુષ્પા, તારે કેટલાની જરૂર હતી ?"

"દુકાનમાં કેટલા છે ?"

"હલો આઠ-નવ હજાર છે. તું ક્યાં ઘેર છું ? તો માણસને મોકલી આપું છું."

"નહિ, શામજીભાઈ, મારે એટલા પૈસાથી નહિ થાય."

"અરે યાર ! થોડી વાર પહેલાં જ માણસ બેંકમાં પૈસા ભરી આવ્યો. નહિ તો જોઈએ તેટલા પૈસા હતા આઠ-નવ હજારથી કામ ચાલે તેમ નથી ?" શામજીએ પૂછ્યું. પત્ની પાસેથી તેણે જે સોનું ખરીદ્યું હતું, તેમાં તેને તેથી ત્રણ ગણા પૈસા મળી જ ગયા હતા એટલે આઠ-દસ હજાર આપવામાં તને રિસ્ક લાગતું ન હતું.

"કંઈ વાંધો નહિ, શામજીભાઈ, એ તો બંદોબસ્ત થઈ જશે," પત્નીએ કહ્યું, "જયંતભાઈએ મને કહ્યું જ હતું કે તેઓ વ્યવસ્થા કરી આપશે."

"કોણે મા'રાજે ?"

"હમ્, એમને તો આખું ઝવેરી બજાર ઓળખે છે અને મારે ક્યાં કોઈની પાસેથી ઉધાર લેવાના હતા ! આ તો મેં કહ્યું કે જો તમારી પાસે સગવડ હોય તો હું એક 'બાર' મોકલી દઉં." પત્નીએ કહ્યું અને શામજી ઢીલો થઈ ગયો. તેને એમ હતું કે પત્ની ઉધાર પૈસા માંગશે પણ તેણે સોનાનો લાટો આપવાનું કહ્યું અને શામજી ખસિયાણો પડ્યો.

"તારે આજે ને આજે જ જોઈતા હતા ?" શામજી સંકોચથી બોલ્યો.

"આજે નહિ, અત્યારે જ. મારે થોડાક ડોલર્સ ખરીદીને મોકલવાના હતા. મારા 'એ' તાઈવાન જઈ રહ્યા છે અને અહીંયાં તેમનો એક દોસ્ત આવ્યો છે તે કાલે હોંગકોંગ જવાનો છે. મારે ગમે તેમ કરીને કમ-સે-કમ બે-અઢી લાખ રૂપિયાના ડોલર્સ..."

"પણ કાલે નહિ ચાલે ?"

"કાલે ચાલે એવું હોય તો મેં તમને પહેલેથી જ કહ્યું હોતને !"

"પુષ્પા, સાંજ સુધી નથી ચાલે તેવું નથી ?"

"જોઉં છું. હું તમને ફોન કરું છું." કહીને પત્નીએ ફોન મૂક્યો.

મને ખાતરી છે કે શામજીએ તેના ટેબલ પર મૂઠીઓ પછાડી હશે કે તેના માથા પરના વાળ ખેંચ્યા હશે." પત્નીએ ઘેર આવીને મને આ વાત કરી ત્યારે મને હસવું આવ્યું હતું... બિચારો શામજી !

"તેં જોયુંને પવલા, એ કેટલો ઘંટ છે તે !" તેની દુકાનમાં હમેશાં પચાસ સાઠ હજારની કેશ તો સવારના બેત્રણ કલાકમાં જ આવી જતી હોય છે. સાલાના ઘરમાં કાળાં નાણાંનું કબાટ ભરેલું છે અને જયલો કહેતો હતો કે તેને ત્યાંથી દાગીનો લીધો એટલે તમે સોની નોટ સામે સાઠ રૂપિયા લીધા બરાબર છે. છતાં બેટાને અધેલોયે છોડવો નથી."

ખેર ! તે દિવસે પાછી અમારી અગત્યની બેઠક પ્રોફેસર સાથે હતી. મેં તમને કહ્યું તેમ પ્રોફેસરને કેટલાક અજબગજબનો ખેલ કરનારા લોક-કલાકારોની તસવીરો લાવવાનું કામ સોંપાયેલું અને એ તસવીરો અમે ઝીણવટથી જોઈ હતી. તેમાંનો એક કલાકાર અમારે માટે મહત્ત્વનો હતો. સોમો નાયક નામના એ કલાકારની 'કરામત' ઉપર જ અમારી સ્કીમનો મોટો આધાર હતો. એ કલાકાર અમારી જ્ઞાતિનો ન હતો. તે તેનું મોટું 'ડિસ્કવોલિફિકેશન' હતું. એ જાતનો નાયક હતો. તરગાળો હતો. એ રીતે તદ્દન બહારના માણસને સ્કીમની ટીમમાં દાખલ કરવો એટલે આત્મહત્યા જેવું જ પગલું ગણાય. તે અંગે સારી એવી ચર્ચા થઈ.

"પત્ની, સોમા નાયક વગર એવી ખતરનાક કરામત કરી શકે તેવા માણસો નથી. તને કહું કે વારસાગત આવેલી કલાઓ ભૂંસાતી જાય છે. મેં કેટલાક કલાકારો વિશે ફરિયાદ કરતા પત્રો સરકારને લખ્યાં છે. કલાકારોની જિંદગી માટે સરકારે શું ન કરવું જોઈએ ? સાલા સંસદસભ્યોને પેન્શન આપવામાં આવે અને મારા જેવાને આ ઉમ્મરે પણ આઠ-આઠ કલાક મહેનત કરવી પડે ! અને તે પણ કલાના વિકાસ માટે નહિ પણ પેટ ભરવા માટે ?"

પ્રોફેસર કલા વિષે, કલાકારો વિષે વધુ ભાષણ આપે તે પહેલાં પત્નીએ તેમને અટકાવ્યા.

"પ્રોફેસર, ગમે તે થાય બ્લડ ઇઝ થિકર ધેન વોટર. આપણી જ્ઞાતિ સિવાયના માણસને દાખલ ન થવા દેવાય. આઉટસાઈડર ઇઝ ઈન્ડીડ એન આઉટસાઈડર."

"પત્ની, એ સોમલા પાસે જે કરામત છે અને જે સફાઈથી તેનું 'પરફોર્મન્સ' થાય છે તેવું ગુજરાતભરમાં કોઈ કરી શકે તે અસંભવ છે."

"એ વાત હું સ્વીકારું છું. પણ તરગાળાનું કે કોઈ કલાકારનું આ કામ નથી. એટલું જ નહિ આપણી આખી બાજી એ કલાકાર પર આધારિત છે. તેમાં ગરબડ થઈ એટલે જેલના સળિયા જ સમજી લ્યો અને હું ઘરડી ન થઉં ત્યાં સુધી જેલમાં જવાનું મને પોસાય નહિ."

"તારી વાત હું નથી સમજતો તેમ માને છે ?" પ્રોફેસરે પૂછ્યું, "પણ બીજો કોઈ ઉપાય નથી."

"આપણે એ કરામત શીખવી પડે." પન્નીએ કહ્યું.

"પણ શીખવી કેવી રીતે ?" મેં પ્રશ્ન કર્યો.

"પવલા, મહેનત કરીને ટ્યુશન રાખીને પણ આપણે જ તે શીખવું પડે."

"પન્ની, પ્રોફેસર વ્યવસાયે જાદુગર નથી ? તેમને શીખવાનું કહીએ." મેં કહ્યું, "તે તો તરત શીખી જશે."

"તારી વાત બરાબર છે પવલા. પ્રોફેસર તરત શીખી જાય અને પોતે 'પરફોર્મ' પણ કરી શકે. પરંતુ પ્રોફેસર આ કામ માટે વધુ ઉમ્મરવાળા છે."

"એક વખત 'ટ્રિક'નો ખ્યાલ આવી જાય પછી કોઈ સમસ્યા નથી. પછી તો કે.લાલને પાણી ભરાવી દેવાય. પણ તેનું 'એકઝિક્યુશન' કરવું હોય ત્યારે રિયાઝ વગર થઈ ન શકે."

"પણ એ તો હુકમનું પાનું છે. તેમાં કોમ્પ્રોમાઇઝ ન ચાલે." પન્નીએ કહ્યું, "અને કોઈ કાળે તેમાં બહારનો માણસ ન ચાલે. તે કામ તો પવલા અને જનુએ જ કરવાનું છે," તે બોલી. પેલા ફોટા પ્રોફેસરના હાથમાં જ હતા. સોમા નાયકના ફોટા... એ ફોટા જોઈને ભલભલાના છક્કા છૂટી જાય તેવા એ ભયાનક હતા.

"પન્ની...આ...આ.." મારા મોઢામાંથી અવાજ નીકળતો ન હતો. એ ફોટા મેં પ્રથમ વખત જોયા હતા, પણ તે વખતે મને તેની ભયાનકતા સમજાઈ ન હતી...

ગમે તે માણસ થથરી જાય તેવા એ ફોટા હતા.પણ પ્રોફેસર તદ્દન સ્થિતપ્રજ્ઞની જેમ આછું સ્મિત વેરીને પન્ની તરફ જોતા હતા.

"મને પૂરી શ્રદ્ધા છે પ્રોફેસર કે તમે આ કરી જ શકો, પણ મારી

યોજનામાં તે ફિટ નથી. માફ કરજો, પણ તેમાં જુવાન માણસ હોવો જોઈએ. સોમો નાયક જે કરામત કરી રહ્યો છે તે પણ આપણો માણસ હોવો જોઈએ અને આ તેની સામે રાક્ષસી ચહેરો કરીને ઊભો રહેલો માણસ પણ આપણો જ જોઈએ." સોમો નાયક આપણી જ્ઞાતિનો હોત તો જરૂર મેં બીજું કશું વિચાર્યું ન હોત પણ નહિ —" કહીને પન્નીએ મારી સામે જોયું. હું હજી એ ફોટા જોઈ રહ્યો હતો.

"સોમા નાયકની જગ્યાએ જનુ જમ્બોને જ ફિટ કરવો પડશે" તે થોડી વારે બોલી "અને" કહીને તેણે સ્મિત વેર્યું. મને એ ગમ્યું નહિ. મેં જાણે કશી જ સમજણ ન પડી હોય તેમ પન્નીની સામે જોયું. તદ્દન અબુધની જેમ — "તારો શું ખ્યાલ છે પવલા ?"

"મારો શું ખ્યાલ હોય ? ફાઈન જનુ જમ્બો બરાબર છે."

"છે ને ? બસ ત્યારે નક્કી. સોમાની જગ્યા જનુ લેશે પ્રોફેસર, અને સોમાના સાથીદારની જગ્યાએ પવલો રહેશે. તે કેટલી ચાલાક હતી તેનો તમને ખ્યાલ આવ્યો જ હશે. તેણે તો ક્યારનું નક્કી કરી નાખ્યું હતું કે મારે અને જમ્બોએ શું રોલ ભજવવાનો છે. અને એટલે તો અમારા બન્નેના હુલિયા બદલવાનું જાહેર કરાવેલું. પણ તે વખતે મને ખબર નહિ કે મારે અને જમ્બોએ કોઈ ખતરનાક ખેલ કરવાનો આવશે. મેં ધીરેથી તેમાંથી હટી જવા દલીલો કરવા માંડીં."

"પણ પન્ની, તું સમજ. હું રહ્યો ઉડઝૂડિયો, મને આટલી નાજુક કામગીરી નહિ ફાવે. તેના કરતાં પ્રોફેસર એ જગ્યાએ યોગ્ય થઈ પડશે. એક તો એ પોતે જ અનેક ચાલાકીઓ જાણે છે એટલે—"

"નહિ પવલા, પ્રોફેસરની ઉમ્મરે તેમને એ કામમાં ન મુકાય. એ તો તારે જ ગોઠવાવું પડશે."

"પણ પન્ની, મને એ કેવી રીતે આવડે ?"

"અરે ! શું વાત કરે છે પવલા ? તને સાઇકલ ચલાવતાં નથી આવડતી ? મોટરસાઇકલ મોટર આ બધું તું ન શીખ્યો ?"

"એ વાત જુદી છે પન્ની, પણ આ તો કલા છે. કરામત છે." કહીને મેં પેલા ફોટાની થપ્પી ઉઠાવી. તું મને કાલે કહે કે આ આ આ ભાઈની

માફક તું કાચનો બલ્બ ચાવી જા કે આ ભાઈની માફક આખી તલવાર ગળી જા કે આ ફોટામાં દેખાય છે તે નટની જેમ અધ્ધરપધ્ધર ચાલ કે આમની જેમ આખું ફાળિયું ગળી જા તો !" મેં એક પછી એક ખેલીના ફોટા બતાવ્યા અને પત્નીને સમજાવવા પ્રયત્ન કર્યો. બન્ને કેડ પર હાથ મૂકીને પત્ની ઊભી થઈ.

"પવલા.. એ લોકો દેવ છે ? સાલા, તારા કરતાંય બિચારા નબળા અડધા ભૂખ્યા લોકો છે. માણસ ધારે તો શું નથી કરી શકતો ? વિમાન ઉડાડી શકે છે. અરે ! રોકેટમાં તોળાઈને છેક ચન્દ્ર સુધી જાય છે અને તું ટી.વી. પર જોતો નથી ? માણસો બેફામ રીતે મોટરસાઇકલ અને મોટરોની રેસમાં ભાગ લે છે. પેરેશૂટ વગર આકાશમાં તરતા લોકો આકાશમાં માનવ આકૃતિઓ રચે છે. પતંગની જેમ હેન્ડ ગ્લાઈડર લઈને પાંચ હજાર ફૂટ ઊંડી ખાઈમાં પહાડની ટોચ પરથી ભૂસકો મારે છે. અરે, સામાન્ય સરકસમાં જોતો નથી ? કેવાં હેરતભર્યાં કામો લોકો કરે છે ! સિંહના મોઢામાં નાની છોકરીઓ માથું મૂકે છે !

"તારી વાત સાચી છે પત્ની પણ-"

"પણ શું ? આ લોકને માથે શીંગડાં ઊગે છે ? તારા જેવા જ એ સામાન્ય માણસો છે પવલા... એ દેવદૂતો નથી."

"પણ પત્ની, આ તો તલવાર ભોંકી દેવાની વાત છે. એ માણસો હેરત ભર્યાં કામ કરે છે પણ કોઈના પેટમાં તલવાર ભોંકતા નથી." મેં પેલો ભયાનક ફોટો હાથમાં લઈને કહ્યું.

"પવલા.. તું અભણ છું ? તારા બાપાએ તને આટલા માટે ભણાવ્યો ? ઇતિહાસ શું કહે છે ?– તલવાર કે ભાલા ભોંક્યા વગર કોઈ રાજા ટક્યો છે ? અરે બંદૂક ચલાવ્યા વગર, તોપ ફોડ્યા વગર કે બોમ્બ ઝીંક્યા વગર કોઈ યુદ્ધ જીતી શકાય ? પવલા, તારે તેમ છતાં યુદ્ધે ચડવાનું નથી. એક સાથે દસ માણસો સાથે લડાઈમાં ઊતરવાનું નથી. તારે ફક્ત તલવારનો એક જ વખત ઉપયોગ કરવાનો છે. તેં અચ્છાં અચ્છાં કામો નથી કર્યાં પવલા ? આ લોકોમાં એવું કશું નથી જે તારામાં ન હોય" પત્ની બોલતી હતી અને મારા શરીરમાં ગરમાવો પેદા થતો હતો. મારા શરીરમાં

પોરસનો હળવો ફુવારો છૂટી રહ્યો હતો, પણ બીજી જ સેકન્ડે મને લોહીનો ફુવારો દેખાયો. માણસના પેટમાં તલવાર ખોસવામાં આવી હોય તેવો બનાવ નજરોનજર મેં જોયો ન હતો, પણ હિન્દી ફિલ્મોમાં આવાં અનેક દૃશ્યો મેં દરેક ફિલ્મમાં જોયાં હતાં. મને ખબર હતી કે એ દૃશ્યો 'ટ્રિક'થી લેવાયાં હતાં તેમ છતાં ભયાનક હતાં.

"પન્ની, તારી વાત બરાબર છે, પણ લોહી જોઈને મને-" હું કહેવા જતો હતો કે લોહી જોઈને મને તમ્મર આવી જાય. પણ હું વાક્ય પૂરું કરું તે પહેલાં પન્ની બોલી.

"લોહી જોઈને શું ? પવલા, તે દિવસે પેલા માધીયાએ તને માથામાં પથરો માર્યો અને તારું કપાળ ફાડ્યું અને લોહી વહેવા માંડ્યું ત્યારે ડોક્ટરને ત્યાં તને દોડાદોડ લઈ જવો નો'તો પડ્યો ? પન્નીએ મારી દુખતી નસ દબાવી હતી.

અમારી સોસાયટીને નાકે રહેતા એક કેશવલાલ મોદીને ત્યાં લગ્નમાં મુંબઈથી તેમના સગાંઓ આવેલા, તેમાં એક સેવંતીલાલ સહકુટુંબ આવેલા. અને નેચરલી તેમનો દીકરો માધીયો સોસાયટીમાં નાગોલચુ રમવામાં અમારી સાથે દાખલ થયેલો. હવે અમે લોકો, ગાભાના ડૂચા પર, સાઈકલની જૂની ટ્યૂબમાંથી નાની નાની રિંગો કાપીને ભરાવતા અને તેનો દડો તૈયાર કરતા. એ દડાથી નાગોલચુ રમતા. તેમાં આ માધીયો મુંબઈથી નવો ટેનિસ બોલ લઈને દાખલ થયેલો એટલે થોડો રોફ મારતો હતો.

એ નાનો હતો, પણ તેનામાં બાપના બધા ગુણ આવેલા એટલે વારેવારે તે મારી બહેન વર્ષાનો હાથ પકડી લેતો અને કાનમાં કહેતો આપણે ઈતી-કિત્તી રમવી છે ? બસ તેમાંથી તકરાર થયેલી અને મેં એને ધોલ મારેલી. તે વખતે તે કમબખ્ત ગમ ખાઈ ગયેલો, પણ પછી લાગ જોઈને તેણે નાગોલચુ રમવા માટે અમે જે પથ્થરો ઘસી ઘસીને ગોળ બનાવ્યા હતા. તેમાંનો જ એક પથ્થર મારા માથામાં ઝીકેલો અને મારું કપાળ ફોડી નાખ્યું હતું. હું સાજો થઉં તે પહેલાં લગન પતી ગયેલાં અને તે મુંબઈ રવાના થઈ ગયેલો, પણ એ કારમો ઘા હું ભૂલ્યો ન હતો.

"યાદ છે ને, તે વખતે તારું ફૂટેલું કપાળ દબાવીને હું

મદદે આવી હતી."

"પણ તેનું શું છે અત્યારે પત્ની..."

"તે વખતે પવલા, તારું મોઢું લોહીથી ખરડાઈ ગયું હતું. ત્યારે હું અને વર્ષા તને લોહીનીંગળતો ડોકટરને ત્યાં લઈ ગયા હતા. તે વખતે અમે એવું કાંઈ કહ્યું ન હતું કે લોહી જોઈને અમને ચક્કર આવે છે અને ડોકટર પરમારે એમ નો'તું કહ્યું કે લોહી જોઈને હું થથરી ગયો છું. તારા લોહિયાળ કપાળમાં ડોકટરે ટાંકા લીધા હતા. દુનિયાના ડોકટરો જો લોહી જોઈને થથરી જાય, અરે આપણા સરસેનાપતિ લોહી જોઈને મૂર્છા પામતા હોય તો શું થાય પવલા...અને પવલા, સો વાતની એક વાત પુરુષ એટલે શું ? પૌરુષ એટલે શું ? જેનામાં પોરસ નથી એ પુરુષ કેમ કહેવાય ?" પત્નીએ કહ્યું અને મારી ભમ્મરો ઊંચી થઈ. મારી આંખોમાં મર્દાનગીનું લોહી તરી આવ્યું. મારાં જડબાંમાં મક્કમતા છવાઈ, મારી છાતીમાં પૌરુષત્વનો પવન ભરાયો.

"પવલા... તું હી-મેન છું. પવલા, તું કોઈ સામાન્ય રેંજી-પેંજી ફડતૂસ નિકમ્મો આદમી નથી. તું મરદ છું..."

"બસ.." મારાથી બોલાઈ ગયું. મારાથી મારા પલંગની પાંગોત પર જોરથી મુક્કો મરાઈ ગયો. મને એકાએક મારો ચહેરો અરીસામાં દેખાયો. મારા ચહેરામાં પરિવર્તન આવ્યું.

"અને તું આ બધું કોના માટે કરી રહ્યો છું ? તારા એકલાને માટે ? આ પ્રોફેસર માટે ? જનુ જમ્બો માટે ? નહિ મારે માટે... તારી પત્નીફોઈ માટે... તારી માશુક માટે... અને પ્રેમીઓએ તેમની પ્રિયતમાઓ માટે શું નથી કર્યું ?" પત્ની બોલી. પલંગની બાજુમાં, પ્રોફેસરે પીધેલા પાણીનો ગ્લાસ પડ્યો હતો. મારો હાથ ક્યારે તે તરફ ગયો તેની મને ખબર ન રહી, પણ મેં સ્વપ્નીલ બનીને એ ગ્લાસ ઉઠાવ્યો હતો અને મારા દાંત વકરેલા બુઢિયાની માફક કકડ્યા હતા. જડબું રેમ્બોની માફક સખ્ત થયું હતું. મારામાં જાણે પરકાયાપ્રવેશ થયો હોય તેમ સેમસન દાખલ થયો. મને કશું જ જાણે દેખાતું ન હતું. મને કેવળ સેમસનની માફક ડેલાઈલા દેખાતી હતી. મારી પત્ની દેખાતી હતી... અને ત્યાં તેની પાછળ જાણે એક હાથમાં પથ્થર લઈને, થાંભલા પાછળ સંતાઈને બીજે હાથે શબ્દોમાં ન બોલાય અને છતાં હાથની

અંગભંગિઓથી સમજાવી શકાય તેવી રીતે 'કોડ-વર્ડ્ઝમાં ગાળો ઝીંકતો, પેલો માધીઓ દેખાતો હતો. હું બુઢિયાની માફક દાંત કકડાવતો હતો અને તે હળવા દાંતિયા કરતો હતો, પણ મારા દિમાગમાંથી વેર શમ્યું ન હતું. કેશવલાલને ત્યાં તેણે ઘણાને ત્રાહિમામ્ કરેલા એટલે લગન પત્યું તે જ દિવસે, પોતાને પૈસે સેવંતીના કુટુંબને રિઝર્વેશન કરાવીને, મણિનગર સ્ટેશનેથી જ તેને જનતા એક્સપ્રેસમાં ચડાવી દેવામાં આવેલો એટલે માધીઆનું ડોકું મરડી નાખવાની મારી પ્રતિજ્ઞાનો અમલ નહિ થઈ શકેલો અને પછી તો હું એ વાતેય ભૂલી ગયો હતો, પણ પત્નીએ એ પ્રસંગની યાદ તાજી કરી હતી.

"પવલા, તું નેપોલિયનનો દાખલો લે. તેણે કહેલું કે અશક્ય શબ્દ ડિકશનરીમાંથી રદ કરી નાખો. તું રાણાસંગનો દાખલો લે કે પછી ઝાંસીની રાણીનો. પવલા... એક સામાન્ય સ્ત્રીથી તું નીચો છે તેમ માને છે ?" પત્ની બોલતી હતી. આકાશવાણીની જેમ તેના શબ્દો મારા કાનમાં ઝીંકાતા રહ્યા. મારા એકએક સ્નાયુ, મિ. યુનિવર્સની જેમ ઊભરાવા માંડ્યા હતા.

મને સેમસન દેખાતો હતો. એક પગ વાળીને, બીજો પગ જાંઘ સુધી ખુલ્લો રાખીને મહેલની પાળી પર સફર ખાતી બેઠેલી ડેલાઈલા દેખાતી હતી, પત્ની દેખાતી હતી અને અડધી ચડ્ડી અને ખમીસ પહેરેલો માધીઓ દેખાતો હતો. તે મારી સામે ગંધાતી ચેષ્ટા કરતો હતો. મેં સ્તબ્ધ થઈને ગ્લાસ ઉઠાવ્યો હતો અને મને મારી પ્રતિજ્ઞા યાદ આવી હતી. મારા દાંત ભિડાયા અને મેં મારો પંજો માધીયાના ગળાને ભીંસી દીધો.

શેકેલા પાપડની આખી થપ્પી તૂટતી હોય તેવો કરરરાટ અવાજ આવ્યો. માધીયાએ ચીસ પાડી.. મારા ચહેરા પર સ્મિત આવ્યું. મારા હાથમાંના ગ્લાસના મેં ફુરચા બોલાવી નાખ્યા હતા.

"પવલા પવલા..." ચીસ માધીઆની નહિ પત્નીની હતી. શું થયું મને, મને યાદ નથી. યાદદાસ્ત ગુમાવી બેઠેલા દર્દીની જેમ કે પછી સંમોહન પામેલા માનવીની જેમ કે ભૂતળમાંથી બેઠા થયેલા ફ્રેન્કેસ્ટાઈની જેમ હું કોઈ બીજી જ સૃષ્ટિમાં ચાલ્યો ગયો હતો, પણ પત્નીએ ચીસ પાડી હતી અને તેની સાથે પ્રોફેસર ઊભા થયા, તેમની ખુરશી ઊલળી હતી. તે નીચે પટકાયા હતા.

"આ આ આ આ... મારા ગળામાંથી એકમાત્ર સ્વર નીકળતો રહ્યો. હું બોલવા માગતો હતો, પણ મારાથી બોલાતું ન હતું. મારા હાથમાં લાય ઊઠતી હતી.

"પવલા.. " પત્ની ચીસ પાડીને દોડી હતી. તેણે પહેલાં મારો હાથ પકડ્યો હતો. અને પછી આંખો ફાડીને, હાંફળી-ફાંફળી અમારી કોમન બાથરૂમમાં દોડી હતી અને ટુવાલ લઈ આવી હતી. મારા હાથમાંથી લોહી ટપકતું હતું અને વગર પ્રયત્ન કર્યે અનાયાસ જ મારા મોઢામાંથી એક સ્વર કોઈ સિદ્ધહસ્ત ગવૈયાની જેમ નીકળતો હતો. આ.. આ.. મારે આગળ બોલવું હતું. પણ શાસ્ત્રીય સંગીતની કોઈ રેકર્ડમાં ચોક્કસ જગ્યાએ પડેલા નાનકડા ખાડામાં પિન ભરાઈ જાય. અને એક જ સૂર વાગતો રહે તેમ મારા ગળામાં આ..આ..આ દર્દનો ષડજ રેલાતો હતો. કાચના ટુકડા મારા હાથમાંથી લોહી સાથે નીચે પડતા હતા. મને દોડાદોડ ડૉક્ટર પરમારને ત્યાં લઈ જવામાં આવ્યો.

"પાછી શું મસ્તી કરી ?" તેમણે મને જોતાં જ પૂછ્યું. મારું મન જાણતું હતું કે મેં કોઈ મસ્તી કરી ન હતી. મારું મગજ મસ્તીએ ચડ્યું હતું. અંગૂઠા પર ત્રણ, હથેળીમાં ચાર, વચલી આંગળીમાં બે ટાંકા લેવા પડ્યા ત્યારે મારી હાથની ચામડી સિવાઈ. પાટો બાંધીને અમે ઘેર પાછાં આવ્યાં. પત્ની અને પ્રોફેસર સાથે આવેલાં હતાં. જેને માટે મેં લોહી વહેવડાવ્યું તે જ મારી હૃદયરાણીનો મિજાજ આસમાને ચડી ગયો હતો.

"પવલા, કમબખ્ત, મેં તને કાચનો પ્યાલો આ રીતે તોડવા માટે ભાષણ આપ્યું હતું ? તેં શું કર્યું તે તને સમજાય છે ? આખા કાર્યક્રમની તેં એસીતેસી કરી નાખી. તને રૂઝ આવતાં કેટલા દિવસ થશે કોણ જાણે ! મને સમજાતું નથી કે તારામાં અક્કલ ક્યારે આવશે."

મારે પત્નીને શું કહેવું ? મારે ઘણું કહેવું હતું, પણ અત્યારે મારા હાથમાં લબાકા થતા હતા અને ડોક્ટરે કમબખ્તે મને શી ખબર કેવું ઇન્જેક્શન આપ્યું હતું કે મને ઘેન ચડતું હતું. પત્ની અને પ્રોફેસર મને સૂતો મૂકીને ચાલ્યાં ગયાં હતાં.



બે દિવસ હું તદ્દન સૂતેલો જ રહ્યો હતો. દરમિયાનમાં જનુ જમ્બો, પ્રોફેસર, ચંદુ દટ્ટો, ચંદુ ચટણી, રઘો, પ્રોફેસરના દીકરા વગેરે મારી ખબર કાઢવા આવ્યા હતા, પણ પન્નીએ જેટલી બતાવવી જોઈએ તેટલી સહાનૂભુતિ પણ બતાવી નહોતી. ત્રીજે કે ચોથે દિવસે તૈયાર થઈ ત્યારે હું જાગતો રહ્યો.

"ડોક્ટરને ત્યાં જઈને ડ્રેસિંગ બરાબર કરાવી આવજે."

"તું ક્યાં જાય છે પન્ની..." મેં પૂછ્યું. તેણે જવાબ ન આપ્યો.

"પન્ની, કઈ તરફ જાય છે ?" મેં ફરીથી પૂછ્યું હતું.

"ક્યાં જવાની હતી ? તું તો હાથે પોપટ પાળીને સૂઈ રહ્યો છું. બધાં કામ તો મારે જ પતાવવાનાંને."

"મેં તને કહ્યું તો ખરું કે તું ચિંતા ન કર. સોમા નાયકવાળું કામ હું અને પ્રોફેસર જઈને પતાવી આવીશું." મેં હિમ્મત કહ્યું.

"ઓ.કે ઓ.કે" તે બોલી. હજુ અમારી વાતચીત શરૂ થઈ રહી હતી ત્યાં જ જયલો આવ્યો હતો. પન્નીએ હજુ સાડી પહેરી ન હતી. તે પેટીકોટ અને બ્લાઉઝ પહેરીને, ચોળીના હૂક બંધ કરતાં કરતાં મારી સાથે વાત કરતી હતી અને જયલો પ્રવેશ્યો હતો. તેના હાથમાં થેલી હતી.

"પન્ની..." તે કંઈક સ્તબ્ધતાથી પન્નીને જોઈ રહ્યો. પન્નીને અડધાં કપડાં સાથે જોવી એ તમારા દિમાગને હલબલાવી નાખે તેવું દૃશ્ય હોય છે. "વાહ, હરિઓમ્ પન્ની, તું આટલી બેમિસાલ લાગતી હોઈશ તેની મને કલ્પના ન હતી."

"જયલા..તારી જયાને પણ તું આમ જ કહે છે ?" પન્નીએ કહ્યું. જયલાની દાબડી બંધ થઈ ગઈ, "તું માલ લઈ આવ્યો કે નહિ ?"

"ઓહ લઈ આવ્યોને !" કહીને જયલાએ થેલીમાંથી એક રેશમી બટવો કાઢ્યો અને મારા પલંગમાં ઊંધો વાળ્યો.

"જોઈ લે," તે બોલ્યો. હું જોઈ રહ્યો. ચાઇનીઝ માર્કાવાળાં નાનકડાં લંબચોરસ બિસ્કિટ વેરાયાં...

જયલાએ ચાઇનીઝ બિસ્કિટ મારા પલંગમાં વેર્યાં તે જોઈને પન્ની પણ પ્રભાવિત થઈ ગઈ હતી. તે રાબેતા મુજબ તૈયાર થઈ અને મને ખબર હતી કે આ નાટક છે છતાં મારું કાળજું કોરાતું હતું. તેણે બપોરે શામજીને

ફોન કર્યો હતો અને શામજીએ તેને બહાર મળવાનું નક્કી કર્યું હતું. પન્ની બધી રીતે હોશિયાર હતી. પોતાની જાતની રક્ષા કરી શકે તેટલી ચપળ હતી, છતાં મને ચિંતા થાય તે સ્વાભાવિક હતું.

"પન્ની" મેં હળવેથી તેને કહ્યું, "તું સચેત રહેજે."

પણ સાહેબ, તમે ગમે તેટલો પ્રયત્ન કરો અને ગમે તે શબ્દો વાપરો, પણ તમારી પત્નીને કે પછી સ્ત્રી માત્રને તમે તેને કેટલું ચાહો છો અને તમને તેના માટે કેટલી ચિંતા છે તે સમજાવી ન જ શકો.

"સચેત રહેજે. અરે ! તારે સચેત રહેવાની જરૂર છે. એક તો હાથમાં ઈજા કરીને આખા કાર્યક્રમમાં 'હર્ડલ' ઊભી કરી છે અને પાછો મારી ચિંતા કરે છે. તારો હાથ બરાબર નહિ થાય તેટલા દિવસ મારે એ કમબખ્ત શામજીને વેંઢારવો પડશે તેનો તને ખ્યાલ આવે છે ? અને - ડો. પરમારને મળીને પૂછી લે... નહિ તો બીજા સારા ડોકટરને બતાવીએ," તે બોલી અને ચાલી ગઈ. ગમે તેમ મારે પણ તે દિવસે બેત્રણ કામો પતાવવાનાં હતાં.

અમારે જે કરામતનો ઉપયોગ કરવાનો હતો તે ખેલાડીઓ તો પ્રોફેસર દાસ શોધી લાવ્યા હતા, પરંતુ એ કલાકારોને સ્કીમમાં સામેલ કરવા શક્ય ન હતા. એ વાત બરાબર હતી. બરાબર ફક્ત એ ન હતું કે મારે અને જમ્બોએ તેમનું સ્થાન લેવું, પણ પન્નીએ અને પ્રોફેસરે મળીને જમ્બોને સમજાવ્યો હતો. જમ્બો તો તૈયાર થઈ ગયેલો. જોકે ઇચ્છતો હતો કે તલવાર ખૂંતાવાનું કામ-એ-રોલ-તેને મળે, પણ પન્ની જે ઇચ્છે તે જ થાય તેમાં કોઈ શક ન હતો. પન્ની અને જયલો વિદાય થયાં પછી હું, જનુ જમ્બો અને પ્રોફેસર મળ્યા હતા.

પ્રોફેસરે અમને 'કરામત'નો આછો ખ્યાલ આપ્યો હતો. એટલું જ નહિ ફોટાગ્રાફ પણ બતાવ્યા હતા. પણ એ કેવી રીતે 'એક્ઝિક્યુટ' થાય છે તે તો જ્યાં સુધી નજરે ન જોઈએ ત્યાં સુધી પામવું શક્ય ન હતું. મેં મિટિંગની શરૂઆત કરી.

"પ્રોફેસર, સૌ પ્રથમ તો એ કરામત જોવી પડે."

"ધેટ્સ રાઇટ," પ્રોફેસર કે. દાસને થોડાંક અંગ્રેજી વાક્યો આવડતાં એટલે વારંવાર તેનો ઉપયોગ કરતા. "મેં તો એ સોમા નાયકનું પરફોર્મન્સ

જોવું છે, પણ રોલ તમારે બન્નેએ કરવાનો છે માટે તમારે એ ધ્યાનપૂર્વક જોવું તો પડે જ."

"જોવાથી કાંઈ ન વળે. સોમાં નાયકનું ટ્યુશન રાખવું પડે," મેં કહ્યું.

"ધેટ્સ કરેક્ટ," પ્રોફેસરે કહ્યું.

"પણ એ પૂછે નહિ કે તમારે આ બધું શું કામ શીખવું છે ?" જમ્બોએ કંઈક બુદ્ધિગમ્ય સવાલ પૂછ્યો.

"નેચરલી પૂછે જ."

"મેં કેટલાક કલાકારો જોયા છે જે મરી જાય ત્યાં સુધી તેમનો કસબ કોઈને બતાવતા નથી," મેં કહ્યું.

"તારી વાત સાચી છે પવલા... મારા બાપના એક દોસ્તના બાપા, કાનની બૂટને અમુક રીતે વીંધીને, વધરાવળ મટાડી દેતા હતા અને પેલા હાડવૈદ્ય..." જનુ વધુ બોલે તે પહેલાં જ મેં હાથ ઊંચો કરીને તેને અટકાવ્યો.

"જનુ.. એ મુદ્દો સમજાઈ ગયો છે. વધુ દાખલાની જરૂર નથી."

"વેલ જેન્ટલમેન, ઈન માય ઓપિનીઅન..." પ્રોફેસરે કહ્યું, "મને લાગે છે તેમને સારા એવા પૈસા આપવા જોઈએ."

"એનો વાંધો નથી. પણ તેમને એમ તો થાય ને કે તેમનું કરતબ કોઈ શીખીને જાય તો તેમના પેટ પર પાટુ વાગે." મેં કહ્યું, "વળી બીજી પણ વાત છે. એ સોમા નાયક સાથે તમારી ઔપચારિક ઓળખાણ છે. હવે ઓચિંતા જ જઈને તમે એમ તો ના કહી શકોને કે સોમા... લે આ પાંચ હજાર રૂપિયા અને તારી કરામત આ બે જણને શિખવાડી દે."

"ધેટ્સ રાઈટ."

"એટલે જ આપણે તેમને પૈસા ઉપરાંત કંઈ 'બેઈટ' આપવી જોઈએ. તમે સમજ્યા કે નહિ પ્રોફેસર ?"

"સમજ્યો ને પવલા..."

"આપણે તેમને થોડી લગડીઓ આપી શકીએ." જનુ બોલ્યો.

"વેલ ! તેમાં ટેકનિકલ ગરબડ થવાની છે. આપણે બીજું કાંઈ વિચારવું પડશે." મેં કહ્યું. થોડી વાર સન્નાટો છવાયો. એકાએક મારા

મગજમાં સ્પાર્ક થયો. "યસ.." મેં પ્રોફેસર સામે જોયું. "સોમાને તમે એક ઈલ્યુઝન બોક્સ ભેટ આપી શકો. મને લાગે છે એ સોદો થઈ શકશે અને તમે 'વોટર ઓફ ગેન્જિસ'વાળો ચંબુ આપી દો અથવા મેગેઝિનનાં પાનાંમાં દૂધનો ગ્લાસ કેવી રીતે ભરવો અને ભર્યા પછી મેગેઝિનનાં પાનાં ખોલી બતાવવાની ટ્રિક બતાવી શકો." પ્રોફેસરને તેમાં કોઈ વાંધો ન હતો એટલે એ વાત સેટલ થઈ ગઈ અને બીજે દિવસે અમે મહેસાણા જવાનું નક્કી કર્યું.

તે દિવસે બીજાં થોડાંક કામો પતાવવાનાં હતાં. જનુએ અમારી ન્યાતના કેટલાક માણસોને રેકેમેન્ડ કર્યા હતા. તેમનો બાયોડેટા મારે તપાસવાનો હતો. "ઑપરેશન શામજી"માં અમારે એક પણ એવો માણસ જોઈતો ન હતો કે જે તાજેતરના કોઈ ગુનામાં સંડોવાયેલો હોય. જેણે કોઈ ગુનો જ ન કર્યો હોય તેવી વ્યક્તિ તો ક્યારેય અમારી જ્ઞાતિમાં મળી ન શકે, તેમ છતાં અમુક કામ કર્યા પછી 'વેકેશન' લેવાનો ધારો અમારી જ્ઞાતિમાં ચુસ્ત રીતે પળાતો એટલે લગભગ રાતના નવ વાગ્યા સુધી હું એ કામમાં ગૂંથાયો હતો.

મારા બાપાજી સામાન્યતઃ રાયપુર ગામમાં આવેલા અમારા મકાનમાં રહે છે અને વારતહેવારે તે જાત્રાઓ કર્યા કરે છે. તેમને જ્યારે કાંઈ રૂપિયા જોઈએ ત્યારે અમે આપી દઈએ છીએ. એટલું જ નહિ અમારા વેરહાઉસમાં પડેલો સેકન્ડ હેન્ડ માલ વેચીને પણ તે જલસા કરી લે છે. તે દિવસે હું એકલો જ જમ્યો. એ મને હંમેશાં કઠતું. વળી આજે એકલતાનું ખાસ કારણ પણ હતું. પન્ની લગભગ પાંચ વાગ્યાંની ગઈ હતી અને શામજીનો જે રીતે જયલાએ મને પરિચય આપ્યો હતો તે રીતે તે માણસ ઓછો લંપટ ન હતો. દસ વાગ્યે મારી ધીરજ ખૂટી હતી. મેં ઘરમાં પહેરવાનાં કપડાં ઉતારીને બહાર જવા માટેની તૈયાર કરી ત્યાં જ પન્ની આવી પહોંચી હતી. તે ધડધડ દાદરા ચડી હતી અને મારા જ કમરામાં આવીને, ફટાક દઈને તેનું પર્સ ફેંકીને પલંગમાં પડી હતી.

મેં હજુ ખમીસ પહેર્યું ન હતું. "પન્ની... મેં કહ્યું. તેને હું નિહાળું તે પહેલાં તે બોલી ઊઠી.

"પવલા... રેખાડી ક્યાં ગઈ છે ?"

"બહાર ઓટલે બેઠી નથી ? મેં કહ્યું. રેખા અમારા ઘરનું બધું કામકાજ કરતી હોય છે. તેનું મૂળ નામ મનેય ખબર નથી. પણ મારા દાદાના રેકમન્ડેશનથી તે આવેલી અને લગભગ પંદર વર્ષથી અહીં હતી.

"નથી બેઠી ત્યારે તો તને પૂછું છું." તે બોલી અને ઊભી થઈ. બાથરૂમમાં ગઈ. તેની સાડી સારી એવી ચોળાયેલી હતી. બાથરૂમમાં અરીસા સામે જઈને તે ઊભી રહી. વોશ બેસિનનો નળ ખોલીને તેણે નેપ્કિન પલાળ્યો. અને મોઢા પર ફેરવવા માંડ્યો. હું તેની પાછળ જઈને ઊભો રહ્યો. તેના વાળ વીખરાયા હતા અને તે નેપ્કિનથી મોં લૂછીને પોતાના ચહેરા તરફ તાકી રહી હતી.

"પન્ની...તું સ્વસ્થ છું ને !" મેં ભારે ઉચાટથી પૂછ્યું.

"તું રેખાડીને કહે મારે ચા પીવી પડશે અને એસ્પિરિન ખાવી પડશે. સાલા શું માણસો હોય છે !"

"શું થયું પન્ની ?" મેં હળવેથી પૂછ્યું. આમ તો પૂછવા ખાતર જ પૂછ્યું હતું. કારણ મને ખ્યાલ આવી ગયો હતો કે શામજીએ તેને છેડવામાં બાકી રાખી ન હતી.

"તું પહેલાં ચાનું કર.. અને નીચેથી એસ્પિરિન લેતો આવ. એ કમબખ્તને હું પચાસ લાખમાં નવરાવું નહિ તો હું પન્ની નહિ," તે બબડી. હું આગળ કશું સાંભળવા ઊભો ન રહ્યો અને નીચે ગયો. રેખા ક્યાંક સોસાયટીમાં રખડવા જતી રહી હતી. ઘરની જાળી વાસીને તે ચાલી જતી. બહારથી જાળીમાં હાથ નાખીને ગમે તે માણસ બારણું ખોલીને દાખલ થઈ શકે. એ બાબતમાં મારી મા, રેખાને રોજ ખખડાવતી "મૂઈ રાંડ બારણાં ઉઘાડાં મેલીને ક્યાં ફરતી ફરે છે. કોક હોલો બોલાવીને હેંડતો થશે તો સમજણેય નહિ પડે."

આવું કંઈક મા બોલતી ત્યારે મારા પિતાને ભારે રમૂજ પડતી. "હવે હોલો બોલાવીને હેંડતો થશે તો તારા બાપનું શું લૂંટાઈ જવાનું છે !" બાપા કહેતા. તેમની વાત ખોટી ન હતી. ઘરમાંની નેવું ટકા ચીજો તદ્દન મફતમાં આવેલી હતી એટલે બારણે તાળું હોય કે ન હોય કશો ફરક અમારે ત્યાં પડતો નહિ.

એટલે જ જ્યારે મારી મા ઘરમાંથી કોઈ ચીજ ચોરાશે તેવી દહેશત અનુભવતી ત્યારે અમને બધાને રમૂજ પડતી. ખેર ! અમારી કામવાળી રેખા હતી નહિ એટલે મેં ઝટપટ ચા બનાવી અને થોડી સેવો રકાબીમાં ભરીને, ચા અને એસ્પિરિન લઈને હું ઉપર આવ્યો. પન્નીએ મોઢું ધોયું હતું. સાડલો ફગાવીને બાજુએ નાખ્યો હતો. ચણીઓચોળી પહેરીને પલંગમાં બેઠી હતી. ચણીઓ ઊંચો કરીને ઢીંચણ તપાસતી હતી.

"શું થયું પન્ની..." મે કહ્યું.

"તું ચા લાવ્યો ?" તેણે જોરથી પૂછી નાખ્યું અને ટ્રે જોઈ "સોરી પવલા.." તે બોલી. હું તેની બાજુમાં બેઠો. હળવેથી તેની પીઠ પર મારા પાટાવાળો હાથ મૂક્યો. તે બગડેલી હતી એટલે તેને કશું પૂછવાનું સાહસ મેં ન કર્યું. તેણે કપ ઉઠાવ્યો. બે એસ્પિરિન ચાના ઘૂંટડા સાથે ગળી.

"આઈ એમ ઓ.કે." તે શ્વાસ લઈને બોલી. મેં તેને હળવું આલિંગન આપ્યું, પીઠ થાબડી, "તું ચા પી લે અને થોડી સેવો ખા..."

"નહિ, એ કમબખ્તની સાથે જમીને આવી છું." તે બોલી, "પણ પવલા, એ છે તદ્દન હરામખોર. સાલા કાચીપોચી ઔરતને તો એ મને લાગે છે કાકડીની માફક ચાવી જાય. આટલો નપાવટ અને લબડુ માણસ મેં નથી જોયો." કહીને પન્નીએ શું બન્યું તે બધું કહેવા માંડ્યું.



પન્નીની રાહ જોઈને તે સેન્ટ ઝેવિયર્સ ગર્લ્સ હોસ્ટેલ આગળ ઊભો હતો. તેણે ગાડી થોડેક છેટે ખાંચામાં ઊભી રાખી હતી. પન્ની રિક્ષામાંથી ઊતરી તેવી તેણે તેને જોઈ અને તે ઝડપથી તેની પાસે આવ્યો. "પુષ્પા... મને એમ કે તું નહિ આવે. ક્યારનો હું રાહ જોતો ઊભો છું - કમ ઓન." તેણે પન્નીને ઝડપથી તેની ગાડીમાં બેસાડી. તેની પાસે ત્રણચાર ગાડીઓ છે કોન્ટેસા, મારુતિ વાન, થાઉઝન્ડ, એક ફ્રન્ટી પણ બેટો પન્નીને એમ્બેસેડરમાં લઈ ગયો, કારણ તે ઝડપથી ઓળખાય નહિ. વળી તેના કાચ પણ સ્મોક ગ્લાસ છે, પણ પન્નીને ખ્યાલ હતો જ કે શામજીનો બચ્ચો આવું કંઈક કરશે જ. શામજીએ તેને ફોનમાં કહ્યું હતું કે આપણે સી.જી.રોડ પર આવેલી એક હોટેલમાં જઈશું. તેને બદલે તેણે ગાડી સીધી ભગાવી.

"આપણે ક્યાં જઈએ છીએ શામજીભાઈ," પન્નીએ 'ભાઈ' પર ભાર મૂકીને કહ્યું.

"પુષ્પા, પ્લીઝ, તું મને ભાઈ ન કહે."

"તો અંકલ કહું ?" પન્નીએ હસીને કહ્યું અને શામજીએ તેની જાંઘ પર હાથ મૂક્યો.

"પુષ્પા... મારે તને અગંત વાત કરવી છે," તે બોલ્યો.

"ચાલતી મોટરે મારો જીવ અધ્ધર હોય છે," પન્નીએ કહ્યું અને તેનો હાથ હઠાવ્યો. શામજીના ચહેરા પર પરસેવો વળતો હતો. તે થોડો નર્વસ પણ હતો, તેણે મોટર હંકારે રાખી. યુનિવર્સિટી કેમ્પસ વટાવીને, પ્રોફેસર્સ ક્વાર્ટર્સની પેલી તરફના મેદાનમાં લઈ જઈને તેણે ગાડી ઊભી રાખી. અમદાવાદમાં હજુય એ વિસ્તાર મોટેભાગે નિર્જન હોય છે.

"પુષ્પા... તને જ્યારથી મળ્યો છું. ત્યારથી..." શામજીએ પન્નાના ખભા પર હાથ સરકાવીને કહ્યું.

"ત્યારથી તમે રાતના ચેનથી ઊંઘી નથી શકતા એમ જ ને !" પન્નીએ કહ્યું અને તે પાગલની માફક તેને વળગ્યો. પન્નાએ માંડ માંડ તેને હટાવ્યો.

"શામજી... તમે આ રીતે વર્તવાના છો તેવી મને ખબર હોત તો હું આવત નહિ. મને એમ કે તમને ધંધામાં રસ છે. પણ મને ખબર નહીં કે તમને બીજા કશામાં રસ છે. મારા અશોકને હજુ તમે મળ્યા નથી."

"નહિ નહિ પુષ્પા, તુ ગેરસમજ ન કર, પ્લીઝ. તું કહે તો હું તને હાથ પણ નહીં અડાડું... પણ તું નારાજ નહિ થા, પ્લીઝ."

"તમે દૂર બેસીને વાત કરો. તમે પૈસા લઈને આવ્યા છો ?"

"બેલાશક," તે બોલ્યો.

"ફાઇન..." કહીને પન્નાએ પર્સમાંથી ચોરસ પિપરમિંટ જેવડી ચાઈનીઝ માર્કાની લગડીઓ કાઢી. "આ જુઓ આ ચાઇનીઝ બિસ્કિટ છે."

શામજીએ એ બિસ્કિટ હાથમાં લીધાં "ચાઇનીઝ... ! મેં કદી આવાં બિસ્કિટ જોયાં નથી," શામજી કંઈક વિહ્વળતાથી જોઈ રહ્યો.

"રસ છે આ બિસ્કિટમાં ?" પન્નીએ પૂછ્યું.

"સોના માત્રમાં મને રસ છે," શામજીએ હસીને કહ્યું.

"હું તોલા ચેક કરીને લાવી છું. બધા થઈને વીસ તોલા છે. બજાર ભાવ કરતાં ફક્ત બસો રૂપિયા ઓછે તમને આપીશ."

"પણ પુષ્પા, તેમાં મને શું મળે ?"

"તમને જે મળે તે મફતનું છે ને ! મારે ડોલર્સ ખરીદવાના છે અને તે મને કાંઈ આંતરરાષ્ટ્રિય ભાવે મળવાના નથી અને મારે ડોલર્સ નગદ લેવાના છે."

"પણ તારે...આટલા..."

"ડોલર્સ શું કામ જોઈએ એ જ પૂછવું છે ને તમારે ?"

કારણ મારા વરને સોનું ખરીદવા માટો ડોલર્સ જોઈએ. મારે તમને કહેવું ન હતું પણ કહું છું તમારે જોઈએ તેટલું સોનું હું લાવી શકું તેમ છું અને તે પણ આંતરાષ્ટ્રીય ભાવે અને બિસ્કિટ પર દસ હજારનો નફો, પણ તમારી હેસિયતની બહાર છે."

"હેસિયતની બહાર એટલે ?"

"કારણ શામજી શેઠ તમારા હાથમાંથી પૈસો છૂટે તેમ નથી."

"મને વિશ્વાસ પડે તો હું ગમે તે રકમ લગાડી શકું તેમ છું." શામજી પણ ઓછો ન હતો.

"એટલે તમને મારા પર વિશ્વાસ નથી પડતો ?"

"એમ નહિ પુષ્પા પણ મને... હજુ આપણે એટલી ઓછી ઓળખાણ છે કે..."

"આટલી ઓછી ઓળખાણ હોવા છતાં તમને મને આલિંગન કરવામાં, ચુંબન કરવામાં વાંધો નથી !" પત્નીનો આર્ગ્યુમેન્ટ સોલિડ હતો.

"ઓહ પ્લીઝ, આઇ એમ સોરી. હું કંઈ બળાત્કાર કરવા માંગતો ન હતો. મને એમ હતું કે આપણે વધુ ગાઢ દોસ્તો બનીએ."

"દોસ્તી એમ ન થાય શામજી શેઠ. દોસ્તી માટે જિગર જોઈએ," પત્નીએ કહ્યું અને તેણે બટવામાં ભરેલાં બિસ્કિટ મોટરમાં બેફામ રીતે વેર્યાં.

"આ શું કરે છે પુષ્પા..." શામજીનો અવાજ ફાટી ગયો.

"તમને જણાવવા માગું છું કે મારે સોનું નથી જોઈતું. મારે સુખ જોઈએ

છે. મારે ચેનથી, આરામથી જીવવું છે. મને ફૂલની જેમ કોઈ સંભાળે, નજાકતાથી હિલોળે, મારી નાની નાની હરકતોને બરદાસ્ત કરે, મને નિરાંત મળે તે માટે પોતાનો ખભો આપે, તેવો પુરુષ જોઈએ છે. સમજ્યાને..." પન્નીએ કહ્યું.

"પુષ્પા.. એ સુખ હું તને આપી શકું તેમ છું, પણ તું પરણેલી છું અને-"

"અને શું ?"

"હું મારી પત્નીથી છૂટો થઈ શકું તેમ નથી."

"બસ ત્યારે વાત પૂરી થાય છે."

"વાત પૂરી થતી નથી પુષ્પા... પૂરી થતી નથી." કહીને શામજી ફરી પન્નાને વળગ્યો. "પુષ્પા, તેનો રસ્તો નીકળી શકે."

"શું રસ્તો ?" પન્નીએ તેને અળગો કર્યો.

"તું કહે તે સગવડ તને આપી શકું તેમ છું."

"તે તો મને મારો પતિ પણ આપી શકે તેમ છે," પન્નીએ કહ્યું. શામજીએ માથું હલાવ્યું અને એકાએક તેનો હાથ પકડ્યો.

"તે દિવસે તું રડી કેમ હતી ?" શામજીએ પૂછ્યું. પન્ની રાહ જોતી હતી કે શામજી ક્યારે આવો સવાલ પૂછે.

"એ લાંબી વાત છે." પન્નીએ કહ્યું. "તમે મને પૈસા આપો એટલે આપણો સોદો પતે. તમારે મારી અંગત જિંદગીમાં પડવાની જરૂર નથી. તમે કલ્પના કરો તેથી વધુ મારી મુસીબત છે." કહીને તે અટકી.

પન્ની ગુસ્સામાં હતી, કારણ શામજીએ તેની ધારણા કરતાં વધુ પ્રમાણમાં તેને છેડી હતી, પણ તેમાં પન્નીનો પોતાનો જ વાંક હતો. તેણે જ એ મોડસ ઓપરન્ડી ઘડી હતી, તેમાં આ જોખમ તો આવવાનું જ હતું.

"પછી શું થયું પન્ની ?" મેં ધીરેથી પૂછ્યું

"એ બુઢીઓ મને છોડવા માગતો ન હતો. ગમે તેમ કરીને મને પલોટવાના ઉશ્કેરાટમાં હતો. મેં તેને ધકેલીને દૂર કર્યો. તોય મને કહે કે તારી વાત સાંભળ્યા વગર હું તને જવા દેતો નથી. મને પણ લાગ્યું કે હવે વધુ સમય ગુમાવવાની જરૂર નથી. એટલે મેં મારી સોબ-સ્ટોરી તેને

કહી.''

પન્નીની 'સોબ-સ્ટોરી' હંમેશા કલરફુલ હોય છે. એ ભલે મારી નવલકથા-અબળાની આત્મકથા-ને વખોડતી હોય, પણ તે ઘણી વખત મારા જ આઇડીયા વાપરી નાખે છે. પરંતુ તેની કથા એવી જ સંવેગમય હોય છે. શામજીને કહેવા માટે જે સ્ટોરી બનાવી હતી તે કહેવા માટે કલાકો જોઈએ છતાં હું એ ટૂંકમાં રજૂ કરું છું. એ કથા હિંદી સિનેમા જેવી જ હતી. ઉપરાઉપરી ટ્રેજિક ઘટનાઓ પન્ની જિંદગીમાં ઘટતી હોય તેવું કથાવસ્તુ છે.



મુંબઈમાં ખેતવાડીમાં એક ચાલીમાં રહેતા, એક અદના કારકુન જયંતીલાલને ત્યાં પુષ્પાનો જન્મ થયેલો. તેની એકની એક દીકરી પુષ્પા. જંયતીલાલની પત્ની સવિતા ક્ષય રોગ અને આંતરડાંની ગંભીર બીમારીમાં બસ, માંદી ને માંદી રહે. ટાંચા પગારમાં જંયતીલાલને પૈસાની હંમેશાં તાણ રહ્યા કરે. જે કાંઈ કમાય તેમાંથી અડધી આવક પત્નીની પાછળ ખર્ચાય. નાનપણથી જ પુષ્પા માથે ઘરકામની, રસોઈની જવાબદારી અને ભણવાનું. મેટ્રિક પાસ થઈ તે વર્ષે મા ભયાનક બીમાર પડી. પુષ્પાએ આવક વાધરવા માટે આજુબાજુનાં ઘરોમાં વાસણ-વાસીદાં જેવાં કામો લેવાં પડે અને માનું આંતરાડાંનું ઑપરેશન કરવું જ પડે તેમ હતું. એ જ ચાલીમાં રહેતો અશોક ભિમાણી નામનો છોકરો પુષ્પાને પ્રેમ કરતો. પણ પુષ્પાને તે ગમતો નહિ. અશોકને આ વાતની ખબર પડી. અશોક પોતે પણ તદ્દન ગરીબ હતો. અને ફર્સ્ટ ઈયરમાં, કોલેજમાં હતો. કોઈપણ બહાનું કાઢીને તે પુષ્પાને મળતો. તેની મા માંદી હતી એટલે તેને બહાનું મળી જતું.

તેને ખબર પડી કે પુષ્પાની માના ઑપરેશન માટે ૫૦૦-૬૦૦ રૂપિયાની જરૂર છે.તેની પાસે એટલા પૈસા ન હતા. તેણે દોસ્તો પાસેથી, સો-સવાસો રૂપિયા ઉધાર લીધા. તેની સાઇકલ, ઘડિયાળ ગીરે મૂકીને તે બીજા સો રૂપિયા લઈ આવ્યો અને પુષ્પાની માને હૉસ્પિટલમાં દાખલ કરી. અશોક ખડે પગે તેની મદદ કરવા તૈયાર રહ્યો.

જયંતીલાલ મૂળજી જેઠા માર્કેટમાં વાણોતર હતો. તેના શેઠે સંભળાવી દીધેલું, ''જંયતીલાલ, ગયા મહિને તમે આઠ દા'ડા ગેરહાજર રહ્યા.આ તો

કેમ ચાલે ? તમારી પત્ની માંદી છે તે બરાબર છે, પણ તમે ગમે ત્યારે રજા પર રહો તો મારે દુકાન કેમ ચલવાવી ? આ રીતે તો ન ચાલે. તમને તકલીફ પડતી હોય તો તમે બીજે નોકરી શોધી લ્યો." જંયતીલાલથી નોકરી છોડાય તેમ ન હતી. બિચારાને સવારથી સાંજ દુકાનમાં રહેવું પડતું. પુષ્પાને લોકોના ઘરકામ માટે જવું પડતું.

પણ અશોક તેની મદદે રહ્યો હતો. કારણ તે પુષ્પાને ચાહતો હતો.

એક જમનાદાસ કરીને કરિયાણાવાળાને ત્યાં પુષ્પા વાસણ-કપડાં કરવા જતી તેની પાસેથી પુષ્પાએ ૨૦૦ રૂપિયા એડ્વાન્સ લીધા હતા. "અરે ! ગાંડી, તને હું પૈસા ન આપું તો કોને આપીશ ? તારે જરાય ફિકર કરવાની નહિ. આ લે ૨૦૦ રૂપિયા અને બીજાની જરૂર પડે તો અચકાઈશ નહિ." એવું કહીને જમનાદાસે, પુષ્પાને સધિયારો આપેલો. પુષ્પા આનંદવિભોર થઈ ગઈ હતી, પણ તેને ખબર ન હતી. કે આ જમનાદાસ કેવો માણસ હતો. બે-ત્રણ દિવસ પછી જમનાદાસે તેને બીજા પચાસ રૂપિયા આપ્યા હતા અને ત્યારે તેના બરડે હાથ ફેરવીને તેણે કહ્યું હતું. "પુષ્પા, તું એમ સમજ કે તારી માનું દુઃખ એ મારું જ દુઃખ છે." થોડાક દિવસ એવું ચાલ્યું હતું અને એક દિવસ જમનાદાસએ તેનું પ્રોત પ્રકાશ્યું હતું.

"પુષ્પા, મારા એક દોસ્તને મેં વાત કરી છે. તેની તૈયાર કપડાંની દુકાન છે અને બોરીબંદર પાસે તેની હોટેલ-કમ લોજ છે. તેને ત્યાં સેલ્સગર્લની જગ્યા છે, મહિનો ૨૫૦-૩૦૦નો પગાર ગોઠવાઈ જાય તેમ છે. જો તારી ઇચ્છા હોય તો."

પુષ્પા ખુશ થઈ ગઈ હતી અને જમનાદાસના દોસ્તને મળવા તૈયાર થઈ હતી. તેણે અશોકને વાત પણ કરી હતી. અશોક તેને ગમતો ન હતો, કારણ ખેતવાડીમાં તેની આબરૂ ભારાડી જેવી હતી, પરંતુ તેણે જે રીતે પુષ્પાની માની સેવા કરી હતી તેને કારણે અશોક વિષેનો તેનો પૂર્વગ્રહ ઓછો થયો હતો. તેને કોઈ ભાઈ ન હતો એટલે અશોકને તેણે એ સ્થાને જોવા માંડ્યો હતો.

"એ જમનાદાસ હરામખોર છે પુષ્પા, તેણે બે-ત્રણ વખત તેને કહ્યું હતું. પણ પુષ્પાએ તેની વાતને મહત્ત્વ આપ્યું ન હતું. જમનાદાસ પુષ્પાને

બોરીબંદર પર આવેલા એક છાપાના કાર્યાલયની પાછળના તોતિંગ અને જૂના મકાનમાં લઈ ગયો હતો. ગંદા પ્રવેશદ્વારવાળા ચાર મજલાના મકાનમાં સંખ્યાબંધ કમરા હતા. નીચેના ભાગમાં વીશી હતી અને ત્યાં લોકો જમતા હતા. જમનાદાસ એને ત્રીજે મજલે આવેલા એક કમરમાં લઈ ગયો. તેના બારણે બહારથી આગળો વાસેલો હતો. જમનાદાસે જ તે ઉઘાડ્યો. પુષ્પાને એ જગ્યા વિચિત્ર લાગી હતી. બપોરનો સમય હતો. અંધારા પેસેજમાં તેને બીજા કમરા દેખાતા હતા. પણ મોટા ભાગના કમરા બંધ હતા. છેક ખૂણામાં કોઈ કમરામાં માણસો હોય તેમ લાગતું હતું અને પેસેજને છેડે કોમન બાથરૂમો અને સંડાસ હતાં. તે બાજુથી કપડાં ધોવાનો અવાજ આવતો હતો."

જમનાદાસે કમરાનું બારણું ખોલ્યું.

"તું બેસ, મનુભાઈ હમણાં આવી પહોચશે."

"કોણ મનુભાઈ ?"

"આ લોજનો માલિક. તેણે મને કહેલું જ કે વહેલું-મોડું થાય તો બેસજો."

કમરામાં એક પલંગ હતો, એક ટેબલ, બે લોખંડની ખુરસી અને લાકડાનું કબાટ. પન્નાએ કંઈક ગભરાટથી બેઠક લીધી. "તું બેસ, હું લોજની ઓફિસમાં તપાસ કરી આવું," કહીને જમનાદાસ બહાર નીકળ્યો. પુષ્પાને ઘડીભર થયું કે તે ત્યાંથી ચાલી જાય, પણ તેને નોકરીની લાલચ હતી. મા બીમાર હતી. ઘરમાં પૈસા ન હતા. થોડીવારમાં જમનાદાસ પાછો આવ્યો. તેની પાછળ કોફીના બે કપ, ખાંડની વાટકી, ચમચી ગંધાતી એલ્યુમિનિયમની કીટલી અને ખારી બિસ્કિટ ભરેલી ડિશ, એક ટ્રેમાં લઈને એક નાનો છોકરો આવ્યો. જમનાદાસે તે બધું ટેબલ પર મુકાવ્યું. છોકરો ચાલ્યો ગયો.

"આપણે કોફી પીએ, મનુભાઈ દુકાને કંઈક રોકાઈ ગયા છે. તેમને આવતાં અડધો કલાક થશે."

"આ રૂમમાં મનુભાઈ-" પુષ્પા પૂછે તે પહેલાં જે જમનાદાસે તેને અટકાવી. "આ તો લોજનો રૂમ છે. ગમે તેવા માણસો તેમની ઓફિસમાં આવે એટલે કંઈક અંગત વાતચીત કરવાની હોય ત્યારે મનુભાઈ લોજના

કોઈ રૂમમાં જ મિટિંગ રાખે છે. જમનાદાસે કોફીનો પ્યાલો ભરતાં પહેલાં ખિસ્સામાંથી રૂમાલ કાઢીને, તેને સાફ કરવાનો અભિનય કર્યો. "સાલા કપ પણ બરાબર ધોતા નથી."

"લાવો હું ધોઈ આપું." પુષ્પા નિર્દોષ ચહેરે બોલી.

"નહિ નહિ તું બેસ" કહીને જમનાદાસે બન્ને કપ હાથમાં લીધા. કમરાનો ખૂણે જ પાણીનું ઢોચકું ભરેલું હતું. તેના પર પવાલું હતું. પ્યાલામાં પાણી લઈને તેણે કપ ધોયા અને તેનું પાણી પેસેજમાં નાખવા બહાર ગયો. દરમિયાન ખિસ્સામાંથી ધોળા પાઉડરની એક પડીકી કાઢીને તેણે કઈ વખતે કપમાં નાખી તેનો પુષ્પાને ખ્યાલ ન રહ્યો. એ જ કપમાં તેણે કડક કોફી રેડી અને ડબલ ખાંડ નાખીને પન્નાને પકડાવી. પન્નાએ તે પીધી અને થોડી વારમાં તેને સખત ઊંઘ ચડવા માંડી. બાગાસાં આવવા માંડ્યાં. તેણે થોડી વાર પછી કહ્યું પણ ખરું કે આપણે પછી આવીશું. પણ જમનાદાસે તેને આગ્રહ કરીને બેસાડી.

"પણ જમનાદાસભાઈ, મને ચક્કર જેવું લાગે છે."

"કેટલા ઉજાગરા તને થાય છે. માની સેવા કરતાં કરતાં.." કહીને જમનાદાસે તેનાં વખાણ કર્યે રાખ્યાં એટલું જ નહિ બીજી વખત કોફી પાઈ અને પછી હળવેથી બારણું બંધ કર્યું.



તે પછી શું બન્યું તેનું વર્ણન પન્નાએ કેવી ખૂબીથી કર્યું હશે તે તમે કલ્પી શકો. શામજીની મોટરમાં બેઠાં બેઠાં તેણે આ વાર્તા જમાવીને કહી હતી. શામજી ઘડીભર તેનાથી અળગો થઈને આ સાંભળી રહ્યો.



પુષ્પાનું માથું ફાટતું હતું. તેનું અંગે અંગ અકડાઈ ગયું હતું. તે હોશમાં આવી તે પહેલાં તેને ખ્યાલ આવ્યો હતો કે તેની શી દશા કરવામાં આવી હતી. જમનાદાસે કેવળ બળાત્કાર જ કર્યો ન હતો. પરંતુ તેણે પુષ્પાના નિર્વસ્ત્ર દેહના ફોટા પણ લીધા હતા. તેને અંતરિયાળ મૂકીને તે કમરામાંથી ચાલ્યો ગયો હતો. તે મૂંઝાઈ ગઈ હતી. લોજના કમરાનું બારણું બંધ હતું તેમ છતાં તે શરમથી મૂરઝાઈ મરી હતી. હૈયાફાટ રડતાં તેણે કપડાં પહેર્યાં

હતાં અને લોજમાંથી બહાર નીકળી હતી. તે સ્તબ્ધ થઈ ગઈ હતી. તે સીધી જ ચાલતી... બોરીબંદરથી ચાલતી.... ચાલતી લગભગ પાગલ અવસ્થામાં છેક ગેટ વે ઓફ ઇન્ડિયા ગઈ હતી અને તેણે દરિયાનાં ઊછળતાં પાણીમાં ભૂસકો માર્યો હતો. ત્યારે રાતના અગિયાર વાગ્યા હતા. પણ ત્યાં થોડાંક પ્રેમી પારેવડાંઓ બેઠાં હતાં ધબાકો સાંભળીને કોઈ ચોંક્યું. પછી બૂમાબૂમ થઈ અને ત્યાં સ્ટીમ લોન્ચમાં સૂતેલા ખારવાઓએ તેને ઉગારી હતી. તે ખાસ્સું પાણી પી ગઈ હતી. પણ ખારવાએને 'ફર્સ્ટ એઈડ'ની ખબર હતી. વેલ, પછી તેને હોસ્ટિપલમાં લઈ જવાઈ હતી.

બીજે દિવસે છેક રાત્રે પુષ્પાને હોશ આવ્યા અને તેનું સરનામું મેળવવામા આવ્યું. પોલીસ કેસ થયેલો અને પોલીસે તેના બાપને ખબર આપેલી. હાહાકાર મચ્યો હતો. અશોક હૉસ્પિટલમાં પહોંચેલો. પુષ્પા તદ્દન સ્તબ્ધ હતી. દીવાલ સામે તાકી રહી અવાક બનીને, જાણે કોઈને ઓળખતી ન હોય તેમ શૂન્યમનસ્ક હતી.પુષ્પાની પરિસ્થિતિનો ખ્યાલ અશોકે ડોક્ટરોને અને પોલીસને આપ્યો હતો. તેને પહેલાં તો એમ જ લાગેલું કે તેની માની બીમારી અને આર્થિક પરિસ્થિતિને કારણે તેણે આત્મહત્યા કરવાની કોશિશ કરી હશે, પણ ત્રીજે દિવસે, એક લેડી ડોક્ટરે તેની પૂછપરછ કરેલી અને ઓચિંતી જ તે ભાંગી પડી હતી. તે કશું બોલી ન હતી. તેણે આખરે લેડી ડોક્ટરને તેની આપવીતી કહી હતી. અને પછી તેણે અશોકને જણાવેલું.

તે જ રાત્રે અશોક જમનાદાસની દુકાને પહોંચ્યો હતો. જમનાદાસનો નોકર પોણાઆઠ વાગ્યે દુકાનનાં પગથિયાં ઊતર્યો. આઠમાં પાંચ વાગ્યે જમનાદાસે 'વસ્તી' કરી. નાનકડા કબાટમાં ભગવાનની અગરબત્તી કરી. અશોક દુકાનનો બાજુમાં ઊભો રહ્યો. જમનાદાસે દુકાનનું અડધું શટલ પાડ્યું અને તે જોર કરીને, લોખંડના શટરને નીચું કરવા જતો હતો ત્યાં જ પાછળથી આવીને, વાંકા વળેલા જમનાદાસના પગ પકડીને ઉલાળી દુકાનમાં ધકેલ્યો. તેની પાછળ એ પણ ચડ્યો હતો અને અંદરથી શટર પાડ્યું હતું. આંખને પલકારે તેણે આ કામ કર્યું, ઊંધો પડેલો જમનાદાસ ઊભો થાય તે પહેલાં જ અશોકે તેને લાત ઠોકી હતી. દુકાનનાં અંધકારમાં શું થયું તે સમજે તે પહેલાં જ શટર વસાયું હતું અને અશોકે દુકાનની બત્તી કરી હતી.

જમનાદાસે રાડ પાડી ઊઠ્યો હતો. તે બેઠો થયો. તેણે અશોકને જોયો

અને તરત જ ખ્યાલ આવ્યો કે તે કેમ આવ્યો હશે.

"જમનાદાસ, હરામજાદા... પુષ્પાને તેં શું કર્યું ?..."

"એ... એ... માં મારો વાંક નથી. તેણે જ મને... તેણે જ મને કહ્યું હતું કે..."

"જૂઠું બોલે છે ? તેના ફોટા ક્યાં છે ? 'અશોક કહ્યું અને તેના બે પગ વચ્ચે લાત મારી. જમનાદાસ ચિત્કારી ઊઠ્યો અને ઊલળ્યો. તે સાથે જ દુકાનમાંના મોટા ત્રાજવાના પલ્લા સાથે અથડાયો. ત્રાજવું ઊલળ્યું અને તાજવાની ભારે દાંડી ઊલળી, હૂકમાંથી નીકળી અને જમનાદાસની છાતીમાં ઝીંકાઈ. તેનો લોખંડનો કાંટો બરાબર તેના હાર્ટ પર ખૂંત્યો, જોરથી ખૂંત્યો. તે બેઠો થાય તે પહેલાં જ. અશોકે લોખંડના બે ઇંચના પાટાવાળી, એ દાંટી પર પગ મૂક્યો. જમનાદાસ મોઢામાંથી મરણચીસ નીકળી. અશોકે પગ ન મૂક્યો હોત તો કદાચ જનમાદાસ બચ્યો હોત, પણ અશોકે પગ મૂક્યો વીજળીનો 'શોક' લાગીને માણસ ઊછળે તેમ તે ઊછળ્યો અને તદ્દન સ્થિર થઈ ગયો. અશોકના જમણા પગના કેન્વાસના બૂટમાં ભીનાશ છવાઈ ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે જમનાદાસના હાર્ટમાં તાજવાનો જાડો કાંટો ઘૂસી ગયો હતો. જમનાદાસ ત્યાં ને ત્યાં મરણ પામ્યો.



પન્ની ફોઈએ, દાણચોરીની સ્કીમની ડિટેઈલ્સ મને કહી હતી ત્યારે તેણે મને આ વાર્તા કહી હતી, પણ તેના સામાન્ય મુદ્દા જ કહ્યા હતા. પરંતુ જે રીતે તેણે શામજીને વાત કરી, તે રીતે તોં મેં પછી જ સાંભળી હતી અને હું દંગ થઈ ગયો હતો. હું પોતે માનતો હતો કે હું લેખક થવા માટે સર્જાયો હતો અને 'ગરીબનો બેલી' નવલકથા ગુજરાતી ભાષામાં નામ કાઢે તેવી થશે તેવું લાગતું હતું, પણ પન્ની જેટલી સરળતાથી તેની 'વીતક' કથા બનાવી શકતી તે અચરજ પમાડે તેવી વાત હતી. સાલું ત્રાજવાના આંકડાથી મૃત્યુ થયું હોય તેવું તો હિન્દી ફિલ્મોમાંય આજ સુધી આવ્યું નથી.

વેલ, પછીની કથા તદ્દન ઈમોશનલ હતી, પુષ્પાની મા હૉસ્પિટલમાં મૃત્યુ પામે છે. અશોક પોલીસ કૂતરાંઓના હાથે ઝડપાય છે અને તેને ૬ વર્ષની સજા થાય છે. કારણ કે પ્રોસિક્યુશન પુરવાર કરી શકતું નથી કે

અશોકે જમનાદાસનું જાણી બૂજીને ખૂન કર્યું છે. પરંતુ અશોકની જિંદગી બરબાદ થાય છે. આખરે છૂટે છે ત્યારે પુષ્પાની દશા એટલી ખરાબ નથી જેટલી પહેલાં હતી, પણ તેના પિતા અશોકની સાથે લગ્ન કરવાનો વિરોધ કરે છે અને પુષ્પા આખરે ભાગી જાય છે. જેલમાં થયેલા મિત્રો અશોકની મદદે આવે છે. અને અશોક આખરે એક્સપોર્ટ-ઇમ્પોર્ટના ધંધામાં ઝંપલાવે છે. અને નિર્ણય કરે છે કે તે કરોપડતિ થઈને જંપશે. એક ખોફનાક થ્રિલર અને લવસ્ટોરીની જેમ પન્નાએ એ કથા શામજીને કહેલી.



"ઓહ... ઈશ્વર.. તેં આટલું બધું સહન કર્યું છે ? મને ખબર નહિ." શામજીએ સહાનુભૂતિથી કહ્યું. પુષ્પાએ વાત બંધ કરી.

"આપણે જઈએ, તે બોલી."

"નહિ પુષ્પા તારા ચહેરા પરથી મને લાગે છે કે તારી વાત અધૂરી છે."

"મને કશું પૂછતાં નહિ શામજી," તે બોલી અને શામજીએ તેને પોતાના પડખામાં સેરવી.

"તું શું છુપાવે છે પુષ્પા..."

"એ તમને નહિ સમજાય. અશોકને.. અશોકને.. જવા દો. તેની સાથે તમારે લેવા-દેવા નથી."

"નહિ પુષ્પા...છે ઘણી લેવા-દેવા છે પુષ્પા. મારે તને સુખી જોવી છે."

"હું ત્યારે જ સુખી થઈશ જ્યારે અશોકની જેમ હું પણ એશ કરીશ."

"હું સમજ્યો નહિ."

"મારે પૈસા જોઈએ છે. પૈસાદાર થવું છે. અશોકની જેમ નોટો બાળી શકું તેટલા પૈસાદાર થવું છે." પુષ્પાએ કહ્યું.

"પણ પુષ્પા એ કમાય છે તે પૈસા તારા જ છે ને ?"

"મને પણ એમ હતું. પણ ત્યારે મને ખબર ન હતી કે અશોકે બીજી પત્ની કરી છે."

"બીજી પત્ની ? શું વાત કરે છે ?"

"હા. હવે સાંભળવું છે તમારે ? અશોક મને પ્રેમ કરે છે. કારણ તેને એક બાંદી જોઈએ છે. ઉપકાર હેઠળ દબાઈ ગયેલી એક ઔરત. તેને હવે હું ગમતી નથી."

"તો પછી આ સોનું તને-"

"હાથખરચી તરીકે આપે છે અને બિસ્કિટ દીઠ અમુક જ પૈસા, એ હજુ આ ધંધામાં માતબર થયો નથી. હું તે-" કહીને એ અટકી.

"હું શું ?"

"તમારી આગળ શું છુપાવવું. એ હજુ કુરિયર જ છે... તે પૈસા કમાય છે. પણ મબલખ ધન તો બીજાઓ કમાય છે."

પુષ્પાએ કહ્યું અને શામજી ઠંડો પડ્યો.

શામજીથી છૂટા પડતાં પહેલા પત્નીએ તેને સમજાવ્યું હતું કે તેનો વર હજુ નાના પાયે કામ કરે છે. તે ધીરે ધીરે પૈસા એકઠા કરતો જાય છે. અઠવાડિયે પંદર દાડે તે ચાર-પાંચ-સાત બિસ્કિટ જેટલું અંગત કામ કરી શકે છે. પણ તેની પાસે પચ્ચીસ પચાસ લાખનું રોકાણ કરવાની સગવડ હોય તો તે વધારે કામ કરી શકે.

"પણ પુષ્પા, તેમાં તને શું ફાયદો થાય ?"

"મારે તેનાથી છૂટવું છે. મારે તેની સાથે એક હંગામી બૈરી જેવી જિંદગી વિતાવવી નથી, પણ મારે હવે મારાં જિંદગીના પ્રથમ વીસ વર્ષ જેવી જિંદગી ગાળવી નથી. મારી પાસે મારી પોતાની આવક હોવી જોઈએ. ચેનથી જીવી શકું તેવી આવક હોવી જોઈએ. દસ-પંદર લાખ હું કોઈ ઠેકાણે વ્યાજે મૂકીને, મહિને દિવસે દસપંદર હજાર મેળવી શકું તો આવતી કાલે અશોક સાથે ડાયવોર્સ લઈ લઉં."

"પણ એ તને પ્રેમ કરતો હતોને... એકાએક શું થયું ?" શામજીએ પૂછ્યું.

"એકાએક કંઈ થયું નથી. તે આ ધંધામાં પડ્યો.. ત્યારથી બહાર રહેતો થયો. જે વ્યક્તિ મુંબઈથી પૂના સુધી ગઈ ન હોય તેને દેશપરદેશ ફરવાનું થાય તેની જિંદગીમાં કેવું પરિવર્તન આવે તેની તમને કલ્પના નથી.

વળી બીજી વાત છે જે તદ્દન અંગત છે.''

''હજુ તને મારામાં વિશ્વાસ પડતો નથી ?''

''એવું નથી શામજી... પણ એ કહીને ફાયદો નથી. મારી અવદશા પછી મને ગાયનેક પ્રોબ્લેમ્સ થયા. એટલે.. વેલ.. જવા દો તેની સાથે તમારે શું લેવાદેવા, પણ હું બાળકની મા બની શકું તેમ નથી. મારું યુટિરસ કઢાવી નાખેલું છે.''

''ઓહ નો પુષ્પા...''

''અશોક માટે એ જબરદસ્ત બહાનું છે. તેને બાળકો ખાસ ગમતાં નથી છતાં તેને બાળક જોઈએ તો શું કરે ? કહીને મને સતાવી શકે છે.'' પન્નીએ લંબાણથી તેની સોબ-સ્ટોરી કહી. તે દિવસે શામજીએ તેને ચાઈનીઝ લગડીઓના પૂરેપૂરા પૈસા આપ્યા. શામજીએ તેને કેવી રીતે મદદ કરશે તે કહ્યું નહિ, પણ તેના આત્માના તાર ઝણઝણતા હતા. પુષ્પા (પન્ના) જેવી ફટકી ઔરત તેની સાથે રહે તો તેને પણ તેની ફૂલી ગયેલી જાડી પત્ની કરતાં વધુ રંગત રહે. વળી તેને બાળક ન થાય એટલે કોઈ પ્રોબ્લેમ પણ નહિ.

શામજીના દિમાગમાં પન્નીએ એક અનેરું સ્વપ્ન મૂક્યું હતું. તે પછી અમારે ચર્ચા પણ થઈ હતી.



''પન્ની, મને શામજીનાં એંધાણ સારાં દેખાતાં નથી.'' આવો જ પ્રયોગ પણ જરા જુદી રીતે તેણે કિશન નામના એક વેપારીના છોકરા પર કર્યો હતો. એકની એક મોડસ ઓપરેન્ડીનો હું હંમેશા વિરોધ કરતો આવ્યો છું. અલબત્ત મારા દાદા જૂના વખતના પારધીઓના દાખલા આપતા અને કહેતા કે પશુ-પંખીઓને પકડવાની જાળ કે સકંજા ભલે એકના એક હોય. તેમાં વાંધો નથી. મતલબ મોડસ ઓપરન્ડી ગમે તેટલી વખત તેની તે જ હોય. અગત્યની વાત તેને કન્ફ્યુઝ કરવાની છે. તેમાં મહત્ત્વ ટાઈમિંગનું છે. તમારી ઓબિલીનું છે. અને શિકાર થનારના સંજોગોનું છે. પન્નીએ તે જ દલીલ કરી અને ઉમેર્યું,

''પવલા, તારે મને તસ્કર શાસ્ત્રના પાયાના સિદ્ધાંતો શીખવવાની

જરૂર નથી. કિશન હોય કે શામજી હોય, પુરુષ માત્રને તેની પોતાની પત્ની કરતાં બીજી સ્ત્રીમાં રસ વધુ હોય છે. તેમાં લગ્ન પછી તો ખાસ. તેનું મનોવૈજ્ઞાનિક કારણ છે. પુરુષ હોય કે સ્ત્રી બન્ને આખરે પ્રાણીજગતમાંથી જ આવે છે ને ! સ્ત્રીને કોઈકથી જિતાવું ગમે છે અને પુરુષને જીતવું ગમે છે." પત્ની આવું બોલતી અને મારે કાળજે ઘા વાગતો. હું તેના પ્રેમમાં એટલો ગળાબૂડ હતો કે તેની દલીલ સાંભળતાં પણ મને થોડી દહેશત રહેતી.

"એ તને બળાત્કારે-" હું બોલ્યો અને તે હસી.

"પવલા... એવું કંઈ કરતાં પહેલાં તેને બીજો જન્મ લેવો પડશે." તે બોલી અને પછી અમારી પ્રગતિનો સ્ટોક લેવાયો.

"તું રતિલાલની બહેનને મળી આવ્યો ? તેણે મને પૂછ્યું. "શામજી હવે 'બંગલે' આવ્યા વગર રહેશે નહિ."

"એ થઈ ગયું છે,પણ એ જયા ગૌરી ઓછી નથી. તે કહેતી હતી કે ગયે વખતે તમે તેને બહુ ઓછા પૈસા આપ્યા હતા. આ વખતે બંગલો વાપરવાના તે ડબલ પૈસા માગે છે."

"તેને આ આપ્યા વગર છૂટકો નથી અને પવલા, બે દિવસ પછી હું ત્યાં રહેવા જઈશ. મારે રેખાને (અમારી કામવાળી) સાથે લઈ જવી પડશે."

"વાંધો નહિ."

"આપણે હવે સવારના નવ વાગ્યા પહેલાં જ મિટિંગો રાખવી પડશે." તે બોલી. તેણે લિસ્ટ કાઢ્યું અને પૂછ્યું. "રાઈફલોનું શું થયું ?"

"એ આવતા મહિને થશે." મેં કહ્યું.

"હાથબોમ્બ ?"

"એ કામ પ્રોફેસર સંભાળી લેશે. મેં જવાબ આપ્યો. અમદાવાદમાં સાબરમતીને કિનારે દૂધેશ્વરનો આરો નામની જગ્યા છે. ત્યાં નદીના ભાઠામાં થોડાક ફટાકડા બનાવવાનાં કારાખાનાં છે. ત્યાં શબ્બીર મિયાં કરીને દારૂખાનું બનાવનારો જૂનો ખેલાડી છે. પ્રોફેસરનો તે દોસ્ત છે. અમારી સ્કીમમાં અમારે થોડાક ગ્રેનેડ્ઝની જરૂર હતી, પણ સાચુકલા ગ્રેનેડ્ઝ નહિ. ખરેખર તો જેને દારૂખાનામાં 'એટમ બોમ્બ' તરીકેની આઇટમ ગણાવવામાં આવે છે તે જ

આઈટમની અમારે જરૂર હતી, પરંતુ તેનો જે ટેટો બનાવવામાં આવે તેનો આકાર ગ્રેનેડ જેવો રાખવાનો હતો. પ્રોફેસર તેની સાથે કન્સલ્ટેશન કરી આવ્યા હતા અને શબ્બીર મિયાંએ પંદર દિવસનો ટાઇમ પ્રયોગ માટે માગ્યો હતો."

"અચ્છા કરામત શીખવાનું શું કર્યું ?"

"બસ બે દિવસમાં અમે જઈશું. સોમા નાયક અને બીજા કલાકારો મહેસાણામાં ભેગા થશે." મેં જવાબ આપ્યો.

"તારા દાંત ?"

"કાલે તૈયાર થઈ જશે."

"સરસ" પન્નીએ કહ્યું. તે પછી કપડાં વિષે અને 'ઑપરેશન'માં જોડાનારા સાથીઓ વિષે ચર્ચા થઈ. બીજું અગત્યનું કામ યોગ્ય લોકેશન શોધવાનું હતું. તે અંગે જમ્બો, પ્રોફેસર, જયલા વગેરેનાં વિવિધ સૂચનો આવ્યાં.

"એ કામ હું અને પવલો કરીશું." પન્નીએ કહ્યું. આ તૈયારીઓ ચાલતી હતી ત્યારે ઓગસ્ટ મહિનો ચાલતો હતો. ડી-ડે નવેમ્બર મહિનામાં નક્કી કરવાનો નિર્ણય લેવાયો.

મિટિંગ બરખાસ્ત થઈ ત્યાર પછી પન્નીએ હિસાબ માંડ્યો હતો. લગભગ પચાસ તોલાના શામજી સાથેના ત્રણ ટ્રાન્સેકઝન્સમાં અમે ત્રીસેક હજાર ગુમાવ્યા હતા.તે ઉપરાંત સઘળી તૈયારીઓમાં જીપના ખર્ચ ઉપરાંત બીજો વીસબાવીસ હજાર ખર્ચ થઈ ચૂક્યો હતો.

"પવલા, આપણે હજુ ખાસ્સા ફંડ્ઝની જરૂર પડશે." પન્નીએ કહ્યું હતું.

"જયલો મને કહેતો હતો કે તેની પાસે સાઠ-પાંસઠ હજારની ફિક્સ્ડ ડિપોઝિટો છે અને તેની જયા પણ પૈસાવાળી છે."

"આપણે બધાનો સહકાર મેળવવો પડશે."

"ગોડાઉનમાં સારો એવો માલ પડ્યો. છે. ત્રણ વીસીઆર તાત્કાલિક વેચી શકાય તેમ છે." એમ અમારી વાતચીત ચાલી.

"પવલા, તમે સોમા નાયકને ત્યાં 'ભણી' આવો પછી તારી અને

શામજીની મુલાકાત થશે એટલે તેની પણ તૈયારી કરવાની છે."

શામજીની મુલાકાતનો મને કોઈ અજંપો ન હતો. ફક્ત એક નાનકડો ઉચાટ એ હતો કે એક વખત તેની મુલાકાત થઈ જાય પછી એકદમ ગતિશીલતા આવી જશે. એ આખીય સ્કીમનો સૌથી 'ક્રુશિયલ' ભાગ મને લાગતો હતો.

"પવલા... પચાસ લાખથી જેટલા કમ ઉતારીશું તેટલો આપણો નફો ઘટશે." પન્ની બોલી.

"તને ખાતરી છે પન્ની કે શામજી એટલા રોકવા તૈયાર થશે ?"

"આખરી દાવમાં એટલા ન રોકે તો સ્કીમનો ઝાઝો અર્થ નહિ રહે." પન્ની બોલી.

"પણ ધારો કે રોકશે તો ?" મેં કહ્યું.

"તો તારા મોઢામાં સાકર." તે બોલી અને તેણે મારા હોઠ પર તેના હોઠ જડ્યા. હું ઉમંગમાં આવી ગયો. પન્ની મને ચુંબન કરતી ત્યારે બસ મને ઈશ્વરનો સાક્ષાત્કાર થતો. તમને કહીશ તો તમે નહિ જ માનો, પણ હું પન્નીને કારણે જ બધું કરતો હતો. બીજે દિવસે પન્ની ઝડપથી તૈયાર થઈ. મારે પણ વહેલા નીકળવાનું હતું. જમ્બો, અમારી જ જીપ લઈને આવવાનો હતો. પ્રોફેસરને તેમને ઘરેથી લઈને તે સવારના આઠ વાગ્યે આવવાનો હતો.

લગભગ પોણા આઠ વાગ્યે જયલો આવ્યો હતો. ત્યારે પન્ની તૈયાર થઈ ચૂકી હતી. હું દાઢી કરતો હતો મારી દાઢીનો ગ્રોથ ભયાનક હતો. પરિણામે મારે નાહીને, ચહેરો સહેજ સોફ્ટ થાય પછી દાઢી કરવી પડતી. જયલાની સાથે અમારી જ્ઞાતિનો શનો ઉર્ફે સતીશ ઉર્ફે સતીશ સિલ્વર આવ્યો હતો. મને એ ખબર હતી કે અમારે સ્કીમ માટે ચાંદીની પાટોની જરૂર હતી. એટલે તેની ખરીદી કરવી પડે તેમ હતી. પણ જયલો સતીશ સિલ્વરને લઈને આવશે તેની કલ્પના મેં કે પન્નીએ કરી ન હતી.

સતીશને અમારા ઘરના દીવાનખંડમાં એટલે કે નીચે બેસાડીને જયલો ઉપર આવ્યો હતો.

"અરે જયલા.." મિડી ફ્રોક પહેરતાં પહેરતાં પન્ની બોલી હતી.

"પન્ની, સિલ્વરને લઈને આવ્યો છું."

"સિલ્વર.. કોણ સતીશ સિલ્વર અમારી જ્ઞાતિનું આ એક નોખું જ કેરકેટર છે. તેનું સ્પેશ્યલાઇઝેશન 'ચાંદી' છે. એમ સમજોને તેના આખા ખાનદાનમાં ચાંદીની ચોરીના જનીનો ઊતર્યા હતા. હવે અમારે આ સ્કીમ માટે ચાંદીની જરૂર પડવાની હતી. પણ તે વાત શનીઆ સુધી પહોંચે તે જરૂરી નહોતું." મેં પૂછ્યું હતું.

"યસ હરિ ઓમ્... આપણે ચાંદીની પાટ જોઈશે તેવું પત્નીએ કહ્યું હતું અને હું વિચારતો હતો કે આપણે ઝાઝું રોકાણ કરવું ન પડે અને આપણને બારોબાર ચાંદીની પાટો મળી જાય. હરિ ઓમ્ તો તેના જેવું ઉત્તમ નહિ. સવારના મંગળાના દર્શન પતાવી હું દ્વારકાધીશના મંદિરમાંથી નીકળતો હતો. ત્યાં જ મને શનીઓ ભટકાયો. છે ને હરિ ઓમ્ ઈશ્વરની લીલા ! બાકી સિલ્વરને મળવું જ મુશ્કેલ હોય છે અને તું માનીશ, પત્ની આજ સુધીમાં તે જ્યારે મને મળ્યો છે ત્યારે હરિ ઓમ્ મારું પાંચપચાસનું કર્યા વગર ગયો નથી. તેને બદલે તેણે સામેથી મને કહ્યું."

"પંડિત, આવો મારે તમારી સાથે વાત કરવી છે." કહીને મને ચકલામાં આવેલી અમ્બિકામાં લઈ ગયો. હરિ ઓમ્ તમે લોકો ક્યારેક આવો રાયપુરમાં સાલી શું ફૂલવડી બને છે ! વાત ન પૂછો ! આજે નહિ નહિ તો પચ્ચીસ વરસથી હું ફૂલવડી ખાઉં છું. બાકી એમ માનોને કે જો કોકોકોલાવાળા એ કારીગરને મળે ને તો મોઢામાં આંગળાં નાખી દે. એક જ ટેસ્ટ અઢી દાયકાથી.... હરિ ઓમ્ ક્યારેય વધારે તીખી કે ખારી કે મોળી નહિ. સાલાનો શું હાથ છે ? એક વાર મારી જયાને મેં તે ચખાડી પછી તમે નહિ માનો, તેને જો મારી સાથે વાત કરતાં કરતાં ફૂલવડી યાદ આવે તો બસ..."

"જયલા... તું મારા વતી અડધો કિલો ફૂલવડી ખાઈ લેજે અને તારી જયાને ખવરાવજે. અત્યારે આપણે સિલ્વરની વાત કરી રહ્યા છીએ." કહીને મેં તેને ફૂલવડીની વાર્તામાંથી અટકાવ્યો.

"ઓહ.. હરિ ઓમ્...સાલી ફૂલવડીનો ટેસ્ટ-"

"તેં સતીશને શું કહ્યું છે ? જયલા, તને ખબર નથી કે આપણું ઑપરેશન ટોપ સિક્રેટ છે ?"

"એ જ અગત્યની વાત છે ને ! મેં તેને હજુ કશું જ કહ્યું નથી. તેણે મને કહ્યું." જયલો બોલ્યો.

"તેણે કહ્યું એટલે ?" દાઢી કરતાં કરતાં હું ચોંક્યો હતો. અમારી સ્કીમની એક નાનકડી વાત પણ બહાર આવે તો અમારે આખું ઑપરેશન રદ કરવું પડે.

"અરે ભાઈ, તે મને અમ્બિકા (રેસ્ટારાં)માં લઈ ગયો. ૨૫૦ ગ્રામ ફૂલવડી મગાવી. ચટણી તૈયાર થતી હતી અને હજુ હમણાં જ કારીગરે વેસણ તૈયાર કર્યું હતું. હરિ ઓમ્ તાવડામાં તેલ પણ ગરમ થયું ન હતું."

"સિલ્વરે તને બોલાવ્યો પછી ?" પત્નીએ તેને અટકાવ્યો.

"મને કહે ! પુરોહિત... મારે તમને ખાસ વાત કરવી છે." તેણે હળવેથી કહ્યું. જયલો પોતાની જાતને પુરોહિત અથવા પંડિત તરીકે જ સંબોધતો.

"બોલને સિલ્વર વાત શું છે ?" મેં કહ્યું.

"સિલ્વરની જ વાત છે" તે બોલ્યો.

"એટલે તારી જ ને હરિ ઓમ્ ?" મેં કહ્યું.

"અરે ભાઈ સિલ્વરની !" તેણે કહ્યું.

"પણ સિલ્વર એટલે તું જ ને હરિ ઓમ્ કે પછી નાતમાં કોઈ બીજો સિલ્વર પાક્યો છે ?" મેં કહ્યું.

"હોતું હશે ?" તેણે ગર્વથી કહ્યું અને મારી જાંઘ પર ધબ્બો ઠોક્યો.

"સિલ્વર, ગાંડા, હું ચાંદીની વાત કરું છું. ચાંદીની સમજ્યોને, કે નહિ ?"

"અચ્છા તો શું વાત છે ?"

"યાર ખૂબ ભરાવો થયો છે અને મારે પાટો વેચવાની છે." તે બોલ્યો.

"અચ્છા ! તો કહેતો શું નથી તને તત્કાળ ગોઠવી આપું." મેં કહ્યું. અને આમેય તેનો મોટો ભાગ તો તે મારા ઘરાકોને ત્યાંથી જ મારી લાવેલોને ભાઈ. અને હરિ ઓમ્ પત્ની મને એ ખબર હતી કે આપણે ચાંદી જોઈશે જ. એટલે તો હું તેને લઈ આવ્યો."

"સારું જયલા, તું એને ઉપર લઈ આવ." પત્નીએ કહ્યું અને સતીશ

સિલ્વરને ઉપર બોલાવવામાં આવ્યો. મને આમેય સ્ત્રૈણ દેખાતા પુરુષ ગમતા નથી. આ સતીષ છે રૂપાળો. તે છોકરી હોત તો સાચે જ તેની પાછળ ઘણાં કોલેજિયનો આંટા મારતા હોત. મેં જોયું છે કે સ્ત્રૈણ ગુણો ધરાવતા પુરુષો મોટે ભાગે કવલા તો હોય છે. વળી તેમની ડ્રેસની સેન્સ પણ સ્ત્રીઓ જેવી જ હોય છે. લીલું રેશમી પહેરણ અને નીચે વિચિત્ર ગ્રે રંગનું જીન્સ પહેરીને સતીશ ઉપર આવ્યો. પન્નીને તેણે સહેજ લહેકો કરીને કહ્યું.

"સાચું કહું તો આજે મારે માટે ખૂબ આનંદનો દિવસ છે. રોજ મને થતું કે ક્યારેક તમારી સાથે લાંબુ મળવાનું થશે." સતીશ વધુ કાંઈ બોલે તે પહેલાં પન્નીએ તેને અટકાવ્યો.

"અચ્છા સતીશભાઈ."

"નહિ તમે મને સતીશભાઈ ન કહો. નહિ તો મને થશે હું તમારાથી મોટો છું." તે કંઈક ધીરેથી, હસીને, માથું હલાવીને બોલ્યો. મને સાચે જ નવાઈ લાગતી હતી. કારણ દોઢ વર્ષ પહેલાં એક મંદિરમાંથી ચાંદીના પતરાવાળા પાટલા, બાજઠ અને ચાંદીની જાળી ઉતારી લાવવા માટે આ સિલ્વર પકડાયો હતો અને પોલીસે મારી મારીને તેને સૂવર બનાવી દીધો હતો. તેને જોઈને લાગે નહિ કે આ માણસ એક લાફોય ખમી શકે તેવો છે. પણ અમારી જ્ઞાતિ માટે એક વરદાન છે. ગમે તેટલો માર અમારું નાનું છોકરુંય ખમી શકે છે.

"અચ્છા સતીશ, બસ !" પન્નીએ હસીને કહ્યું.

"એ મને ગમ્યું."

"મને જયંત કહેતો હતો કે તારે ચાંદી કાઢવાની છે." પન્નીએ કહ્યું.

"બરાબર છે. જુઓને, એવું છે મારી જગ્યા નાની છે અને એટલો બધો જથ્થો રાખું તો ક્યારેક પંચાત થાય. તમે પોલીસવાળાને ક્યાં નથી ઓળખતા ? ગયે વખતે મને પકડ્યો. મેં કબૂલ કર્યું તોય મને ધોયો અને આખરે માલમાંથી એક પાટલો ઇન્સ્પેકટર મારી ગયો. મારે જૂઠું બોલવું પડ્યું કે હું મુંબઈ જઈને એ પાટલો વેચી આવ્યો છું."

"કેટલી છે ચાંદી ?"

"તમારે કેટલો ખપ છે ?"

"મારે વીસપચ્ચીસ કિલો ચાંદી જોઈશે." પન્નીએ કહ્યું.

"કાલે જ પહોંચાડી દઈશ."

"ભાવ શું સિલ્વર ?"

"હવે એ તો તમે જે વાજબી હોય તે જ આપજોને." સતીશે કહ્યું "તમારી સાથે ભાવ શું કરવાના !"

"ના ના, તોય આપણે ચોખવટ કરવી સારી. આમ તો મારે એ ચાંદી થોડા વખત માટે જોઈશે."

"એટલે ?"

"એટલે કે મારે તેનો ઉપયોગ પૂરો થાય એટલે વેચવી જ પડવાની છે. મારે તો તેનો ઉપયોગ કેવળ સંપત્તિ દેખાડવા પૂરતો કરવાનો છે." પન્નીએ કહ્યું.

"એટલે ઇન્કમટેક્ષવાળાને ?"

"એમ જ સમજને સતીશ." પન્નીએ કહ્યું "અરે ! પ્રવીણ, સતીશ માટે જ્યુસ કે પછી આઇસ્ક્રીમ.. કશું મંગાવને ! નહિ તો પછી કેસર પિસ્તાવાળું દૂધ, રેખાએ તૈયાર કર્યું હશે." પન્નીએ અડધી વાતે ઓર્ડર આપ્યો. દાઢી લૂછીને હું નીચે ગયો ત્યાં સુધીમાં તેણે સતીશને પટાવી નાખ્યો હતો.

ત્યાં જ પ્રોફેસર અને જમ્બો આવ્યા હતા. હું તૈયાર થતો હતો ત્યારે સતીશનો હાથ પકડીને પન્ની તેના કમરામાં લઈ ગઈ હતી. જયલો એ બન્નેની પાછળ પન્નીના કમરામાં ગયો હતો.

"કોણ છે અંદર ?" જમ્બોએ પૂછેલું.

"સતીશ... સતીશ સિલ્વર." મેં કહેલું.

"યાર, એ ચોટું છે." જમ્બોએ કહ્યું.

"તેમાં આપણે શું ?"

"એમ નહિ. કમબખ્ત દેખાય છે, 'બાયા' જેવો પણ અચ્છી અચ્છી પોટ્ટીઓને પટાવે છે." જમ્બોએ કહ્યું. પણ મારે જમ્બોને કેવી રીતે કહેવું કે પન્નીને પટાવવી તે કાચા-પોચાનાં કામ નથી. સિલ્વર જેવા કેટલાય તેના ખિસ્સામાં છે.

ખેર ! હું જમ્બો અને પ્રોફેસર સોમા નાયકને મળવા નીકળ્યા.

અમારી સ્કીમ માટે, અમારે કેવળ સોમા નાયક પાસે જ કરામત હતી તેની જે જરૂર હતી. તેમ છતાં તેને એવું કહેવાય તેમ ન હતું. એટલે જ પ્રોફેસરે તેને પ્રાથમિક વાતચીતમાં સજાવ્યું હતું કે લોકકલાઓ પરની અમે એક દસ્તાવેજી ફિલ્મ બનાવી રહ્યા છીએ અને તેમાં વિવિધ કળાઓના પરિચય જરૂરી છે. ફિલ્મ ઉતારતાં પહેલાં એ તમામ ખેલના નાયક જે નક્કી કરે તે ફીઝ અમે આપવા તૈયાર હતા.



લગભગ દોઢ વાગ્યે અમે મહેસાણા પહોંચ્યા હતા. અને સોમો નાયક અમારી રાહ જોતો એસ.ટી બસસ્ટેન્ડ પર જ ઊભો હતો. અમે તેને અમારી જીપ ગાડીમાં લીધો. સાંજ સૂધીમાં અમને તે ત્રણ ગામોમાં લઈ ગયો અને જુદા જુદા કલાકારનો પરિચય કરાવ્યો. તેણે જે કામ આરંભ્યું હતું તે જોતાં અમારે એક અઠવાડિયું સાબરકાંઠા અને બનાસકાંઠામાં ગાળ્યા વગર છૂટકો દેખાતો ન હતો. તે અમને આ તરફ હારિજ-રાધનપુર-બહુચરાજી, પેલી તરફ છેક ખેડબ્રહ્મા ઈડર અને અંબાજી, હિમ્મનગર, પ્રાંતીજ, વિજાપુર, વડનગર, વિસનગર વગેરે તમામ સ્થળે લઈ જવાનું નક્કી કરીને આવ્યો હતો. એટલે અમારો કોઈ છૂટકો ન હતો. સારું હતું કે ચંદુ દટ્ટાને અમે સાથે લીધો હતો. અમે સમય બચાવવા તેને પાછો અમદાવાદ મોકલ્યો અને પત્નીને સંદેશો આપ્યો હતો કે સોમાએ તો લોકકલાનું સંશોધન શરૂ કરાવ્યું હતું. લગભગ એક અઠવાડિયું તેણે અમને ગામેગામ ફેરવ્યા હતા.

અમને ટ્યૂબલાઈટો ખાઈ જનારા, જીવતા વીંછી જીભ પર ફેરવનારા, ઝેરી નાગ સાથે હવાડામાં સૂઈ શકતા, વીસ હાથનું ધોતિયું ગળી જતા, અગ્નિ પર ચાલતા, મોઢામાંથી ભડકા કાઢતા, પાતળી તલવાર ગળી જતા, છાતી પર પથ્થર તોડાવનારા, દોરડા પર અનેક પ્રકારનું સમતોલનનું કરતબ બતાવતા, દૂંટી પર વાંસને બેલેન્સ કરીને વાંસના ઉપરના છેડે નાનું છોકરું ખાટલામાં બેસાડીને અધ્ધરપધ્ધર રાખનારા, સળગતા કૂવામાં ધૂબકો મારતા, એમ અનેકાનેક કલાકારોનો પરિચય સોમા નાયકે કરાવ્યો હતો. પ્રોફેસરને તેણે આ પહેલાં જ બધાનો પરિચય અને ફોટા આપ્યા હતા. અમારા ગોડાઉનમાંથી અમે વિડિયો કેમેરા લેતા ગયા હતા. અલબત્ત અમારામાંનું

કોઈ કેમેરામેન હતું નહીં છતાં જેવું આવડ્યું તેવું શૂટિંગ કરીને અમે કેસેટો ભરી નાખી હતી. એટલું જ નહિ, એક અઠવાડિયામાં પંદર-સત્તર હજાર આ કલાકારોને વહેંચવામાં ગયા હતા.

આખરે અમે સોમાને ગામ રાજપરા પહોંચ્યા. અમે જે કલાકારોને મળી આવ્યા હતા તેમના કરતાં સોમા નાયકનું ઘર મોટું હતું. ઘરના આંગણામાં ઊગેલા લીમડા હેઠળ ખાટલામાં પાંચ-સાત પુરુષ બેઠેલા અને થોડીક સ્ત્રીઓ પડાળીમાં બેઠી હતી. અમારી જીપ ગામમાં પહોંચી ત્યારે ડઝન જેટલા છોકરાં પણ પાછળ દોડતા સોમાને ત્યાં આવ્યા હતા. થોડીવારમાં અમારા માટે ચા આવી. અમે લગભગ સાંજ ચારેક વાગ્યે રાજપરામાં પહોંચ્યા હતા. સોમો નાયક અમને સાંજે પહેલાં તેનો ખેલ બતાવવાનો ન હતો. એક અઠવાડિયામાં તેણે અમને 'અદ્ભુત'ની દુનિયા બતાવી હતી તેની ના નહિ. પરંતુ તેણે અમને કલાકારોની વીતક કથાઓ કહીને લગભગ પાગલ કરી નાખ્યા હતા. તેની કરમકથનીઓ બાબત મને ખાસ મતભેદ રહેતો. કારણ નાનપણથી મારા દાદા, મારા બાપાને એમિલ ઝોલાની માફક કહેતા "બાબુ, જે કલા તમને ભૂખ્યા રાખે તે કલા કોઈ કામની નથી." એટલે મને સોમા નાયકની વાતોથી કશી અનુકંપા થતી નહિ. સાંજ સુધીમાં તેણે રાજપરાના કલાકારોનો પણ અમને પરિચય કરાવ્યો હતો. અમને ગરમાગરમ રોટલા, રીંગણનું ભરતું અને કઢી જમાડવામાં આવેલાં. સોમો અને તેનો સાગરીત શંકર નાયક ભૂખ્યા રહેલા. વાળું પત્યા પછી સોમા નાયકના પટાંગણમાં હકડેઠઠ ભીડ જામી હતી.

અને મંગા રાવળિયાની મ્યુઝિક પાર્ટીએ ઢોલ, નગારી, સુંદરી અને કાંસાની થાળી જેવાં વાજિંત્રો, સાથે ખેલનું એટમોસ્ફિયર જમાવ્યું હતું. સોમો અને શંકર તેમના ઘરના ઓરડામાં તૈયારીઓ માટે ગયા હતા. રાજપરાના બે નાના છોકરાઓએ રિધમ અને સુંદરી (શરણાઈ જેવું નાનું વાજિંત્ર)ના સૂરો સાથે સરકસમાં પણ જોવા ન મળે તેવી એક્રોબેટિક્સની રમઝટ બતાવી હતી. એ છોકરાઓની કમાલ જોઈને અમે સાચે જ આનંદવિભોર થઈ ગયા હતા. પ્રોફેસરે બન્ને છોકરાઓને એકસો એક રૂપિયાનાં ઇનામો આપ્યાં હતાં. મારે ન કહેવું જોઈએ પણ આખીય અમારી સાંસ્કૃતિક ટૂર દરમ્યાન પ્રોફેસરે પૈસાની લ્હાણી જ કરી હતી. સોમો નાયક પ્રોફેસરની વીકનેસ જાણી ગયો

હતો. એટલે પ્રોફેસરને ફલાણો કલાકાર વિસનગરમાં તદ્દન બેહાલ હાલતમાં છે. ઢીંકણો મરણપથારીએ છે - ત્રીજો વળી લકવાથી પીડાય છે, કોઈની પત્ની દસ વર્ષથી બીમાર છે. વગેરે વગેરે એક પછી એક ચડે તેવી ટ્રેજેડીઓ કહી કહીને પૈસા અપાવી રહ્યો હતો. અને તેને કારણે 'સેવિયર ઓફ આર્ટ એન્ડ આર્ટિસ્ટ્સ' જેવી પોતાની છાપ ઉપસાવી રહ્યો હતો.

ખેર ! છોકરાઓની ખેલ-કૂદ પૂરી થઈ. પછી મંગા રાવળિયાની મ્યુઝિક પાર્ટીએ કોઈ વીરરસની રિધમ શરૂ કરી હતી. ઘડીભર મારા અને જમ્બોના શરીરમાં રણભેરીના પડઘા પડવા શરૂ થયા હતા. અમને બન્નેને જાણે કે રાણા પ્રતાપ કે રાણા સંગની જેમ રોમ રોમમાં શૂરાતન પ્રગટતું હોય તેવો વીરત્વનો આસવ ચડવા માંડ્યો હતો. સોમો અને શંકર ઓરડામાં હતા અને ત્યાંથી એન્ટ્રી લઈને પડાળીમાં આવવાના હતા. પડાળીના બે થાંભલા વચ્ચે બે છોકરાઓ ધોતિયાના છેડા પકડીને અંતરપટ બનાવીને ઊભા રહેલા. પડાળીમાં ચાર પેટ્રોમેક્સ ધમધમાવવામાં આવેલા એટલે અજવાળું તો ઝળાંહળાં હતું.

સારો એવો સમય મંગા રાવળિયાની મ્યુઝિક પાર્ટીએ ધડબડાટી બોલાવી અને પછી એકાએક સિંહગર્જનાઓ થઈ અને સોમો નાયક અને શંકર નાયક ઓરડાના બારણામાંથી બહાર આવ્યા. બન્ને જણે કસોવાળી મોટી ઘેરવાળી અસ્સલ મોગલાઈ સિલાઈની કફનીઓ પહેરી હતી. નીચે સરવાલ અને કફનીઓ પર બખ્તરો પહેર્યાં હતાં. શંકર નાયક, હતો તેના કરતાં જાડો લાગતો. તેના પેટ પર ડબ્લ્યુ. ડબ્લ્યુ એફના પહેલવાનો પહેરે છે તેવો પહોળો પણ મેટલનો કમરબંધ પહેરેલો હતો. માથે સાફા બાંધ્યા હતા. શંકરના અને સોમાના હાથમાં તલવાર અને ઢાલ હતી. બન્નેની કેડે જમૈયા લટકતા હતા. મંગા રાવળિયાએ ઢોલ નગારીની રિધમ હળવી કરી. સુંદરીવાળા કલાકારે સૂરો બદલ્યા. સોમા અને શંકર વચ્ચે બેતબાજી શરૂ થઈ. જેમાં વીરરસને બદલે ભાંડનું સ્વરૂપ વધારે હતું. એ આખી બેતબાજી અહીં લખી શકાય તેમ નથી કારણ તેમાં કવિતાની સાથે મા-બેન સમાણી ગાળો હતી. પરંતુ ઓડિયન્સ તે સાંભળીને હસી હસીને ઢગલો થઈ જતું હતું. વળી આજે સોમાને પોતાની કલાનો તમામ પરચિય આપવાનો હતો. એટલે તેણે પોતાની કેરિઅરની બેસ્ટ બેતો સ્ક્રિપ્ટમાં દાખલ કરી હતી. તેમાંથી

કંઈક ગાળો વગરના સેમ્પલ તમને આપું છું.

તલવાર મારી તગતગે છે, લોહી તારું ચાખવા,
આવી જા ઓ રાંડવા બાપનું નામ રાખવા
જોયા હશે તેં ઘાઘરા પણ ધોતિયાં જોયાં નથી.
ઘૂમ્યો હશે તું રણવાસમાં પણ રણજંગ હજુ દીઠા નથી.

બસ આ પ્રમાણેની કંઈક અશ્લીલ શબ્દાવલી સાથેની 'બેતો' બોલતો શંકર અને સોમો ઘૂમતા ગયા અને બન્ને હાથમાંની તલવારો વીંઝતા ગયા. થોડીક મિનિટો બાદ મંગા રાવળિયાના બેન્ડે વળી તાલ બદલ્યો. પ્રફાંગ ધબ, પ્રફાંગ ધબ, પ્રફાંગ ધબ એમ થાપ આપીને તેણે પોતાનો બુંગિયો ધમધમાવ્યો. સુંદરીના બજવૈયાએ કાન ફાડી નાખે તેવા તાર સપ્તકમાં ભયાનક રાગ છેડ્યો. અને બન્ને એકબીજા પર તૂટી પડ્યા. તલવારો અથડાઈ. ઢાલ પર ઘા ઉપર ઘા ઝીંકાયા. દ્વંદ્વયુદ્ધ જામ્યું અને સાથે સાથે બન્ને ઘૂમતા જાય કૂદતા જાય. ઘડીમાં તમને લાગે કે હમણાં સોમા નાયકનું માથું ધડથી છૂટું થઈને, ખટારામાંથી રગડતા તડબૂચની માફક, ફૂટબોલની માફક તમારા પગમાં આવશે. તો ઘડીકમાં તમને થાય કે જો શંકરીઓ સમયસર કૂદ્યા ન હોત ઢીંચણથી તેના પગ કપાઈને તે અડધા થઈ ગયા હોત. આમ લાંબા યુદ્ધ સાથે, પડતા આખડતા દેકારા, પડકારા અને ગર્જનાઓ કરીને, પેંતરા લેતા, ડાયલોગ ઝીંકતા બન્ને તાલ સાથે ઘૂમતા રહ્યા.

અને એકાએક બુંગિયામાં 'ધમ પ્રફાક' એમ જોરથી તોપ ફૂટી હોય તેવો સાઉન્ડ નીકળ્યો. અને બન્ને લડવૈયાની તલવાર ઊછળી. એવી ખૂબીથી ઊછળી કે તેમની બાજુમાં બન્ને તરફ ઊભેલા કલાકારોએ ઝીલી લીધી. મંગા રાવળિયાને સાથ આપતા, કાંસાની થાળી પર દાંડી પીટતા કલાકારે 'ખડીંગ' અવાજ કર્યો અને સોમા નાયકે વીજળીવેગે તેની ભેટમાં ખોસેલો એક હાથ લાંબો જમૈયા કાઢ્યો.

"જય મા ભવાની" કહીને તે ઊછળ્યો... ધસ્યો. શંકર નાયકે તેની ઢાલથી સોમા નાયકનો ઘા ખાળવાનો પ્રયાસ કર્યો પણ તે પહેલાં તો સોમા નાયકનો જમૈયો, એક હાથ જેટલો જમૈયો, શંકર નાયકના પેટમાં ખૂંતી ગયો હતો. અને બરડામાંથી તેની અણી બહાર નીકળી હતી. થોડીવાર પછી સોમા

નાયકે ત્રાડ પાડી ને જમૈયો પાછો ખેંચ્યો હતો અને શંકર નાયક જાણે પોતાના પેટ પર બાંધેલા મેટલના કમરબંધને દબાવવા માંગતો હોય તેમ તેના હાથમાંથી ઢાલ નીચે ફેંકીને, તેણે બન્ને હાથે પેટ પર જમાવવા કોશિશ કરી હતી. દરમિયાનમાં સોમા નાયકે લોહિયાળ જમૈયા સાથે વિજયઘોષણાઓ કરીને નાચવા માંડ્યું હતું. મંગા રાવળિયાએ સોમાના વિજયઘોષની સાથે એનો બુંગિયો ધમધાવ્યો હતો. સુંદરીમાંથી સુરીલી ચિચિયારીઓ નીકળી હતી અને થાળીવાળાએ કાન ફાડી નાખે તેવો તાલ થાળી પર વગાડવા માંડ્યો હતો.

આ પરિસ્થિતિમાં લથડિયાં ખાતા શંકર નાયકના પેટમાંથી આંતરડાંનો લોહિયાળ ઢગલો બહાર આવ્યો હતો અને તેના કમરપટાને આધારે, ખીંટી પર દોરડાનું ગૂંચળું લટકાવ્યું હોય તેમ આંતરડાનું ગંદુ પિલ્લું લબડતું હતું. થોડી ક્ષણો તે લથડાયો, પડ્યો, ધ્રૂજયો અને સ્થિર થઈ ગયો હતો. અને તરત જ સોમા નાયકે તેના હાથમાંનો જમૈયો જમીન પર ફેંક્યો હતો અને રડવા માંડ્યો હતો.

એ પ્રસંગ બે સગા ભાઈઓ વચ્ચેની તકરારનો હતો અને મોટાભાઈએ પોતાના જ નાનાભાઈનું કાસળ કાઢ્યું હતું. તેવી કથા હતી. પણ તેમાં અમને રસ ન હતો. હું જમ્બો, પ્રોફેસર અને અમદાવાદથી પાછો આવેલો ચંદુ દટ્ટો તદ્દન અવાક થઈને આ ખેલ જોઈ રહ્યા હતા. થોડીવાર પછી પસ્તાવામાં ગર્ત થયેલા સોમાએ ભોંય પર લોહીભીના થઈને પડેલાં શંકર નાયકને ચાદર ઓઢાડી હતી. અને પેલા બે જણે, જેમણે ધોતિયાના છેડા પકડીને પરદો બનાવ્યો હતો તેમણે પાછું ધોતિયું આડું કરીને અંતરપટ બનાવ્યો હતો.

તે પછી એકાએક મંગા રાવળિયાની ઓરકેસ્ટ્રામાંથી નવા સૂરો પ્રગટ્યા હતા. અને આર્ત સ્વરે સોમા નાયકે માતાજીને આવાહન કર્યું હતું. ભગવાન સાથેની ડાયલોગબાજી ચાલી હતી. અને આખરે અંતરપટ પાછળથી માતાજીનો રોલ કરતો એક કલાકાર ચાર હાથ સાથે પ્રવેશ્યો હતો. અને તેણે સોમાના પરિતાપને આવકાર્યો હતો. "વત્સ, તારું રાજપાટ આ મૃત છોકરાને આપીને, ખડે પગે એક વર્ષ સુધી ઊભો રહીને મારું ધ્યાન ધરવાની પ્રતિજ્ઞા લે તો આ છોકારાને હું જીવતો કરું."

બન્ને કાન પકડીને ઊઠબેસ કરીને સોમા નાયકે માતાજીની વાત કબૂલી હતી. અને માતાજીને પાછા અંતરપટની પાછળ અંતરધાન કરવામાં આવ્યા અને વળી આડો પડદો કરાયો. સોમાએ ફરી પ્રાર્થના કરી અને અંતરપટની પાછળ ગયો. ભાઈના પગ પાસે બેઠો. વળી એક લાંબી એકોક્તિ બોલ્યો. અને તેનો ભાઈ હળવેથી બેઠો થયો હતો અને ખેલ પૂરો થયો.

હું અને જમ્બો તદ્દન સ્તબ્ધ હતા. શંકર નાયકના પેટમાંથી લબડી ગયેલું આતરડું ક્યાં ગયું તે અમને ખ્યાલ ન આવ્યો. તાળીઓના ગગડાટથી અમે આખો સીન વધાવ્યો. સોમા અને શંકરની કરામતે અમને તદ્દન સ્તબ્ધ કરી નાખ્યા હતા. જમ્બો કે હું કોઈ બોલી શકીએ તે હાલતમાં ન હતા. અચરજનો ભાવ એટલો જડબેસલાક હતો કે બોલવું શક્ય ન હતું. અમારા ફંડમાંથી તરત જ અમે ૫૦૧ બન્ને કલાકારોને ભેટ આપ્યા.

તે દિવસે રાત્રે જ અમારી બેઠક યોજાઈ. સોમા અને શંકરને અમે સમજણ પાડી કે આવું દૃશ્ય અમારે નાટકમાં અને ત્યાર પછી ટી.વી.માં મૂકવું છે. પહેલાં તે તેમણે જ એ પાત્રો ભજવવાની હઠ પકડી હતી. આખરે તેમણે અમને રૂપિયા દસ-દસ હજારની ફી તેમ જ જેટલો વખત શિખવાડવા માટે તેમણે ગાળવા પડે તેટલા દિવસની આવક આપવાની શરતે હા પાડી હતી. એ લોકો આમ તો ગામડે ગામડે, બીજા થોડાક નટ લોકોને લઈને સરકસની જેમ પડાવ નાખતા. અને મોટે ભાગે તેમને વળતર રૂપે અનાજ અને અન્ય સીધુંસામાન મળતું. તે ઉપરાંત થોડાક રઈસ લોક પાંચ-પચાસ રૂપિયા પણ આપતા પરંતુ તેમાં સોમા અને શંકરનું આખું કુટુંબ નભતું. અમારી સ્કીમ માટે આ પ્રયોગ જરૂરી જ હતો એટલે તેની ગમે તે શરત હોય, અમારે સ્વીકાર્યા વગર બીજો કોઈ રસ્તો ન હતો.

સોમા અને શંકર નાયકે બીજે અઠવાડિયે મંગળવારથી અમદાવાદમાં આવી જવું તેવું નક્કી કરીને અમે રાજપરાથી નીકળ્યા. રસ્તામાં અમે સોમા અને શંકરના પરફોર્મન્સ વિષે જ વાતો કરતા રહ્યા. અલબત્ત પ્રોફેસર દાસને અમારા જેટલું આશ્ચર્ય ન હતું. તેણે કલાકારોની પ્રશંસા કરતાં કહેલું. “એમાં કશું નવું નથી. પરંતુ કલાકારોની ઝડપ અદ્‌ભુત હતી. પ્રોફેસરને બીજો પણ એક આનંદ થતો હતો અને તે એ કે સોમા અને શંકરે, સામે કોઈ ટ્રિક્સ શીખવાની શરત મૂકી ન હતી.”

પન્નીને અમે રિપોર્ટ આપ્યો. પ્રવાસમાં અમે લગભગ દસ દિવસ કાઢી નાખ્યા હતા. અને ક્યાં ક્યાં ગયા તેની ઝીણામાં ઝીણી વિગતો તેણે માંગી હતી અને ઉત્સાહપૂર્વક અમે આપી હતી.

"પવલા, સાચેસાચ તમે ખજાનો જોઈને આવ્યા છો. આપણી સ્કીમ પૂરી થાય કે તરત જ આપણે આ બધા જ કલાકારોની સાચેસાચ ફિલ્મ બનાવીશું. આંતરાષ્ટ્રીય ઈનામ જીતી શકાય તેટલું કૌવત આખી વાતમાં છે." પન્નીએ કહ્યું હતું અને મને થોડી ચિંતા થઈ હતી.

"દસ દિવસ તેં શું કર્યું પન્ની ?"

"મારે તારા જેવું ઓછું છે ? પેલો કમબખ્ત શામજી સાચે જ ચીટકુ આદમી છે. સારું થયું છે કે તેનાથી મને તેના ઘરમાં લઈ જવાતી નથી અને હોટેલમાં હું તેની સાથે જઉં તો તે ગભરાય છે. અને આપણે બંગલે (રતિલાલને ત્યાં) આવવાની મેં મનાઈ કરી છે. જ્યાં સુધી તારી મુલાકાત ન થાય ત્યાં સુધી મારે તેને બંગલામાં આવવા દેવો નથી." પન્નીએ કહ્યું. આમ તો હું ક્લીન શેવ કરનારો માણસ છું. મૂછો પણ ઉતારી લઉં છું પણ જ્યારથી પન્નીએ મને તેની સ્કીમની વિગતો સમજાવી હતી ત્યારથી મારે મૂછો ઉગાડવાની હતી. મારો દાઢી મૂછોનો ગ્રોથરેઈટ ભયાનક છે. એટલે પૂળા જેવા વાળ તો ઊગી ગયા હતા, પણ પન્ની તેથી વધુ મોટી મૂછોનો આગ્રહ રાખતી હતી. "મને લાગે છે હજુ થોડા દિવસ તારી મૂછો ભારે થતાં લાગશે." તેણે કહ્યું હતું.



મંગળવારે સોમો નાયક અને શંકર નાયક આવવાના હતા તે દરમિયાન અમારે બીજું પણ કામ કરવાનું હતું. પાકિસ્તાન બોર્ડરથી નજીક પણ જ્યાં ખાસ અવરજવર ન હોય તેવી કોઈક નિર્જન જગ્યા શોધવાની હતી. આ માટે મારે અમારી ન્યાતના વિવિધ તડના લોકોની યાદી બનાવવી પડી હતી. પાલનપુર, ડીસા, કચ્છ વગેરે વિસ્તારો જ અમારે લાયક હતા. આ કામમાં જયલાનો બાપ રઘલો અમને ઠીકઠીક મદદરૂપ થયો. રઘલાનો એક દૂરનો મામો રાધનપુર રહેતો. તેણે આખરે એક જગ્યા હારિજથી ઉત્તર પૂર્વમાં અમને બતાવી હતી. હું અને જમ્બો રઘલાને લઈને ત્યાં જઈ આવ્યા

હતા. એ જગ્યા આમ તો તદ્દન અવાવરું હતી. એક વસૂકી ગયેલો કૂવો, એક તૂટેલું ખોરડું અને રઘલાના મામાએ ક્યારેક હાથમાં બે પૈસા આવ્યા હશે ત્યારે ખરીદેલી. અમે તેમને મળ્યા. તેમનું નામ ખેમાજી. આંખે મોતિયાવાળા આ વયોવૃદ્ધ કસબીએ તેની જવાનીમાં રાધનપુર નવાબનું જ ઘર ફોડેલું તેમના બેય દીકરા રાધનપુર છોડીને મુંબઈ ચાલ્યા ગયેલા. એટલે તેમના ખેતરની સારસંભાળ લેનારું કોઈ રહ્યું ન હતું. એ ખેતરથી હારિજ અને વિરમગામ ખારાઘોડા જતો રસ્તો લગભગ દસ અગિયાર કિલોમીટર છેટો હતો. ત્યાંથી થોડેક છેટે રોઝડી નામનું ગામ હતું. અમે એ ખોરડું જઈને ત્યાં શું શું જોઈશે તેનું લિસ્ટ કરીને પાછા આવ્યા.

મંગળવારે સોમા અને શંકર નાયકે અમને એક જબરદસ્ત ચક્કરમાં નાખી દીધા હતા. સોમા નાયકે સાચે જ અમને મ્હોમાં આંગળાં લેવરાવ્યાં હતાં. એ પોતે તો તેના બાલ-બચ્ચા સાથે આવ્યો હતો. પરંતુ એ ઓછું હોય તેમ શંકર નાયકનો પરિવાર અને મંગા રાવળિયાની ઓસ્કેસ્ટ્રાય ભેગી લઈને આવેલો. અમારે એ આખા ઝૂલૂસને આવકાર્યા વગર છૂટકો ન હતો. પણ અમારા હાંજી ગગડી ગયા હતા. સોમા નાયકની પાર્ટીમાં છ પુખ્ત વયના પુરુષો, આઠ સ્ત્રીઓ અને સત્તર બાળકોનો કાફલો હતો. પત્ની પોતે પણ ડઘાઈ ગઈ હતી. એટલું જ નહિ સોસાયટીમાં પણ થોડી હલચલ મચી ગઈ હતી. એ આખુંય કલાકર વૃંદ એટલું ગંદું હતું કે પત્ની એ લોકોને એક ઘડીભર અમારે ઘેર રોકવા તૈયાર ન હતી.

"રિહર્સલમાં આ બધાની શી જરૂર સોમાભાઈ ?" નાકમાંથી શેડા લબડાવીને ઊભેલા થોડાંક બાળકો તરફ ઈશારો કરીને મેં પૂછ્યું.

"નહિ, એ લોકોની રિસલમોં જરૂર નહિ. પણ અમારે ઑઈ મઈનો કાઢબાનો થોંય તાણએ આ બસાળા ગોંમમાં, એકેલો તો ચ્યોંથી રે !" તે બોલ્યો. "તાણે ભૈ ખેલીઓને તો એવું. જ્યોં વેહ કરબાનો હોય તોં ફેમિલી તો હાથે જ. હું હજમ્યા." સોમાએ મને સમજણ પાડી. સોમા સાથે નક્કી થયું. ત્યારે આ ટેકનિકલ મુદ્દો ડિસ્કસ કરવાનો ખ્યાલ અમને આવ્યો ન હતો. પરિણામે આખો કબીલો અમારે માથે પડેલો. આમ છતાંય લક્ષ્મીવિલાસ લોજમાંથી મંગાવેલાં ટિફીનો જમાડીને મેં હળવેથી સોમાને પૂછ્યું હતું.

"મંગા રાવળિયાની પાર્ટીની જરૂર ખરી ?"

"હાસ્તો પ્રવીણભૈ મુઝિક વગેર આખી વાત જોંમેં નહિ. આ કોંઈ નેનોં સોકરોંનો ખેલ ઓસોં સે ! તોણે ! આ તો બધું શાસ્તર પરમાણે. તમોને તો ચ્યોંથી ખબેર હોય, પણ મૂળ ગરુ અસાઈતના જમોનાથી આજ અઢાર પેઢીથી અમે આ ખેલ કરીએ સીએ... તોંણે ! ઓમાં તો અઢી પગલોંના તાલ હાથે શરીરને મેળબ્બુ પડે. હજમ્યો કે નહિ. આજ બધુ ચ્યોં પે'લા જેવું રયું સે ! તોણે ! દૂધ કે ઘી કે પસે તેલ બધે ભેળશેળ ! પણ ઓંમા ભેળશેળ ચ્યોંથી ચાલે ! કરવા જઈએ તો પત્યું." કહીને સોમા નાયકે વળી પાછું લોકકલા પર લેક્ચર આપ્યું.

અમારે તત્કાલ છેક ગેરતપુરમાં દોડાદોડ જગ્યા લેવી પડી કારણ સોમો જો મ્યુઝિક સાથે અમને ટ્રેનિંગ આપવાનો હોય તે કામ મારા ઘરમાં કે રતિલાલને બંગલે કરવું અશક્ય હતું. મંગળવારે રાત્રે જ ગેરતપુરમાં જનુ જમ્બોના કાકાના ખાલી મકાનમાં આ કલાકારોને અમારે ઉતારો આપવો પડ્યો. એટલું જ નહિ તેમના સીધાસામાનની વ્યવસ્થા કરવી પડી. જૂના ઢાળના એ મકાનમાં દીવાનખંડ અને ઓસરી ખૂબ મોટાં હતાં. વળી કંપાઉન્ડ પણ ખાસ્સું. એટલે મંડળીને રહેવા માટે જગ્યા ઓછી પડે તેમ ન હતી. પરંતુ 'ભવાયા' આવ્યા છે તેની વાત આજુબાજુના વિસ્તારમાં પ્રસરતાં વાર ન લાગી. અને ગુરુવારથી તો અમારી તાલીમ શરૂ થવાની હતી. પબ્લિક રિલેશન્સમાં સોમો પાછો પડે તેવો ન હતો. એટલે જોતજોતામાં તો તેણે પોતાની વગ ઊભી કરી નાખી હતી મંડળીનો ખેલ ચાલુ કરી દેવો. તેણે એ મતલબની ઇચ્છા પણ પ્રગટ કરી હતી. તેને માંડ સમજાવ્યો હતો કે જે કરામત અમારે શીખવાની હતી તે સિવાય તેને ખેલ કરવો હોય તો ભલે કરો.

ગુરુવારે સવારે તાલીમ માટે હું અને જમ્બો પહોંચ્યા તે તરત જ રિહર્સલ શરૂ કરવામાં આવ્યું. પખવાજ જેવું વાજિંત્ર, ભૂંગળ, નરઘાં, હારમોનિયમ અને કાંસીજોડા સાથે મંગા રાવળિયાની ઓસ્કેસ્ટ્રા તૈયાર હતી. અમને કપાળે ચાંલ્લા કરીને પહેલા બૂંગિયો અને ભૂંગળ ધમધમાવીને આખું વાતાવરણ સૂરોથી ભરી દેવામાં આવ્યું અને પછી આબાલવૃદ્ધ સૌ કલાકારોએ ગણપતિનું આવાહન કર્યું અને પ્રચંડ અવાજથી ગાણું શરૂ કર્યું.

ડૂંડાળો, દુઃખભંજણો
સદાય બાળાવેશ
અવસર પહેલો સમરીએ
ગવરી પુત્ર ગણેશ.
તાક થૈયા થૈયા તાક થઈ.

હું અને જનુ જમ્બો મ્હોં ફાડીને કાનમાં આંગળાં ખોસીને સાંભળી રહ્યા હતા. પણ સોમાએ અમને હાથ પકડીને કોરસમાં સામેલ કર્યા.

“ભૈશાબ ગાશો નૈ તો બધું આવડશે નૈ” તેણે અમને ટપાર્યા. અમે તેને સમજાવી શકીએ તેમ ન હતા કે અમારે આખો વેશ ભજવતાં શીખવું નથી. અમારે કેવળ તેની ક્લાઈમેક્સમાં આવતી કરામત શીખવી છે. ન છૂટકે અમારે ગાવાનું શરૂ કરવું પડ્યું. બસ એમ જ ટ્રેનિંગની શરૂઆત થઈ.

એક અઠવાડિયું તો સોમાએ કેવળ અમારે અઢી પગલાં કેમ લેવાનાં તેની જ રામાયણમાં કાઢ્યું. અમને મંગા રાવળિયાની દેશી ઓસ્કેસ્ટ્રા સાથે તાલ મેળવવાનું ફાવતું નહીં. સોમો નાયક અસ્સલ, કલાગુરુની જેમ પ્રવચન આપતો. પ્રવીણભાઈ અને તમે, જનુભાઈ ! હોંભરો, થોડું ગણિત એમાં સી હજમ્યાને ! ઓમ તો બધોં તાલમોં એક, બે, તૈણને ચાર ને તેના ગુણાકાર હોય. પણ અઢી પગલોંમાં તાલ ને માતરાની ખૂબી જાણવા જેવી સી હું ! તમોને મી ધિયાનથી જોવાનું કહેલું, તી હાથે હાથે ધિયાનથી હોંભરવાનું ય ખરું ! જુઓ તાક...થૈયા... થૈયા... તાક... થઈ ઓમાં પોંસ માતરા થઈ કે ભૈ ! તોણે ! જ્યારે ફેર વાર થૈયા આવે તોણે અડધી માતરાનો મેળ બેહાડવાનો તીમાં તો બોલવામોં લંબાણ થયા સી.” સોમો નાયક અમને ખાસ્સું પ્રવચન આપતો. ધમાર. દ્રુપદ અને રૂપક તે પછી ચોતાલ અને કેરવો એમ સંખ્યાબંધ તાલની સમજ આપેલી. હું પોતે નાનપણથી રાસ લેતો. નાનો હતો ત્યારે એક્ટર જિતેન્દ્રની નકલ કરતો. મારી બહેન વર્ષા અને પત્ની મને નચાવતાં. એટલે સોમો જે સ્ટેપ્સ બતાવતો તે મને ઝડપથી આવડતાં. પણ જમ્બો માટે આખી વાત ડિફિકલ્ટ હતી. અમારી મુસીબત એ હતી કે અમારે એકલી કરામત શીખવી છે તે અમે સોમાને કહી શકતા ન હતા. રિહર્સલ કરીને અમે ઘેર પહોંચતા ત્યારે જનુ ગંદી ગાળો બોલતો.

"ભાઈ, હું પન્નીને કહી દેવાનો છું કે મારા ભાગમાંથી મને બે-પાંચ ઓછા આપશો તો મને વાંધો નથી, પણ આ તો થૈયા તા થૈમાંથી મને છોડાવો."

પણ પન્ની હિટલરશાહી ચલાવતી. "પરિશ્રમનો કોઈ પર્યાય નથી જમ્બો. તને ખબર છે મારે કેટલું સહન કરવું પડે છે તે ! પેલો હરામજાદો શામજી, ઘોની માફક મને ચોંટેલો રહે છે. તેના પરસેવાની બૂથી ગાંગલી ઘાંચણ પણ બેહોશ થઈ જાય અને ચોવીસ કલાક એ પાન ચાવતો હોય છે. તેના દાંત કરતાં તો અમદાવાદની પોળોના રસ્તા સારા. છતાં મારે તેને સહન કરવો પડે છે. અને એક વાત સમજી લે. આ જગતમાં કોઈ કશું લીધા વગર આપતો નથી. સોમો જે કહે તે પ્રમાણે કરો. શીખેલું ક્યારેય નકામું જતું નથી."

"પણ પન્ની, એ સોમાનો બચ્ચો જે રીતે તાલીમ આપી રહ્યો છે તે જોતાં એમ લાગે છે કે અમે લોકો ભવાઈ સિવાય બીજું કઈ કરી નહિ શકીએ." મેં પન્નીને કહેલું.

"પવલા, તારે આવા આર્ગ્યુમેન્ટ્સ કરવા હતા તો મને પહેલેથી કહેવું હતું."

"પન્ની, બધું સહન થાય છે પણ સાલા મંગા રાવળિયાની ઓરકેસ્ટ્રા સહન થતી નથી. ગેરતપુરની સીમમાં મારા કાકાનું મકાન છે છતાં અમને જોવા માટે લોકો આવે છે. એટલું જ નહિ અમને આવડતું નથી ત્યારે ખીખીખીખી કરીને છોકરીઓ હસે છે." જનુ લગભગ નિઃસહાયતાથી કહેતો. તેની વાત ખોટી ન હતી. જનુ જમ્બો જેવો અખાડિયન તા થેઈ તક. તક થેઈ તક.. થેઈ થેઈ થેઈ કરીને નાચતો હોય ત્યારે મનેય હસવું આવી જતું.

ખેર ! અમારે જે સ્કીમ પાર પાડવાની હતી તે માટે આ બધું કર્યા વગર છૂટકો ન હતો.

અમારી આ તાલીમ ચાલતી હતી તે દરમિયાન સતીષ સિલ્વરે તેનું કામ પતાવ્યું હતું. અડધો મણ ચાંદીના ચાઇનીઝી બિસ્કિટ પડાવવામાં આવ્યાં હતાં એટલું જ નહિ એક લાખ રૂપિયાનું સોનું તે બિસ્કિટો પર ગિલેટ

ચડાવવામાં ખર્ચાયું હતું. બીજી તરફ યુ.પીથી અડધો ડઝન જેટલી 'નકલી' ૩૦૩ રાઈફલો લાવવામાં આવેલી, દિલ્હીથી થોડીક નકલી પિસ્તોલો પણ 'મેઈલ-ઓર્ડર'થી મંગાવાઈ. અને તેને માટે ભડાકા અને ભડકા થાય તેવા કારતૂસો-ટેટા પણ ખરીદવામાં આવેલા. અમારા જૂના સાથીદાર ચંદુ દટ્ટાની રાહબરી હેઠળ એક ગેંગને લશ્કરી ઢબે તાલીમ અપાઈ રહી હતી.

મારી મૂછો દિવસે ન વધે તેટલી રાતે વધતી હતી. મારે મારા ચાર દાંત પર સોનાની ખોલીઓ ચડાવવાની હતી. પેલા ચાઈનીઝ ડોકટર પાસે જવાનો દિવસ હજુ આવ્યો ન હતો. મારી આંખોમાં પહેરવાના કોન્ટેકટ લેન્સ હું લઈ આવ્યો હતો. અને તેના ટ્રાયલ મેં લઈ જોયા હતા. જનુ જમ્બો, ગોવાના દરિયાકાંઠા પર પડાવ નાખીને રહેતા કોઈ ગંજેરી હિપ્પી જેવો લાગવા માંડ્યો હતો.



પત્નીએ શામજી સાથે હવે 'ડાયરેક્ટ' કોન્ટેક્ટ શરૂ કર્યો હતો એટલે જયલાને કોઈ આડતિયા કે 'મેસેન્જર'નું કામ કરવાનું રહ્યું ન હતું. પરિણામે તેને અને પ્રોફેસરને 'લોકેશન' ઈન-ચાર્જ બનાવવામાં આવ્યા હતા. સ્કીમ પાર પાડવા માટે 'લોકેશન' ખૂબ મહત્ત્વનું હતું. હારિજથી થોડે દૂર છતાં તદ્દન નિર્જન, ખારાપાટ વિસ્તારમાં જે ખોરડું પસંદ કરવામાં આવ્યું હતું તેની સજાવટ તેમની સ્ટ્રેટેજિક વ્યવસ્થા પ્રોફેસરે સંભાળી હતી. અમારી જીપ કોઈ ટ્રાન્સ્પોર્ટ કંપનીની માફક ફરી રહી હતી.

દર અઠવાડિએ લાખેક રૂપિયાનું સોનું ખરીદીને, ક્યારેક નાનકડાં ચાઈનીઝ બિસ્કિટના સ્વરૂપમાં તો ક્યારેક રેગ્યલુર લગડીના આકારમાં શામજીને પધરાવવામાં આવતાં. શામજી બજારભાવ કરતા ત્રણસો ચારસો ઓછા લઈને રોકડા રૂપિયા ગણી આપતો. એ ખોટ અમારે વેંઢારવી પડતી. દરેક વખતે ઓછામાં ઓછા દસથી બાર હજાર ગુમાવવાના થતા. એટલું જ નહિ દિવસે દિવસે તે પત્નીને વધુ ને વધુ તંગ પણ કરતો જતો. શામજી, પત્નીના પ્રેમમાં પડી ચૂક્યો હતો અને તેને પોતાની ઉપપત્ની બનાવવા તલપાપડ થઈ ગયો હતો. ક્યારેક શામજી પત્નીને ચુંબનોથી નવરાવી દેવા પ્રયત્ન કરતો તો ક્યારેક જડભરતની જેમ વળગતો. પત્ની ખૂબ અકળાતી.

પણ એ નાટક ચાલુ રાખ્યા વગર તેનો છૂટકો ન હતો. પન્ની તેનાં આ કામાતુર આલિંગનો ખાળવા પ્રયત્ન કરતી ત્યારે એ અકળાઈને બોલી ઊઠતો.

"પણ ક્યાં સુધી આપણે આમ જુદાં રહીશું પુષ્પા ?"

"તમે જે દિવસે તમારી પત્ની સાથે ડાયવોર્સ લેશો તે દિવસે હું પણ અશોકથી અલગ થઈ જઈશ." પન્ની કહેતી અને શામજી ઠરી જતો. આ ચર્ચા લગભગ રોજિંદી થતી.

"પણ તુ જાણે છે પુષ્પા કે હું મારી પત્નીથી અલગ થઈ શકું તેમ નથી. તું સમજ આ સોશિયલ પ્રેસ્ટિજનો સવાલ છે."

"સોશિયલ પ્રેસ્ટિજ ! વાહ શામજી. મારી સાથે હરવા-ફરવામાં તમને સોશિયલ પ્રેસ્ટિજ નડતી નથી. એમ જ કહોને કે તમને કેવળ મારા શરીરમાં..."

"પુષ્પા, તું ગેરસમજ કરે છે. હું તને-"

"એક વાત સમજી લ્યો શામજી કે હું કોઈ બિકાઉ ચીજ નથી."

"પ્લીઝ પુષ્પા તું મારી દૃષ્ટિએ વિચારીશ ? તું સમજ હું પરણેલો છું. અરે ! પરણેલા બાળકોનો પિતા છું."

"એટલે તમે કહેવા શું માંગો છો ? મારે બાળક નથી એટલે શું હું ગમે તેના હાથનું રમકડું થઈને જીવું ?" કહીને પન્ની ડૂસકાં ભરીને રડતી. શામજી તેને છાનો રાખવા પ્રયત્ન કરતો.

"પુષ્પા, હું તારી વાત સમજી શકું છું. તારો વર તને એક બાંદીની જેમ રાખી રહ્યો છે તે તું સમજતી નથી. મારે તને સ્વતંત્ર બનાવવી છે."

"સ્વતંત્ર ! અરે જ્યાં સુધી મારો પોતાનો ફ્લેટ ન હોય, ગાડી ન હોય અને દર મહિને ચોક્કસ આવક ન હોય ત્યાં સુધી હું સ્વંતત્ર કેવી રીતે થઈ શકવાની ?"

"હું તને ફ્લેટ અપાવીશ."

"અને ગાડી ? અને મારો ખર્ચ કોણ આપશે ? પચ્ચીસ હજાર મહિને શું તમે આપવાના છો ?"

"તું સમજ, તારા ફ્લેટનો, તારા રહેવા, ખાવા, પીવાનો પહેરવા,

ઓઢવાનો ખર્ચ તું ધારે છે તેટલો ન આવે. તને હું ફ્લેટ આપું. મહિને પાંચસાત હજાર જોગવાઈ કરી આપું...."

"શામજી શેઠ એટલે જ તો હું તમારી સાથે એવો સંબંધ બાંધતી નથી. હું કોઈ સામાન્ય શરીર વેચનારી ઔરત નથી."

"ઓ.કે ઓ.કે મારો એવો કોઈ મતલબ ન હતો પુષ્પા."

"તો શું મતલબ હતો ? તમે કદી તમારી પત્નીની જેમ મને સમાજમાં રજૂ કરી શકવાના છો ? નો. તમે તમારી પત્નીને ડાયવોર્સ આપીને મારી સાથે લગ્ન કરી શકવાન છો ? નો. મારે જો કોઈની ઉપપત્ની થઈને રહેવું જ હોયને તો શામજી મને ઘણા લોકો મળી રહે તેમ છે."

"પુષ્પા, હું તને સમજાવી શકતો નથી, પણ જ્યારથી તને મેં જોઈ છે ત્યારથી દિવસ-રાત મને તારાં જ સપનાં આવે છે."

"તમારા પ્રત્યે મને કૂણી લાગણી ન જન્મી હોત તો હું તમને બીજી વખત મળી પણ ન હોત."

"આનો ઉકેલ શું પુષ્પા."

"આનો ઉકેલ પૈસા..." પુષ્પાએ કહ્યું. "હું સ્વતંત્ર હોવી જોઈએ. કાલ ઊઠીને તમે મને છોડી જાવ."

"પણ એવું હું શું કામ કરું ?"

"બધા જ પુરુષો એમ કહેતા હોય છે. મારો વર અશોક આમ જ કહેતો હતો. તે જ્યારે ગરીબ હતો, જિંદગીથી લડી રહ્યો હતો, જ્યારે એક ખૂની તરીકે તેને કોઈ ઉંબરે પણ ચડવા દેવા માગતું ન હતું ત્યારે હું તેની પડખે ઊભી રહી હતી. પછી થોડુંક સુખ આવ્યું. તેને ખાસ પ્રકારના કોન્ટેક્સ થયા અને તેનો તેને લાભ મળવા માંડ્યો. દેશપરદેશ ઘૂમતો થયો. પછી શું થયું ? પછી એ જ અબળાની કથા... ભારતીય નારીની કથા ! મારે તેની થઈને રહેવાનું પણ તે ગમે ત્યાં ફરતો ફરે. મારે સહેવાનું અને તે મોજ કરે... અને તે પણ કેવું ભયાનક બહાનું કાઢીને !" પન્નીને ડાયલોગબાજીમાં કોઈ પહોંચે તેવું મેં જોયું નથી. ક્યારે ખિજાઈને બોલવું, ક્યારે અવાજ દબાવીને માદક, આહ્લાદક, સામાના રોમેરોમમાં અનંગજ્વર પેદા થાય તેવા અવાજે બોલવું અને ક્યારેક નિઃસહાય, તરછોડાયેલી, એકલી

યુવતી તરીકે બોલવું, એટલી ખૂબીથી તે કરતી કે તે ધારે તેવી પ્રતિક્રિયા સામા માણસમાં પેદા કરી શકતી.

"પુષ્પા, તું ગેરસમજ કરી રહી છું. તું હોશિયાર છું. કોઈપણ પુરુષ જે વ્યવસાય કરી શકે તેવો વ્યવસાય કરવાની તારામાં શક્તિ છે. એક રસ્તો છે. એક નવી દુકાન ખોલીને તને બ્રાંચ મેનેજર બનાવવાનો." શામજી બોલ્યો. પત્ની આવી જ ઘડીની રાહ જોતી હતી.

"ક્યાં ?"

"સી.જી.રોડ પર મારી મોટી દુકાન તો છે. સેટેલાઇટ રોડ પર કે પછી બીજી કોઈ મોકાની જગ્યા પર તો તને હું આઠદસ હજારનો પગાર આપી શકું."

"પાંચ હજાર તો તમે મને એમ ને એમ પણ આપવા તૈયાર થયા હતા. ફ્લેટ પણ આપવા માગતા હતા. હમણાં જ તમે કહ્યુંને ! એટલે બીજા ચારપાંચ હજાર આપીને તમે દુકાનમાં મારી પાસે દસ કલાકનું કામ લો અને પછી તમે પત્ની તરીકેની મારી ફરજો પણ માગો. શામજી, તમે મને બાળક સમજો છો ? તમને હું જોઈતી જ હોઉં તો તમે મને ચોક્કસ મદદ કરી શકો."

"કેવી રીતે પુષ્પા ?"

"અરે કેવી રીતે શું ? રોકાણ કરીને. મને ભાગીદાર બનાવીને. આમેય તમે મારે માટે ફ્લેટ તો છ-સાત લાખ તો ઇન્વેસ્ટ કરોને ! અને દુકાન લો તો જગ્યા અને ફર્નિચર જે વીસેક લાખનું થાય અને પછી સોનાચાંદીના દાગીના... કેટલું થાય રોકાણ ?"

"થાય પણ મારી પેઢીના કામકાજમાંથી જ-"

"શામજી, મહિને ચારપાંચ બિસ્કિટ વેચવા માટે મને મારો વર આપે છે. અલબત્ત, તેમાં મને નફો થતો નથી, કારણ અશોક એક કુરિયર છે. તેમાં પૈસા બીજાના લડે છે. કામના બદલામાં પગાર તરીકે કે કમિશન તરીકે તે રૂપિયા કે ડોલર્સ લેવાને બદલે સોનું લે છે. જેથી તે રિટેઈલમાં વેચી શકે. પણ તેની પાસે પોતાનાં પાંચ-પચાસ લાખ હોય તો ! ત્રીસબત્રીસ હજારનું સોનું પિસ્તાલીસ છેંતાલીસમાં વેચાય છે કે નહિ ?"

"પણ એટલા પૈસા તો કાઢવાના-"

"એટલે એટલે કેટલા ? તેટલા પૈસા તમારી પેઢીમાં અઠવાડિયામાં આવે છે."

"એ નફો નથી હોતો પુષ્પા. એ તો ટર્નઓવર હોય છે."

"પણ રૂપિયા તો આવે છે ને ! દસબાર દિવસનો વકરો તમે રોકી ન શકો ?" પુષ્પાએ કહ્યું.

"એ શક્ય છે, પણ તારો પતિ એ માનશે ?"

"શું કામ નહિ ?" પુષ્પાએ કહ્યું. "તેને તો માલ જ લાવવાનો છે ને ! એ બીજાઓ માટે લાવે જ છે ને ! તો તમારે માટે લાવશે. તેનું કમિશન તમારે ચૂકવવું પડશે. તેથી વધુ શું ? ચાર પાંચ કે દસ લાખ રોકીને અખતરો તો કરી જુઓ." પત્નીએ મમરો મૂક્યો. "તમે જો કરવા માગતા હો તો તેની સાથે વાત કરું. કાં તો તમે જ કરોને ! એ શનિવારે આવવાનો છે."

"ઓ.કે પુષ્પા પણ હું ચેતીને ચાલનારો માણસ છું. પાંચ લાખ રૂપિયા હું લડાવી જોઉં." શામજીએ કહ્યું.

"પણ એક શરત છે મારી."

"શું ?"

"તમે જે રકમ રોકો તે હું તમને પાછી આપી દઈશ. પણ નફો હું લઈ જઈશ." પુષ્પા બોલી. "મેં તમને છેલ્લા ત્રણ મહિનામાં ઘણા રૂપિયા કમાવી આપ્યા છે." પત્નીનો એ માસ્ટર સ્ટ્રોક હતો. "લે વાણિયા તારા ને તારા" જેવી કહેવતો માણસોને ખરે વખતે યાદ આવે તેવું બનતું નથી.

"ફાઇન. મને પછી લાગશે કે તારા વર સાથે ધંધો થઈ શકે તેમ છે તો હું વધારે નાણાં રોકીશ," શામજીએ કહ્યું અને તે પત્નીને વળગ્યો. પત્નીએ તેનાથી છૂટવા માટે તે દિવસે ભારે મહેનત કરવી પડી.



"પવલા, માછલી ગલની આજુબાજુ તરી રહી છે. શનિવારે શામજી મળવા આવશે," તે બોલી. "આજે બુધવાર તો થઈ ગયો. તારી પાસે ગુરુ અને શુક્રવાર છે. તારા દાંતનું શું થયું ? અને કોન્ટેક્ટ લેન્સ..." તેણે પૂછ્યું.

"તૈયાર છે," મે કહ્યું.

"તો પછી રાહ કોની જુએ છે ?" પત્નીએ હુકમ કર્યો. બીજે દિવસે સવારે ચાઈનીઝ ડોકટર પાસે જઈને હું મારા ત્રણ દાંત પર સોનાની ખીલીઓ ભારે પીડા સાથે નખાવી આવ્યો. કોન્ટેક્ટ લેન્સ પણ લઈ આવ્યો. તેને આંખોમાં ગોઠવ્યા પછી મારું આખું જગત જાણે કે ભૂરું થઈ ગયું હતું. હું એ બધું કરીને આવ્યો ત્યારે પત્ની શામજીને મળવા તૈયાર થતી હતી. ગુરુવારનું અમારું સોમા નાયક સાથેનું રિહર્સલ અટક્યું હતું. અલબત્ત હું અને જમ્બો તલવાર ફેરવતા, નાચતા અને ડાયલોગબાજી કરતાં શીખી ગયા હતા. તલવાર ભોંકવાનો છેલ્લો સીન હજુ શીખવાનો બાકી હતો.

"માય ગોડ પવલા, તું અસ્સલ લાગે છે. હવે તું એક કામ કર. માથે તોલો કરાવી આવ."

"તોલો ? એટલે ટકો મૂંડો ?"

"બસ...તદ્દન સફાચટ." પત્ની બોલી અને હું થથરી ઊઠ્યો.

"પત્ની, તને ખ્યાલ આવે છે તું શું કહી રહી છું."

"બિલકુલ ખ્યાલ આવે છે," તેણે કહ્યું, "એ તદ્દન જરૂરી છે. બને તેટલો તું જુદો દેખાય-"

"અરે ! અત્યારે જ હું ચાટલામાં જોઉં છું ત્યારે મારી મૂછો જોઈને છળી મરું છું અને તું મારી આંખો તો જો. સાલી બિલાડી જેવી."

"પવલા તારે મારું કહ્યું ન માનવું હોય તો ભલે. હું તો તારા હિત ખાતર વિચારતી હતી. તારી સેફ્ટી મારે. બાકી તું જાણે."

"સેફ્ટી ? શેની સેફ્ટી ? સાલું તોલો કરાવીને અહીંથી બહાર નીકળું એટલે આખી શેરી પૂછે કે શું થયું ? કોણ ગયું ?"

"તેમાં શું કહી દેવાનું કે વડોદરામાં રહેતા અમારા ભાભા ગયા. આ તો કદાચ સ્કીમમાં ગફલત થાય તો તારું આઈડેન્ટિફિકેશન મેળવતાં પોલીસને નાકે દમ આવી જાય એટલા માટે હું કહી રહી હતી," તેણે કહ્યું અને તે હાથમાં પર્સ ઉલાળતી બહાર નીકળી. જતાં જતાં તેણે કહ્યું. "શનિવારે તારી શામજી સાથે મુલાકાત થાય ત પછી કશું નહિ થઈ શકે," કહીને તે ચાલતી

થઈ. હું અરીસામાં મારું મુખારવિંદ જોતો ઊભો રહી ગયો.



શુક્રવારે સવારે સોમા નાયક અને શંકર નાયકે અમને કરામત દેખાડી. હું અને જમ્બો ખરેખર જો એકલા હોત તો હસી હસીને ઢગલો થઈ જાત...

અમે ઘરે પાછા આવ્યા ત્યારે પ્રોફેસરે અમને કહ્યું. "જાદુ અને હાથચાલાકીમાં કેવળ ચપળતા જરૂરી છે. દીકરાઓ. બાકી ગમે તે કરામત હોય તેમાં બેઝિક તત્ત્વ તો ખૂબ સ્મિપલ હોય છે. સોમો ને શંકર નાયક તલવારના દાવ કરતા, નાચતા. ડાયલોગબાજી કરતા અને એક ટેમ્પો ઊભો કરતા. પછી બન્નેની તલવારો ઊડતી અને સોમો તેનો જમૈયો કાઢતો. એ જમૈયો શંકરના પેટમાં ખોસતો... નરી આંખે એવું દેખાતું. પણ આખીય પ્રક્રિયામાં ત્રણ સ્ટેપ્સ રહેતા. સોમો જેવો જમૈયો કાઢતો કે તરત જ ડાબા હાથમાં પકડેલી ઢાલ ધરવાનો પ્રયત્ન કરીને, શંકર સહેજ આડો ફરતો. ઢાલના તાંસળા પાછળ થોડી ક્ષણો માટે જમૈયો સંતાતો. બીજી સેકન્ડે, સેકન્ડ સ્ટેપમાં શંકર જાણે કે પેટમાં ખૂંતેલો જમૈયો રોકવા પ્રયત્ન કરતો હોય તેમ જમૈયાની મૂઠ પકડતો અને લથડાતો અને તેના હાથમાંની ઢાલ તેના પેટ પાસે આવતી. બરાબર તે જ વખતે સોમો શંકરના પેટમાં ખૂંતેલો જમૈયો ખેંચતો અને લોહી નીંગળતો જમૈયો બહાર આવતો. જેવો જમૈયો આવતો કે તરત એ વિજયની ત્રાડ નાખતો અને શંકર પેટ આગળ ઢાલ દબાવીને આમતેમ લથડાતો. છેવટે તેના ઢીંચણો વળતાં. તે ઘડીભર ઢીંચણભેર બેસતો અને પછી ઢાલ ફંગોળતો. બરાબર તે જ વખતે તેના પેટનાં આંતરડાં બહાર આવતાં.

આખી પ્રક્રિયામાં કેટલાંક સાધનો ખૂબ જરૂરી હતાં. એક તો સ્પ્રિંગ-વાળો જમૈયો જેના હાથામાં આખુ ફણું અંદર બેસી જાય, તેવું પોલાણ રહેતું. જમૈયાના હાથા પર આગળ પાછળ કરી શકાય તેવી ચાંપ રહેતી. એ ચાંપને દબાવીને તેની ઠેસી સહેજ પાછળ ખેસવો એટલે ચકચકતું ફણું, મ્યાન જેવા હાથામાંથી 'ફટાક' બહાર આવે અને એ ઠેસીને દબાવીને આગળ ઠેલો એટલે ફણું પાછું મ્યાનમાં ચાલ્યું જાય. એ જમૈયો કેમ ઓપરેટ થાય છે તેનું ડેમોન્સ્ટ્રેશન સોમા નાયકે કરી બતાવેલું.

બીજી અગત્યની ચીજ હતી કમરબંધ. સોમો અને શંકર જે ખેલ કરતા તેનું વસ્તુ જૂની રાજપૂત લોકકથામાંથી મેળવેલું. પરિણામે તે બન્ને સૂરવાલ અને ઉપરણામાં કસોવાળું, ખૂબ ઘેરવાળું અંગરખું પહેરતા. એ કેડ પર ભેટની જેમ એક કમરબંધ બાંધતા. આમાં શંકરનો, એટલે જેના પેટમાં જમૈયો હુલાવવાનું નાટક થતું તેનો કમરબંધ ખાસ પ્રકારે બનાવવામાં આવતો. એ કમરપટ્ટામાં બરાબર નાભિ પર પિત્તળનું મીનાકારી કરેલું મોટું ગોળ ચકતું રહેતું, પટ્ટાનો ભાગ પણ ચામડાની ખોલનો બનેલો રહેતો. એ ખોલમાં બખૂબી પોલાણ રહેતું. એ પોલાણમાં ચામડાના ગઠ્ઠાવાળી વાધરી કે બકરાનાં આંતરડાં ખોસાતાં. ખેલની તૈયારી પહેલા લાલ અળતાથી રંગીને આ આંતરડાં ખોસી રખાતાં. એ છેડો જ્યાં રાખવામાં આવતો ત્યાં અંગરખું પહેલેથી ચીરી લેવાતું. ચકતાની ભીતરમાં હોવાને કારણે એ ચીરો દેખાતો નહિ.

ત્રીજી અગત્યની ચીજ હતી ઢાલ. તમે બધાએ સંગ્રહાલયોમાં ઢાલ જોઈ જ હશે. છીછરા મોટા તાંસળા જેવી ઢાલમાં અંદરને ભાગે હાથ ભરાવી શકાય તેવાં બે અર્ધચન્દ્રકાર કડાં જડેલાં હતાં. આમ જ્યારે ખેલ શરૂ થાય ત્યારે એ હાથ કોણી સુધી ઢાલથી ઢંકાયેલો રહેતો. એ હાથના કાંડા પર અને અંગરખાની ટોચ નીચે એક ફુગ્ગામાં અળતો, કાંજી અને હળદર મિક્ષ કરીને બનાવેલું પ્રવાહી ભરીને બનાવેલી પોટલી બંધાતી. સૈકાઓ પહેલાં જ્યારે ફુગ્ગા ન હતા ત્યારે ચામડાના બટવા જેવી પોટલીઓ વપરાતી.

હવે જેવો સોમો નાયક તેના પ્રતિસ્પર્ધી શંકર નાયક પર હલ્લો કરીને શંકરના પેટમાં જમૈયો ઝીંકે, મતલબ કે ચકચકતા દેખાતા ફણાની સ્પ્રિંગ દબાવીને ઠૂંઠું ખૂંતાવે તેવો જ શંકર રાડ પાડીને, સ્વાભાવિક જ પ્રતિક્રિયા થતી હોય તે પ્રમાણે જમણે હાથ જમૈયાનો હાથો પકડે, અને બીજે હાથે, ડાબે હાથે ઢાલ પણ પેટ પાસે આણે. થોડીક પળો માટે, સોમાનો જમૈયાવાળો હાથ અને શંકરનો ઠૂંઠું પકડેલો જમણો હાથ ઢાલથી ઢંકાયેલો રહે. આ દરમિયાનમાં શંકર જાણે ફસડાઈ પડતો હોય તેમ ઢીંચણ વાળે, અને કમરબંધના ચકતા પાછળ, પટ્ટાની ખોલને છેડે, ચીરાયેલા અંગરખાની ઉપર સાચવીને ગોઠવેલી વાધરને ખેંચે. એટલું જ નહિ જમૈયાના ઠૂંઠાને પિત્તળના ચકતા પર બરાબર ગોઠવે (જો ન ગોઠવાયું હોય તો) અને ડાબા હાથમાં

પકડેલી ઢાલની આડશમાં રાખેલી ફુગ્ગાથી બનાવેલી પોટલીમાં આંગળી ખોસીને તોડે. દરમિયાનમાં સોમો કે જે હલ્લો કરનારો ખૂની છે તે શંકરના પેટમાં ખૂંતેલો જમૈયો જાણે કે ખેંચવા પ્રયત્ન કરતો હોય તેવો અભિનય કરે. મેટલની ચકતી પર જમૈયાનું ઠૂંઠું જમાવેલું હોય અને ઢાલ તળેથી લોહીનો ફુગ્ગો ફોડવામાં આવે. તે સાથે વાધરનો, કમરપટ્ટા હેઠળનો છેડો ખેંચવામાં આવે.

એટલું જ નહિ જમૈયાનું ઠૂંઠું, જે કમરબંધના ચકતા પર ભીડાવી રાખવામાં આવ્યું હોય તેની ઠેસી પાછળ ખેસવીને ફણું બહાર કાઢવામાં આવે. ફણાની અણી પિત્તળના ચકતા સાથે ભીડાવી રાખવામાં આવેલી હોય એટલે ફણુ 'ફટાક' બહાર આવે નહિ. પણ હળવેથી નીકળે. તેનું ફણું પેલી ફુગ્ગાની પોટલીમાંથી નીકળેલા લાલ પ્રવાહીથી રંગાઈ જાય. અને શંકર એવો અભિનય કરે કે તેના પેટમાંથી ફણું નીકળી રહ્યું છે અને સોમો (ખૂની) જાણે કે તેના શિકારના પેટમાંથી ખંજર બહાર ખેંચી રહ્યો છે તેવો અભિનય કરે. શંકર ઢાલ સાથે નીચે પડે. ભારે પીડાથી ટૂંટિયું વાળે. તે જ ઘડીએ પેલા કમરબંધ હેઠળના હિંગળોક જેવી વાધર ઔર ખેંચીને પાછો સવળો થાય. વાધર સાથે ગંદા ગઠ્ઠા બહાર આવે. ઓડિયન્સમાં હાહાકાર સર્જાય તેમ આંતરડાના ગઠ્ઠા શંકરની નાભિમાંથી લબડે. શંકરને આંચકીઓ આવે. તે તરફડે અને મૃત્યુ પામે. તરત તેના પર ચાદર ઓઢાડાય અને આગળનું દશ્ય શરૂ થાય. પણ અમારી સ્કીમ માટે આંતરડાં નીકળે ત્યાં સુધીનો જ સીન અગત્યનો હતો.

આખી કરામતમાં કેવળ ટાઈમિંગ અગત્યનું હતું. શંકર અને સોમો એ બાબતમાં અદ્ભુત હતા. હું અને જમ્બો શરૂઆતમાં વિસ્મિત થઈ ગયા હતા. પણ થોડાક રિહાઝને અંતે અમને એ કરામત આવડી ગઈ હતી. સૌથી અઘરી વાત તલવારના દાવ લેવાની અને અઢી પગલાં લઈને, પખવાજ પર વાગતાં ચોતાલ જેવી રીધમ સાથે નૃત્ય કરવાની હતી. અમારી કમનસીબી એ હતી કે સોમો નાયક 'કલાગુરુ'ની જેમ તાલીમ આપતો. તેને ખબર ન હતી કે નૃત્ય શીખવા માટે નહિ પણ જમૈયો ખૂંતાવવાની કરામત માટે અમે તેને ગુરુપદે સ્થાપ્યો હતો. તેણે જે કરામત બતાવી હતી તે જેટલી સહેલી લાગતી તેટલી સહેલી ન હતી. તે તો પાછળથી જ્યારે વધુ રિહર્સલ કરવાં

પડ્યાં ત્યારે સમજાયું હતું.



આખરે મેં ટકો મુંડો કરાવ્યો હતો. મોઢામાં ત્રણ સોનાના દાંત, ભૂરી આંખો, મકાઈના ડોડાના રેસા જેવી લાંબી અને ભરાવદાર મૂછોને કારણે હું હોલિવુડની કોઈ ફિલ્મમાંથી બહાર કાઢેલો ખલનાયક લાગતો હતો. મારો પોતાનો ચહેરો જોઈને હું છળી મરું તેવો લાગતો.

રતિલાલને બંગલે આઠ વાગ્યે શામજી મને મળવા આવવાનો હતો. મારે જે ડાયલોગ બોલવાના હતા તે તૈયાર હતા. વ્હિસ્કીની બોટલ, સોડા, આઇસ ક્યુબ્ઝ અને મંચિંગ માટે તીખી મગફળી અને કાજુ લઈને હું ગોઠવાયો હતો. મેં ખૂબ પીધો છે અને હજુ પી રહ્યો છું. તેનો ખ્યાલ આવે તે માટે વ્હિસ્કીનું પ્રવાહી મારા ચહેરા પર અને ગરદન પર છાંટ્યું હતું. દીવાનખાનામાં આરામખુરશીમાં, બેસીને ટાંટિયા ટિપોય પર લંબાવીને, સિગારેટનો કશ લેતાં મારે બેસવાનું હતું. પત્નીએ, તેનાં અંગોનાં ઝાંખાં દર્શન થાય તેવો હાઉસકોટ પહેર્યો હતો અને હમણાં જ રસોડાનું કામ પરવારી હોય તેવી ગૃહિણી જેવી લાગતી હતી. લગભગ એક લાખની કિંમતનાં સાચાં બિસ્કિટ અને તેની નીચે ગિલેટ કરેલાં ચાંદીનાં જથ્થાબંધ બિસ્કિટનાં, ટૂથપેસ્ટનાં ખોખાં જેવાં પેકેટોમાં પેક કરીને એક બ્રીફકેસમાં ગોઠવવામાં આવ્યાં હતાં.

આઠને દસ-બાર મિનિટે બેલ વાગ્યો હતો. પત્ની બારણે ગઈ હતી. તેણે બારણું ખોલ્યું હતું. હું દીવાનખંડમાં ગોઠવાઈ ગયો હતો. પત્નીએ સ્મિત વેરીને શામજીભાઈ આવકાર્યા હતા. "શામજી, મારો વર મૂડમાં છે. થોડોક ટિપ્સી છે, પણ વાંધો નથી."

"ટિપ્સી એટલે ?" શામજીએ પૂછ્યું. પત્નીએ હોઠ આગળ અંગૂઠો લાવીને એક આંખનું પોપચું નમાવીને ઇશારાથી સમજાવ્યું કે હું સારો એવો પીધેલો છું. શામજીના ચેહાર પર કાળાશ તરી આવી.

"ડેન્જર જેવું નથીને !" તે ગભરાઈને બોલ્યો.

"નહિ, બિલકુલ નહિ. લોકો પીએ પછી પશુ જેવા થઈ જતા હોય છે પણ મારો વર પીધા પછી પશુમાંથી માણસ જેવો થઈ જાય છે. એ પીએ પછી જ હું તેની પાસેથી એક-બે બિસ્કિટ લઈ લઉં છું." પત્નીએ કહ્યું.

"પણ નશો ઊતરે ત્યારે તેને યાદ નથી આવતું ?"

"આવે છે અને તકરાર પણ કરે છે, પણ તે જે ભાવે માલ આપે છે તે પૈસા હું તેને આપી દઉં છું એટલે વાત પતે છે. સમજ્યાને ! નહિ તો હું શા માટે તમારી પાસેથી સોનું આપીને તરત પૈસા માગી લઉં છું."

"પુષ્પા..." મેં અંદરથી બૂમ પાડી.

"આવું છું." પત્નીએ જવાબ આપ્યો. "તમે ચિંતા ન કરો શામજી." કહીને પત્ની તેને ભેટી અને કાવતરાખોરની જેમ શામજીને ચુંબન કર્યું. "અશોક, શામજીભાઈ આવ્યા છે." તે શામજીભાઈને દીવાનખંડમાં લાવી.

"ઓહ શામજી. પોરબંદરનો શામજી ! વેલકમ... વેલકમ.." મેં નશામાં કહ્યું અને હું સહેજ લથડાઈને ઊભો થયો. હિંદી ફિલ્મોમાં મેં ધર્મેન્દ્ર, અમિતાભ અને અનુપમ ખેરને પીધેલાનો અભિનય કરતાં જોયા હતા. એટલે નકલ કરવામાં મને વાંધો નહોતો.

"અરે ! પોરબંદરવાળો શામજી નહિ. શામજીભાઈ જ્વેલર્સ..." પત્ની બોલી. શામજી મારો હુલિયો જોઈ રહ્યો હતો.

"ઓહ ! જ્વેલર્સ ! શામજીભાઈ... ઓહ વેલકમ,' મેં લથડાતી જીભે કહ્યું અને શામજીની નજીક જઈને ભેટ્યો. શામજી ભારે અમૂંઝણમાં મુકાયો. "બેસો... બેસો.. પુષ્પાએ મને વાત કરી હતી."

"મને લાગે છે તમને હું ખલેલ પાડી રહ્યો છું." શામજી કંઈક સંકોચથી બોલ્યો. એક ક્ષણ તેને બહાર જવાની ઇચ્છા થઈ આવી.

"નોન્સેનસ. શું લેશો વ્હિસ્કી, રમ, વોડકા ?" મેં પૂછ્યું.

"કંઈ નહિ."

"નહિ ? પણ કંઈક તો લેવું પડશે." મેં કહ્યું અને આડા ફરીને મારો ગ્લાસ ભર્યો. પત્નીએ દરમિયાનમાં શામજીનો હાથ દબાવ્યો.

"શામજીભાઈ, તમે બેસો હું કોફી બનાવી લાવું."

"નહિ.. એટલે ઓ.કે." શામજી સંજ્ઞા સમજ્યો અને પત્ની બહાર નીકળી. શામજીને મારી બાજુમાં સોફામાં બેસાડવામાં આવ્યો હતો.

"વેલ તો તમે શામજીભાઈ છો. પુષ્પા.. આખો દિવસ તમારી વાત

કરતી હોય છે. શામજીભાઈ આવા અને શામજીભાઈ તેવા... દીકરીની જેમ પ્રેમ કરે છે. કહી કહીને તેની જીભ થાકતી નથી." મેં બોલવા માંડ્યું. "પહેલી વખત તે મારી પાસેથી.. અલબત્ત, છાનામાના બિસ્કિટ લઈને, પેલા બે બદામના પુરોહિત સાથે તમારી દુકાનમાં વેચી આવી ત્યારે જ મારે ઝઘડો થયો હતો. યુ અન્ડરસ્ટેન્ડ ! અને પછી શું થયું ! તેને ટેવ પડી. એ સમજતી નથી. આ રેંજીપેંજીનો ધંધો નથી. તેને એમ છે કે આ ધંધો તદ્દન સરળ છે. શામજીભાઈ, તમે જાણો છો આ શું છે તે ? સહેજ લોચો થયો એટલે જાનથી જવું પડે. સાલી બૈરાની બુદ્ધિ પાનીએ. પણ પુષ્પા લગામ વગરની ઘોડી છે. તેને અક્કલ નથી. આ તો તમે સારા માણસ છો કે પોલીસમાં ઈન્ફોર્મ કરતા નથી. નહિ તો શું થાય ?" મને ખબર હતી કે મારે શું સીન ભજવવાનો છે અને ડાયલોગ મારવાના છે. અને તે પણ પીધેલાની જેમ.

"એવું થતું હશે અશોકભાઈ, આ તો બિઝનેસ છે."

"એ સાચું પણ તેમાં રિસ્ક એટલું છે, પણ પુષ્પાને રાતોરાત મહારાણી થવું છે. બંગલા મોટર જોઈએ છે. તમને ખબર નથી કેવી ગરીબીમાં મેં દિવસો વિતાવ્યા છે. ક્યારેક હું તમને વાત કરીશ. સમજણો થયો તે પહેલાં તો મારે હાથે ન થવાનું કામ થયું. તે શું કામ ? પુષ્પાને કારણે... ખેર ! એ મારી અંગત વાત છે. પુષ્પાએ તમને વાત કરી છે કે નહિ તે મને ખબર નથી, પણ તેનું કોઈ ન હતું ત્યારે મેં તેનો હાથ પકડ્યો હતો. તેમાં ઘણી ગેરસમજ થઈ, પણ મારે તમને બોર કરવા નથી." વારંવાર એ વાક્ય કહીને મેં તેને જે કહેવાનું હતું તે કહી નાખ્યું.

"હું જેલમાં ગયો. એક હત્યા માટે.... જેમાં મારો કોઈ દોષ ન હતો. એક હરામખોર કરિયાણાવાળાએ પુષ્પા પર અત્યાચાર આચર્યો અને અમારે ઝપાઝપી થઈ. મારો તેને મારવાનો ઇરાદો ન હતો. પણ તાજવાનો કાંટો તેના હૃદયમાં ખૂંત્યો અને એ મરી ગયો અને પછી વેલ..."મેં કહ્યું નિઃશ્વાસ નાખ્યો અને ગ્લાસમાંથી મોટો ઘૂંટ ભર્યો. "પણ શું કામ, હું તમને આ બધું શું કામ કહું છું."

"નહિ અશોકભાઈ, હું બોર નથી થતો."

"આપણે ધંધાની જ વાત કરવી જોઈએ. વેલ... તમને સોનું લેવામાં રસ છે, મને વેચવામાં. પણ તમને હું પહેલેથી કહી દઉં કે હું કોઈ ગોલ્ડ સિન્ડિકેટનો ચેરમેન નથી. હું કેવળ એક કુરિયર છું. મારી કામગીરી કેવળ એટલી જ છે." મેં નશામાં બોલતો હોઉં તેવી રીતે વાત ચાલુ રાખી હતી. "મારું કામ લાયેઝનનું છે. હોંગકોંગ, દુબઈ, સિંગાપોરમાં મારે કેવળ ક્યાં ક્યું શિપમેન્ટ થયું છે. અને માલ ક્યાં ઊતરશે તેની માહિતી અહીંના લેવાલોને પહોંચાડવાની હોય છે. તેથી વિશેષ કાંઈ નહિ. યસ ! ડોલર્સમાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કામ બીજા લોકોની મદદથી કરવાનું હોય છે, અને ક્યારેક તક મળતા હું થોડાંક બિસ્કિટ આમ-તેમ કરી નાખું છું. જ્યાં કરોડોની હેરફેર થતી હોય ત્યાં બે-પાંચ લાખની વિસાત નથી હોતી." મેં કહ્યું અને પાછી વાત પુષ્પા પર વાળી. "આ બધા જેલના પ્રતાપ છે અને જેલમાં ન ગયો હોત તો અત્યારે હું એક આદર્શ લગ્નજીવન ગુજારતો હોત."

"પુષ્પાએ મને થોડીક વાત કરી હતી."

"તેણે તમને રમા વિષે કહ્યું હતું ?"

"રમા વિષે ? કોણ રમા ?" શામજીએ આશ્ચર્યથી પૂછ્યું.

"આ મારી પત્ની, મારી સ્વીટ હાર્ટ, મારી પ્રિયતમા, મારી પત્ની..." આ વાક્યો પત્ની માટેની એન્ટ્રીની ક્યુ હતી. તે કોફી લઈને પ્રવેશી.

"આજે જુઓને, ખરે વખતે કામવાળી ચાલી ગઈ છે અને બધું જ માથે પડ્યું છે." કહીને ટ્રે ટેબલ પર પત્નીએ ટેબલ પર ટ્રે ગોઠવી. એક કપ શામજીને આપ્યો. બીજો પોતે લીધો અને શામજીની બાજુમાં બેઠી.

"તું અશોક પીધા જ કરે છે ! પછી શામજીભાઈ સાથે વાત કરી કે નહિ ?"

શામજીએ વિવેકથી કહ્યું, "નહિ નહિ, વાત કરે છે ને."

"તો શું નક્કી કર્યું ?"

"એટલે હજુ..."

"એટલે હજુ કાંઈ મુદ્દો ચર્ચાયો જ નથી ?" પત્નીએ પૂછ્યું.

"પુષ્પા, હું શાંતિથી શામજીભાઈને સમજાવી જ રહ્યો હતો. તારે માટે મેં ગોઠવણ કરવાની શરૂ તો કરી જ છે ને ?"

"નોન્સેન્સ તું આને ગોઠવણ કહે છે ? શામજીભાઈ, અત્યાર સુધીમાં મેં તમને કેટલો માલ આપ્યો ?"

"તમે લગભગ આઠ લાખનો ..."

"શું ભાવે આપ્યો ! તેમાં મને કેટલા મળ્યા ? એક લાખ અઠ્ઠાવીસ હજાર કે તેથી વધારે ? તેમાંથી પચાસ ટકા તેં લઈ લીધા. મને મળ્યું શું ? ૬૪ હજાર ! અને પાછો ઘરનો ખર્ચ મારે માથે ! કાકીની દવા તો મારે કરાવવાની...."

"પણ પુષ્પા, મને જે મળે છે તેમાંથી તને-"

"મને ઉઠાં ભણાવે છે અશોક ? મને ખબર નથી તને શું મળે છે ? અને કેટલાં બિસ્કિટ તું વેચે છે !"

"પણ એ મારા બાપનાં નથી. મારે તે રૂપિયા કાં તો ડોલર્સ કાં તો ચાંદી ખરીદવા માટે વાપરવા પડે છે," મેં કહ્યું.

"ખોટું શું કામ બોલે છે. એ ડોલર્સ ક્યાં જાય છે તેની મને ખબર છે. તું મારી શું હાલત કરવા માગે છે તેની મને ખબર છે."

"શામજીભાઈના દેખતાં તારે ઝઘડવું છે ?" મે કહ્યું. "હું નશામાં નથી પુષ્પા."

"તારે શું કામ નશો કરવો જોઈએ ? મારે ઝેર ખાઈને મરવું જોઈએ. બહુ વખત તેં મને બનાવી છે પણ હવે નહિ. યાદ રાખજે તું મને અંતરિયાળ મૂકી જઈશ તો હું આત્મહત્યા કરીશ અને મરતાં પહેલાં તારાં કારનામાંનો ઈતિહાસ જાહેર કરી નાખીશ."

"ચૂપ કર હરામજાદી અને અવાજ ધીરો રાખ. દીવાલોને પણ કાન હોય છે સાલી. તારા પ્રત્યેની મને લાગણી ન હોત તો મેં પેલા કરિયાણાવાળાને માર્યો ન હોત અને તને મુંબઈના બજારોમાં રખડવા દીધી હોત." મેં કહ્યું.

"હું રખડતી જ હતી. જેલમાંથી છૂટ્યા પછી તને કોઈ આશરો આપનાર ન હતો ત્યારે મારી છાતીએ માથું મૂકીને તું રડ્યો હતો કે બીજો ?" પત્નીએ રડવા માડ્યું. પત્નીને તેનો રોલ ભજવવા માટે કોઈ દિગ્દર્શકની જરૂર ન હતી.

"એ કારણે તારી જીભ ખેંચી નાખતો નથી સમજીને ? બાકી આ ધંધામાં પડેલા લોકો કેટલા ખતરનાક હોય છે તેની તને ખબર છે ને !" મેં કહ્યું. "તમે સમજાવો એને શામજીભાઈ, તમે દુનિયા જોઈ છે."

"તમે, તમે ઝઘડો નહિ... તમે ઝઘડો નહિ." શામજી બિચારો સૂડી વચ્ચે સોપારી જેવી હાલતમાં હતો.

"અને હું તને ના નથી પાડતો. તેને મહિને વીસ-પચ્ચીસ હજારની આવક જોઈએ છે. ગાડી અને ફ્લેટ જોઈએ છે. એ હું અપાવીશ પણ આજે ને આજે તે શક્ય નથી. તેમાં સમય જશે પણ તે સમજતી નથી. હમણાં મારી પાસે રૂપિયા લડાવવાના હોત તો કરોડ રૂપિયાનો માલ ઘરમાં પડ્યો છે. તમે માનશો ? મેં શામજીને પૂછ્યું. "તમને એમ લાગે છે કે હું ખોટું બોલું છું." કહીને હું ઊભો થયો. લથડાયો. મેં બીજા કમરામાં જઈને એક ઓવરનાઈટ બેગ જેવડી બ્રીફકેસ ઉઠાવી. દીવાનખાનામાં આવ્યો અને એ ભારે બેગ ફરસ પર મૂકી. ગજવામાંથી ચાવી કાઢીને બેગ ખોલી. બેગમાં સફાઈથી ગોઠવેલાં ખોખાંમાંથી એક ઉઠાવ્યું અને તોડ્યું - એવી રીતે તોડ્યું કે તેમાંથી ચોસલા જેવી પીપરમિન્ટ જેવડાં નાનાં બિસ્કિટ વેરાય. શામજી સહેજ આંખ ફાડીને જોઈ રહ્યો. વેરાયેલાં બિસ્કિટમાંથી ત્રણચાર હાથમાં લઈને મારી હથેળી શામજી તરફ ધરી... "આ જુઓ એક બિસ્કિટ આજની રિટેઈલ પ્રાઇસ પ્રમાણે ૧૧૦૦૦ રૂપિયાનું છે. આ બ્રીફકેસમાં એક હજાર બિસ્કિટ છે. કરોડ રૂપિયા ઉપર તેની કિંમત છે કે નહિ ? આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત ૮૦-૮૫ લાખ થાય. એટલે સીધો નફો વીસ-બાવીસ લાખનો છે, પણ આ મારા બાપના નથી. મને આ નફામાંથી પાંચ લાખ જરૂર મળવાના પણ મારે ખર્ચ થવાનો કે નહિ ? વિમાનની મુસાફરી, હોટેલનો ખર્ચ, કસ્ટમ્સમાંથી નીકળવાનો ખર્ચ એ બધું મારે માથે હોય સમજ્યા ? એક ખેપ કરું ત્યારે માંડ દોઢ-બે લાખ બચે અને રોજ રોજ આવી ખેપ થાય નહિ. બે-ત્રણ મહિને એક ખેપ થાય. ઘણી વાર ફેરા ખાલી પણ જાય."

"એ પૈસા તું ક્યાં નાખે છે તે કેમ કહેતો નથી." પત્ની બોલી ઊઠી.

"પુષ્પા, મારો હિસાબ લેવાની તારે જરૂર નથી સમજીને ? ક્યારેક

ને ક્યારેક મારે એ ધંધામાંથી નિવૃત્ત થવું જ પડવાનું છે. લોકો ભલે માનતા હોય પણ એક સિન્ડિકેટનું આયુષ્ય તેના કુરિયર્સ પર નિર્ભર હોય છે. જે દિવસે શંકા પડી તે દિવસે કામ બંધ કરવું પડે એટલે તો મેં કામ બદલ્યું છે. આ ચાઈનીઝ બિસ્કિટ શું કામ લાવવાં પડે છે. ટેસ્ટ કર્યા વગર કોઈ ખરીદે નહિ."

"શામજીભાઈએ ટેસ્ટ નથી કરાવ્યાં." પત્ની રડતાં રડતાં બોલી.

"કારણ તેમને વિશ્વાસ છે. બધા તેવા ન હોય."

"પણ તારા નફાના પૈસા તું ક્યાં નાખે છે તે કેમ ભસતો નથી ?"

"પુષ્પા, તું મને ગુસ્સે નહિ કર. હું મહેનત કરું છું. જોખમ લઉં છું. તને દસ-બાર-પંદર હજાર જે જોઈએ તે આપું છું. પછી મારા પૈસા હું ઈન્વેસ્ટ કરું કે તેની બીડીઓ બનાવીને ફૂંકું તે તારે જોવાની જરૂર નથી."

"તું ડોલર ખરીદે છે... ડોલર ! તારી.... સગલી માટે... એ હલકટ તેણે બજારુ...." પત્ની બોલી અને મેં તેને છુટ્ટો ગ્લાસ માર્યો. તે સાથે તેણે કોફીનો તેના હાથમાંનો કપ મારા પર ઝીંક્યો. મેં તેનો હાથ પકડ્યો. તેણે બીજે હાથે પ્લાસ્ટિકની ટ્રે ઉઠાવીને ભયાનક જોરથી મારા તોલા માથામાં ઝીંકી. ટ્રે ભારે પ્લાસ્ટિકની હતી. એટલે એક ક્ષણ મને કળ ચડી ગઈ. મેં તેનું ગળું પકડ્યું. તેણે મને લાત ઠોકી. શામજી હેબતાઈને ઊભો થઈ ગયો.

"તમે... તમે લડો નહિ." કહીને તે વચ્ચે પડ્યો.

"તમે હઠો... સાલીને આજે હું ખબર પાડી દઉં છું." કહીને મેં એક હાથે ધક્કો માર્યો. પણ મેં કહ્યુંને પત્ની ભારે ચપળ છે. તેણે મારા ઢીંચણ પર એવી રીતે લાત મારી કે મારા મોઢામાંથી રાડ પડી ગઈ. હું પડ્યો, પણ તેને લઈને. અમે બન્ને સોફાની બાજુમાં ઝિંકાયાં. પત્ની ઝનૂને ભરાયેલી બિલ્લીની જેમ મને મારી રહી હતી. મારે માર ખાવાનો હતો અને શામજી મને અને પત્નીને છોડાવે તેના રાહ જોવાની હતી. આખરે શામજીએ અમને છોડાવ્યાં હતાં. દીવાનખંડમાં અમે બધું વેરવિખેર કરી નાખ્યું હતું. પ્લીઝ.... તમે લડો નહિ. શાંતિથી વાત કરો. વગેરે વાક્યો બોલતાં શામજીએ અમને છૂટાં પાડ્યાં. મારું શર્ટ ફાટ્યું હતું. પત્નીનો હાઉસકોટ ચિરાયો હતો. નીચે ખુલ્લી પડેલી બ્રીફકેસની આજુબાજુ ચાઈનીઝ લગડીઓ

વેરાઈ હતી. હું ઊભો થયો હતો અને મેં બ્રીફકેસ ઉઠાવી હતી. તેને બંધ કરતાં પહેલાં મેં બીજા થોડાંક પેકેટ ભોંય પર પછાડીને ફેંક્યાં હતાં...

"તારે પૈસા જ જોઈએ છેને... લે આ લઈ જા... અને મર.. સાલી સમજતી જ નથી. કહીને બ્રીફ કેસ લઈને હું લથડાતો બહાર ચાલ્યો ગયો હતો. મારી મોટરસાઈકલના કેરિયરમાં બ્રીફ કેસ મૂકીને મેં મોટરસાઈકલ ભગાવી હતી. શામજી અને પત્ની બન્ને સ્તબ્ધ થઈ જાય તેવી રીતે મેં એકઝિટ કરી હતી.

"પુષ્પા.. એ નશામાં છે." શામજી બોલ્યો હતો.

"ભલે રહ્યો... આઈ ડોન્ટ કેર..." પત્નીએ નાટક ચલાવેલું.

"પણ... આ... આ... શામજી ચકિત થઈને વેરાયેલાં બિસ્કિટ તરફ જોઈ રહ્યો હતો."

"ફેંકી દો બહાર," કહીને પત્ની સોફામાં પડી હતી. "મારે એ રાક્ષસના પૈસા જોઈતા નથી." પત્નીએ ઊંધા પડીને રડવા માંડ્યું હતું.

"પણ પુષ્પા..." શામજી દ્વિધામાં થોડી ક્ષણો ઊભો રહ્યો હતો. આ રીતે કમરામાં સોનાનાં બિસ્કિટો....દસ અગિયાર હજારની કિંમતનું એક બિસ્કિટ ફેંકીને જનારો માણસ તેણે જોયો ન હતો. કમરામાં વીસ લગડીઓ વેરાઈ હતી. મેં જે પેકટો ફેંક્યાં હતાં. તેમાં ગિલેટવાળી લગડીઓ હતી. એટલે એ પેકેટસ ખોલવામાં ન આવે તેવું ધ્યાન પત્નીએ રાખવાનું હતું. "આ પેકેટ..." તે બોલ્યો. પત્ની ઊભી થઈ. તેણે શામજીના હાથમાંથી ત્રણ પેકેટ્સ લઈ લીધાં અને ટિપોય પર મૂક્યાં.

"એ બિસ્કિટ તમે લેતા જાવ." પત્નીએ નીચે વેરાયેલાં બિસ્કિટ બતાવીને કહ્યું.

"લેતો જાઉં..." શામજીએ કહ્યું.

"બેલાશક લેતા જાવ..." પત્ની બોલી, "તમે ચિંતા ન કરો.એ નાટક કરે છે. તમારા દેખતાં સતો થયો છે. એ પાછો આવીને પેકટો ગણશે જ અને કાલે મારી પાસે હિસાબ પણ માગશે જ. એ લુચ્ચો છે."

"પણ તેની બેગમાં કરોડ રૂપિયાનો માલ છે પુષ્પા. ક્યાંક મોટરસાઈકલ અથડાઈ કે સ્લીપ થઈ તો-"

"એ તમારી સામે સ્ટાઇલ મારીને ગયો. તેને જવાનું જ હશે. હું કહું છું ને કે તે માલની ડિલિવરી કરવા જ ગયો છે. તમે ચિંતા ન કરો. આ પેકેટ્સ નાખીને ગયો નહિ. એ તેનાં કમિશન જેટલાં જ છે. યુ ડોન્ટ નો હીમ." પન્નાએ કહ્યું અને તેણે અને શામજીએ ભેગા થઈને ફરસ પર વેરાયેલી લગડીઓ એકઠી કરી.

"વીસ છે પુષ્પા... હું તેના પૈસા તને પહોંચાડી દઈશ."

"મારે શું કરવા છે... તમે તેને જ આપી જજો." પન્નીએ કહ્યું. "સોરી.. મેં તમને બોલાવ્યા હતા. કંઈક સોદો થઈ શકે તે માટે પણ જવા દો. મારાં નસીબ જ એવાં છે. એ મને ઉલ્લુ બનાવી રહ્યો છે એ તેની સગલી માટે - પણ હું તેને એમ જવા નહિ દઉં."

"પુષ્પા... આ રમા કોણ છે ?" શામજીએ પ્રશ્ન પૂછ્યો.

"એ જ મ્હોકાણ છે." તેણે કહ્યું અને શામજીને તેણે બીજી સોબ-સ્ટોરી સંભાળાવી. તેનો ટૂંકસાર એવો હતો કે અશોકે, કરિયાણાવાળાનું ખૂન કર્યું તે પહેલાં તેનાં માબાપે, આ રમા સાથે તેનો વિવાહ કરવાનું નક્કી કરેલું, પણ તેને સજા થઈ પછી વિચાર માંડી વાળેલો. તે પછી એ છોકરી અમેરિકા ગઈ. તેની પાસે ગ્રીન કાર્ડ છે. અશોક જેલમાંથી છૂટ્યો પછી પુષ્પાએ તેને સાચવ્યો. પ્રેમ કર્યો. બન્ને નાસિક જઈને પરણ્યાં. બે વર્ષ પહેલાં રમા અમેરિકાથી આવી. અશોક સાથે મુલાકાત થઈ. તેનું કહેવું હતું કે તે હજુ કુંવારી છે. મારા કરતાં રૂપાળી, ભણેલી પણ વધારે. અશોકને તેણે પલાળ્યો. તે પાછી જવાની હતી ત્યારે અશોકને સિંગાપુર જવાનું થયું. એટલે તેની સાથે જ તે ગયો. બન્ને સિંગાપુર ઊતર્યાં. એક અઠવાડિયું સાથે રહ્યાં. ત્યારની રામાયણ ચાલે છે. મને બાળક નહિ થાય તેનો કકળાટ તેણે ચાલુ કર્યો તે પછી મને તેના લફરાની ખબર પડી. તે લોકો તે પછી હોંગકોંગ કે સિંગાપુર મળે જ છે. લખલૂટ ડોલર્સ એટલે ખર્ચાય છે."

તમે પન્નીને ઓળખતા હો તો ખબર પડે કે તે કેટલી ચાલાકીથી વાત કરી શકે છે. આખરે શામજી ત્યાંથી નીકળ્યો.

બીજે દિવસે તેણે બજારભાવ કરતાં ત્રણસો રૂપિયા તોલા દીઠ ઓછા ગણીને વીસ લગડીના રૂપિયા મોકલાવ્યા.

"પત્ની, આમ ને આમ આપણે ખતમ થઈ જઈશું." મેં પત્નીને કહ્યું હતું.

"તું ફિકર ન કર. એ તારી પાસે આવશે જ." તેણે મને સધિયારો આપ્યો હતો. અને સાચે જ એક અઠવાડિયા પછી શામજી રાત્રે આવ્યો હતો. હું હવે રાત્રે રતિલાલને બંગલે રહેતો.

"પુષ્પા નથી ?" તેણે પ્રવેશતાં જ મને પૂછ્યું હતું.

"નહિ બહાર ગઈ છે. તમારે તેને મળવું હતું ?"

"આમ તો મારે તમને જ મળવું હતું. પુષ્પાની બાબતમાં-"

"જુઓ શામજીભાઈ. તેમાં તમારે પડવા જેવું નથી. તમને એ તમારી દીકરી જેવી લાગતી હોય તો મને વાંધો નથી. પણ મારે સલાહની જરૂર નથી." હું હાથે કરીને દીકરી શબ્દ પર ભાર આપીને બોલ્યો.

"હું સલાહ આપવા નથી આવ્યો."

"તો ?"

"મારી વાત સાંભળો અશોકભાઈ."

"તો શું કરી રહ્યો છું."

"તમારા સ્ટોકમાંથી તમે કેટલાં બિસ્કિટ વેચી શકો તેમ છો ?" શામજીએ પૂછ્યું.

"સ્ટોક ? શેનો સ્ટોક ?" મેં કહ્યું, "તમે તે દિવસે જોયો હતો તે સ્ટોક ?"

"જી."

"શામજીભાઈ, મેં તમને તે દિવસે જ સમજાવ્યું હતું કે હું માત્ર કમિશન એજન્ટ છું. એ સ્ટોકમાં મારો કોઈ અધિકાર ન હતો. મારે ફક્ત ડિલિવરી આપવાની હતી." મેં કહ્યું. અને ધીરેથી ઉમેર્યું. "મારે એ પુષ્પાને કેવી રીતે સમજાવવું ? એ મને ધંધો કરવાનું કહે છે. આખો દિવસ તેનો કકળાટ હોય છે. પણ શામજીભાઈ, પચ્ચીસ લાખનો માલ ઉઠાવવો તે તો મિનીમમ કહેવાય. તે વગર તો રિંગમાં જ ન અવાય. જ્યાં પચાસ કરોડના સોદા થતા હોય અને વીસ પચ્ચીસ લાખના કૂતરાને રોટલા ખવરાવવામાં આવતા

હોય ત્યાં આપણે કિસ ગિનતી મેં. તમે સમજો, તમારો તો આ ધંધો છે.''

''નહિ. નહિ. મારો ધંધો એટલે ... કે'' શામજી કંઈક નર્વસ થઈને બોલ્યો.

''અરે ! ભાઈ તમે દાણચોરી ન કરતા હો. પણ લેવાલ તો ખરાને-!''

''હેં.. હા પણ તમે કહો છો તે રીતે મેં ડાયરેક્ટ-''

''ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ.. તમે પુષ્પા પાસેથી સોનું લીધું કે નહિ ?''

''પણ અશોકભાઈ, એ તો પુષ્પા પ્રત્યે મને લાગણી થઈ આવી એટલે-''

''એ જ તો હું કહી રહ્યો છું ને ભાઈ ! પુષ્પાનું તમને લાગતું હોય તો રોકોને રૂપિયા... પણ પચ્ચીસ લાખથી ઓછા નહિ. આજે રૂપિયા રોકો ને અઠવાડિયામાં માલ તમારા હાથમાં છે. છે રોકાણ કરવાની જિગર, ન હોય તો વાત જવા દો આપણે બીજી વાતો કરીએ.'' મેં ઝાટકો મારીને વાત પતાવી.

શામજી ઓછો ન હતો. જમાનો તેણે પણ જોયો હતો.

''તેમાં મળે કેટલું ?''

''જાતે ડિલિવરી લેવા જાવ તો રૂ. ૩૯૫૦ અને અહીં ડિલિવરી જોઈતી હોય તો ૪૧૫૦. બજાર ૪૫૦૦ કરતાં વધારે છે'' મેં કહ્યું. ''પ્રોફિટમાં મારા ૬૦ અને તમારા ૪૦ મંજૂર હોય તો કરો કંકુના. અઠવાડિયું દસ દિવસ રોકાણ થાય.''

''તેનું વ્યાજ ?'' શામજીએ તરત કહ્યું.

''વ્યાજ-બ્યાંજ આ ધંધામાં તમારે ગણવાનું. તમે પણ ખરા છો. તમે આ નફો ચોપડે બતાવવાના છો ? અને ચોપડે બોલતાં નાણાં આમાં રોકવાના છો ?''



તે દિવસે પત્ની પાછી તેને મળી. શામજીએ તેની મુલાકાતની વાત કરી. પત્નીએ આતુરતાથી વાત સાંભળી.

''શામજી, એ જુઠ્ઠો છે. અહીંની ડિલીવરી તેણે ૪૦૦૦માં કરી છે. એટલું જ નહિ જાતે ૩૮૦૦માં ડિલિવરી લઈ આવ્યો છે. તમે તેને સામે

ઓફર આપો. એ કૂબલ નહિ થાય તો હું કરાવીશ. એ કબૂલ થશે તો માલ જરૂર લાવી શકશે." પન્નીએ કહ્યું.

તે પછીને દિવસે ફરી વાટાઘાટો થઈ. મારો ભાગ ત્રીસ ટકા કરવામાં આવ્યો. મેં રકઝક કરીને કબૂલ રાખ્યું. "તમે પૈસા તૈયાર રાખજો. ૫૦૦ની નોટો હશે તો ચાલશે. હું તમને મેસેજ આપીશ."

શામજીને બે દિવસ પન્નીએ મદહોશ હાલતમાં રાખ્યો. એટલું જ નહિ શામજીએ સંતાડી રાખેલા રૂપિયા તૈયાર રાખ્યા હતા. એ દરમિયાનમાં જયલાને સોનું ખરીદવા માટે કામ સોંપવું પડ્યું. સૂરતના એક ખ્યાતનામ સોનીનો જયલાએ કોન્ટેકટ કર્યો. રૂ. દોઢ લાખ બહાના પેટે આપીને, દસ દિવસમાં રૂપિયા વીસ લાખનું સોનું ૪૪૦૦ ને ભાવે ઉઠાવવાનો વાયદાનો સોદો કરીને જયલાએ ગ્રીન સિગ્નલ આપ્યું.

"આજે પૈસા જોઈશે." મેં શામજીને પન્ની સાથે મેસેજ મોકલ્યો. શામજી તત્કાલ પચ્ચીસ નહિ પણ વીસ લાખ રોકવા તૈયાર થયેલો. આ બધું ચાલતું હતું તે ગાળામાં પન્ની માટે ફ્લેટસ જોવાનું કામ પણ એ ખાનગીમાં કરતો હતો. શામજી તેને જ્યાં લઈ જતો ત્યાં પન્ની જતી. આખરે શામજી રૂપિયાનાં બંડલો લઈને આવ્યો. ફરી એક વખત રતિલાલના બંગલામાં મિટિંગ થઈ.



એ મિટિંગ થઈ તે પહેલાં જ અમારી ટુકડીની રણનીતિ નક્કી કરવામાં આવી હતી. એક ખાસ્સી વજનદાર પતરાની પેટીમાં નોટોનાં બંડલો મૂકવામાં આવ્યાં અને શામજીની ગાડી લઈને અમે નીકળ્યાં. બારેજા ચાર રસ્તા પર એક ટેક્સી લઈને પ્રોફેસર દાસ ઊભા હતા. એ ટેક્સી અમારી જ જ્ઞાતિના અને અમારી ટીમના સભ્ય ચંદુ દટ્ટાના સાળા ટિનુ ટાયરની હતી. ટીનુ પણ એક ગજબ કેરેકટર છે. એક તો મોટરના ટાયર જેવી તેની કેડ છે. અને તેની કેરિયરની શરૂઆત પણ સ્કૂટરનાં ટાયરો ચોરવાથી થયેલી. પણ ગાડી ચલાવવામાં તેનો જોટો જડે તેમ નથી. અમારી મોટર પસાર થઈ તે ટીનુએ જોયું. એ અને પ્રોફેસર ગાડીમાં ગોઠવાયા અને દસકે મિનિટ બાદ અમે પણ મોટર ઉપાડી.

અમે હાઈ-વે પર આવેલી રેસ્ટોરાં પર ચા પીવા બેઠા. પતરાની ખુરસીઓમાં હું અને શામજી સામસામે બેઠા. શામજીની બાજુમાં ખુરસી ખસેડીને પત્ની બેઠી. શામજી કંઈક મૂઝવણમાં હતો. મિનિટો વીતવા લાગી. તે ઉત્સાહમાં પૈસા તો લઈ આવ્યો હતો. પણ તેણે એ યોગ્ય કર્યું કે નહિ તેની દ્વિધા તેના ચહેરા પર તરી આવતી હતી. થોડીવારમાં ટેક્સી આવીને ઊભી રહી. તેમાંથી ટીનુ ટાયર ઊતર્યો. તેણે ગાડીમાંથી ઊતરીને ટેક્સીનું પાછલું બારણું ખોલ્યું અને હિંદી ફિલમનો ખૂંખાર છતાં સફાઈવાળો વીલન ઊતરે તેમ અપ-ટુ-ડેટ સૂટ પહેરેલા પ્રોફેસર ઊતર્યા. તેમની સાથે ચંદુ દટ્ટો ઊતર્યો. તે લોકો અમારી બાજુના ટેબલ પર આવીને બેઠા. ટીનુ પ્રોફેસરની બાજુમાં આવીને ઊભો રહ્યો.

"શીઈઈસ. એ લોકો આવી પહોંચ્યા છે." મેં હળવેથી કહ્યું.

"એ લોકો ત્યાં કેમ બેઠા ?" પત્નીએ પૂછ્યું.

"ધીરે બોલ." મેં કહ્યું. "આજુબાજુ ખાતરી કર્યા વગર એ લોકો પગલું પણ ન ભરે. મારે કોડ વર્ડ પણ કહેવો પડશે."

"એટલે ?"

"તમે ચૂપચાપ બેસી રહો." મેં કહ્યું. પ્રોફેસર કે. દાસે. માથા પર પી-કેપ પહેરી હતી. આંખ પર ગોગલ્સ ચડાવ્યાં હતાં. તેમણે ગોગલ્સ ઊંચા કરીને અમારી સામે જોયું. સિગરેટ સળગાવી. ટીનુને કશુંક કહ્યું. પછી ઊભા થયા. મારી બાજુમાં આવીને ઊભા રહ્યા.

"હલો.." તેમણે કહ્યું.

"હલો" મેં જવાબ આપ્યો.

"મેં તમને ક્યાંક જોયા છે. બનતાં સુધી લંડનમાં-" પ્રોફેસરે કહ્યું.

"લંડનમાં નહિ સર, પેરિસમાં." મેં કહ્યું. પ્રોફેસરે હાસ્ય વેર્યું.

"ઓહ.. યસ.." કહીને પ્રોફેસરે ગજવામાંથી એક ગંજીપાના પાનાનું અડધિયું કાઢ્યું. અને હળવેથી ટેબલ પર મૂક્યું. મેં ઊંડો શ્વાસ લીધો અને મારા ગજવામાંથી એ જ પત્તાનું બીજું અડધિયું. કાઢ્યું. બન્ને પત્તાં મેં સલુકાઈથી ગોઠવ્યાં અને પ્રોફેસર હાસ્ય વેર્યું. મેં પણ હાસ્ય વેર્યું. શામજીની ગાડીની ચાવી મેં પ્રોફેસરના હાથમાં કોઈ નાજુક ચીજ મૂકતો હોય તેમ મૂકી

અને ખૂંખાર દાણચોરની અદાથી બોલ્યો "ડીકીમાં..." પ્રોફેસરે ચાવી લીધી. ટીનુને આપી. અને પોતે સિગરેટનો કશ લેતા બેઠા. ટીનુ જાણે કે હમણાં જ એ રેસ્ટોરંટના આંગણામાં બોમ્બ મૂકવાનો હોય તેમ આમતેમ જોઈને શામજીની ગાડીની ડીકી તરફ ગયો. ઝડપથી તેણે ડીકી ઉઘાડી. અંદરથી પતરાની પેટી ઉઠાવી અને એટલી જ ઝડપે તેની પોતાની બાજુમાં પાર્ક કરેલી ટેક્સીમાં મૂકી. અમે ભેદી સંજ્ઞાઓ સાથે 'આલબેલ' કરીને અને થોડીવારે ઊઠ્યા. ગાડીમાં બેઠા. મને ખ્યાલ આવતો હતો કે શામજીના મજ્જાતંત્રમાં શંકા-કુશંકાનાં વાદળો છવાઈ ગયાં હતાં. તે ખરેખર ડઘાઈ ગયો હતો. પત્ની ન હોત તેણે રૂપિયા છૂટા ન કર્યા હોત. તેણે જિંદગીમાં ક્યારેય દાણચોરીનું સોનું ખરીદ્યું ન હતું તેવું નહિ. પણ તે રેગ્યુલર વેપારીઓ પાસેથી અને તે પણ જૂના સંપર્કોને કારણે જ, બાકી આ ધંધામાં અજાણ્યાનો વિશ્વાસ કરવો એ સ્નાન કરવા બરાબર છે. શામજી કદાચ આવું વિચારતો હશે તેનીય મેં તકેદારી રાખી હતી.

"આપણે ઘેર જઈને થોડી વાતચીત કરી લઈએ." મેં કહ્યું.

"હવે શી વાતચીત કરવી પડશે ?" પત્નીએ પૂછ્યું.

"શામજીભાઈને રસીદ આપવી પડશે કે નહિ ?" રસીદની વાત આમ તો તદ્દન હાસ્યાસ્પદ જ હતી પણ તેનો સાયકોલોજિકલ એડવાન્ટેજ હોય છે. ડઘાયેલા શામજીએ જે 'સીન' જોયો હતો. તેવો સીન તેણે તો શું અમારી ટીમે પણ હિંદી સિનેમા સિવાય ક્યાંય જોયો ન હતો.

"રસીદ ?"

"બેલાશક. તમારા હાથમાં માલ આવે પછી તમારે મને રસીદ પાછી આપવાની. એ તો ભાઈ વ્યવહારુ વાત છે ને !" દાણચોરીના ધંધામાં ઈમાનદારી સૌથી અગત્યની છે તેનો પુરાવો એ શબ્દોમાં હતો.

એમ અમે શામજીને ઘેર લઈ ગયા. મેં આગ્રહ કરીને તેને બિયર પાયો. મોડે સુધી અમે બેઠા. અને મેં તેને ધંધા વિષે થોડી ઓર માહિતી આપી. શામજી જેમ જેમ સાંભળતો ગયો તેમ તેમ તેની ઇંતેજારી વધતી ચાલી. આખરે રાત્રે તેમને ઘર સુધી મૂકવા હું અને પત્ની બન્ને ગયાં. પત્નીએ સાચવી રહીને શામજીને કહ્યું. આવતી કાલે દસ વાગ્યે હું દુકાન પર આવીશ.

શામજી ચાલ્યો ગયો. પછી અમે હિસાબ કરવા બેઠાં. અમારા પૈસા ઝડપથી ખલાસ થઈ રહ્યા હતા. વીસ લાખમાંથી જે કંઈ સોનું આવે તેમાં મારો ત્રીસ ટકા ભાગ હતો. મતલબ કે નફામાંથી શામજીને રૂપિયા ફેરે માલ આપવાનો હતો. તે વખતે સોનાનો બજાર ભાવ રૂપિયા ૪૪૦૦ની આસપાસ હતો. અને અમારે ૩૮૦૦ની ખરીદી બતાવવાની હતી. લગભગ ૧૧૬.૬૪ ગ્રામ પર ૬૦૦ રૂપિયાની ખોટ ખાવાની થાય અને જો શામજી ફરી વાર લપટાય નહિ તો અમારું સદંતર દેવાળું નીકળે તે વાત નિશ્ચિત હતી. અમારે લગભગ ૪ લાખ રૂપિયાની ઊઠે તેમ હતી. પણ ત્રણ લાખ કમિશનના રૂપિયા મજરે મળે તોય ત્રણેક લાખ જેટલી ખોટ નક્કી જાય. શામજીને ડબ્બામાં લેવા માટે ઘણો ખર્ચ થયો હતો. પણ હજુ વધુ નફો મોટો રોકાણમાંથી થઈ શકે તે વાત તેને જડબેસલાક રીતે બેસાડી દીધી. શામજીને તે દિવસે રાત્રે જો એવો વિચાર આવે કે તેના રૂપિયા લઈને ભાગી ગયા છીએ તો આખો ખેલ બાતલ જાય.

તેને વિશ્વાસ પડે તેવું બધું જ અમે કરી છૂટ્યાં હતાં. છતાં ભય તો હતો જ, એટલું જ, નહિ મને ચિંતા એ હતી કે માલ આપ્યા પછી જ એને એમ થાય કે વધુ ઊંડા પાણીમાં ઊતરવું નથી તો મારું ગરાજ બનાવવાનું સ્વપ્ન એળે જાય. વળી અમારી ટીમના સભ્યો પણ રોજે-રોજ ખર્ચ કરી રહ્યા હતા.

“પત્ની, કોઈ પણ રીતે શામજી ડગવો નહિ જોઈએ.”

“પવલા એ ડગી પણ જાય.”

“તો આપણે ન્હાઈએ ને પત્ની ?”

“નાહીએ. તેમાં શું થયું ? દરેક ધંધામાં રિસ્ક ફેક્ટર તો હોય જ ને ! અને પવલા, જે પૈસા લડી રહ્યા છે તે તારા કે મારા ક્યાં છે ?” પત્ની તદ્દન સ્વસ્થતાથી બોલતી હતી. મને સાચ્ચે જ તેની લાપરવાહીની ઈર્ષ્યા આવતી હતી. “તું નિરાંતે ઊંઘી જા. આવતી કાલે વાત.”

બીજે દિવસે પત્ની બરાબર દસ વાગ્યે શામજીની દુકાન પર પહોંચી હતી. તેની પાસે હજુ અમે ખરીદેલું એક બિસ્કિટ હતું. એટલું જ નહિ શામજીને આગલે દિવસે કમરામાં વેરાયેલાં ચાઇનીઝ બિસ્કિટ લઈ જવા

દેવાયાં હતાં. પન્નીએ એ બિસ્કિટ શામજીને પકડાવ્યું અને બન્ને જઈને હોટેલમાં બેઠાં. પન્નીની સોબ-સ્ટોરી તે દિવસે પણ ચાલી હતી.

શામજીને હૈયાધારણ રહે તે માટે પન્નીએ તેની સાથે બને તેટલો વધુ સમય રહેવું જરૂરી હતું.



બીજે દિવસે સાંજે જયલો માલ લઈને આવી પહોંચ્યો હતો. ટીનુની ટેક્સી લઈને એ લોકો ગયા હતા. એટલે વાંધો ન હતો. સુરતના બજારમાં પાંચ-દસ લાખની ખરીદી કોઈ મોટી ખરીદી ગણાય નહિ છતાં અમે ત્રણ જગ્યાએથી માલ મેળવ્યો હતો. ૬૦-૭૦ રૂપિયાનો ફેર પણ અમારે ગણતરીમાં લીધા વગર છૂટકો ન હતો. માલ આવી ગયા પછી જનુ જમ્બો અને પ્રોફેસરની સાથે એ માલ રવાના કરવામાં આવ્યો હતો. હારિજ પાસે રોઝડી નામની જગ્યા, જ્યાં અમે તદ્દન વેરાન જગ્યામાં ખોરડું રાખ્યું હતું ત્યાં તેમને મોકલી દેવામાં આવ્યા. તેમની સાથે અમારી જીપમાં વ્યવસ્થિત પેકેટ્સ મોકલામાં આવ્યાં હતાં. જનુની સાથે અમારી ટીમના બીજા સભ્યોને પણ મોકલવામાં આવ્યાં. જનુ જમ્બોનો લિબાસ પઠાણ જેવો બનાવવામાં આવ્યો હતો. કપડાં પણ એવાં જ. એક તો જનુ પોતે જ કદાવર છે. દેખાવમાં બોક્સર જેવો છે. તેના વાળ અને દાઢી વધારવામાં આવેલ એટલે ભયાનક લાગતો. આમેય મારો દેખાવ કંઈ સુંદર ન હતો.

એ પછીનો એક દિવસ અમે શામજીને ઉચાટ કરાવ્યો હતો. છેક મોડી રાત્રે શામજીને ઘેર પન્નીએ ફોન કર્યો હતો.

"હલો કોણ બોલો છો ?"

"શામજીભાઈ છે ?"

"તમે કોણ છો ?" સામેથી શામજીની પત્ની બોલતી હતી.

"તમે શામજીભાઈને આપશો ?" પન્નીએ કહ્યું.

"પણ તમે છો કોણ ?"

"પુષ્પા" પન્નીએ કહ્યું.

"પુષ્પા કોણ ?"

"તમે એટલું જ કહોને કે પુષ્પાનો ફોન છે." ખૂબ જ ચાંપલાશથી

પત્નીએ કહ્યું. શામજીની બૈરીએ એક અડધી મિનિટ પછી તેના વરને ફોન આપ્યો.

"તમારો ફોન છે." પત્ની આ છેડે હસી રહી હતી.

"હલો. હું શામજી, બોલું છું." શામજીએ ફોનમાં કહ્યું.

"ઓ હલો... શામજી... હું પુષ્પા." પત્નીએ કહ્યું, "શામજી, માલ આવી ગયો છે. સવારે નીકળવાનું છે."

"પણ અત્યારે ફોન કરવાની શી જરૂર હતી. સવારે દુકાન પર વાત થાતને." શામજીએ કહ્યું.

"નહિ ડિયર, મને ત્રણ દિવસથી ઊંઘ આવતી ન હતી."

"ઓ.કે. સવારે વાત." કહીને શામજીએ ફોન મૂક્યો. તેની પત્ની કેડ પર બન્ને હાથ મૂકીને શામજી તરફ જોઈ રહી હતી.

"સાલી શેઠાણીઓ ઝંપવા દેતી નથી." શામજીએ બહાનું કાઢ્યા વગર કોઈ ઇલાજ ન હતો.

"પણ એવી શેઠાણી કોણ છે ?" શામજીની પત્નીએ પૂછપરછ શરૂ કરી. સૂતાં પહેલાં તેણે શામજીને પ્રશ્નો પૂછી પૂછીને થકવી નાખ્યો હતો. ગમે તેમ તેને ઊંઘ આવી હતી. ત્રણ દિવસથી તે પણ ગડમથલમાં તો હતો જ. સવારના દુકાન ખોલવા માટે વહેલા જવાનું કહીને ગાડી લઈને સીધો જ રતિલાલને બંગલે આવ્યો. હું અને પત્ની તૈયાર થઈને તેની રાહ જોતાં જ હતાં.

"થીંક ઓફ ધ ડેવિલ એન્ડ હી ઇઝ હીયર," મેં કહ્યું. "ચાલો, નીકળવાનું છે ને !"

"ક્યાં જવાનું છે ?"

"રોઝડી." મેં કહ્યું "હારિજ પાસે." તે સાંભળીને તે ચોંક્યો.

"પણ તમે જ જઈ આવો ને !" તેણે કહ્યું.

"નહિ શામજીભાઈ, હું એકલો નહિ. પુષ્પા, હું અને તમે. એટલા માટે કે પુષ્પા પણ એક વખત જોઈ લે કે કેટલી તકલીફે કામ થાય છે."

"પણ મારે અત્યારે -"

"અત્યારે જ જવું પડે ને ! શામજીભાઈ. એ લોકો આપણી રાહ જોતા હશે. સમય ચૂકીએ તો પછી વાત બગડે. આ ધંધામાં સમય અને જગ્યા બન્ને મહત્ત્વનાં છે." મેં કહ્યું.

શામજી તેના રૂપિયા જોખમમાં તો કેવી રીતે મૂકે ?

શામજી મૂંઝવણમાં મુકાયો હતો. મેં કહ્યું તેમ તે લોકલ ડીલરો પાસેથી લાઇસન્સ વગરનો માલ તે ખરીદતો હતો. પણ આ રીતે ક્યાંક બહાર જઈને, માલની ડિલિવરી લેવા જવાનો, તેને માટે પ્રથમ અનુભવ હતો.

"મારે દુકાનમાં ખબર કરવી પડશે. આપણને પાછાં આવતાં કેટલો સમય થશે ?"

"સમય તો થવાનો શામજીભાઈ. છેક સમી-હારિજ જઈને પાછા આવીને એટલે રાત તો થઈ જશે." મેં કહ્યું.

"મારે મારી મિસિસને સમજાવવું મુશ્કેલ પડશે." શામજી બોલ્યો. "તેને બધી પંચાત બહુ હોય છે."

"આ જ વાત મને સમજાતી નથી. તમે લોકો તમારાં બૈરાંઓને બધી વાતો શું કરવા કરતા હશો ? એ તમને, તમારા ધંધામાં મદદ કરે છે ? સાલું તમે મહેનત કરીને કમાવ અને રોફ તમારા બૈરાં મારે ! આ પુષ્પા નથી ? તેને પણ એવી જ ટેવ છે. હોંગકોંગ શું કામ જવાનું છે ? સિંગાપોરમાં કેમ આટલું બધું રોકાયો ? ફલાણે દિવસે કઈ સગલીને ટેલિફોન કર્યો હતો ?" મેં વાત શરૂ કરી. મારી અને પત્ની વચ્ચે એટલી ટેલિપથી છે કે અમારે કોઈ ક્યુની જરૂર રહેતી નથી. એક વખત 'બેઝિક' પ્લોટ નક્કી થાય પછી 'સીન' અને ડાયલોગ આપોઆપ જ ગોઠવાઈ જાય.

"અશોક, તારે ફરીથી મારી સાથે ઝઘડવું છે ? તારું ચળિતર મને ખબર છે. સતા થવાની કોઈ જરૂર નથી."

"શામજીભાઈની હાજરીમાં આપણે એ ચર્ચા કરવી નથી. તમે બન્ને શામજીભાઈની મોટરમાં આવો. હું મોટરસાઇકલ પર આવું છું." મેં કહ્યું.

"મોટરસાઇકલ પર ?" શામજીએ આશ્ચર્યથી કહ્યું, "એટલે બધે ગાડીમાં સાથે શું કામ-"

"તમે મારી ચિંતા નહિ કરો. મોટરસાઇકલ પર હું છેક પાકિસ્તાન

જઈને પાછો આવું છું. આવા કામમાં એક લાઇટ વાહન જરૂરી હોય છે." મેં કહ્યું "તમે અને પુષ્પા આવો. હું તમને મહેસાણા હાઈવે પર રણજિત રેસ્ટોરાં પર મળું છું. પણ તમે લોકો મોડું ન કરતાં."

"એટલે મારી સાથે બીજું કોઈ નથી આવતું ?"

"આમ તો હું તમને એકલા જ આવવાનું કહેત પણ પુષ્પાને એટલા માટે સાથે લેવી છે કે તેને ખબર પડે કે પૈસા ઝાડ પર ઊગતા નથી. બાકી તમારે એકલા આવવું હોય તો મને વાંધો નથી." મને ખ્યાલ હતો કે ભલે તેના પૈસા લડતા હોય, તેનું જોખમ તેને લાગતું હોય પણ પત્ની સાથેની લાંબી ડ્રાઇવ તે ચૂકે તેમ ન હતો.

"એમ જ હોય તો ભલે હું અને પુષ્પા સાથે આવીએ છીએ." તે હળવેથી બોલ્યો.

"પણ તમારાં મિસિસને કહેવું પડશેને !" પત્નીય ઓછી ન હતી.

"તે બધું તમે પતાવો. મારે નીરુને સાથે લેવો પડશે." મેં કહ્યું.

"નીરુ ? એ કોણ ?" પત્નીએ પૂછ્યું.

"તારે એ બધી પંચાતમાં પડવાની જરૂર નથી." મેં કહ્યું અને મેં મારા વોર્ડરોબમાંથી બે ખતરનાક ચીજો કાઢી. શામજી ડઘાઈને તે તરફ જોઈ રહ્યો. તેણે મને કોઈ સવાલ પૂછ્યો નહિ. પણ તે મારી હિલચાલ જોઈ રહ્યો. એ બે ચીજોમાં એક જમૈયો હતો અને બીજી ચીજ હતી ચામડાની ખલેચી જેમાં પિસ્તોલ હતી. મારે કહેવાની જરૂર નથી કે એ પિસ્તોલ અલીગઢની બનાવટની હતી. જેને માટે રોજ છાપામાં જાહેર ખબર આવે છે. ભીંત ભડાકામાં વપરાતા દારૂગોળાની પેલેટ્સ તેમાં ફોડી શકાય છે. તેનો ભડાકો ખાસ્સો મોટો થાય પણ તેથી વિશેષ બીજું કાંઈ નહિ. મેં મારી મોટરસાઇકલની સાઈડ કેરિયરમાં આવે તેવી સહેજ પહોળી બ્રીફકેસમાં એ પિસ્તોલ મૂકી. પેન્ટની જમણી સ્લીવ્ઝ ઊંચી કરીને મેં જમૈયો, ખાસ બનાવેલા ચામડાના સ્ટ્રેપ્સ સાથે પગે બાંધ્યો. અને પેન્ટની બાંય સરખી કરી. શૂઝ પહેર્યા અને હેલ્મેટ લઈને કહ્યું.

"ઓ.કે આપણે ત્રણેક કલાકમાં મહેસાણા રણજિત હોટલ પર મળીએ છીએ. તમે વહેલા પહોંચો તો મારી રાહ જોજો." કહીને હું નીકળ્યો. મારા

ગરાજ પર ગયો. ગરાજમાં કેટલાય વખતથી, જ્યારથી સોમા નાયકને અને શંકર નાયકે અમારી તાલીમ શરૂ કરી હતી ત્યારથી જીપ ગાડીને પોલીસ વિહિકલમાં તત્કાલ ટ્રાન્સફોર્મ થઈ શકે તેવી વ્યવસ્થા થઈ રહી હતી. જીપને ભૂરી રંગવામાં આવી હતી. તેને નવું કાળા રંગનું હૂડ નાખવામાં આવેલું. તેના ટાયરો, આમ તો નવાં જ હતાં છતાં તેના પર કાળો રબર પેઈન્ટ કરવામાં આવ્યો હતો. તેનાં પર લાલ ફરતી લાઈટ લગાડવાનું બાકી રખાયું હતું. પોલીસ અને હાઈ-વે-પટ્રોલનાં પાટિયાં સફેદ રંગમાં કાળા અક્ષરે તૈયાર કરવામાં આવેલાં. ડેશ બોર્ડની બહાર અને આગલા તથા પાછલા બમ્પર્સ પર તે ક્યાં લગાડવાના, તેના સ્લોટ તૈયાર કરવામાં આવેલા, જેથી તે ગમે ત્યારે કાઢી અને મૂકી શકાય. નકામાં એમ્પિલફાયરના ડબ્બા સાથે સ્પ્રિંગ વાયર અને માઈક્રોફોન જોડવામાં આવ્યાં હતાં. એ જ પ્રમાણે હેડ ફોન્સ પણ. પ્રોફેસર કે.દાસનો મોટો પુત્ર રમણ, જે પી.ડબ્લ્યુ.ડી.માં કામ કરતો તે, બીજો દીકરો સુધીર જે રેલવેમાં હતો; તે ઉપરાંત ટેક્સી ચલાવતો ટીનુનો નાનો ભાઈ બળવંત બોબી અને જનુ જમ્બોનો બનેવી રાજુ-રબ્બર એટલા લોકોને તૈયાર કરવામાં આવેલા. આ ઉપરાંત બીજી ત્રણ જણની બેક-અપ ગેંગ તૈયાર કરવામાં આવેલી.

મેં બધું ઇન્સ્પેક્શન કર્યું. નકલી રાઇફલો, બધાંના યુનિફોર્મ્સ. રમણનો અફસર તરીકેનો યુનિફોર્મ વગેરે વગેરે.



જનુ જમ્બો અને પ્રોફેસર સોનાનાં બિસ્કિટ સાથે રોઝડી પહોંચી ગયા હતા. આગલે દિવસે જીપે જે ફેરો કર્યો હતો તેમાં સતીષ સિલ્વરે ચાંદીની જે લગડીઓ સોનાનું ગિલેટ કરાવીને તેમ જ ચાઇનીઝ અક્ષરો કંડારી બનાવરાવી હતી તેનું બોક્સ. અને તે ઉપરાંત ખાસ સિવરાવેલા જેકેટ્સ મોકલવામાં આવ્યાં હતાં. રોઝડી નામે ઓળખાતું ગામ પાણીના અભાવે હિજરત કરી ગયું હતું. વળી, જે જગ્યાએ અમે પસંદ કરી હતી તે તદ્દન ખારો પાટ હતો. ત્યાં એક આવવરું તૂટેલું મકાન હતું અને પાછળના ભાગમાં નપાણીઓ કૂવો. એ મકાન પાસે લીમડાનાં બે મોટાં ઝાડ અને કૂવા પાસે પીલુડીનાં બે-ત્રણ વૃક્ષો હતાં. તે સિવાય બોરડીનાં થોડાં ઝાંખરાં. વળી, મેઈન રોડની બન્ને બાજુએ રણને રોકવા માટે ઉગાડવામાં આવતા નાગા

બાવળનાં વૃક્ષો હતાં.પરિણામે રસ્તા પરથી એ જગ્યા દેખાતી ન હતી. રોઝડી ગામમાં કોઈ વસતિ ન હતી. માટીનાં તૂટેલાં ઘર અને નળિયાંના રોડાંના અને સડેલી વળીઓના ઢગલા, એક અવાવરું કૂવો અને સૂકુંભંઠ થયેલું તળાવ, ત્યાંનો લેન્ડસ્કેપ હતો.

જે મકાનમાં અમારે જવાનું હતું. તે એક જમાનામાં મેડીબંધ મકાન હશે. પણ મેડી તૂટીને પરસાળમાં પડી હતી. પાછળના બે ઓરડામાં એક ઓરડીની ભીતમાં મોટાં બાકોરાં પડેલાં, જે રિપેર કરવામાં આવેલાં. જમ્બો અને પ્રોફેસરે તેની સજાવટ કરી હતી.

શામજી અને પન્ની નીકળ્યાં છે તેની ખાતરી કરીને હું અને સતીષ સિલ્વર નીકળેલા. ચંદુ અને બબલો બચ્ચન મોટરસાઈકલ પર આગળ નીકળી ગયા હતા. પોલીસવાનમાં જે લોકો નીકળ્યા તેમણે સિવિલિયન ડ્રેસ પહેર્યા હતા. કારણ ઝાઝો વખત એ ગાડી પોલીસની કાર તરીકે ફરે તે યોગ્ય ન હતું. રોઝડી પહોંચતાં પહેલાં તેમણે ડ્રેસ બદલવાનું ગોઠવ્યું હતું. મતલબ કે સમી અને હારિજની વચ્ચે સરસ્વતી નદીને કિનારે એક અપૂજ શિવાલય છે જ્યાં વડનાં અને પીપળનાં ઝાડ છે. ત્યાં કૂવો પણ છે. પરંતુ પાણી ખારું છે. ગમે તેમ સમ ખાવાની લીલોતરી ત્યાં છે. પરંતુ ત્યાં કોઈ વસ્તી નથી. એટલે એ જગ્યાએ પોલીસ કેમ્પ ગોઠવવાનું પ્લાનિંગ થયું હતું.

શામજી અને પન્ની વચ્ચે એ મુસાફરીમાં શું વાત થઈ હતી તેની મને ખબર પાછળથી પડી હતી. અત્યારે તો મારું ધ્યાન બધું સમુંસૂતર પાર પડે તેમાં જ હતું. મહેસાણા શામજી અને પન્ની અમારી રાહ જોતાં બેઠાં હતા. રણજિત હોટલની ખડખડ પંચમ પડાળીમાં પતરાની ખુરસીઓમાં બેસીને બન્ને જણ લીંબુ પાણીના ગ્લાસ પી રહ્યા હતા.

"આવી ગયા તમે લોકો ?" શામજીએ પૂછ્યું.

"તમને ઘણીવાર થઈ ?" મેં જાણીને પૂછ્યું. મને ખબર હતી કે તેમને કેટલી વાર થઈ હશે. કારણ હું તેમના પછી નીકળેલો.

"પા કલાક વીસ મિનિટ થઈ હશે."

"અમે એક એક કપ ચા પી લઈએ પછી નીકળીએ." મેં કહ્યું અને બે કપ ચા મંગાવી. સતીષની ઓળખાણ આપી. આ મારો દોસ્ત છે નિરુ.

મેં ખોટું નામ આપ્યું તેની ઓળખાણથી જ આજનું બધું ગોઠવાયું છે." મેં કહ્યું. અને પત્ની સામે જોઈને મેં સતીષને કહ્યું "આ પુષ્પા છે, મારી દોસ્ત. શામજીભાઈને ત્યાં કામ કરે છે." પત્નીએ સ્મિત વેર્યું.

"હેં..." શામજીભાઈ આશ્ચર્ય બતાવે તે પહેલાં જ મેં તેમને આડું જોઈને આંખ મારી. પત્નીએ હાથે કરીને, કદાચ મને ખીજવવા માટે હાથ લાંબો કર્યો અને બોલી. તે સિલ્વરને ઓળખતી જ હતી. છતાં બોલી.

"હાય... નિરૂભાઈ. તમને મળીને ઘણો આનંદ થયો. તમને લાગશે કે હું જ સહેજ વધારે પડતું બોલું છું. પણ અને તમને ખબર નહિ હોય દેવાનંદની હું ફેન છું. અને તમે દેવાનંદ જેવા જ દેખાવ છો."

"ઓ.કે. પુષ્પા. આપણે કોઈ પ્લેઝર ટ્રિપ માટે નથી નીકળ્યાં. આપણે છેક સમીની પેલી તરફ જવાનું છે." મેં કહ્યું. ચા પીને અમે ફરી ઊપડ્યાં.

સરસ્વતી નદીનો પટ મોટે ભાગે સુકાયેલો રહે છે. હારિજ ને સમીથી દક્ષિણ પશ્ચિમમાં વેડ ગામ તરફ જવાનો રસ્તો આવે છે. બરાબર એ રસ્તા પહેલાં સરસ્વતીના ઉપરવાસમાં રોઝડી ગામ અથવા તો ભટકતી જાતિઓ માટેનો એક પડાવ કહી શકાય તેવી જગ્યા છે.

સરસ્વતીમાં ભાગ્યે જ ચોમાસા પછી મહિનો પાણી રહેતું હોય છે. રસ્તો જ્યાં નદી પર થઈને જાય છે. ત્યાંથી લગભગ અડધો કિલોમીટર પર પેલું શિવાલય રસ્તાની ડાબી તરફ આવે છે. એ જગ્યા છે તો રસ્તાથી સહેજ છેટી છતાં એ વિસ્તાર તદ્દન સપાટ છે. પરિણામે તે નજીક લાગે છે. અને મોટે ભાગે ત્યાં પાણી મળશે એમ માનીને લોકો રોકાય છે. ત્યાં પહોંચતાં લગભગ સાડાપાંચ ને પોણાછ વાગ્યા હશે. મારી મોટરસાઈકલ મેં આગળ હંકારી હતી. શામજી અને પુષ્પા શામજીની એમ્બેસડરમાં પાછળ આવતાં હતાં. દિવસ ઢળવા માંડ્યો હતો છતાં ધોમધખતો હતો. સીધા રસ્તા પર લાંબે સુધી નજર જઈ શકતી.

એ રસ્તા પર પોલીસની ગાડી ઊભી હતી. મને લગભગ એક કિલોમીટર દૂરથી ગાડી દેખાઈ હતી. મેં મોટરસાઈકલ ધીરે પાડી. અને શામજીની ગાડી નજીક આવી એટલે ચાલતી મોટરસાઈકલે મેં કહ્યું. "શામજીભાઈ આગળ પોલીસની ગાડી ઊભી છે. કદાચ ટ્રાફિકનું કંઈક

ચેકિંગ હશે. તમારી પાસે લાઇસન્સ છે ને !"

"છે. પણ ચેકિંગ છે ?" શામજીનો પગ એક્સિલેટર પરથી ઊંચો થઈ ગયો અને આપોઆપ ગાડી સાવ ધીરી થઈ ગઈ.

"અરે ! ચેકિંગ હોય તો આપણે શું છે ? આ તો જસ્ટ તમને સાવધાન કરવા માટે મેં કહ્યું. કદાચ એ લોકો લાઈસન્સ બાઈસન્સ માંગે. અમને તો ચોક્કસ રોકશે, પણ તમે સહેજે નર્વસ ન થતા. પુષ્પા, તું શામજીભાઈને સમજાવી દેજે." મેં કહ્યું. "એ મંદિર આગળ બધા રોકાય છે. એટલે તમે પણ રોકાજો. કદાચ પોલીસવાળા અમસ્તા પણ રોકાયા હોય."

"અરે પણ અશોકભાઈ. એ લોકો પૂછે કે ક્યાં-"

"તમારે કહેવાનું રાધનપુર. પણ કોઈ પૂછશે નહિ." ચાલતી ગાડીએ અમે વાત કરી. "તમે અમને ઓળખતા નથી તેમ જ રાખજો." મે કહ્યું. પન્નાને તો ખ્યાલ હતો જ કે પોલીસવાળા કોણ છે. એટલે તેણે શામજીભાઈને થોડાક વધુ નર્વસ થાય તેવી રીતે સાવધાન કર્યા હતા. અમને પોલીસે અટકાવ્યા.

એક મિનિટ દોઢ મિનિટ પછી શામજીની મોટર આવી હતી. પોલીસને જોઈને શામજીની શું હાલત હશે તેની કલ્પના હું કરી શકતો નહોતો.પણ પન્નીએ તેની પાસે ગાડી વળાવી હતી. તેમને પોલીસે રોક્યાં ન હતાં. પણ સામાન્યતઃ એ જગ્યા ઠંડકવાળી હોય છે વળી, નદીમાં થોડું પણ પાણી હોય તો તો તે સરસ જગ્યા, એમ ને એમ જ લાગે. એટલે કોઈને પણ તાપમાં રોકાવાનું મન થાય."

પ્રોફેસર દાસનો દીકરો રમણ ઇન્સ્પેકટર એમ. સી. રાવલના રોલમાં તદ્દન પરફેક્ટ હતો. અમારી સાથે બનાવટી નોટોની સ્કીમમાં પણ રાવલે, રેલવે પોલીસની કામગીરી બજાવેલી. (જુઓ 'કસબ') આખી જે ગેંગ હતી તે બરાબર પોલીસ ટુકડી જેવી લાગતી હતી. પરફેક્ટ ગાડી, બધાના પરફેક્ટ ડ્રેસ. રાવલ સાહેબ (રમણ) બિલકુલ અદાથી કપડાની ફોલ્ડિંગ ચેરમાં બેઠો હતો. બાકીના બધા આસપાસ હતા. બે જણ રસ્તા પર ઊભા હતા. તેમણે અમને હાથ બતાવીને ઊભા રાખ્યા હતા.

"આપણને હાથ નથી કર્યો પછી-" શામજીએ પન્નીને કહેલું.

"ભલે ન કર્યો હોય ! આપણે દર્શન કરીને જઈએ. તમે નર્વસ શું કામ થાવ છો. આપણે શું ગુનો કર્યો છે ?"

"પણ અશોકભાઈને ઊભા રાખ્યા છે પુષ્પા..."

"એને ઊભો રાખ્યો હોય તેમાં આપણે શું ? આપણે તેને ક્યાં ઓળખીએ છીએ ?" પત્નીએ શામજીએ ટાઢો પાડ્યો. ગાડી બેધડક પોલીસવાનની બાજુમાં લેવરાવી અને મંદિર પાસે ઊભી રાખી. પેલા બે પોલીસવાળાઓએ મારી સાથે વાત કરવા માંડી હતી. પહેલાં અમે મોટરસાઇકલ પર બેઠેલા જ રહ્યા અને વાતચીત કરી. એ વાતચીત શામજી સાંભળી શકવાનો ન હતો.

"ચંદુ દટ્ટો અને બબલો નીકળી ગયો ?" મેં પૂછ્યું. એ કોન્સ્ટેબલ પણ પ્રોફેસર દાસનો નાનો દીકરો સુધીર હતો. તેની બાજુમાં રાજુ નામનો બીજો સાગરીત ઊભો હતો. શામજી અને પત્ની મોટરમાંથી ઊતર્યાં ત્યાં સુધી અમે વાતો કરતાં ઊભા રહ્યા.

"બન્ને પહોંચી ગયા છે." સુધીરે કહ્યું.

"ત્યાં બધું બરાબર છે ? જનુ જમ્બો ?"

"જમ્બો એકદમ તૈયાર છે."

"અચ્છા. ચંદુ અને બબલાને સિગ્નલ કોણ આપવાનું છે ?" મેં પૂછ્યું.

"રમણભાઈ." સુધીરે કહ્યું. મેં મારા ગજવામાંથી લાઇસન્સ કાઢ્યું. મારી પાછળ બેઠેલો સતીષ ઊતર્યો. સુધીરે લાઇસન્સ હાથમાં લીધું અને તે લઈને રમણ ઉર્ફે ઇન્સ્પેકટર રાવલ પાસે ગયો. મેં મારી મોટરસાઇકલ સ્ટેન્ડ પર ચડાવી અને હું અને સતીષ ત્યાં ઊભા રહ્યા. થોડીવારે અમને ઇન્સ્પેક્ટર રાવલ પાસે લઈ જવામાં આવ્યા. ત્યાં અમે એરેન્જમેન્ટની જ વાત કરી. પણ શિવાલયના તૂટેલા ઓટલે બેસીને શામજી, ધડકતે હૈયે અમને જોઈ રહ્યો હતો.

"એ લોકો શું પૂછી રહ્યા છે ?" શામજીએ અમારી વાતચીતનો દેખાવ જોઈને ઉદ્‌ગાર કાઢ્યો હતો. અમારી સાથે આ પોલીસવાળા શું વાત કરે છે તે તો તેને સંભળાય તેમ ન હતું. પણ તેને ઉચાટ થાય તે સ્વાભાવિક હતું. રાવલ સાહેબના લિબાસમાં સાલો રમણીઓ ખરેખર અસ્સલ કડક

અમલદાર લાગતો હતો. તેણે ડાયરી કાઢી એક પોલીસવાળાએ મોટેથી અમારી મોટરસાઈકલનો નંબર કહ્યો. એ ખાસ મોટેથી બોલવાનું તેને કહેવામાં આવ્યું. હતું જેથી દૂર બેઠેલો શામજી અને પત્ની સાંભળી શકે.

"એ લોકો મોટરસાઇકલ નંબર લીધો." શામજીએ રનિંગ કોમેન્ટરી આપતો હોય તેમ કહ્યું.

"તે છો લીધો. આપણે ડરવાનું શું છે ?"

"પુષ્પા, સાચે જ મને કાંઈ પંસદ નથી આવતું."

"શામજી, મેં તમને કહ્યું તો ખરું આપણે કશું જ જોખમ નથી. આપણા હાથમાં નથી સોનું કે નોટો. પછી ગભરાવાનું કારણ શું ?"

ખાસ્સી પંદર મિનિટ અમને રોકવામાં આવ્યા હતા. પત્નીએ શામજીને વારંવાર કહ્યું, "આપણે હવે રોકાવાની જરૂર નથી શામજીભાઈ."

"નહિ પુષ્પા એ લોકો આગળ જાય પછી આપણે નીકળીએ."

"તમે નાહકના નર્વસ થાવ છો."

"નહિ, નર્વસ નહિ, પણ આજે ચેકિંગ હશે તેવી તો અશોકભાઈને કલ્પના નહિ હોય તો તેમણે-"

"અરે ! ભાઈ, તમારે માટે નવું છે. તે લોકો માટે નહિ."

"સાલું બધું કામકાજ ડેન્જરસ છે, નહિ ?"

"શેનું ડેન્જરસ ?"

"અશોકભાઈની બેગમાં પિસ્તોલ છે." શામજીએ કહ્યું.

"તેમાં શું છે પણ ?"

"લાઈસન્સવાળી છે ?" એ લોકો જડતી લેશે તો ?

"અશોકને તમે અન્ડરએસ્ટિમેટ કરો છો." પત્નીએ કહ્યું.

"પણ પુષ્પા, અશોકના પેન્ટમાં સ્લીવ્ઝ નીચે જમૈયો છે ને ઝડતી લેશે તો-"

"તો શું - પકડાશે. એ તેનું ફોડી લેશે."

"પણ પછી ?"

"હવે તમે ચિંતા ન કરો ને ! હું છું ને તમારી સાથે -"

પન્નીએ તેને ચૂપ કર્યો. તેના હૈયામાં થડકારા થતા રહ્યા. આ દરમિયાનમાં મેં, સતીષ સિલ્વર, અને ઇન્સ્પેક્ટર રાવલે સિગરેટો સળગાવી હતી. થોડીવાર હસીને વાતો કરીને હાથ મિલાવીને અમે મોટરસાઇકલ પર ગોઠવાયા અને ચાલતી પકડી હતી.

"ચાલો, હવે નીકળીએ. " શામજીએ કહ્યું.

"હવે ઉતાવળ કરવાની જરૂર નથી." પન્ની બોલી.

"પણ આપણે આગળ કઈ તરફ જવાનું છે તેની ક્યાં ખબર છે ?"

"તેની ચિંતા તમારે શું કામ કરવી ?" પન્નીએ કહ્યું. તે પછી લગભગ આઠ-દસ મિનિટે પન્ની સ્કર્ટ ખંખેરીને ઊભી થઈ. શામજીભાઈએ ગાડી વાળી તે પહેલાં તેણે સ્કર્ટના ગર્ડલમાં અંગૂઠા ભરાવીને, છાતીમાં શ્વાસ ભરીને, ટોપની ક્રીસ સરખી કરતાં કરતાં ચાલવા માંડ્યું હતું. પોલીસવાળાઓ પાસે થઈને જાણે કે વડલાના છાંયાને, ઢળતી સાંજને, અને નીરવ શાંતિને માણતી હોય તેમ નિતંબના હિલોળા આપીને ચાલતી રસ્તા સુધી પહોંચી હતી. શામજી તેની બાજુમાં મોટર લઈ ગયો હતો.

"શું કરે છે પુષ્પા ?"

"કેટલી શાંતિ છે અહીંયાં ?"

"અરે ! બેસી જા ભાઈ." શામજીએ ઉચાટથી કહ્યું અને ડ્રાઇવર સીટ પર લાંબા થઈને ડાબી બાજુનું બારણું ખોલ્યું. સ્કર્ટ પાછળ બે હાથ ઊંધા કરીને, નિતંબ પરનું કાપડ સરખું કરીને તે બેઠી. કપાળ પર લગાડેલાં ગોગલ્સ આંખ પર લાવીને હસીને તેણે શામજી તરફ જોયું.

"પુષ્પા, ખરેખર તું-"

"ગજબ છું તે જ કહેવું છે ને શામજી ?" પન્નીએ હસીને કહ્યું. શામજીએ મોટર હંકારી. "ઉતાવળ કરવાની જરૂર નથી. આપણે કોઈ રેસમાં ઊતર્યાં નથી."

શામજીએ એક્સિલરેટર હળવું કર્યું. લગભગ ચાર-પાંચ કિલોમીટર છેટે હું અને સતીષ રાહ જોતા, મોટરસાઇકલ સ્ટેન્ડ પર ચડાવીને એક બાજુએ બેઠા હતા. અને પાછી મોટરસાઇકલ સ્ટાર્ટ કરી રસ્તા પર આવીએ તે પહેલાં શામજીની ગાડી આવી ગઈ હતી. તેણે ગાડી ધીરી કરી.

"ડાબી તરફ મારી પાછળ આવો." મેં કહ્યું અને ગાડીને સપાટ ખારાપાટ તરફ વળાવી. થોડી જ વારમાં અમે રોઝડીના અમારા રેન્ડેવુ પર પહોંચ્યાં હતાં. શામજી ગાડીમાંથી ઊતર્યો તે પહેલાં પન્ની ઊતરી હતી.

"આને અમે સી. પોઈન્ટ કહીએ છીએ." સતીષ સિલ્વરે ઉર્ફે નિરુએ કહ્યું.

"નિરુ, આ જગ્યા સાચે જ મજાની છે." મેં કહ્યું.

"એટલે તો ઠેરવી છે."

"પહેલાં તો વેડ આગળ જવું પડતું ને !"

"તમે યાર માહિતી બરાબર રાખો છો." સતીષે, શામજી સાંભળે તે રીતે વાર્તાલાપ શરૂ કર્યો. સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો અને એ વેરાન ભૂમિ પર પીળો-નારંગી પ્રકાશ છવાયો હતો. સૂરજનાં છેલ્લાં કિરણોથી ધરતી પર છવાયેલા ક્ષારમાં જાણે કે સોનાનો ઢોળ ચડાવ્યો હોય તેવો રંગ પથરાયો હતો. અને થોડેક છેટે પેલું મકાન, એ તૂટેલું જર્જરિત ખોરડું, તેની આગળનાં લીમડાનાં ઝાડ, તેનાથી સહેજ પાછળ આવેલો અવાવરું કૂવો, આસપાસ ઊગેલાં બોરડી અને કેરાનાં ઝાંખરાં અને આકડાના વેર-વિખેર છોડવા... કૂવાના કાંઠડા પર ઢળેલી એકમેકમાં લપટાઈને ઊગેલી પિલુડી... એ બધા પર આછો ગુલાલ છંટાયો હોય તેવું લાગતું હતું અને તાપ પણ ઓસર્યો હતો. ઉત્તર-પૂર્વમાંથી વાતો પવન ઠંડક વેરતો હતો...

અમે પેલા મકાને પહોંચ્યાં...



મને પોતાને કલ્પના ન હતી કે આવા ઉજ્જડ વેરાનમાં પણ સાંજ અને સૂર્યાસ્ત આટલાં રમણીય હશે. અલબત્ત, મારા કરતાં વધુ આનંદ પન્ની લઈ રહી હતી. તે શામજીની સાથે ચાલતી હતી. શામજીએ લેંઘો અને રેશમી પહેરણ પહેર્યું હતું. પ્રવાસમાં એ કપડાં તેને માફક આવતાં. પન્નીએ ઝીણી પ્રિન્ટનો અસંખ્ય નાની પ્લેટ્સવાળો, હેન્ડલૂમના કાપડનો સ્કર્ટ પહેર્યો હતો. આમ તો સફેદ કાપડ પર એ છાપકામ કરેલું હતું, પણ તેમાં લાલ, મરુન, આછા ગ્રીન કલરની મોહક પ્રિન્ટ હતી. સ્કર્ટ પર તેણે સફેદ ટોપ પહેર્યું હતું. શર્ટની જેમ તેની સ્લિવ્ઝ વાળેલી હતી. પગમાં તેણે તદ્દન મુલાયમ

ચામડાના કાળા શુઝ પહેર્યા હતા. પન્ની તદ્દન કાળી કહી શકાય તેટલી શ્યામ ન હતી અને તેની શ્યામલ ચામડી પર હંમેશાં રતાશ છવાયેલી હતી અને તેના કારણે તેનો ચામડીનો રંગ, કાળી ઔરતો કરતાં કંઈ જુદો જ લાગતો.

તે મહારાણીની જેમ પર્સ ઉલાળતી ચાલતી હતી. તેની બાજુમાં ચાલતો શામજીય ચાલવા ટેવાયેલો માણસ ન હતો. તે કંઈક લથબથ ચાલે ચાલતો હતો.

અમે પેલા ખોરડા પાસે પહોંચ્યાં. સી પોઇન્ટ તરીકે અમે તેનો કોર્ડ વર્ડ રાખ્યો હતો. તૂટેલી પડાળીમાં કપડાની સીટવાળી ત્રણ-ચાર ખુરશીઓ પડી હતી. એક તરફ એક પાટીનો ખાટલો ઊભો કરેલો હતો અને બીજો પાથરેલો હતો. અમે પહોંચ્યાં ત્યારે પ્રોફેસર ફાનસ તૈયાર કરી રહ્યા હતા. હું અને સિલ્વર આગળ ચાલતા પડાળી પાસે પહોંચ્યા. મારી મોટરસાઇકલ અને શામજીની ગાડી, કૂવાથી સહેજ છેટે મેં ઊભી રખાવી હતી. પ્રોફેસર કે. દાસ આમેય, કંઈ ભેદી લાગે જ છે. જથ્થાબંધ સફેદ કાળા વાળ, ગોળ સોનેરી ફ્રેમના ગાંધીજી જેવાં ચશ્માં, કંઈક વધુ લાંબો ડગલા જેવો ખૂલતો ખદ્દડ જેવા કાપડનો આછો કથ્થાઈ બુશશર્ટ અને તદ્દન લુઝ જૂનનું પાટલૂન અને હાથમાં તાજું સળગાવેલું ફાનસ. ઘડીભર તે અમારી સામે જોઈ રહ્યા.

"દાજી ! ઓળખ્યો કે નહીં ? હું અશોક" મેં કહ્યું. પ્રોફેસરે અદાથી ફાનસને ઓસરીમાં લટકતા સળિયાને છેડેના હૂકમાં ભરાવ્યું.

"અરે ! ઓહ અશોક !" અરે આવ, કેટલે વખતે આવ્યો ? અરે ! કાદર" પ્રોફેસરે બૂમ પાડી અને જનુ જમ્બો, ખખડી ગયેલા ઘરના વચલા ઓરડાના બારણામાંથી બહાર આવ્યો. ફાનસને અજવાળે તે સાચેસાચ હિંદી ફિલ્મમાં આવતા વિલન જેવો લાગતો હતો. એક તો જનુ જમ્બો હતો જ માંસલ અને કસરતી. તેમાં વળી તેણે સેન્ડો જેવું બાંડિયું પહેર્યું હતું. જૂના વખતના ચાઉસ ચોકીદારો પહેરતા તેવી લૂંગી અને કેડમાં છ ઇંચ પહોળો, વિવિધ ભાતનાં પાકીટ લબડાવ્યાં હોય તેવો પટ્ટો પહેર્યો હતો. અને પટ્ટાની એક તરફ કુકરી જેવો પહોળો જમૈયો મ્યાનમાં લબડતો હતો. તેના ચહેરાનો મોટોભાગ દાઢીથી ઢંકાયેલો હતો. અને માથાના વાળ ખભા સુધી આવતા હતા. હાથમાં તેણે કડાં પહેર્યાં હતાં.

"સલામ આલેકુમ કાદર !" મેં કહ્યું.

"અસ્સલામ આલેકુમ. ઔરત કોણ છે ?" જનુ ઓછો ન હતો. વળી જ્યારથી સોમા નાયકની કંપની અમને તાલીમ આપતી હતી ત્યારથી જનુને લાગ્યા કરતું હતું કે તે અવ્વલ નંબરનો ફિલ્મ સ્ટાર થઈ શકે તેમ છે. એટલે જ ઘેરા અવાજે તેણે પૂછયું. મારી પાછળ થોડોક જ છેટે શામજી અને પત્ની આવી રહ્યાં હતાં. તે પરસાળ પાસે આવ્યા ત્યાં જ કાદરે પૂછયું.

"ઔરત ! ઓહ યસ !" મેં ફિક્કું હસીને કહ્યું.

"જબસે તુમકો પહેચાનતા હૂં" જનુ પોતાની મેળે જ હિન્દીમાં પોતાની સ્ક્રિપ્ટ બનાવી રહ્યો હતો. જે કરવાનું ન હતું, કારણ હિંદી લઢણ સાથે રાષ્ટ્રભાષા બોલવાનું કૌવત કોઈનામાં ન હતું. વળી જનુએ કાદર મકરાણીનો રોલ કરવાનો હતો. જેમાં ગુજરાતીમાં બોલવાથી કશો ફરક પડવાનો ન હતો.

"જનીયા ગુજરાતીમાં..." મેં સાવ હોઠ ફફડાવીને કહ્યું. તે થડક્યો. તેણે ભાષા બદલતાં પહેલાં મારા બરડામાં ધબ્બો માર્યો. "કમબખ્ત હજુ તું સુધર્યો નહીં. સીંગાપોરમાં પણ તું મળ્યો ત્યારે તારી સાથે બાઈ હતી. અને આજે અહીં પણ એક ઔરતને લઈને આવ્યો છું." જનીઆની આ વાત શામજી સાંભળે તે રીતે બોલાઈ હતી.

"કાદર ! એ વાતમાં તને ગમ નહીં પડે. શું કહેવું છે દાજી ! સેફટી ફર્સ્ટ. માલ લઈને જવાનું હોય ત્યારે સાથે રૂપાળી ઔરત હોય તો બધી વાત પતી જાય છે." મેં કહ્યું અને પાછળ જોઈને શામજી અને પુષ્પા (ઉર્ફે પત્ની)ને આવકાર્યાં. બન્ને જણ કોઈ ભૂતિયા મહેલમાં પ્રવેશતાં હોય તેમ પરસાળમાં આવ્યાં. અને બધાં અંદરના ઓરડામાં પ્રવેશ્યાં. કાદરે બારણું વાસ્યું.

"આ અમારા દાજી છે શામજીભાઈ ! અને આ કાદર મકરાણી. પાકિસ્તાન બોર્ડર પરથી તમે કહો તે ચીજ લાવી આપે. શું કહે છે કાદુ ?" મેં હસીને કહ્યું.

"બધી ચીજ નહીં ભાઈ. તું સાલા જે ચીજ લઈને ફરે છે તેમાં મારું ગજું નહીં." કાદરે કહ્યું. અને તે ધીરેથી પત્ની આગળ ગયો.

"કાદર !" મેં હળવેથી પણ જરા કડક અવાજે કહ્યું.

"અરે ભાઈ ! હું તો જરા જોતો હતો કે —"

"હવે તું માલ કાઢ એટલે અમે રવાના થઈએ." મેં કહ્યું.

"ભાઈ, બેઠ તો ખરો. કાંઈ પીવું નથી ? આ શામજી શેઠ પહેલી વખત આવે છે અને આ તારી -"

"એ મારી દોસ્ત છે પુષ્પા."

"તારી દોસ્ત એટલે મારી પણ દોસ્ત ખરી કે નહીં ?"

"કાદર..." દાજી બોલ્યા, "કામ સિવાયની વાત કરવાની જરૂર નથી."

"દાજી... આ તો ઘડીક ગમ્મત -" કહીને જનીઆએ પત્નીને ગાલે હાથ ફેરવ્યો. અને શામજી તરફ જોઈને આંખ મારી. બન્ને જણ તદ્દન સ્તબ્ધ હતાં.

"કાદર, તું ગમ્મતની વાત છોડ અને માલ કાઢ." મેં કહ્યું.

"તું આરામથી બેસ." કાદરે કહ્યું, "માલ આવી જ રહ્યો છે. પણ એક વાત તને કહી દઉં. આ તો તારો આગ્રહ હતો એટલે આટલી નાની ખેપ કરી. તમે લાખ રૂપિયાનો માલ લાવો કે કરોડનો - જોખમ એટલું જ હોય છે. અને પકડાવ તો સજાય સરખી જ થાય. ચકલા ચૂંથવાનું કામ મારું નહીં. તું સાલા એક નાનકડા આંગડિયાની જેમ કામ કરી રહ્યો છું. વરસમાં બે કે ત્રણ ખેપ કરવી, પણ મજબૂત. ત્રણ-ચાર કરોડ સીધા થઈ જવા જોઈએ."

"તારી વાત ખોટી નથી કાદર, મારે એ જ કરવું છે. પણ યાર, મારી પાસે તેટલું જોર આવવું જોઈએને. પારકાના બળ પર તો થાય તેટલું થાય. "એ ચર્ચા આપણે છ મહિના પહેલાં થઈ હતી કાદર. મને સાલા મુંબઈના માણસો પર ભરોસો નથી. તેમને ત્યાં જિંદગી કૂટાઈ મરો તોય ત્યાંના ત્યાં જ રહેવાય. એટલે જ તો પૈસા જમા કરતો હતો. પણ સાલા પરદેશના ખર્ચા તોડી નાખે છે."

"એ બધું સાચું. પણ વીસ-પચ્ચીસ લાખમાં મળે શું ? એક લોડ દસ કરોડનો આવે, તેમાં દસ ભાગ થાય. તેમાં ચાર ભાગ થાય. કટ કેટલો જાય ?"

"ભાઈ, એટલે તો પચ્ચીસથી શરૂ કર્યું છે. શામજી શેઠના રૂપિયા અને આપણી મહેનત..." મેં કહ્યું. ત્યાં જ મોટરસાઇકલનો અવાજ આવ્યો.

"દાજી..." ચાબુકના ફટકાની જેમ કાદર ઊભો થયો અને જે કમરામાં

અમે બેઠા હતા તેની ડાબી બાજુની ભીંત આગળ જઈને, પિસ્તોલ કાઢીને ઊભો રહી ગયો. પ્રોફેસર ઝડપથી બારણે પહોંચ્યા. "માલ આવી ગયો લાગે છે." પ્રોફેસરે કહ્યું અને પડાળીમાં જઈને પ્રોફેસરે મોટેથી પૂછ્યું.

"કોણ સૂરજ ?"

"નહિ ચંદર." સામેથી જવાબ આવ્યો.

"પેરિસવાળો ચંદર ?" પ્રોફેસરે પૂછ્યું.

"ટોકિયોવાળો."

"અચ્છા આવ અંદર." પ્રોફેસરે કહ્યું અને તેણે બારણામાંથી અંદર ડોકું નાખીને કહ્યું, "કાદર, બધું બરાબર છે."

થોડી જ વારમાં બે જણ અંદર આવ્યા. તેમણે એક વજનદાર બોક્સ ઊંચકેલું હતું. બન્નેના ચહેરા ટેરરિસ્ટસની માફક કાળા નકાબ હેઠળ ઢંકાયેલા હતા. કેવળ ત્રણ કાણાં તેમના ચહેરા પર દેખાતાં હતાં. હોઠ અને બે આંખો. તેમણે પણ પઠાણી લેંઘા અને ખમીસ પહેર્યાં હતાં. તેમણે કશું બોલ્યા વગર ભારે લાકડાનું બોક્સ ભોંય પર મૂક્યું. બીજું એક નાનું બોક્સ તે પછી લઈ આવ્યા અને બાજુએ ઊભા રહી ગયા. જનુએ એક ખૂણેથી લોખંડનો જંબુરો ઉઠાવ્યો અને મોટા ખોખાની ખીલીઓ ઊંચી કરીને હળવેથી પાટિયું ખોલ્યું. પ્રોફેસરે ફાનસ ઊંચું કર્યું. ખોખું ચાઈનીઝ લગડીઓથી ભરેલું હતું. શામજી એ ખોખામાંની લગડીઓ બરાબર જોઈ શકે તેવી જ રીતે એ ઢાંકણ ખોલવામાં આવ્યું હતું અને લગડીઓના પીળા ચમકારા ફાનસને હાલતે અજવાળે થતા રહ્યા. જનુ ઉર્ફે કાદરે ઝડપથી બીજું લંબચોરસ બોક્સ ખોલ્યું. એ નાનું બોક્સ હતું. તેમાં રેગ્યુલર બિસ્કિટ હતાં.

"માલ ગણી લેવો છે ?" પેલા બે જણમાંથી ઠીંગણો આદમી બોલ્યો.

"બદતમીજી કરવાની જરૂર નથી." જનુએ કંઈક કડક અવાજે કહ્યું, "નવો આવ્યો છું ?

"સોરી, મકરાણી." ઠીંગુનો સાથીદાર બોલ્યો.

"એને તમીઝ શીખવાડ. ધંધાના ઉસૂલની ખબર ન હોય તો આવાને સામેલ કરવાની જરૂર નથી."

"દાજી... તેમને રસીદ પકડાવી દો. દાજીએ ગજવામાંથી એક

ડોલરની ફાટેલી નોટનું અડધિયું કાઢયું અને પેલા ઠીંગુને આપ્યું. તેણે એ નોટ ફાનસમાં ધરી.

"ઓ. કે." તેણે કહ્યું.

"મોટરસાઇકલ લઈને તમે લોકો આવશો તેવો મેસેજ ન હતો." જનુએ કહ્યું.

"આજે ચેકિંગ ચાલે છે."

"તો નો'તું આવવું. ફરી આવી ભૂલ કરશો તો જાનથી જશો." જનુએ કહ્યું અને બન્નેને વિદાય કર્યા. બન્ને ઝડપથી નીકળ્યા. મોટરસાઇકલ ચાલુ કરી અને તેની લાઇટ કર્યા વગર હંકારી ગયા. શામજી તદ્દન સ્તબ્ધ હતો. મને આનંદ થતો હતો. આવુંય નાટક કેવું છે તેની એક બાબત એક દિગ્દર્શકની જેમ મને ખબર હતી, પણ નકાબ પહેરેલો ચંદુ દટ્ટો અને બબલો બચ્ચન જે રીતે આવ્યા અને એકઝિટ મારી તે અનુપમ હતી.

"તમારો માલ લઈ લ્યો... શામજીભાઈ." પ્રોફેસરે કહ્યું.

શામજી હજુ ડઘાયેલો હતો. "ચોકસાઈ કરવી છે ?" પત્નીએ હળવેથી કહ્યું.

"એય પુષ્પા, તને ખબર છે તું શું બોલે છે ? ચૂપ કર. ચોકસાઈ કરવાવાળી." મેં કહ્યું.

"તું એને મૂકીને જા એટલે હું ચોકસાઈ કરાવું છું." જનુ બોલ્યો અને ઊભો થયો. પત્નીની પાસે આવ્યો. એકાએક તેણે પત્નીના વાળ પકડ્યા અને સહેજ ઝટકો માર્યો પણ ચહેરો એવો કર્યો કે જાણે હમણાં માથામાંથી આખો ચોટો ઉખેડી નાખશે, "આજે તું અશોક સાથે આવી છું એટલે અહીંથી સલામત જઈ શકીશ. આ ધંધો આંધળા વિશ્વાસ પર ચાલે છે તેટલી ખબર ન હોય તો અહીં આવવાની જરૂર ન હતી સમજી ? આ પચ્ચીસ લાખના માલની તારે ચોકસાઈ કરવી છે ? અને આ જો એક કરોડ રૂપિયાની ચાઈનીઝ લગડીઓ છે..." કહીને તેણે પેલા મોટા બોક્સમાંથી મૂઠો ભરીને, નાનકડાં બિસ્કિટ એક હાથમાં લીધાં. પત્નીનું માથું તેની પીઠ તરફ ઝુકાવ્યું અને પત્નીના ટોપમાં હાથ નાખીને પેલી લગડીઓ, તેની છાતીમાં ખોસી... ગેટ આઉટ. મારું મગજ જાય તે પહેલાં... ઉઠાવ તમારું ખોખું સાલી, ચોકસાઈ કરવા

નીકળી છે ? આ માલ સુરતના મલબારી શેઠનો છે. તેને કહીશ કે એક ઔરતની છાતીમાં મેં મૂઠો ભરીને લગડીઓ નાખી છે તોય મને પૂછશે નહિ સમજીને... અને અશોક, ફરી વખત આ બાઈ મારી નજરે ચડી છે તો..." જનીઓ કમબખ્ત સ્ક્રિપ્ટની બહાર બોલી રહ્યો હતો, પણ શામજી પર તેની ધારી અસર થઈ રહી હતી. પત્નીની આંખોમાં પાણી આવી ગયાં. મેં શામજીભાઈને આપવાનું બોક્સ ઉઠાવ્યું.

"મકરાણી, પ્લીઝ તું ગુસ્સે ન થા. એ નાદાન છે."

"નાદાન છે મતલબ ! નાદાનની દોસ્તી એટલે જાનનો ખતરો. અને શામજી શેઠ, તમે પણ આટલા નાના ધંધામાં શું કામ હાથ કાળા કરો છો ? શું મળવાનું તમને ? અશોક, તેં સાલા ગણિત સમજાવ્યું નથી ?"

"તું શામજી શેઠ પર ખોટો બગડે છે. એ પહેલી વખત આવો સોદો કરે છે. નેક્સ્ટ ટાઈમ પચાસથી નીચે વાત નહીં હોય. અને એક વાત સમજ કાદર કે ઘરના પૈસા કોઈ આ ધંધામાં નાખે નહીં. આજે હું પચાસેક લાખ નાખી દેવા તૈયાર ક્યારે થઉં જ્યારે મારી પાસે તે મફતમાં આવ્યા હોય !"

"હવે તમે ચર્ચા છોડો." દાજી ઉર્ફે પ્રોફેસર બોલ્યા. "તમે લોકો ઊપડો. મલબારી શેઠનો માલ લેવા કોઈ આવી પહોંચે તે પહેલાં. અમારા સિવાય કોઈને એ જોશે તો માલ લેવા નહીં આવે."



અને અમે તરત નીકળ્યા. શામજીએ જનુ જમ્બો સાથે હાથ મિલાવ્યા, "તમે અવાજ કરજો. માલ આવી જ જશે, પણ આ કમબખ્ત બાઈથી દૂર રહેજો."

અમે બહાર નીકળ્યા. "અશોકભાઈ, માલ તમારી જ પાસે રાખો."

"અરે તમે ફિકર નહિ કરો." મેં કહ્યું અને તેમની ગાડીમાં સોનાના બિસ્કિટવાળું ખોખું મૂક્યું.

શામજી લગભગ ડઘાયેલો હતો. તેના ચહેરા પરથી લાગતું હતું કે જેટલું જલદીથી અહીંથી નીકળી જવાય તેટલું સારું. "તમે યાર સાથે રહેજો." શામજીએ કહ્યું. થોડીવારમાં તેણે મોટર ઉપાડી. અમે મોટર સાયકલ ધમધમાવી.

રાત્રે લગભગ બે-સવા-બે વાગ્યે અમે રતિલાલને બંગલે એટલે કે અમારે નિવાસસ્થાને પહોંચ્યા. શામજીને પન્નીએ લાડથી ઘરમાં બોલાવ્યો ન હોત તો એ બારોબાર ચાલ્યો ગયો હતો. તે બન્ને ઘરમાં પ્રવેશ્યા પછી હું દાખલ થયો હતો. સતીષને મેં બારોબાર રવાના કર્યો હતો. ઘરમાં જતાં વેંત મેં પન્ની ઉર્ફે પુષ્પાને લબડધક્કે લીધી હતી.

"તારે દોઢડહાપણ કરવાની શી જરૂર હતી ? આ ધંધામાં એક વખત કહેવામાં આવે કે આટલો માલ છે એટલે હોય જ. તારા બાપાઓએ તે દિવસે નોટોની બેગ લીધી ત્યારે રૂપિયા ગણ્યા હતા ? બેવકૂફની જેમ તારે બોલવાની જરૂર શી હતી ? પણ નહીં, તારું ડહાપણ ઠાલવ્યા વગર રહેતી નથી. કાદર મકરાણીએ જે નવી ચેઈન ચાલુ કરી છે તેમાં ચાઈનીઝ સિન્ડીકેટ છે. અને સાલી, ચીનાઓ તેં જોયા છે ને ! જેટલી આસાનીથી દાઢી કરે છે તેટલી આસાનીથી ગળા પર અસ્ત્રો ફેરવી શકે. ચાઈનીઝ ગોલ્ડની લાઇનમાં તમારાથી સોદા સિવાયનું કશું બોલાય નહીં."

"બસ હવે ચૂપ કર. તારાથી એટલું કહેવાયું નહીં કે હું તારી પત્ની છું. જાણે હું કોઈ તમારી બાંદી હોઉં તેમ..."

"પત્ની ? ઓહ ! બુદ્ધિની બળદ ! આ લાઇનમાં કોઈ પત્નીઓને લાવે નહીં. કાદર તેની બૈરીને લઈને બેઠો હતો ? આ લાઇનમાં - લાઇન બહાર ગયેલી છોકરીઓ જ આવતી હોય સમજીને ! નાચ-ગાન અને મનોરંજનનું એક કામ અને બીજું હેરાફેરીનું. અને તેમનો અંત શું હોય છે તે તને નહીં સમજાય."

"હશે હવે અશોકભાઈ, પુષ્પાએ ક્યાંથી બધું જોયું હોય !"

"આજે જોઈ લીધું ને !" મેં કહ્યું. આખરે થોડી જીભા-જોડી અને ચર્ચાને અંતે શામજી વિદાય થયો. પન્નીએ તેને બારણે જઈને આલિંગન આપ્યું. તે રાત્રે, ઘેર જઈને તે આનંદવિભોર થઈને સૂતો હશે તેમાં અમને શંકા ન હતી.



બીજે દિવસે રાત્રે અમારી કોન્ફરન્સ થઈ. જનુ અને પ્રોફેસર પાછા આવી ગયા હતા.

"જનીઆ, તું વધુ પડતો આગળ વધ્યો એ તને ખબર છે ને !" પન્નીએ તેને ખખડાવ્યો.

"પન્ની, આવો ચાન્સ મને ક્યાં મળવાનો હતો ?"

"ઓ.કે. હવે તમારો સીન તમારે પાકો કરવાનો છે." પન્નીએ મને અને જમ્બોને કહ્યું.

"પન્ની, આ વખતની સ્કીમ ફેઈલ જવાની. એ શામજીનો બચ્ચો હવે હાથમાં નહિ આવે." મેં આશંકા વ્યક્ત કરી. ગમે તેમ તે દિવસે અમારા બધા જ એક્કા શામજી પાસે હતા.

તે પછીના ત્રીજે દિવસે, પન્ની પોતાના ડાબા કાંડા પર પાટો બંધાવી આવી. એટલું જ નહિ, પણ ટરકોઈશ બ્લુ અને લાલ ડાઈનું ખૂબીથી મિશ્રણ કરાવીને તેણે પોતાની પીઠ પર આડાઅવળા લિસોટા કરાવરાવ્યા. અમે મુસાફરી કરીને આવ્યા પછી એક આખો દિવસ શામજી તેના ઘરમાં સૂઈ રહ્યો હતો. તેણે સોનાના બિસ્કિટની જાંચ તો સવારના જ કરાવી લીધી હશે તેમાં કોઈને શંકા ન હતી. જે પ્રમાણે પ્રોમિસ કરવામાં આવ્યું હતું તે જ પ્રમાણેનો માલ જોઈને તે તો પ્રભાવિત થઈ જ ગયો હતો. પન્ની તેને મળવા આવશે અથવા હું તેનો કોન્ટેકટ કરીશ તેવું તેણે ધારેલું અને બે દિવસ રાહ જોઈ હતી. હું અમારે ઘરે ચાલ્યો ગયો હતો, પરંતુ પન્ની રતિલાલને ત્યાં રોકાઈ હતી.

ત્રીજે દિવસે બપોરના શામજી રતિલાલને બંગલે ગયો હતો. "શું થયું પુષ્પા," તેણે પન્નીના હાથ પરનો પાટો જોઈને પૂછ્યું હતું. તે સાથે જ પન્નીએ રડવા માંડ્યું હતું.

"મેં તમને કહ્યું ને કે તે હેવાન છે."

"પણ થયું શું ?"

"એ જ રામાયણ. આપણે છૂટાં પડ્યાં પછી તેણે ઝઘડો કર્યો. મને શી ખબર કે કાદર મકરાણી કોણ છે."

"પણ પુષ્પા, તારે બોલવામાં ઉતાવળ કરવા જેવી ન હતી." શામજીએ કહ્યું.

"પણ તેમાં મને આ રીતે મારવાની ?" કહીને તે ઊંધી ફરી અને

તેણે હાઉસ કોટનાં પડખાં ખોલ્યાં. શામજી નજર નાખી શકે તેટલી જ વાર તેણે પેલા લિસોટા બતાવ્યા. "શામજી... આઇ હેટ હિમ..." તે બોલી અને રડી. શામજીએ તેને દિલાસો આપ્યો. માથે હાથ ફેરવ્યો. ચુંબન કર્યું.

"આપણે કંઈ રસ્તો કરીશું ?"

"ક્યારે રસ્તો થશે ? ઓહ ! તેના કરતાં હું ગુજરી જઉં તો સારું." પન્ની સોબ-સ્ટોરિઝ કહેવામાં નિપુણ હતી.



કલાગુરુ સોમા નાયકના હાથ નીચે અમારી તાલીમ ચાલુ હતી. જે રીતે મેં તોલો કરાવ્યો હતો અને જનુએ દાઢી અને જટિયા વધાર્યા હતા તેને કારણે સોમાને આશ્ચર્ય થતું તો હતું ! પણ તે ઓછો ન હતો. તેની મંડળીને ગેરતપુરમાં, અમારે હિસાબે અને જોખમે જલસા હતા. આ તરફ પન્ની અને શામજીની પ્રેમની જબાંદરાજી ચાલુ રહી હતી. થોડો વખત તો પન્નીને પણ એમ લાગતું હતું કે શામજી પાછળ ખર્ચેલાં નાણાનું સ્નાન કરવાનું આવશે.

"હરિ ઓમ્, પવલા, આખી વાતમાં મને હવે સંશય પેદા થઈ રહ્યો છે." કમબખ્ત જયલો, વળી એવું કહીને બળતામાં ઘી હોમતો. "પન્નીને ભલે લાગતું હોય કે સર્વે ગુણાઃ કાંચનમાં શ્રયન્તે ! પવલા, પણ શામજી જુદી કોટીનો છે. તેની પાસે સોનું તો છે જ. તેને સુવર્ણમાં નહીં હરિ ઓમ્ સુવર્ણામાં રસ છે." પવલાએ પન્નીના નામને વિશેષણમાં ફેરવીને કહ્યું.

"તું ચૂપ કરીશ ? એક તો સાલા 'તા થેઈ તા થેઈ કરીને દમ નીકળી ગયો છે અને ઉપરથી તું -"

"એમ નાસીપાસ થવાની જરૂર નથી પ્રવીણ. તેં અને જમ્બોએ જે કરામત હસ્તગત કરી છે તે કરામત દ્વારા તમે દેશ-પરદેશમાં ઘૂમી શકશો. આ કમબખ્ત ભવાયાઓમાં જો પ્રેઝન્ટેશનની સહેજ પણ આવડત હોત તો એ લોકો અમિતાભ બચ્ચન કરતાં વધુ કમાઈ શક્યા હોત." પ્રોફેસર વળી દાઝ્યા પર ડામ દેતા. હું અકળાતો. પન્નીને ફરિયાદ કરતો. પન્ની હંમેશની જેમ હસતી.

"પવલા, ધેર ઈઝ નથિંગ લાઇક એ ફ્રી લંચ ઈન ધીસ વર્લ્ડ. તું-"

"પન્ની, જગન્નાથના મંદિરે અને જલારામ બાપાના બધા જ મંદિરે ફ્રી લંચ મળે છે. મને લાગે છે, શામજી ભરાયો નહીં તો આપણે ત્યાં જ જમવાનો સમય આવશે."

"પવલા, તું ભગવાનોને આપણી વાતમાં સામેલ ન કર." પન્ની કહેતી. એમ જ દિવસો વહ્યા હતા.



દસેક દિવસના પન્ની અને શામજીના કકળાટભર્યા સંવનનને અંતે શામજી પલળ્યો હતો. અથવા તો તેનામાં લાલચ અને વાસનાની આગ ભભૂકી હતી.

"પુષ્પા, મને લાગે છે કે આપણે એક ખેપ કરીએ તો તારા પ્રશ્નોનો અંત આવી જશે."

"હું તમને કહેતી હતી. પણ તમે માનતા ન હતા. તમને ડર હતો કે ક્યાંક તમારા રૂપિયા ડૂલ થઈ જશે."

"તું શું વાત કરે છે પુષ્પા ! મેં પૈસા લડાવ્યા નહીં ? તને જ તેમાંથી સંપૂર્ણ લાભ થાય તેવું મેં કર્યું નહીં ?"

"તમે પહેલેથી જ તૈયાર થયા હોત... તો તે વખતે પેલા મકરાણા પાસે ખાસ્સો માલ હતો જ." પન્નીએ કહ્યું.

"ઓ.કે. ઓ.કે. આપણે તેને જ મળીએ." શામજીએ કહ્યું. એ ડરતો હતો છતાં તેના ગણિતમાં સહેજે ફેર પડતો ન હતો.

"આપણાથી હવે ત્યાં નહિ જવાય, અશોક વગર કામ નહિ થાય."

"પણ એ છે ક્યાં ?"

"મુંબઈ ગયો છે."

"ક્યારે પાછો આવશે ?" શામજીએ પૂછયું.

"એ મને કહીને ઓછો જાય છે ? આટલો સોદો કર્યો. મને હજુ આઠ આના પણ આપ્યા નથી."

"ઓહ ! તેની તું ચિંતા ન કર. તે હજુ હિસાબ કરવા જ નથી આવ્યો. મારે તેને હજુ શેર આપવાનો બાકી છે."

"પણ શામજી... હવે એ મને કશું નહિ આપે."

"અરે ! હું તને આપીશ, પણ હમણાં તું તેનાથી છેડો ફાડી ન નાખીશ."

"શામજી, તમે સમજતા નથી. એ હવે પચ્ચીસ લાખમાં હાથ નાખવાનો નથી. એ મુંબઈના કોઈ શેઠિયાનો સાથ લેશે. મને જયંતભાઈ કહેતા હતા કે તેણે થોડાંક નામો તેની પાસેથી માગ્યાં હતાં."

"જયંતભાઈને તેં આ વાત કરી છે ?"

"કરતી હોઈશ ?"

"ઓ. કે. સમજ આપણે બે-ત્રણ વખત ૨૫-૨૫ લાખનું કામ કરી શકીએ તો આઠદસ લાખ એમ જ ઊતરી જાયને. પછી એ ઉમેરતા જઈએ." શામજી પણ ગણિત કરવા લાગ્યો હતો.

"તેના કરતાં પચાસ-પચાસ લાખની બે ખેપ કરીએ તો ભાવ પણ સરખો મળે. આમાં તમને ૬૦૦ રૂપિયા યુનિટે મળ્યા. પેલા આઠસો-નવસો મળેને !" એક વખત પેલા કાદર મકરાણીને આપણા પર વિશ્વાસ બેસે પછી તો કોઈ પ્રશ્ન રહેવાનો નથી." પત્નીએ કહ્યું.

"એટલે ?

"એટલે એટલે શું શામજી ! આપણે ડાયરેકટ ધંધો કરીશું. પણ અત્યારે તો અશોક વગર ચાલશે નહીં."

આખરે થોડા દિવસ બાદ શામજી તૈયાર થયો હતો. તેની પાસે પૈસા નો'તા એવું તો ન હતું. તેના ઘરમાં જ દોઢ કરોડ રૂપિયાની નોટો છૂપાવેલી હતી. પત્નીએ તેને કંઈ જુદી રીતે લપેટમાં લીધો અને આખરે દસ લાખ રૂપિયા પત્ની વતી અને પચાસ પોતાના તેમ રોકવાનું નક્કી થયું. હું અને જયલો મુંબઈ જઈ આવ્યા હતા મારા કરતાં જયલો સોનાની બાબતમાં વધુ ચતુર હતો. મુંબઈમાં તેણે એક સોર્સ શોધી કાઢયો હતો અને બજારભાવ કરતાં ૪૦૦ રૂપિયે ઓછે વાયદાનો સોદો કરીને જ અમે આવ્યા હતા.

પત્નીએ ગ્રીન સિગ્નલ આપ્યું હતું અને ફરી એક વખત મારી અને શામજીની મુલાકાત વધેલી.

એ મુલાકાતમાં પુષ્પાના પતિ તરીકે મેં તદ્દન વ્યવહારુ વાત કરેલી. શામજી મારાથી ખાસ્સો ઇમ્પ્રેસ થયો હતો. તેને મેં આડકતરી રીતે એવો પણ ખ્યાલ આપી દીધો હતો કે પુષ્પાની લપમાંથી મારે જેમ બને તેમ જલદી છૂટવું છે.

"હું તમને કહું છું શામજીભાઈ કે રાધનપુર-હારીજ લાઇન થોડાક મહિના ચાલશે. પાકિસ્તાનથી ચાઈનીઝ માલ આપણે ત્યાં બોર્ડર પરથી ઘૂસીને રાધનપુર આવે છે. હમણાં દરિયાકાંઠાને બદલે આ રૂટ ચાલ્યો છે. પણ ક્યારેક વધુ ઊહાપોહ થાય પોલીસે પણ થોડોક જથ્થો પકડવો પડશે. તે પહેલાં પણ ત્યાં સુધીમાં જેટલો લાભ લેવાય તેટલો લઈ લેવો જોઈએ. તમારા દોસ્તોની સિન્ડિકેટ બનાવો અને બે-ત્રણ કરોડ રૂપિયાથી શરૂ કરો."

લંબાણ ચર્ચાને અંતે પણ શામજીએ ખાસ મચક આપી ન હતી અને તેણે સ્પષ્ટ રીતે પોતાના ચાલીસ અને પન્ની વતી દસ એમ પચાસ લાખ રોકવાની હા પાડી હતી. પન્નીએ તેને તે પછી સમજાવીને ૬૦ લાખ રોકવાની ગોઠવણ કરી આપી હતી. "એ પૈસા તત્કાલ જોઈશે." પન્નીએ કહ્યું હતું. પણ શામજી ઓછો ન હતો. રૂપિયાના ત્રણ અધેલા મેળવવાની તેને આદત પડી ગઈ હતી. જો પન્ની એટલી સ્માર્ટ ન હોત તો તે કદાચ તદ્દન ફરી ગયો હોત. પન્નીને કારણે તેને પોતાની પત્નીની બીક લાગવા માંડી હતી. જે એક અલગ 'સાયકોલોજિકલ' ફેક્ટર હતું. ગમે તેમ સોનાના ભાવ અંગે ભારે વાટાઘાટો અને ચર્ચા થઈ હતી.

શામજીએ ૬૦ લાખ રૂપિયા રોકવા સામે બજારભાવ કરતાં ૯૦૦ રૂપિયા ઓછે માલ મળે તે શર્ત મૂકી હતી. તેને સમજાવવા માટે ખૂબ પ્રયત્ન કર્યો હતો. છતાં તે એકનો બે થયો ન હતો. વળી તે ૨૦ ટકાથી વધારે નફો આપવા તૈયાર ન હતો. એટલે પ્રથમ દૃષ્ટિએ અમારે તેને ૪૪૦૦ના ભાવનું સોનું ૩૫૦૦માં આપવાનું હતું. નફામાંથી તો ૨૦ ટકા આપે તો પણ અમારે બજારભાવ કરતાં ૭૨૦ રૂપિયા ઓછી કિંમતે માલ આપવો પડે. આ એગ્રીમેન્ટ થયા પછી જયલાએ પોતાના તમામ કોન્ટેક્ટસ અજમાવ્યા હતા. અમારી મુસીબત એ હતી કે અમારે જો ઘરેણાં જ લાવવાનાં હોત તો અમે અડધે ભાવે અમારા જ્ઞાતિજનો પાસેથી જ એક અઠવાડિયામાં શામજીની દુકાનમાં હોય તેથી વધુ સોનું મેળવી શકીએ. પણ

ન્યાતમાં એનો જબરો ઉશ્કેરાટ ફેલાય. વળી અમારે તે ગળાવીને બિસ્કિટ તૈયાર કરવાં પડે. તે પાછાં ઓરિજિનલ તો ન જ હોય. ઓફ કોર્સ અમે થોડી ચાઈનીઝ માર્કાવાળી નાની લગડીઓ તૈયાર કરાવેલી, પણ તેની કિંમત કાંઈ આટલી બધી ન હતી. તેમ છતાં જયલાએ ત્રણ ઠેકાણાં શોધી કાઢયાં હતાં જ્યાંથી બજારભાવ કરતાં પણ બસોથી ત્રણસો રૂપિયા ફાયદો થઈ શકે. આ બધો માલ ગેરકાયદે હતો. છતાં અમે જોખમ ખેડેલું અને લગભગ પાંત્રીસ લાખની વાયદાની ખરીદી કરી હતી. આ ખરીદીમાં અમને સરેરાશ ૨૫૦ની બચત થતી હતી.



આખરે ડી..ડે નક્કી કરવામાં આવ્યો હતો. એક વાત ચોક્કસ હતી કે આ સ્કીમમાં પન્ની માથે વધુ પડતી જવાબદારીઓ હતી. તેની જગ્યાએ બીજી કોઈ સ્ત્રી હોત તો કોણ જાણે શામજીએ તેના શા હાલ કર્યા હોત !!

બેલાશક, મને અને જનુ જમ્બોને ઓછી વીતી ન હતી.

સોમા નાયકે, એક અવ્વલ નાટ્યગુરુની જેમ જ ખંતપૂર્વક અમને કરામત શીખવાડી હતી. અમે એ ભવાઈ મંડળી અને ઓરકેસ્ટ્રાને થોડી ભેટ-સોગાદો આપીને વિદાય કરી હતી. મંગા રાવળિયાની ઓરકેસ્ટ્રા જે ખૂંખાર સંગીત રેલાવતી તેની કેસેટ અમે ઉતારી લીધી હતી. એટલું જ નહિ સોમો અને શંકર જે પ્રોપ્સનો ઉપયોગ કરતા તેને આધુનિક બનાવીને અમે જરૂરી ફેરફારો પણ કર્યા હતા. આમ જુઓ તો હું અને જનુ જમ્બો બન્ને અસ્સલ ભવાયા જેટલી તાલીમ મેળવી ચૂક્યા હતા. સોમાએ આખો સીન સંગીત-નૃત્ય અને નાટ્ય સાથે અમને પઢાવી નાખેલો. અને સાચું કહું તો મને પોતાને એમ લાગતું હતું કે મારામાં એક ઉજ્જ્વળ કલાકારની પ્રતિભા છે અને તે વેડફાઈ રહી છે.

આખરે અમારે જે કરવાનું હતું તે દિવસ નજીક આવે તે પહેલાં પન્નીએ મને કહ્યું, “આજે રાત્રે તમારું પરફોર્મન્સ મારે જોવું પડશે.”

“તું કહે ત્યારે પન્ની. બિલકુલ. પ્રોફેશનલની જેમ જ અમે તૈયાર છીએ. તારે ઓડિયન્સને આમંત્રણ આપવું હોય તો પણ મને વાંધો નથી.”

“નહિ પવલા, આપણે જે કરવાનું છે તેનું જાહેર પ્રદર્શન કરવાનું

નથી." કહીને તેણે મારો ઉત્સાહ સાવ ઓગાળી નાખ્યો.

તે દિવસે રાત્રે પન્નીએ પ્રોફેસર તેમજ તેમના બન્ને દીકરાઓને બોલાવ્યા હતા. હું અને જનુ જમ્બો બન્ને તૈયાર હતા. તલવારો, ઢાલ, જમૈયો, કમરપટ્ટો વગેરે વગેરે.

"ચાલો, વખત બગાડવાની જરૂર નથી." કહીને પન્નીએ એક ખુરસીમાં બેઠક લીધી. અને જનુએ મંગા રાવળિયાની ઓરકેસ્ટ્રાની રેકર્ડ ટેપ રેકોર્ડરમાં ગોઠવીને ચાલુ કરી. અને ભૂંગળો વાગ્યાં તે સાથે અમે બન્નેએ પેંતરો લીધો. પન્ની એકાએક બન્ને કાન પર હાથ મૂકીને ઊભી થઈ ગઈ.

"આ શું ? આ શું ?" કહીને તેણે રેકોર્ડરનું બટન દાબીને અવાજ બંધ કર્યો.

"કેમ શું થયું ?" મેં પૂછ્યું.

"પવલા... પવલા મને એમ કે તારામાં થોડી અક્કલ હશે." ઘોડાની જેમ પગ પછાડીને બોલી.

"આપણે શું કરવા માંગીએ છીએ તેનો તારે ધજાગરો કરવો છે ?"

"પણ પન્ની, તું સમજ, આ કરામત મ્યુઝિક વગર ઈમ્પોસિબલ છે." જનુ બોલી ઊઠ્યો. "રિધમ વગર ખંજર ભોંકવાની ક્લાઈમેક્સમાં સાચે જ ગરબડ થશે."

"બેવકૂફો, તમે ભવાયા નથી. તમે ખૂંખાર દાણચોરો છો."

"એ અમે સમજીએ છીએ પણ સોમાએ જે સ્ટેપ્સ શીખવાડ્યાં છે તે રિધમ વગર ભરવાં શક્ય નથી... તું કેમ બોલતો નથી પવલા ?" જનુએ મને ઉદ્દેશીને સવાલ કર્યો. મારાથી કશું બોલાય તેમ ન હતું. પન્નીની વાત ખોટી ન હતી. પણ અમને જે તાલીમ મળી હતી તેમાં રિધમનું મહત્ત્વ 'લાઈફ એન્ડ ડેથ' જેટલું હતું.

"એ શું બોલવાનો હતો ? નાના બાળકમાં પણ એટલી બુદ્ધિ હોય."

"એક મિનિટ પન્ની... તું જરા શાંતિથી સાંભળ. અમે આ પ્રશ્ન પર વિચાર કર્યો જ હતો. અમે લોકોએ તદ્દન નાનકડું દીવાસળીની પેટી જેવડું ટેપ રેકોર્ડર મંગાવ્યું છે અને બે દિવસમાં આવી પહોંચશે. એમાં ઈઅર-ફોન્સની વ્યવસ્થા હોય છે." મેં હળવેથી કહ્યું "અમે લોકો-"

"મૂરખ જેવી વાત કરવાની જરૂર નથી. સમજ્યાને..." કહીને તેણે ટેપ રેકોર્ડર ઉઠાવીને તેમાંથી કેસેટ કાઢીને, જોરથી ભોંય પર ફેંકી. "બે દિવસમાં તમે જો તૈયાર નહિ થાવ તો આ સ્કીમ રદ કરીશ. તારે એમાં થયેલું નુક્સાન ભોગવવું પડશે." કહીને તે બહાર ચાલી ગઈ. તેની સાથે પ્રોફેસર અને તેના બન્ને દીકરા બહાર ચાલ્યા ગયા. હું અને જનુ જમ્બો નિરાશ વદને ઊભા રહ્યા. સ્કીમ રદ થાય તો મને સાચે જ ભયાનક નુક્સાન થાય તેમ હતું.

"જમ્બો, આપણે મ્યુઝિકને રદ કરવું પડશે." મેં કહ્યું. અને અમે સંગીત વગર એ કરામતનાં રિહર્સલ શરૂ કર્યાં. અમારા માટે એ સહેલું ન હતું. મંગા રાવળિયાની મ્યુઝિક ટેપનો અવાજ ક્રમશઃ ધીરો, તેથીય ધીરો કરતા જઈને આખરે, સંગીત કે લયકારી વગર અમે અમારી કરામતનું 'પરફોર્મન્સ' કરી શકીએ તેટલા તૈયાર થયા.



શામજીએ પહેલો હપ્તો વીસ લાખનો આપ્યો હતો. અને અમે સીધી તેની ખરીદી કરી નાખી હતી અને તેમાંથી પચાસ બિસ્કિટ લેવાયાં હતાં. બરાબર અઠવાડિયા બાદ તેણે બાકીની રકમ આપી હતી, તેમાંથી આંખ મીંચીને અમે ૨૫ લાખ રૂપિયા ઘરભેગા કરીને બાકીના પૈસામાંથી પંદર લાખનું રોકાણ કરીને સદ્નસીબે થોડાં વધુ સસ્તા ભાવે તેમાંથી ૩૭ બિસ્કિટ ખરીદેલાં. આમાંથી સાત બિસ્કિટમાંથી બબ્બે તોલાની ચાઇનીઝ લગડીઓ તૈયાર કરવામાં આવી હતી. તે ઉપરાંત ચાંદીની તો સંખ્યાબંધ ગિલેટ કરેલી લગડીઓ તો હતી જ. આ બધો ખજાનો સી પોઈન્ટ પર (રોઝડી) મોકલવામાં આવ્યો હતો. અમારે આખુંયે ઑપરેશન ખૂબ જ તકેદારી રાખીને પાર પાડવું પડ્યું હતું. વળી, આ બધાંય કામો નિપટાવવામાં લગભગ બાર દિવસ નીકળ્યા હતા. એટલો વખત શામજીનું બ્લડપ્રેશર સાચવવાનું કામ પત્નીએ કરવું પડ્યું હતું. વળી, તેનાં વ્યવસ્થિત લાકડાનાં ખોખાં તૈયાર કરવામાં આવ્યાં હતાં. 'એ' ખોખામાં ૨૩ લાખનો તદ્દન ખોટો ચાઈનીઝ માલ જેમાં ઉપરની લગડીઓ લગભગ બે લાખની સાચી ગોઠવવામાં આવી હતી. 'બી' નંબરના ખોખામાં પચાસ સ્લેબ્સ અને 'સી'માં ૩૦ સ્લેબ્સ. ખોખાંઓ પણ મજબૂત એલ્યુમિનિયમના પતરાના તૈયાર કરવામાં આવેલાં અને તેના પર

જાડું લાકડાનું ઢાંકણ જડવામાં આવેલું.

શામજી પાસેથી બાકીના પૈસા આવ્યા કે તરત જ છેલ્લા મોરચાની તૈયારીઓ કરી નાખવામાં આવી.

ફરી એ જ તખ્તો ગોઠવાયો. દરેક બાબતની ચકાસણી, એક લશ્કરી અફસરની માફક પન્નીએ કરી હતી. અમે સૌ તૈયાર હતા. શામજીના ઉશ્કેરાટનો પાર ન હતો. આ વખતે શામજીભાઈની ગાડી ઉપરાંત ટિનુની ટેક્સી પણ તૈયાર રાખવામાં આવી હતી.

પ્રોફેસર દાસ અને જનુ જમ્બોને આગલી રાત્રે જ 'સી-પોઈન્ટ' પર રવાના કરવામાં આવ્યા હતા. ચંદુ દટ્ટાને અને બબલા બચ્ચનને પહેલાંની જેમ મોટર સાયકલ પર રવાના કરવામાં આવ્યા હતા. પોલીસ પાર્ટીમાં ઇન્સ્પેકટર એચ. સી. રાવલ તરીકે રમણ, હેડ કોન્સ્ટેબલ તરીકે તેનો ભાઈ સુધીર, ટેકસી ચલાવતા ટિનુના ભાઈ બોબીને પોલીસ ડ્રાઇવર તરીકે, આ ઉપરાંત વાડીલાલ વેગન નામના અમારી જ્ઞાતિના, રેલવે-વેગન તસ્કરને તેમજ ચંદુ ચૂંટણીને પોલીસ પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યા હતા. પોલીસ પાર્ટીને આગલી રાતે જ રવાના કરવામાં આવી હતી. કારણ અમારી જીપને પોલીસ જીપ તરીકે અમારે ખુલ્લેઆમ ઝાઝો વખત ફેરવવી ન હતી.

વહેલી સવારે શામજી તૈયાર થઈને રતિલાલને બંગલે તેની ગાડી લઈને આવી પહોંચ્યો હતો. પણ અમારે ગમે તેમ, સી-પોઈન્ટ પર લગભગ અંધારું થઈ જાય પછી પહોંચવાનું હતું. પરિણામે પન્નીએ તૈયાર થવામાં ખાસ્સી વાર લગાડી હતી. આખરે અમે નીકળ્યા હતા. ટિનુની મારુતિ વાન (ટેકસી)માં હું અને દિનુ ગોઠવાયા હતા. શામજીભાઈની એમ્બેસડરમાં શામજી અને પન્ની ગોઠવાયેલાં.

"જુઓ શામજીભાઈ, પુષ્પા સી-પોઈન્ટની બહાર રહેશે." મેં ઊપડતાં પહેલાં કહ્યું.

"શું કામ ? પન્નીએ પૂછ્યું.

"શું કામ એટલે ? મેં તને કેટલી વખત કહ્યું છે કે તારે પ્રશ્નો પૂછવાની જરૂર નથી. મેં કડક અવાજે કહ્યું. "તમે ગયે વખતે જોયું ન હતું ? ત્યાં કેવા લોકો હોય છે !"

"પણ શામજીભાઈએ પૈસા રોક્યા છે એટલે -"

"પૈસા રોક્યા છે, પૈસા રોક્યા છે તેવું વાત વાતમાં કહેવાની જરૂર નથી. સમજીને ?"

"જે માણસો સાથે કામ પાડવાનું છે તે સંત-મહાત્માઓ નથી. એ લોકો કોઈ માંગણી મૂકશે તો હું તેની ના પાડી શકું તેટલી મારી શકિત નથી અને શામજીભાઈનું પણ ગજું નથી."

"મતલબ ?" શામજીએ આંખો પહોળી કરીને પૂછયું.

"તમે જોયું નહિ ? કાદર (ઉર્ફે જનુ) કેવો આદમી છે ? પુષ્પાને એ ગમે તે કરે, સમજ્યા ? કે પછી મારે વધુ સ્પષ્ટતા કરવી પડશે ? આ ધંધામાં સ્ત્રીઓ માટે બે જ રસ્તા હોય છે. તાબેદારી અથવા મોત." મેં કહ્યું. શામજીની ડાગળી સહેજ પહોળી થઈ. "પુષ્પા સી. પોઇન્ટથી દૂર રહે તે જ યોગ્ય છે." કહીને મેં અમારી ગાડીનું બારણું વાસ્યું અને અમે ઊપડ્યા.

અમારી મારુતિ વાન અને શામજીની ગાડી મહેસાણા પહોંચી. પણ અમે અલગ અલગ હોઈએ તેવી રીતે વર્ત્યાં. રણજિત રેસ્ટારાંમાં અમે ખાધું અને પાછા રસ્તે પડ્યા. પત્ની ભારે ઉત્સાહમાં હતી. મહેસાણાથી થોડાક કિલોમિટર પહોંચ્યા પછી મેં ફરી વખત ગાડી ઊભી રાખી અને પત્નીને તાકીદ આપી કે તેણે કાદર મકરાણીની નજરે ન ચડે તેવી રીતે જ બેસવાનું છે.

"અરે ! ભાઈ, અમે બન્ને દૂર જ રહીશું." તરત જ શામજીએ કહ્યું.

"એ શક્ય બનવાનું નથી. તમે નહિ, તમારા હાથમાં જ કાદર માલ આપશે. તેને ખબર છે કે પૈસા તમારા લડે છે. આ ધંધામાં સગા ભાઈને પણ કોઈ ગણતું નથી."

બપોરે સાડાત્રણ વાગ્યે અમે પેલા શિવાલય પાસે પહોંચ્યા હતા. શામજી અને પત્ની ત્યાં થોડો વખત રોકાયાં હતાં. અને પછી આગળ વધેલાં. આ વખતે પોલીસ પાર્ટી ત્યાં ન હતી. ત્યાંથી આગળ સરસ્વતી નદીના નાળા આગળ ખડી હતી. શામજીની ગાડી ત્યાં પહોંચી તે પહેલાં પત્ની સાથે તેનો પ્રેમાલાપ ચાલતો હતો. જે માલ લેવા તે જઈ રહ્યો હતો તેમાંથી થનારો નફો તેણે ગણી નાખ્યો હતો. એ નફો એટલો ગંજાવર ન હતો તેમ છતાં શામજીને મહત્ત્વનો રસ પત્ની સાથેના સંબંધમાં હતો. એટલું જ નહિ તેમાં

બીજું પણ ગણિત હતું. આ સોદાનો અનુભવ થઈ જાય પછી મને (પુષ્પાના પતિને) બાજુએ રાખીને કાદર સાથે સીધો સોદો કરવાની લાલચ પત્નીએ તેના દિમાગમાં ઘુસાડી હતી. તે અંગે તે કશું કમિટમેન્ટ કરવા માંગતો ન હતો. પણ મનોમન તે વાતને વાગોળતો હતો.

"પોલીસની ગાડી લાગે છે પુષ્પા." એકાએક નિર્જન રસ્તા પર ઊભેલી પોલીસ જીપ અને તેની બાજુમાં ઊભેલા થોડાક પોલીસમેનને જોઈને શામજીનો પગ એક્સીલેટર પરથી ઊંચો થઈ ગયો.

"તો શું છે ?" પત્નીએ હસીને કહ્યું, "એ લોકો તેમનું કામ કરે છે. આપણે આપણું."

"પણ એ ગાડીનો નંબર જોશે."

"ઓહો ! શામજી, મને એમ કે તમારામાં અક્કલનો થોડો અંશ હશે. એ લોકોને જતી આવતી ગાડીઓના નંબરમાં શું કામ રસ હોય !" પત્નીએ કહ્યું. શામજીએ ગાડી હંકારે રાખી. એકાએક રસ્તા વચ્ચે બે પોલીસવાળા આવ્યા.

"એ લોકો -" શામજી બોલ્યો.

"ગભરાવાની જરૂર નથી. તમે ચિંતા ન કરો." પત્નીએ કહ્યું. પોલીસમેનોએ હાથ હલાવીને ગાડી ઊભી રાખવા સંજ્ઞા કરી. "ગાડી ભગાવી દેવાની જરૂર નથી." પત્નીએ શામજીને કહ્યું. થોડેક છેટે, વાનની પાસે ગાડી રોકવામાં આવી. શામજીનો શ્વાસ અધ્ધર ચડી ગયો હતો. જીપમાંથી ઊતરીને ઇન્સ્પેક્ટર રાવલ, ધીરે ડગલે ચાલીને ગાડી પાસે આવ્યો. તે શામજી તરફ નહિ પણ પત્નીની બાજુએ પહોંચ્યો.

"એક્સ્ક્યુઝ મી મેડમ" ઇન્સ્પેક્ટર રાવલે અદબથી કહ્યું. રમણીયો સાચે જ કોઈ અવ્વલ ઇન્સ્પેક્ટર જેવો લાગતો હતો. રમણીયાને ઇન્સ્પેક્ટરનો રોલ ગજબ રીતે માફક આવી ગયો હતો. આખરે એ દીકરો પ્રો. દાસનો હતો ને ! વળી અમારી જ્ઞાતિના તમામ વારસાગત લક્ષણો તેના લોહીમાં વહેતાં હતાં.

"જી." પત્નીએ સ્મિત વેરીને કહ્યું.

"તમે કઈ તરફ જઈ રહ્યાં છો ?" ઇ. રાવલે પૂછયું.

"કેમ ઇન્સ્પેક્ટર, હું કઈ તરફ જઈ રહી છું તેમાં તમને શું રસ છે ?"

"મારે થોડી મદદ જોઈએ છે." તેણે કહ્યું, "એટલે જ પૂછું છું કે તમે કઈ તરફ જઈ રહ્યાં છો ?"

"રાધનપુર" પત્નીએ જવાબ આપ્યો.

"ફાઈન... વેલ મારા બે માણસોને સાથે લેતાં જશો ?"

"અમારી સાથે ?" શામજી ધ્રૂજતા અવાજે બોલ્યો.

"અર્જન્ટ જરૂરિયાત છે. નહિ તો તમને ડિસ્ટર્બ ન કરત." રાવલે ડોકું સહેજ લંબાવીને, ગાડીની બારીમાં નાખ્યું.

"તમારી પાસે ગાડી તો છે" પત્નીએ કહ્યું.

"તે બરાબર છે. પણ મારે માટે અર્જન્ટ મેસેજ આવ્યો છે. મારે સમી જવું પડે તેમ છે. અને રાધનપુર આ બે જણને પહોંચાડવા જરૂરી છે."

"વેલ..." પત્નીએ શામજી સામે જોયું અને જમણી આંખનું પોપચું સહેજ નમાવીને ઇશારત કરી.

"ઓ.કે." શામજી બોલ્યો.

"બાય ધ વે તમે રાધનપુર રહો છો ?" રાવલે પૂછ્યું.

"ના. કેમ ?" પત્નીએ સવાલ કર્યો.

"તમને બન્નેને મેં ક્યાંક જોયાં છે. ઓહ યસ. બેન, તમે થોડા દિવસ પહેલાં જગતેશ્વર પાસે રોકાયાં હતાં ?"

"જગતેશ્વર ?" શામજીએ પૂછ્યું.

"આ તરફ નદીકિનારા નજીક મહાદેવ છે ત્યાં ? આઇ એમ શ્યોર. એક વખત જોયેલો ચહેરો હું ભૂલી શકતો નથી. મેં તમને મહાદેવ પાસે... ઓહ યસ, ગાડી પણ આ જ હતી."

"હેં... ઓહ... ઓહ..." પત્નીએ હાસ્ય વેર્યું.

"સાહેબનું નામ શું ?" રાવલે પ્રશ્ન કર્યો.

"તમારે પણ આ જ તરફ જવાનું છે ને રાવલ સાહેબ... તો તમે ચાલો અમારી ગાડીમાં. થોડો વખત કંપની રહેશે." પત્ની બોલી.

"વોટ એ સરપ્રાઇઝ !" રાવલ બોલ્યો. "તમે મને ક્યાંથી ઓળખો ?"

"તમે જ વિચાર કરોને સર. એક વખત વાંચેલું નામ મને પણ યાદ રહી જાય તો ખરુંને !" પન્નીએ કહ્યું. અને રાવલ ઉર્ફે રમણે હાસ્ય વેર્યું. તેના ખમીસ પર ઇન્સ્પેક્ટર રાવલના નામની નાનકડી નેઈમ પ્લેઇટ હતી.

"તમે પણ ઓછાં નથી મેડમ. મને તમારી ઓળખાણ ન આપી."

"મારું નામ પુષ્પા..."

"અને સાહેબ ?" રાવલે પૂછ્યું.

"સેવંતિલાલ... આમ તો મારાથી તેમનું નામ બોલાય નહિ." પન્નીએ હસીને કહ્યું અને મોટરનું પાછલું બારણું ખોલ્યું. પોલીસવાળા અંદર ગોઠવાયા. તે પછી પણ રાવલ વાત કરતો રહ્યો. પોલીસવાળાઓને છેક રાધનપુર ઉતારવામાં આવ્યા અને રાવલ સાહેબ, જેમની પોલીસ જીપ પાછળ આવતી હતી. તેમને તે પહેલાં ઉતારવામાં આવ્યા. પન્નીએ એક હોટલ પાસે ગાડી ઊભી રખાવી. શામજીએ નિરાંતનો દમ ખેંચ્યો. તે પોલીસને જોઈને અસ્વસ્થ થઈ ચૂક્યો હતો.

"તારે તદ્દન ગપ્પાં મારવાની જરૂર ન હતી." શામજીએ કહ્યું.

"તો એને સાચું કહું કે અમે ક્યાં જઈએ છીએ અને તમે કોણ છો ?" પન્નીએ શામજીને તતડાવ્યો. થોડીવાર બન્ને વચ્ચે ચડભડ થતી રહી. આખરે ગાડી વાળવામાં આવી. વેડ જવાને રસ્તે ફરી વખત રાવલની જીપ સામે ભટકાઈ. અમારા પ્લાન પ્રમાણે બરાબર ટાઇમીંગ સચવાઈ રહ્યા હતા. શામજીની ગાડી અને જીપ ક્રોસ થઈ ત્યારે રાવલે હોર્ન વગાડીને, હાથ ઊંચો કર્યો તે શામજીને પસંદ આવ્યું ન હતું.

"એ ગાડી લઈને આટલામાં જ આંટા મારી રહ્યો છે." શામજીએ ઉદ્ગાર કાઢયો.

"તેમાં આપણે શું છે !" પન્ની બોલી.

"પણ એ લોકો કેમ દેખાતા નથી ?" શામજીએ મારા વિષે પૂછ્યું.

"એ લોકોએ પણ પોલીસ જીપ જોઈ હશે." પન્નીએ સધિયારો આપ્યો.

અમને બરાબર ખબર હતી કે અમારે શામજી અને પન્નીને ગાડી આગળ ક્યારે પહોંચવાનું હતું. અજવાળું ઓછું થાય અને સૂર્યાસ્ત થવા

આવે ત્યાં સુધી અમે સી. પોઈન્ટથી થોડેક છેટે શામજીની ગાડીની રાહ જોતા ઊભા રહ્યા હતા. અમને તો ખબર હતી કે અમારી જ પોલીસ ટુકડી, શામજીને રાધનપુર લઈ જશે. આખરે શામજીની ગાડીના લાઈટ્સ અમને દેખાયા હતા. અમે પણ અમારી ગાડીના લાઈટ્સ ચાલુ બંધ કરીને સામે સિગ્નલ આપ્યું.

"એ લોકો જ લાગે છે." પત્નીએ ચાલતી ગાડીએ શામજીને કહ્યું.

"પાછા એ લોકો ?" શામજીએ ચોંકીને પૂછ્યું.

"અરે ભાઈ પોલીસ નહિ. તમને જીપના લાઈટ્સ ઓળખતાં નથી આવડતું ?" પત્ની ગુસ્સે થઈને બોલી. શામજી ચૂપ થઈ ગયો. ગાડી અમારી પાસે આવી. હું અને ટિનુ અમારી મારુતિ વાનમાંથી ઊતરીને બહાર ઊભા હતા.

"ક્યાં હતા તમે ? આટલું મોડું કેમ થયું ?" મેં પૂછ્યું.

"અરે શું મોડું થયું ? પોલીસે રોક્યા હતા." શામજી બોલી ઊઠ્યો.

"પોલીસે ?" દિનુએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"ક્યાં આગળ ?" મેં પૂછ્યું. અને શામજીએ મોટા અવાજે ઇન્સ્પેક્ટર રાવલે તેમને ક્યાં રોકયા હતા તે કહ્યું. મેં તેને ફરી ફરીને પ્રશ્નો પૂછ્યા.

"પોલીસ તમારી પાછળ તો નથી આવીને ?" મેં આખરે પૂછ્યું.

"પાછળ શું કામ આવે ?" પત્ની બોલી.

"તું ચૂપ રહે." મેં રાબેતા મુજબ પત્નીને ખખડાવી. "ટિનુ, તું જરા આંટો મારી આવ મેઈન રોડ સુધી. આ સાલા ગાંડા બાવળના જંગલમાં ખબર નહિ પડે. વી મસ્ટ બી શ્યોર." કહીને મેં ટિનુને ગાડી લઈને રવાના કર્યો. થોડીવારે તે પાછો આવ્યો. તેણે રિપોર્ટ આપ્યો કે ક્યાંય એવી હિલચાલ દેખાતી નથી. હું શામજીની ગાડીમાં ગોઠવાયો. ગાડી હંકારવામાં આવી. પત્નીને થોડેક છેટે ઉતારવામાં આવી. ત્યારે અંધારું લગભગ થઈ ચૂકયું હતું.

હું, શામજી અને ટિનુ. ત્રણે જણ સી. પોઈન્ટ પરના ખોરડે પહોંચ્યા. ત્યાં જતાં પહેલાં શામજીએ બે-ત્રણ વખત પૂછ્યું. "અશોકભાઈ, બધું બરાબર છે ને ?

"બરાબર જ હોય ને !" મેં તેને જવાબ આપ્યો, "તમને શેની ચિંતા સતાવે છે ?"

"નહિ નહિ, ચિંતા નહિ. પણ -" શામજી કહેવા માંગતો હતો કે પોલીસની ગાડી તેમને બે વખત મળી હતી, પણ તે બોલ્યો નહિ.

ખોરડાની એક તરફ ગાડી પાર્ક કરીને, ગાડીની બત્તીઓ બે વખત ઝબકાવી અને એક હળવું હોર્ન વગાડીને, જાણે કે 'અમે જ છીએ સાગરિતો-' તેવું સિગ્નલ આપતા હોઈએ તેમ દેખાવ કરીને, અમે ગાડીમાંથી બહાર નીકળ્યા. ચારે તરફ સન્નાટો હતો. ખોરડાની ઓસરીમાં ફાનસનું આછું અજવાળું પડતું હતું.

"પુષ્પાને આપણે અહીં સુધી લાવ્યા હોત તો-" શામજીએ હળવેથી કહ્યું. હું ઊભો રહી ગયો.

"તેને તો અમદાવાદથી જ લાવવાની જરૂર ન હતી." મેં કહ્યું, "આ ધંધામાં પુષ્પા જેવી ઔરતનું કામ નહિ."

"નહિ નહિ... હું તો અમસ્તો જ... આ તો આ વગડામાં એ એકલી-" શામજીએ કહેવા માંડ્યું.

"વગડામાં કે એકાન્તમાં તેને જેટલો ભય છે ને શામજીભાઈ, તેના કરતાં આ ખોરડામાં વધારે 'ડેન્જર' છે. કમબખ્ત કાદર મકરાણી બાઈઓની બાબતમાં તદ્દન હરામજાદો છે. એક વખત તેની નજર બગડી કે પછી - તમે યાર, સમજ્યા વગર બોલો નહિ. આપણે જે કામ કરવા આવ્યા છીએ તે પતાવીને રવાના થવા સિવાય બીજું કાંઈ વિચારવાની જરૂર નથી." મેં કહ્યું. અમે ખોરડે પહોંચ્યા.

"અરે ! આવો... આવો યાર..." પ્રોફેસર કે. દાસે અમને આવકાર્યા. હાથ મિલાવ્યા. અને અમે પરસાળમાં પહોંચ્યા. પરસાળમાં પતરાની ત્રણ ખુરસીઓ અને એક લાકડાનું તદ્દન ખખડી ગયેલું, ચાર પાયા પર પાટિયું જડીને બનાવેલું ટેબલ પડયું હતું. ટેબલ પર વ્હીસ્કીની બાટલી હતી અને બે પ્યાલા પડ્યા હતા અને ખુરસીમાં જનુ જમ્બો ઉર્ફે કાદર બેઠો હતો.

"અરે ! આઇએ બરખુરદાર, ટાઇમસર આવી ગયા છો" કહીને

જનુએ અમને આવકાર્યા. જનુ જમ્બો આમેય પીવાનો શોખીન છે. વળી મફતમાં અત્યારે પીવાનું મળ્યું હતું એટલે થોડો ગેલમાં હતો. તે ઊભો થયો. ક્યાંકથી એલ્યુમિનિયમના ગ્લાસ લઈ આવ્યો. "બેસો... બેસોને યાર." તેણે શામજીની પીઠ પર ધબ્બો મારીને કહ્યું..." તૂ બી બેઠને યાર" તેણે મને કહ્યું.

"કાદર... આપણે પીવાનું પછી રાખીશું. માલ ક્યાં છે ?"

"બસ, એક પેટી આવવાની બાકી છે. બે આવી ગઈ છે." તેણે કહ્યું. "એ લોકો આવતા જ હશે." કાદર ઉર્ફે જનુએ કહ્યું. પરસાળની એક તરફ એ. અને સી. માર્કાવાળી પેટીઓ પડેલી હતી. હું એ તરફ ગયો." જમ્બુરો ક્યાં છે ?" મેં પૂછ્યું.

"કેમ જમ્બુરાનું શું કામ છે ?" પ્રોફેસર દાસે પૂછ્યું.

"આપો એને જમ્બુરો..." જનુ બોલ્યો. "તેને વિશ્વાસ ન પડતો હોય તો માલ જોઈ લેવા દો -"

"વિશ્વાસ-અવિશ્વાસનો સવાલ નથી કાદર ! મારો માલ હોત તો હું કશું બોલત પણ નહિ." મેં કહ્યું. દાસ ઘડીભર મારી અને જનુની સામે જોઈ રહ્યા. એ પછી ધીરેથી ચાલીને, તૂટેલી ભીંતવાળા ઓરડામાં જઈને એક જમ્બુરો લઈ આવ્યા. મેં ઝમ્બુરાથી એક બોક્સનું ઢાંકણ ખોલ્યું અને પેટી હળવેથી ફાનસના અજવાળામાં ખસેડી. પેટી ચાઈનીઝ લગડીઓથી ભરેલી હતી.

"કેમ જોઈ લીધું !" જનુ બોલ્યો. "સાલે, જબાનની પણ કોઈ કિમ્મત હોય છે. બીજી પેટી પણ ખોલી જો."

"તું ચૂપ કર." પ્રોફેસર દાસે સહેજ ગરમ થઈને કહ્યું.

"તારી ફુદી આજે આવી નથી ?" જનુએ પૂછ્યું.

"મતલબ ?"

"અરે ! તારી હુશ્નપરી ?" જનુ બોલ્યો. મેં તેના તરફ ધ્યાન નહિ આપવાનો અભિનય કર્યો." કેમ બરખુરદાર બોલતો નથી ? બાકી છે કોઈ ચીજ. મને એમ હતું કે તું સાથે લેતો આવીશ તો રંગત રહેશે. શું કહો છો તમે ઉસ્તાદ ?" તેણે દાસને પૂછ્યું.

"અરે ! તારી હુશ્નપરી ?" જનુ બોલ્યો. મેં તેના તરફ ધ્યાન નહિ આપવાનો અભિનય કર્યો." કેમ બરખુરદાર બોલતો નથી ? બાકી છે કોઈ ચીજ. મને એમ હતું કે તું સાથે લેતો આવીશ તો રંગત રહેશે. શું કહો છો તમે ઉસ્તાદ ?" તેણે દાસને પૂછ્યું.

"ચૂપ કર કાદર... ધંધાની વાતમાં -"

"આ પણ ધંધાની વાત જ છે ને ! બોલ યાર, કેટલામાં સોદો કરવો છે ! જ્યારથી તેને જોઈ છે ત્યારથી યાર, ઊંઘ હરામ થઈ ગઈ છે. શું નાક-નકશો છે ! વાહ ! એક વખત જો પલંગમાં -"

"મ્હો બંધ કર કાદર. તું નશામાં છું."

"અરે ! ઉત્સાદ, આ અશોકની માશૂકાને જોઈ છે ત્યારથી નશો ઊતરતો નથી. શું કહે છે તું ?"

"કાદર, તું નશામાં છું એટલે હું બોલતો નથી." મેં હળવેથી કહ્યું.

"એ લોકો આવી ગયા છે." એકાએક પ્રોફેસર દાસે કહ્યું. તે પહેલાં જ મોટર સાયકલનો અવાજ સંભળાયો હતો. ચંદુ દટ્ટો મોટરસાયકલ ધમધમાવીને છેક પરસાળ નજીક આવ્યો. તેણે મોટરસાયકલ સ્ટેન્ડ પર ચડાવી. કેરિયર પરથી 'બી' માર્કાવાળી પેટી ઉતારી. અને એ ઊંચકીને દોડતો હાંફતો અંદર ધસી આવ્યો. દટ્ટાએ મોઢા પર માસ્ક પહેર્યો હતો અને માથા પર હેલ્મેટ. તે કોઈ બીજા ગ્રહ પરથી આવ્યો હોય તેવો લાગતો હતો.

"બોસ... ઉત્સાદ જલદી... અહીંથી નીકળવું પડશે." તેણે ઝડપથી કહ્યું.

"શું થયું ?" પ્રોફેસરે પૂછ્યું.

"પોલીસ ચારે તરફ ઘૂમી રહી છે."

"તેમાં આપણે શું ?" જનુ ઉર્ફે કાદરે સવાલ કર્યો.

"તમારી શોધ ચાલે છે." તે બોલ્યો, "રાવલ ઇન્સ્પેકટર અને તેની ટુકડી."

"રાવલ ઇન્સ્પેકટર !" શામજીના મોઢામાંથી ઉદ્ગાર નીકળી ગયો. તે ઊભો થઈ ગયો.

"પણ પોલીસને ખબર કેવી રીતે પડી ?" જનુએ પૂછ્યું.

"તમે સવાલ પછી કરો. પહેલાં ઉઠાવો બધું."

"પણ પોલીસને ખબર કેવી રીતે પડી ?" જનુએ ચંદુને જ ધક્કો મારીને પૂછ્યું.

"એ તો રામ જાણે કાળુસિંહ, બબનને કહેતો હતો કે કોઈ ઔરતે ખબર આપી છે." ચંદુ દટ્ટો અને જનુ બરાબર ડાયલોગબાજી કરી રહ્યા હતા.

"ઔરતે ? કઈ ઔરતે ?" જનુએ પૂછ્યું.

"તમે બહસ બંધ કરો. પેટીઓ ઉઠાવો." પ્રોફેસરે કહ્યું.

"પેટી ઉઠાવો શામજીભાઈ." મેં કહ્યું. શામજી 'એ' માર્કાવાળી પેટી ઉઠાવે તેનો મેં ખ્યાલ રાખ્યો. પ્રોફેસરે 'બી' માર્કાવાળી પેટી ઉઠાવી. મેં સી નંબરની પેટી ઉઠાવી. આખા કમરામાં અમે વગર કારણની ધમાલ મચાવી. પ્રોફેસર અને જનુ જમ્બોએ તેમની ચીજ-વસ્તુઓ ધડાધડ એકઠી કરી. ચંદુ દટ્ટો આ દરમિયાન - જલદી કરો... જલદી કરો... બોલતો રહ્યો. શામજીએ દોડીને તેના હાથમાંની પેટી તેની ગાડીમાં મૂકી. મારી અને પ્રોફેસરવાળી પેટી ટેક્સી આગળ મૂકવામાં આવી. આ બધી ધડાધડ ચાલી કે તરત પન્નીએ, તેનાં ફેફસાંમાં ભરાય તેટલી હવા ભરીને ચીસ પાડી. આમ તો તેને ખોરડાથી ખાસ્સે દૂર આવેલા અવાવરુ કૂવા પાસે અમે ઉતારીને આવ્યા હતા. તેમ છતાં તેની ચીસનો અવાજ, એટલે અંતરેથી પણ ખાસ્સો આવ્યો હતો. તેણે બરાબર ટાઈમીંગ સાચવીને ચીસ પાડી હતી. વળી, વગડાના સન્નાટાને વીંધીને તેનો અવાજ બરાબર રેલાયો હતો.

ખોરડાની ઓસરીમાં અને ખોરડામાં ઘડીક બધા સ્તબ્ધ થઈને ઊભા રહી ગયા. હજુ કોઈ કશી પ્રતિક્રિયા કરે તે પહેલાં પન્નીની બીજી ચીસ સંભળાઈ. તે સાથે બીજા પુરુષની રાડ પણ સંભળાઈ.

"આ શું... કોઈ ઔરતની ચીસ !" પ્રોફેસરે ઉદ્ગાર કાઢ્યો.

"બચ્ચુ ક્યાં છે ?" કાદર ઉર્ફે જનુ જમ્બોએ, ચંદુ દટ્ટાને પૂછ્યું. બબલા બચ્ચનને બદલે 'બચ્ચુ' કહીને જનુએ તેના વિષે પૂછયું તેનો મને મનોમન આનંદ થયો. અમે સૌએ અમારાં નામ બદલ્યાં હતાં. એટલે એકબીજાને સંબોધવામાં થોડી તકલીફ પડતી હતી. સૌથી કફોડી સ્થિતિ મારી થતી હતી.

કારણ પત્નીનું નામ 'પુષ્પા' રખાયું હતું, છતાં ક્યારેક આદત પ્રમાણે મારાથી 'પત્ની' બોલાઈ જતું. અલબત્ત શામજીને ખ્યાલ આવે તેવી હજુ સુધી ભૂલ થઈ ન હતી.

"બચ્ચુને મેં થોડેક દૂર ઊભો રાખ્યો છે." ચંદુએ જવાબ આપ્યો.

"શું કામ ?"

"કદાચ પોલીસ આવે તો ખબર કરી શકે." ચંદુ બોલ્યો. ત્યાં ફરી વખત પત્નીની ચીસનો અવાજ આવ્યો. આ વખતે અવાજ તદ્દન સ્પષ્ટ હતો. અને કંઈક નજીકથી આવતો હતો.

"ચોક્કસ એ ઔરતની ચીસ છે." ચંદુએ કહ્યું અને તે બહાર દોડ્યો.

"એ ગમે તે હોય, તમે વખત ન ગુમાવો. પેટીઓ ઉઠાવો." મેં કહ્યું અને હું ઓસરી તરફ ચાલ્યો.

"સબૂર..." કાદર બોલ્યો. તેણે મને ધક્કો માર્યો. અને તે મારી આગળ નીકળ્યો.

"કાદર..." મેં તેને હડસેલવા પ્રયત્ન કર્યો. ત્યાં જ ખોરડાથી થોડે દૂર ધમાચકડી મચી હતી. બબલા બચ્ચન અને ચંદુ દટ્ટાએ પત્નીને પકડી હતી. ત્યાં બૂમાબૂમ અને દેકારો થઈ રહ્યો હતો. શામજી આંખ ફાડીને મારી સામે જોઈ રહ્યો હતો.

થોડી જ સેકન્ડોમાં બબલો અને ચંદુ બન્ને પત્નીને ઢસડીને બૂમો પાડતા લઈ આવ્યા.

"એ કોણ છે ?"

"કાદર... કાદર..." બબલાએ બૂમ પાડી. "આ કમબખ્ત કૂવા પાસે સંતાતી હતી." બબલાએ ચંદુની જેમ જ નકાબ પહેર્યો હતો. તે ઊંચો તાડ જેવો છે. તેની બાજુમાં ઢસડાતી પત્ની તદ્દન ઢીંગલી જેવી લાગતી હતી. દરમિયાનમાં પ્રોફેસર ફાનસ લઈને બહાર આવ્યો હતો.

"અરે ! આ તો એ જ છે." કાદર ઉર્ફે જનુ બોલ્યો.

"સાલીએ મને કૂવામાં ધકેલી દીધો હોત." કહીને બબલાએ પત્નીને ઝાટકો મારીને ધકેલી. હિન્દી ફિલમની હીરોઈનની જેમ પત્ની, કાદરના પગ

આગળ પડી. જનુ નીચો વળ્યો. ખૂંખાર વિલનની જેમ તેણે પન્નીના વાળ પકડ્યા.

"કાદર... ખબરદાર જો તેં પુષ્પાને હાથ અડાડ્યો છે તો -" હું બોલ્યો તે સાથે જ બન્ને બાવડેથી બબલાએ અને ચંદુએ મને પકડ્યો. ટિનુ મારી મદદે આવે તે પહેલાં જનુએ તેને લાત મારી. ટિનુને ગુલાંટ ખાઈને પડવાની કોઈ જરૂર ન હતી, છતાં તે પડ્યો.

"કાદર છોડી દે એને..."

"છોડી દે મતલબ... હરામજાદા, તું કહેતો હતો કે તારી સાથે આ હુરે બગદાદ આવી નથી. તો કોની સાથે આવી છે ?" કહીને તેણે પન્નીના વાળ ખેંચ્યા.

પન્ની લગભગ બેવડ વળી ગઈ હતી. "છોડ મને... છોડ..." તેણે બૂમો પાડી.

"કાદર એ નાદાન છે." મેં કહ્યું, "એ શામજી શેઠ સાથે આવી હતી." કહીને મેં શામજી તરફ જોયું અને તડૂક્યો, "હું કહેતો હતો કે પુષ્પાનું કામ નથી. પણ તમે માન્યા નહિ."

"કાદર એ જ પોલીસ કબૂતર છે. એ જ છે. કાળુસિંહ કહેતો હતો કે રાવલને કોઈ ઔરતે માહિતી આપી છે." બબલો બચ્ચન બોલી ઊઠ્યો.

"ધેટ્સ નોનસેન્સ." મેં બબલા અને ચંદુની પકડમાંથી છૂટવા પ્રયત્ન કર્યો. "એ અને શામજી સાથે હતાં."

"તો પછી તેને ખબર જ હોય ને !" પ્રોફેસરે ટાપસી પૂરી કે તરત જનુ જમ્બોએ પન્નીને ફિલ્મી અદાથી ધક્કો માર્યો. અને ત્યાં પડેલા ખાટલામાં નાખી. અને ઓચિંતા જ તેણે શામજીની ફેંટ પકડી. તેને નજીક ખેંચ્યો. "અરે ! પણ... અરે !..." શામજીના મોઢામાંથી ઉદ્ગાર નીકળે તે પહેલાં તો તેણે શામજીના નાક પાસે પોતાનું માથું અફળાવ્યું. હિંદી ફિલ્મો જોઈને જનુ ઘણુંબધું શીખેલો. શામજીને આંખે તમ્મર આવી ગઈ. "શી ચાલાકી કરી છે શામજી શેઠ !"

"બેવકૂફ જેવો સવાલ નહિ કર." હું બરાડી ઊઠ્યો. શામજીના નાક

પર ભારે ચોટ વાગી હતી. એના હોઠમાંથી લોહી નીકળવા માંડ્યું. શામજીના નાકે માથું અફળાવીને જનુએ તેને પણ ધક્કો માર્યો હતો. "કમબખ્ત—" કહેતાંની સાથે, ચંદુ અને બબલાને બન્ને હાથથી મેં ખેંચ્યા. બન્ને ડબલ્યુ.ડબલ્યુ.એફ.ની રીંગમાં માર ખાતા પહેલવાનોની માફક એકમેક સાથે અથડાયા અને ઊંચા થઈને જાણે નીચે પડ્યા. જનુએ ઓચિંતા જ મારા પેટમાં બ્રુસ લીની જેમ લાત ઠોકી. હું બેવડ વળી ગયો.

"એ હરામજાદીને બાંધો..." તે બોલ્યો. આંખને પલકારે ચંદુ અને બબલો ઊભા થયા. પેટ દબાવીને હું સહેજ ટટ્ટાર થયો. ફરી ચંદુએ મને પકડ્યો અને બબલો પન્ની પર ત્રાટક્યો.

"કાદર, એ જ પોલીસનું કબૂતર છે. એ જ. કાળુસિંહ કહેતો હતો કે રાવલને કોઈ ઓરતે માહિતી આપી છે. બાંધી રાખો એને." બબન બોલી ઊઠ્યો.

''બાંધી રાખો મતલબ ?'' મેં પૂછ્યું.

''પોલીસને ખબર કોણે કરી-એ હુશનપરીને પૂછવું નહીં પડે ?''

''પણ એ પોલીસને ખબર શું કામ કરે ?''

''કાદર, તારી દાનત સમજું છું. પોલીસને બહાને તું પુષ્પાને-''

''તો શું થયું ? એ તારી શું સગી છે ?''

"તમે સમય ન ગુમાવો... કાદર, તેને છોડી દે." મેં બરાડો પાડ્યો, "મેં તને ના પાડી હતી કમબખ્ત કે તું ના આવીશ." મેં પન્નીને ઉદ્દેશીને કહ્યું.

"નાટક નહિ જોઈએ." કાદરે કહ્યું, "દાજી (દાજી એટલે પ્રોફેસર), એ હરામજાદીને અહીં જ બાંધી રાખો."

ત્યાં જ લગભગ એક કિલોમિટર દૂરથી જીપનું અજવાળું રેલાયું. એ જીપ ખાસ તૈયાર કરવામાં આવી હતી. અને તેના પર હન્ટીંગ લાઇટ્સ જેવી સર્ચલાઇટ્સ નાખવામાં આવેલી. જેથી દૂરથી તેનું લાઇટ ફેંકી શકાય. હું મનોમન આનંદ પામતો હતો, કારણ બનાવટી પોલીસ પાર્ટી બરાબર સમય મેળવીને કામ કરી રહી હતી. એ લાઇટનું અજવાળું ખોરડાની ખુલ્લી ઓસરી તરફ પડ્યું અને ઓતરાદી તરફ ફર્યું. ચંદુ દટ્ટાએ મારું બાવડું છોડ્યું અને તે બહાર દોડ્યો. ક્ષણવારમાં જ તે ગોફણમાંથી છૂટેલા પથ્થરની જેમ

પાછો અંદર ધસી આવ્યો.

"કાદર... જીપ... જીપ છે..." તે બરાડ્યો. મને બચ્ચને પકડી રાખ્યો હતો.

"કાદર, મગજમારી છોડ ને પુષ્પાને છોડી દે." મેં ફરી તાકીદ આપી. પણ ઊલટાનું કાદરે તેને ધકેલી અને નીચે પછાડી.

"પોલીસ જીપ... કાદર... પોલીસ જીપ છે." ઓસરીને બારણે ધસીને ચંદુ ફરી બોલ્યો. "મેં કહ્યું ને ! સાલી ખબર અપાઈ છે."

"પોલીસ ! પોલીસ છે !" શું બોલવું અને શું કરવું તેની સમજ શામજીને પડતી ન હતી. પોલીસ જીપનું - મતલબ સર્ચલાઇટનું અજવાળું, ફરી એક વખત ખોરડા પર નંખાઈને બીજી તરફ ફેંકાયું. મેં બરાબર જાણે કે મોકો મળી ગયો હોય તેમ, મને બાવડેથી પકડીને ઊભેલા બબલા બચ્ચનને ધક્કો માર્યો. તે ફંગોળાઈને ચંદુ દટ્ટા પાસે પડ્યો. બરાબર તે જ વખતે પન્નીએ જનુ જમ્બોનો પગ પકડીને તેને નીચે નાખવાનો પ્રયાસ કર્યો. શામજી બેબાકળો બનીને જોઈ રહ્યો. હું ધસ્યો. અને મેં પડતાં પડતાં બેલેન્સ જાળવવાનો પ્રયત્ન કરતાં જનુને ધક્કો માર્યો. તે સાથે પન્ની વાઘણની જેમ ઊભી થઈ.

"તું ભાગ પુષ્પા..." મેં જનુ પર તરાપ મારતાં મારતાં બૂમ પાડી.

"તમે ભાગો..." મેં શામજીને કહ્યું. "હઠો જલદી..." શામજી અને ટિનુ બહાર દોડ્યા. પન્ની પણ ભાગવા ગઈ. દરમિયાનમાં જનુએ મારા પગમાં આંટી મારીને મને પાડ્યો. હું અને જનુ, ચંદુ અને બબલો બચ્ચન, એક વખત સ્ટંટ ફિલમમાં કામ કરવા ગયા હતા. વળી અમે ટી.વી. પર આવતો ડબલ્યુ ડબલ્યુ એફનો કાર્યક્રમ પણ જોયો હતો. એટલે થોડા દાવ-પેચ અમને આવડતા હતા. કમબખ્ત જનીઆએ ધાર્યા કરતાં વધુ જોરથી આંટી મારી હતી. હું ભયાનક જોરથી પટકાયો હતો. મને કળ ચડી ગઈ અને જનીઆ પર સાચ્ચો ગુસ્સો પણ આવ્યો. પરંતુ જનુને મારાથી ગમે તેમ મરાય તેવો ન હતો. તેનું ખાસ કારણ હતું. તેણે પેટ પર જે કમરબંધ બાંધ્યો હતો તે આડોઅવળો થાય અને કવખતે તેમાંની પોટલી તૂટે તો આખી બાજી ઊંધી વળે. હું પડ્યો તે વખતે શામજી અને પન્નીને પકડવા ચંદુ અને બબલા

બચ્ચને તેમના પર તરાપ મારી હતી. ટિનુ બહાર નીકળી ગયો હતો. તેટલામાં જનુ ઊભો થઈ ગયો અને આંખને પલકારે, ગેરી કુપરની અદાથી તેણે પિસ્તોલ તાકી હતી.

''હેન્ડ્ઝ અપ !'' છાપરું ફાડી નાખે તેવા અવાજે તેણે ગર્જના કરી હતી. ''કોઈ હાલ્યું છે તો હું ભડાકો કરીશ. આ બેનાળી કોઈની શરમ નહીં ભરે.''

ગુજરાતી હીરોની જેમ તેણે ડાયલોગ ફેંક્યો. મને હસવું આવતાં આવતાં રહી ગયું. જનુએ પિસ્તોલને બદલે 'બેનાળી' રાયફલ હાથમાં હોય તેમ ડાયલોગ ફેંક્યો. સારું હતું કે ત્યાં દંગલ અને દેકારો થયેલો અને શામજી તદ્દન હેબતાયેલો હતો, નહીં તો ડાયલોગની ટેકનિકલ ભૂલ ખ્યાલમાં આવી જ હોત. જનીઆની બૂમ સાંભળીને એકાએક ટેબ્લો પડ્યો હતો. એક ક્ષણ બધાં સ્તબ્ધ થઈ ગયાં હતાં.

''એ હરામજાદીને આ તરફ લાવ.'' જનીઆએ હુકમ કર્યો. બબલો બચ્ચન અને ચંદુ દટ્ટો પન્ની પર ત્રાટકેલા જ હતા. તેમણે પન્નીને બન્ને બાવડેથી ઉઠાવી. ''સાલીને બાંધીને નાખો ઓરડામાં-''

''કાદર... કાદર તું પુષ્પાને છોડ... પોલીસને તેણે ખબર નથી આપી.''

''એ વાત કઢાવતાં મને આવડે છે.''

''તું વખત બરબાદ ન કર... કાદર...'' હાથમાં લાલટેન સાથે પ્રોફેસર ધસી આવ્યા. ''પોલીસની જીપ ચોક્કસ ફરી રહી છે.''

''પોલીસ મારો વાળ વાંકો કરી નહીં શકે. બચ્ચુ, કેટલીવાર ? કમબખ્તને બાંધીને નાખો અંદર.'' જનીઆએ ફરી હુકમ કર્યો. પન્ની એ બન્નેના હાથમાંથી છૂટવા પ્રયત્ન કરી રહી હતી. ''અને તું... ઉઠાવ તારો માલ અને ફૂટ અહીંથી. એ બાઈ ભલે અહીં રહેતી... જનીઆએ મને ઉદ્દેશીને કહ્યું. અને ત્યાં જ બબલા બચ્ચનના કાંડા પર, પન્નીએ બચકું ભર્યું હતું. અને બબલાના હાથમાં જ ફટાકડો ફૂટ્યો હતો તેમ તે ઊછળ્યો હતો. એ પળનો લાભ લઈને મેં પ્રોફેસરને ધક્કો માર્યો હતો. અને પ્રોફેસર હાથમાં લાલટેન સાથે જનુ સાથે અથડાયા હતા. તે સાથે જ હું ઊછળ્યો હતો. મારો

જમણો હાથ શામજીની છાતી સાથે અથડાયો. તે વાંકો વળી ગયો. મેં મારા બન્ને પગથી જનુના ઢીંચણ પર લાત મારી હતી. તે સાથે બે ઘટના બની. હું અને જનુ સામસામી દિશામાં પટકાયા. જનીઆએ પિસ્તોલનો ધડાકો કર્યો. અને લગભગ હાથે કરીને પિસ્તોલ ઉછાળી હતી - ધડાકાની સાથે અને મારા હાથના ધક્કાથી શામજી ગડથોલિયું ખાઈને, ઓસરીમાં જવાના બારણાની સાખ સાથે ટકરાયો હતો. બબલો અને ચંદુ કોઈ કારણ વગર ઊછળ્યા હતા. પન્ની ખાટલામાં ઝીંકાઈ હતી.

''શામજી... પિસ્તોલ...'' મેં રાડ નાખી હતી. પણ શામજી પોતે જ ડઘાઈને પડ્યો હતો. તેને એટલા જોરથી ટક્કર વાગી હતી કે તેના માથાની આસપાસ મોતનાં ડાકલાં વાગતાં હોય તેમ તે માથું ધુણાવતો હતો. ''લડો નહીં... તમે - લડો નહિ'' તે બરાડતો હતો.

''પિસ્તોલ ઉઠાવ કમબખ્ત...'' કહેતાંની સાથે હું જનુ ઉર્ફે કાદર પર ત્રાટક્યો હતો. શામજી માથું ધુણાવતો બેઠો થયો કે તરત જ ચંદુ તેના પર ત્રાટક્યો હતો. અને બબલો બચ્ચન પન્ની પર ઝિંકાયો હતો. ટિનુ દોડીને ટેક્સીમાં ગોઠવાયો હતો. તે બરાડતો હતો. ગમે તેમ બરાડતો હતો. તે જ પ્રમાણે હાથમાં લાલટેન પકડીને પ્રોફેસર પણ રાડો પાડતા હતા. તેમનાં ચશ્માં ઊડ્યાં હતાં. આમાં કોઈ સ્ક્રિપ્ટ હતી નહીં. જેને જે ફાવે તે કરવાનું હતું. ફક્ત શામજી દોડીને બહાર જતો ન રહે તે જ અગત્યનો મુદ્દો હતો. હું અને જનુ જમ્બો ખાટલાની નજીક ઝીંકાયા હતા. ખાટલાની ઈસની બાજુમાં એક પેટી પર જૂની લોખંડની તબ્બલ પડેલી હતી. લોખંડની ધારદાર પટ્ટી જેવી તબ્બલ, ખાટલામાં અધડૂકા પડેલા જનુએ ઉઠાવી અને આંખને પલકારે તે પડખું ફેરવીને ઊભો થયો.

આ તરફ શામજી અને ચંદુ બાખડી રહ્યા હતા. ચંદુએ તેને બેઠો માર મારવા માંડ્યો હતો. બબલો પન્નીને કાબૂમાં લેવા પ્રયત્ન કરી રહ્યો હતો... લાલટેન સાથે પડેલા પ્રોફેસર પોતાનાં ચશ્માં ખોળવા પ્રયાસ કરી રહ્યા હતા. શામજી પર ત્રાટકવાની સાથે ચંદુએ પિસ્તોલને લાત મારી હતી.

''કાદર...'' મેં જોરથી બૂમ પાડી. ''શામજી...'' બીજી બૂમ શામજી તરફ ફરીને પાડી. પણ ચંદુ, શામજીની ધોલાઈ કરી રહ્યો હતો. તે કાળજી

રાખીને શામજીનું ડાચું તૂટી ન જાય તે રીતે તેના પર પ્રહારો કરી રહ્યો હતો.

હાથમાં તલવાર જેવી લોખંડની તબ્બલ લઈને જનુ જમ્બો ઊભો થયો ને મેં ખાટલો ખસેડીને તેના પગમાં અફળાવ્યો. તે સાથે જ મેં ખૂણે પડેલું તગારું ઉઠાવ્યું. તગારું ત્યાં પહેલેથી જ મૂકવામાં આવેલું એટલું જ નહિ તેની અંદરના ભાગમાં આડું લાકડું ભરાવવામાં આવેલું જેથી તેનો ઢાલ તરીકે ઉપયોગ કરી શકાય. મેં જેવું તગારું હાથમાં લીધું કે તરત જનુએ તેના પર તબ્બલ ઝીંકી. ડ...ફા..ક.. એવો અવાજ આવ્યો. ''કાદર... કાદર તું સમજ...'' તે સાથે ચંદુએ શામજીને ધકેલીને અમારી તરફ ફેંક્યો હતો.

''દગાખોર XXXXX'' જનુએ દોઢ મણની ગાળ દીધી અને ફરી તલવાર ઝીંકી. તેનો ઘા ખાટલાની ઈસ પર વાગ્યો. અને ઈસમાંથી છોડું ઊખડ્યું.

''આપણે બધા મરીશું કાદર, તું સમજ'' અમે પેંતરા લેવા માંડ્યા. પોલીસને કોઈએ ખબર નથી આપી. પણ અહીં આવશે તો બધા જ આફતમાં મુકાઈશું.''

''તે પહેલાં કમબખ્ત તારું માથું ધડથી જુદું થશે.'' કાદર ઉર્ફે જનુ જમ્બો રાણા સંગની જેમ તલવાર ઘુમાવીને બોલ્યો. અને એકાએક તેણે પેંતરો લીધો. અસ્સલ સોમા નાયકની અદાથી તે બોલી ઊઠ્યો :

તલવાર મારી ચકમકે છે લોહી તારું ચાખવા,
આવી જા ઓ બાયલા બાપનું નામ રાખવા.

હું તેને ચેતવું કે તેણે આવી બેતો બોલવાની નથી તે પહેલાં તો રણહાક મારીને, બુંગિયામાંથી ભારે ચલતીમાં ચાલતી ચક્રધારના બોલ ઝીંકાતા હોય તેમ તલવાર વિંઝોળવા માંડી હતી. અને ઝનૂનથી સોમા નાયકે શીખવેલાં અઢી પગલાં લઈને ઘૂમવા માંડ્યો હતો. સોમાએ અમને એટલી પ્રેક્ટિસ કરાવી હતી કે અમારા હાથ અને તલવાર એકાકાર થઈ જતા. જનુ જમ્બોના આવા ભયાનક હુમલાને જોઈને હું થથરી ગયો હતો. અને મારે તેની તલવારના દાવથી બચવા બેફામ દોડાદોડ કરવી પડતી હતી સારું હતું કે તે સમયે પોતાને નહિ મારવા માટે શામજી ચંદુ પાસે કરગરી રહ્યો હતો.

નહિ તો તેને જનુની ‘બેત’ સાંભળીને આશ્ચર્ય થયું હોત. સોમા નાયકે અમને જે કરામત શીખવી હતી તેની સાથે નૃત્ય સંગીત અને સંવાદો પણ શીખવ્યા હતા. દાખલા તરીકે.

જોયા હશે તેં ઘાઘરા
પણ ધોતિયાં જોયાં નથી,
રમ્યો હશે રણવાસમાં
પણ રણજંગ તેં જોયા નથી.

ઢાલ તલવાર સાથે પેંતરા લેતાં લેતાં અમારે આવી બેતો બોલવાની હતી. ખરેખર અમારે તેની કોઈ જરૂર ન હતી. પણ સોમો અવ્વલ નાટ્યગુરુ હતો. સહેજ પણ તડજોડ કરવા તૈયાર ન હતો. મેં અને જનુ જમ્બોએ એટલો રિયાઝ કર્યો હતો. કે એક પળ માટે તો અમને થયું હતું કે ઓરકેસ્ટ્રા વગર અમારાથી કશું નહિ થઈ શકે. જ્યાં સુધી જનુએ હાથમાં તલવાર ઉઠાવી ન હતી ત્યાં સુધી તે કાદર મકરાણીના નામના ખૂંખાર દાણચોરનો ‘રોલ’ કોઈ ફિલ્મી વિલનની જેમ ભજવી રહ્યો હતો. પણ જેવી તલવાર ઉઠાવી કે તરત તેનામાં જાણે સોમો નાયક પ્રવેશ્યો હતો. આમ જુઓ તો સોમા નાયકે અમને જે કરામત શીખવી હતી તેનો ઉપયોગ કરવાનો સમય આવી ગયો હતો.

‘‘કાદર... કાદર... બેવકૂફ મગજ ન ગુમાવ...’’ મારે બૂમ પાડવી પડી. જેથી જનુ આગળની કોઈ ‘બ઼ેત’ બોલે નહિ. તગારાને ઢાલની જેમ પકડીને, હું ખાટલાની આસપાસ ઘૂમી રહ્યો હતો. જનુ જમ્બો પણ તલવાર ઘુમાવીને ફરી રહ્યો હતો.

‘‘જોયા હશે શિયાળવાં
પણ સાવજ હજુ જોયા નથી.’’

જનીઆ કમબખ્ને આગળની બેત ચાલુ કરી અને મારે ના છૂટકે ખાટલો ઉલાળવો પડ્યો. જે ખરેખર કરવાનું ન હતું.

‘‘મોઢું બંધ રાખ કંમબખ્ત...’’ મેં બરાડો પાડ્યો. ચંદુ દટ્ટો, પત્ની, પ્રોફેસર વગેરેને ખ્યાલ આવી ગયો હતો કે જનીઓ એકાએક ભવાઈ વેશમાં

આવી ગયો છે અને જો એ વધુ બોલશે તો શામજીને 'આશ્ચર્ય' થયા વગર રહેવાનું નથી. અને જો તેને ખ્યાલ આવે તો આખી બાજી 'ફિટાંસ' થાય. એટલે એ બધાએ ઘોંઘાટ સાથે લડવાનું શરૂ કર્યું અને મેં એ તકનો લાભ લીધો. તગારું લઈને હું તેના તરફ ધસી ગયો. મેં તેને ધકેલ્યો. અને હોઠ ફફડાવીને કહ્યું :

"જનીઆ સુવ્વર... તારે બેતો બોલવાની નથી..."

"હેં... હા... ઓહ..." જનીઓ એકાએક ભાનમાં આવ્યો. જનીઆની બેતબાજી શામજી સાંભળે નહિ એટલે પન્ની, ચંદુ અને બબલાએ બૂમાટા પાડેલા... તે સાંભળીને બહારથી ટિનુ અંદર તોડી આવ્યો. તે તદ્દન ખોટી દોડાદોડી કરતો હતો.

"અરે ! કેટલીવાર છે ? રોકો આ લોકોને... રોકો આ લોકોને... પોલીસને ખબર પડશે કે આપણે આ ખોરડામાં છીએ..."

"તું આઘો રહે..." બબલાએ બૂમ પાડી. ટિનુ અને પન્ની મારી મદદે આવે તે પહેલાં જ બબલાએ ધક્કા માર્યા. ચંદુ દટ્ટો, શામજીને ધોઈ રહ્યો હતો. તેણે પણ શામજીને ધક્કો મારીને કમરાના ખૂણા ભેગો કર્યો.

મંગા રાવળિયાની ઓરકેસ્ટ્રાની રીધમ વગર અઢી પગલાં લઈને ઘૂમવું સહેજ મુશ્કેલ હતું તે છતાં હું અને જમ્બો, મનમાં જ એક, દો, તીન ગણીને પેંતરાલ્લઈ રહ્યા હતા. જનુએ મારા હાથમાંના તગારા પર તલવારના ધડાધડ ઘા ઝીંક્યા હતા... અને ત્યાં જ જનુના હાથમાંથી તલવાર ઊછળી હતી. (એમ કરવાનું જ હતું) ખોરડાના ખડખડપાંચમ છાપરા સાથે તલવાર અથડાઈ. છાપરાની વળીઓ વચ્ચે સહેજ અટકી અને પછી નીચે પડી. આ દરમિયાન મેં શામજી તરફ નજર નાખી. અને મારા પાટલૂનની સ્લીવ નીચે પગ પર બાંધેલો મસ મોટો જમૈયો ખેંચ્યો. આ પળ અતિ મહત્ત્વની હતી. જનુ જાણતો હતો કે તેણે શું કરવાનું છે. મેં મારા હાથમાની તગારા-ઢાલથી તેને જોરથી ધક્કો માર્યો અને તે ફૂદરડી ફરીને શામજીની બાજુમાં જ પટકાયો. હું બરાડો પાડીને ધસ્યો. મારા હાથમાનો ચકચકતો છરો જોઈને, તેમજ મારા ચહેરા પરના ભાવો સાથે મારી રણહાક સાંભળીને શામજી તો શું ચંદુ દટ્ટો પણ થીજી ગયો. કમરામાં સ્તબ્ધતાની થોડી પળો છવાઈ. મેં માથું

ધુણાવીને ફરી બૂમ પાડી. જનુ જમ્બો ભીંત સાથે ટકરાઈને પડતાં પડતાં ઊભો થવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. મારા એક હાથમાં તગારું હતું અને બીજા હાથમાં ચકચકતો છરો.

"હઠ જા શામજી..." મારા હાથમાં રમતા જમૈયા તરફ શામજીનું ખાસ ધ્યાન પડે એટલા માટે જ મેં ત્રાડ પાડી હતી. અને કથકલીના સિદ્ધહસ્ત કલાકારની જેમ કૂદ્યો હતો.

"અશોક... અશોક... નહિ." મારી ડાબી બાજુએથી પન્ની બરાડી અને મારા તરફ ફંગોળાઈ. તે મને ટકરાય તે પહેલાં જ ભીંતનો ટેકો લઈને માથું ઝટકાવીને ઊભા થતા જનુ ઉર્ફે કાદરની નજીક હું પહોંચ્યો હતો. એક ક્ષણ જનુને એડ્જસ્ટ થવા માટે આપીને જાણે ભયાનક જોરથી જમૈયો કાદરના પેટમાં હુલાવતો હોઉં તેમ અભિનય કરીને મેં જનુના પેટમાં જમૈયો હુલાવ્યો હતો.

મારે કહેવાની જરૂર નથી કે જે સેકન્ડે, જનુએ પહેરેલા ખમીસ નીચે બાંધેલા કમરપટ્ટાને, જમૈયાનું ફણું અડ્યું તે જ સેકન્ડે મેં જમૈયાના હાથમાંની સ્પ્રિંગની ચાંપ પણ જોરથી દબાવી હતી. એક લાંબી ક્ષણ માટે ઢાલ રૂપી તગારાની આડશ લીધી હતી. જમૈયાનું ફણું હાથાની અંદર જતું રહ્યું કે તરત કાનના પરદા તૂટી જાય તેટલા જોરથી જનુએ રાડ પાડી હતી. અને એકાએક બન્ને હાથે જમૈયાનો હાથો પકડી લીધો હતો. તેની પીઠ ભીંત સાથે અથડાઈ. તે સાથે તે હાથમાં, પેટમાં ખૂંતેલા જમૈયાનો હાથો પકડીને, ભીંતને ટેકે લસર્યો હતો. અને મેં જમૈયો છોડી દીધો. કમરામાં તદ્દન હતપ્રભ થઈને બધાં જ જેમ હતાં તેમ સ્થિર થઈ ગયાં.

ફિલ્મના કોઈ ક્લાઇમેક્સના દશ્યનું શૂટિંગ થઈ રહ્યું હોય તેમ જ જનુ જમ્બો અભિનય કરી રહ્યો હતો. સાચું કહું તો ઘડીભર મને પોતાને શંકા આવી કે ખરેખર જમૈયો તેના પેટમાં તો ઘૂસ્યો નહિ હોય ને ! "પવીણભાઈ, તોંણે આખાય કરતબમોં સાલાકી તોંજ છસ્તો !" એકાએક મને સોમા નાયકના શબ્દો યાદ આવ્યા. "જમૈયો ખૂંતાબ્બામાં પરથમ એ જ જોવાનું કે તેનું ફણું બરાબર કમરપટે સુરાયુંસે કે નઈ. પસે તો હાથામોંની ચોંપ તીનુ કોમ કરશ્યે. હજમ્યાને !"

હું થડકી ઊઠ્યો. સોમા નાયકે વારંવાર અમને બતાવેલું કે જમૈયો વીંઝવાનો કેવી ભયાનક રીતે અને ઓડિયન્સ તરફ પીઠ કરીને, કેટલી નજાકતથી તેને ચોક્કસ જગ્યાએ સુરાવવાનો. જનુ જમ્બો જે અદાથી વર્તી રહ્યો હતો તે જોઈને ઘડીભર મને થયું કે કદાચ કમરપટાની ઉપર કે નીચેના ભાગમાં તો ખંજર ભોંકાયું નહિ હોય ને ! પણ જનુએ, સોમા નાયકે શિખવાડી હતી તેવી જ મરણચીસ પાડી અને મને હાશ થઈ. કારણ કે કોઈપણ મરતો માણસ આટલી ભયાનક આટલા જોરથી, આટલી લાંબી ચીસ પાડી ન શકે. આખુંય દશ્ય આમ તો દસ-પંદર સેકન્ડમાં પતેલું પણ અમને લાગ્યું કે ખાસ્સો પા કલાક વીત્યો ન હોય !!

"અશોકીયા XX XXX આ તેં શું કર્યું ?" એકાએક જાણે ઊંઘમાંથી જાગ્યો હોય તેમ ચંદુ બરાડ્યો અને મારા પર ઝાટક્યો. જાણે અજાણતાં જ આ હલ્લાને કારણે ચોંકી ઊઠ્યો હોય તેમ ટિનુ ઉછળ્યો. તેના ધક્કાથી શામજી પડ્યો અને તે પછી ટિનુએ ચંદુને બાથ ભીડી. આમાં વળી બબલો બચ્ચન જોડાયો. હું છટકીને દોડ્યો. બારણાથી સહેજ દૂર ઓસરીમાં પિસ્તોલ પડી હતી. તેની બધાને ખબર હતી. શામજીને તો એ ઉઠાવીને બધાને 'હેન્ડ્ઝ અપ' કરીને, ઝબ્બે કરવાની તક પણ હતી. પરંતુ તેનામાં એવી ત્રેવડ ન હતી. ખરેખર જો તેમ થયું હોત તો તેને ખ્યાલ આવત કે તેમાં ભરેલા સ્લગ્સ અને ભીંતભડાકામાં કોઈ ફેર ન હતો.

આમ છતાં બબલા બચ્ચને જાણે એ પિસ્તોલનો ખ્યાલ આવ્યો હોય તેમ ફૂટબોલનો ગોલકિપર દડો રોકવા જેમ ડાઇવ મારે તેમ તેણે મારા પગ પકડવા ડાઇવ મારી હતી. એ સ્ટંટ કેવળ દેખાવ પૂરતો હતો. હિંદી ફિલ્મમાં જેમ હીરોને હાથે તમામ બદમાશોએ માર ખાવાનો હોય છે તેમ અહીં પણ મારે જ જીતવાનું હતું. બબલો મારા પગ પકડી શકે તે પહેલાં મેં પિસ્તોલને લાત મારીને ઉછાળી હતી. બબલો નિશાન ચૂક્યો હોય તેમ ફરસ પર પછડાયો. મેં પિસ્તોલ ઉઠાવી અને બબલાની બોચીમાં લાત ફટકારી. તેણે બન્ને હાથથી માથું દબાવીને ટૂંટિયું વાળ્યું. મેં ફરીથી 'ફ્રી-કીક' મારતા ખેલાડીની જેમ ઊછળીને તેને લાત મારી. એ સાથે જ પિસ્તોલનો ધડાકો કર્યો. તે સાથે જ બધા જ સ્થિર થઈ ગયા. "ખબરદાર... કોઈ હાલ્યું છે તો ભડાકે દઈશ."

"પણ આ કાદર... આ કાદરને તેં... " કહેતા પ્રોફેસર મારી સામે ધસ્યા.

"સબૂર દાજી" મેં તેમની તરફ ફરીને બરાડો પાડ્યો. જેવો હું ફર્યો કે તરત જ તક જોઈને, મારા હાથમાંની પિસ્તોલ પડી જાય તે માટે ભારે બૂમ પાડીને ચંદુએ પન્નીને ધક્કો માર્યો. હું ચેતીને હઠ્યો. પન્ની શામજી સાથે કંઈક જોરથી અથડાઈ. "હરામજાદાઓ, એક ડગલું આગળ વધ્યા છો તો હવે જાનથી જશો. આ વગડામાં કોઈ તમારો બાપ તમને છોડાવવા આવવાનો નથી."

"પણ આ કાદર મરી જશે... તેં એને... તેં..." પ્રોફેસર બોલ્યા.

"શટ અપ...! તેમાં મારો વાંક નથી. તેણે કદાચ મને મારી નાખ્યો હોત. તમે જોયું નહિ ?" હજુ તો એ વાક્ય હું પૂરું કરું તે પહેલાં જ ભીંત સાથે લસરીને પડેલા જનુએ રાડ નાખી અને યુદ્ધને મોરચે, મરતાં પહેલાં, બેચાર જણને ઢાળી દેવાનો જબરદસ્ત પ્રયત્ન કરતા સોલ્જરની માફક તે ઊભો થયો. તેણે પોતાના પેટમાં ખૂંતેલો જમૈયો ખેંચ્યો તે સાથે જ ખોરડામાં, ધમાલ મચાવી રહેલા તમામ સભ્યો સ્થિર થઈ ગયા. જમૈયો ખેંચવાની પણ ચોક્કસ લયબદ્ધ કરામત સોમા નાયકે શિખવાડી હતી. જમૈયાના હાથામાં મૂકેલી સ્પ્રિંગની ચાંપ તદ્દન નજાકતથી દબાવીને, ફણું એકદમ ખૂલી ન જાય તે રીતે તેની અણી, કમરપટ્ટા સાથે ભીડી રાખવાની અને જેમ જેમ ફણું ખૂલતું જાય તેમ તેમ જાણે પેટમાંથી ફણું બહાર ખેંચાઈ રહ્યું છે તેવો અભિનય કરવાનો. બરાબર એજ પ્રમાણે ભયાનક દર્દ થતું હોય તેમ મોઢું, નાક, આંખો ચકળવકળ કરતા કરતા અને હું ધસીને તેના પર તૂટી પડીશ તેનું જાણે ધ્યાન રાખતો હોય તેમ તે પેંતરો ભરીને લથડાયો અને એકાએક તેણે જમૈયો ખેંચી નાખ્યો. તે સાથે જ તેના પેટમાંથી લોહીનો ફુવારો છૂટ્યો અને ખમીસમાં બનાવેલી ફાંટમાંથી ગંધાતા લાલ આંતરડાનાં ગૂંચળાં નીકળ્યાં.

જનુ જમ્બો અમારી જ્ઞાતિનો છે, દોસ્ત છે અને અમારી ઘણી સ્કિમ્સમાં તેણે અગત્યના ભાગ ભજવ્યા છે એટલે હું તેનાં વખાણ કરું છું તેમ ન માનતા. તે દિવસે ખરેખર જો અમિતાભ બચ્ચન કે દુનિયાનો કોઈપણ સિને કે નાટ્ય કલાકાર ત્યાં હાજર હોત તો જનુ જમ્બોને એક અનન્ય કલાકાર તરીકે

આલિંગન આપ્યું હોત. ખરેખર તો પ્રોફેસર દાસ, જનુના અભિનયથી એટલા હલબલી ગયા હતા કે તેમણે તાલી પાડવાની શરૂઆત કરી નાખેલી. જો એક સેકન્ડમાં તેમણે પોતાની જાતને રોકી ન હોત તો શામજી આખી વાત સમજી ગયો હોત.

ખેર ! ઘડીભર તો પન્ની પણ સ્તબ્ધ થઈ ગઈ હતી. તેને કલ્પના ન હતી કે તદ્દન જડભરત જેવા જનુ જમ્બોમાં કોઈ સિદ્ધહસ્ત નાટ્યકલાકાર જેટલું કલાતત્વ છુપાયેલું હશે. તેનો અભિનય જોઈને બધાં જ અવાક હતાં. ખરેખર તો આંતરડાંનાં ગૂંચળાં કાઢીને "યા અલ્લાહ !" કે એવો કોઈ ઉદ્‌ગાર કાઢીને, જનુએ આંચકીઓ ખાઈને ગુજરી જવાનું હતું. મતલબ કે સોમા નાયકે છેક અંત સુધી શીખવેલો વેશ કરવાની જરૂર ન હતી. સોમા નાયકે રા' ગંગાજળિયા નાટકના છેલ્લા દશ્યમાં, મરતાં મરતાં રા'ગંગાજળિયો શું ડાયલોગ મારે છે તે પણ અમને શીખવેલું. પરંતુ તે ભાગની અમારે કોઈ જરૂર ન હતી. મૃત્યુ પામતા પહેલાં એક રણવીરને છાજે તેમ, જનુએ લથડાઈને ઊભા થવાનું... મને મારવાનો વ્યર્થ પ્રયાસ કરવાનો અને પછી ઢળી પડવાનું એમ ગોઠવેલું.

ખેર ! એ દશ્ય ભજવવા માટે, પોતાની પીઠ, ભીંતને ટેકે ગોઠવીને લથડાતાં ઊભા થવાનું, ઊભા થયા પછી પેંતરા લેવાના અને જાણે હજુ તેની પાછળ તેનું લશ્કર લડી રહ્યું છે તેવા આત્મવિશ્વાસ સાથે છેલ્લી બાજી રમી લેવાની. પણ આ ભાગની અમારે જરૂર ન હતી. જમૈયો હુલાવી દેવાય અને આંતરડાં બહાર આવે, લોહીનો ફુવારો ઊડે ત્યાં સુધીનું જ દશ્ય અમારે 'એક્ચ્યુઅલી' ભજવવાનું હતું.

જનુ "યા અલ્લાહ !" ને બદલે માતા આવ્યાં હોય તેમ માથું ધુણાવીને બોલ્યો, "મહાકાલ" એ સાંભળીને મારો લગભગ ફ્યુઝ ઊડી ગયો. મને તરત ખ્યાલ આવ્યો કે જનુ જમ્બોમાં, સોમા નાયકનો પરકાયાપ્રવેશ થયો છે. તેણે ડાબા હાથથી ગંધાતો, લોહિયાળ આંતરડાંનો લોચો પકડ્યો, જમણા હાથમાં જમૈયો ઝાલ્યો, લથડાઈને, વીરરસની રસલ્હાણ કરતો હોય તેમ, કથકલીના કલાકારની જેમ જોરથી ઠેકડો લગાવ્યો. હું, પન્ની, ભોંય પર અર્ધબેહોશ પડેલો બબલો, ચંદુ, પ્રોફેસર ઘડીભર તદ્દન મૂઢ બની ગયા. "દગા

નહિ કિસીકા સગા... મોહાંધ, લંપટ, ભાઈ મારા..."

ચડાવ્યો ચડીને ભામાના શબ્દો થકી,

હુલાવ્યું ખંજર તેં રા' વાસનાથી છકી.

સારું હતું કે મને આ દહેશત હતી. એટલું જ નહિ અમારી આખી ટીમને ખ્યાલ આવી ગયો હતો કે જનુ જમ્બો 'નાટ્યલીન' થઈ ચૂક્યો છે. અભિનયના સંમોહનમાંથી તેને તત્કાલ બહાર લાવવા માટે જો પગલાં લેવામાં નહિ આવે તો તે બાફ્યા વગર રહેશે નહિ. પન્ની પલકારામાં આ વાત સમજી હતી. "એ જીવે છે, અશોક, એ જીવે છે. તે સાથે જ ફરસ પર પડેલા બબલાએ ઉત્તેજનાપૂર્વક બરાડો પાડ્યો. ચંદુ અને બારસાખની બહાર ઊભેલા ટિનીઆએ પણ બરાડા પાડવાના શરૂ કર્યા. શામજીને સહેજ પણ ગંધ આવે કે જનુ નાટક કરી રહ્યો છે તો આખી બાજી ફેઈલ જાય. અલબત્ત તે એટલો આઘાત પામેલો હતો કે તેનો એક હાથ રેલવેના સિગ્નલની માફક જનુ તરફ ખેંચાયેલો હતો.

અસ્સલ અસાઈતના પટ્ટશિષ્યની માફક જનુએ જમૈયો ઘુમાવ્યો અને વીરરસ ભરેલા નૃત્યના અભંગ સાથે અને પગલાં લેવાનાં શરૂ કર્યાં. સોમા નાયકે જ રિહર્સલમાં સમજાવેલું. "કદીક'સીને ! મુઝિકવાળા મોડા પડે ને ભૈ સીન આઈ પૂગે તોણે ગભરૈ નૈ જવાનું, હું હજમ્યા ? મનમોં એક બે તૈણ ઈમ ગણીને પગલોં લેવોના..."

બરાબર એ પ્રમાણે જ જનુ કરવા જતો હતો અને મેં તેને ધક્કો માર્યો. હાથમાંની પિસ્તોલ, ખોરડાની બારી પાસે લંબાવીને ભડાકો કર્યો. "હેન્ડ્ઝ અપ.. કાદરને હું ઠાર મારીશ." એકાએક કમબખ્ત જનીઆને ખ્યાલ આવ્યો કે તે અભિનેતા નથી. ભવાયો નથી અને આ સોમા નાયકની રંગભૂમિ નથી. એ ખ્યાલ આવતાં જ તેના હાથમાંથી ખંજર ઊડ્યું તેને ખાતરી હતી કે હું સાવધ હઈશ. સાવધ ન હોત તો ય ખંજર વાગવાનું નો'તું. જનુ જમ્બોએ ફેંક્યુ જ એવી રીતે કે જેથી તેના હાથાનો આડો ઘા મને વાગે. તે સાથે તેના બન્ને હાથ પહોળા થયા "યા અલ્લાહ... યા અલ્લાહ..." તેણે ગગનભેદી અવાજે રાડ નાખી અને વાવાઝોડાથી ઊખડી પડતા ઝાડની માફક તે નીચે ઊંધો પટકાયો. તે એવી રીતે પડ્યો કે જેથી તેના પગ મુક્ત રહે.

તેના પગ ગરોળીની કપાયેલી પૂંછડીની જેમ હાલતા રહ્યા. શામજી ઘડીભર તે તરફ જોઈ રહ્યો અને પછી એકાએક જ તેને વાચા ફૂટી :

"એ હાલે છે.... હા... લે... લે ! હાલે છે." અને જાણે તેની બૂમથી એકાએક નાટકનો શો છૂટ્યો હોય તેમ એકીસાથે ચંદુ પ્રોફેસર, પન્ની કંઈ ને કંઈ બોલી ઊઠ્યાં. એ ગુજરી જશે - એ ગુજરી ગયો. એ હાલે છે - તેને હોસ્પિટલ ભેગો કરો - અશોક, તેં આ શું કર્યું - ખૂન... તેનું ખૂન... તપાસ થશે - બધાં મરીશું. એમ બધાએ ઉદ્ગારો કાઢ્યા. આ કાગારોળ ચાલી હતી તેમાં વળી ઔર રંગ પૂરવા માટે એકાએક જનુ ઊછળ્યો. જીવવા માટે જાણે છેલ્લો તરફડાટ કરતો હોય તેમ તે કાંપી ઊઠ્યો અને પછી એક મોટી આંચકી ખાઈને તે સ્થિર થઈ ગયો. તે સાથે ફરી ઓરડામાં સન્નાટો છવાયો. આ આખુંય દશ્ય પાંચ-સાત મિનિટમાં પૂરુ થયેલું પણ તે વખતે તે ત્રિઅંકી નાટક જેટલું લાંબું લાગેલું.

ખેર ! કાદર ઉર્ફે જનુ જમ્બોના મોત સાથે કરામતનો પ્રથમ તબક્કો પૂરો થયેલો, અને તે પણ અજોડ સફળતા સાથે.

આ બધા સમય દરમિયાન સતીષ ઉર્ફે નીરુ ખોરડાથી થોડે છેટે, લીમડા નીચે ઊભો હતો તે દોડતો આવ્યો. "ફાનસ... ફાનસ હોલવી નાંખો... અરે ! આ શું ?... આ શું ! કાદર... કાદરને –" તે અવાક થઈને ઊભો રહી ગયો.

"આ... આ... આણે... આણે..." પ્રોફેસર મારી સામે આંગળી કરીને, મારી પિસ્તોલની પરવા કર્યા વગર જનુ પર ઝળૂંબીને કંઈક કલ્પાંતભર્યા ઉદ્ગારો કાઢી રહ્યા હતા. "તેણે કશું બગાડ્યું ન હતું... એ.. એ... કેવળ પૂછવા માંગતો હતો... અને આ–"

"અરે ! પણ તું અંદર શું કામ આવ્યો..."

"અ... અ... અશોકભાઈ ફાનસ... ફાનસ..." સતીષ બોલતો રહ્યો. "ગજા પટેલના કમ્પા પાસે... આ ફાનસ..."

"ફાનસ છે તે જોયું. તું આગળ બોલીશ ?"

"પોલીસ... ગજા પટેલના કમ્પા પાસે... ઘૂમી રહી છે. પોલીસ..." સતીષ બોલી ઊઠ્યો.

"શું કહે છે... ના હોય... ફાનસ... હોલવો." એમ જાતભાતના ઉદ્દગાર કાઢતા બધા ઓસરીમાં આવ્યાં. ટિનુએ ફાનસ ઉઠાવ્યું. ઓસરીમાં પડતા બારણા આગળ લાવીને તેણે ફાનસ હોલવવાની ગડમથલ શરૂ કરી. બિચારા શામજીને એ ખ્યાલમાં ક્યાંથી આવે કે ફાનસનો ગોળો જાણે ફસાઈ ગયો હોય અને ઊંચો થતો ન હોય તેમ જે ગડમથલ ટિનુ કરી રહ્યો હતો તે ખરેખર તો દૂર ગજા પટેલના કંપે અને બાવળિયાના જંગલ પાસે ઊભી રહેલી પોલીસ પાર્ટી માટે સિગ્નલ હતું.

"પોલીસ ! ક્યાં છે ?" કોઈકે પૂછ્યું.

"ગજા પટેલના કંપા તરફ..." સતીષ બોલ્યો. ફાનસની શગને સાવ ઝીણી કરવામાં આવી. તે સાથે ખોરડામાં અંધારું છવાયું. બબલો અને પ્રોફેસર ઢીંચણ પર અધડૂકા બેસીને, જનુ પર ઝૂળંબી રહ્યા હતા. કારણ શામજીની નજર તેના પર પડે નહિ. આંચકીઓ ખાઈને સ્થિર થઈ જવાનો અદ્દભુત અભિનય જમ્બોએ કર્યો હતો. પણ તેમ કરવામાં તેને ખાસ્સો શ્રમ પડેલો. પરિણામે તેનો શ્વાસ પણ જોરથી ચાલતો હતો. મરેલા માણસના ફેફસાં હાલતાં તો ન હોય ને ! એટલે ફાનસ હોલવવું જરૂરી હતું.

ટીમનો હજુ એક સભ્ય, જેનો રેફરન્સ વાતચીતમાં જ થતો હતો તે કાળુસિંહ ઉર્ફે કમલ ખોરડાથી થોડેક છેટે આવેલા બાવળિયા તરફ ઊભો હતો. તેણે ટિનુને ફાનસ સાથે ગડમથલ કરતો જોયો કે તરત જ ટોર્ચથી રમણ ઉર્ફે ઇન્સ્પેક્ટર રાવલની ટુકડીને સિગ્નલ આપ્યું. આ વ્યવસ્થાનો આગ્રહ પન્નીએ જ રાખ્યો હતો. ફાનસનું અજવાળું અને ત્યાર પછી થતું અંધારું ગજા પટેલના કંપાથી દેખાય છે કે નહીં તેનું રિહર્સલ કરવામાં આવ્યું હતું તે છતાં 'સેકન્ડ સિગ્નલ' રખાયેલું. જેવું એ સિગ્નલ અપાય કે તરત જ ગજા પટેલના કમ્પા બાજુએ ઊભી રાખેલી જીપની સર્ચલાઇટ ચાલુ થઈ. અને જાણે કશાકની શોધ ચાલતી હોય તેમ જીપ આમથી તેમ ફેરવવામાં આવી.

આમ તો રમણ ઉર્ફે ઇન્સ્પેકટર રાવલની પોલીસ પાર્ટી.. રોઝડીના એ ખોરડાથી લગભગ પોણો કિલોમીટર જેટલી દૂર હતી છતાં એ સપાટ ખારા પાટમાં એ અંતર ઝાઝું લાગતું ન હતું. રોઝડીથી ઓતરાદી દિશામાં

ગજા પટેલના નામના ખમતીધર ખેડૂતનું ખેતર હતું. એ બાજુ આવા 'લેન્ડલોર્ડઝ'નાં ખેતરોને 'કમ્પા' તરીકે ઓળખવામાં આવે છે. કદાચ કેમ્પ પરથી એ શબ્દ આવ્યો હોય ! ગમે તેમ પણ ગજા પટેલની બીજી પેઢીએ ખેતીને બદલે તેનાથી વધુ નફાકારક એવો દારૂ ગાળવાનો ગૃહઉદ્યોગ શરૂ કરેલો એટલે ખેતરની દશા ખરાબાની જમીન જેવી થઈ ગયેલી. અને તેથી જ રમણની પોલીસ પાર્ટી માટે એ જગ્યા પસંદ કરવામાં આવેલ. એ લોકોએ તેમનું કામ બરાબર આરંભ્યું હતું. જીપ પર માઉન્ટ કરેલી સર્ચલાઇટ્સ આમ તેમ ફેરવવા માંડી હતી. તેનુ બિંબ અમારા ઓરડાની બાજુના લીમડા સુધી પડતું હતું. ઓસરીમાં અડધી મિનિટ સુધી બધાએ લાઇટ્સનું હલનચલન નિહાળ્યું.

"વાત સાચી છે. પોલીસ જ છે." પ્રોફેસર બોલ્યા.

"તો પછી કમબખ્ત રાવલ હોવો જોઈએ." ચંદુ દટ્ટાએ સ્ટેટમેન્ટ કર્યું.

"રાવલ, એટલે... ઓહ નો... એટલે પુષ્પા એ જ ને કે જે આપણને મળ્યો –" શામજી ન બોલવાનું બોલ્યો. તે આવું કંઈક બોલશે તેવી કલ્પના અમે કરી ન હતી. પણ મેં કહ્યું તેમ અમારી જ્ઞાતિના લોકો ગળથૂથીથી જ ચોક્કસ પ્રકારનું હ્યુમન સાઇકોલોજીનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

"એટલે... એટલે ! શું કહ્યું તમે ? તમે રાવલને - ઇન્સ્પેક્ટર રાવલને મળ્યા હતા ?" પ્રોફેસર ચોંકીને બોલ્યા.

"રાવલને મળ્યા હતા ?" ચંદુએ પૂછ્યું, "તો કાદર ખોટું નો'તો કહેતો ને !"

"એમ તો હું પણ મળ્યો હતો. જગતેશ્વર પાસે તે બધી ગાડી તપાસતો હતો." મેં કહ્યું.

"તમે ચર્ચા બંધ કરશો ? કોને આવવું છે મારી સાથે ? હું ઊપડું છું. પોલીસ અહીં આવે તેની મારે રાહ જોવી નથી."

"એક મિનિટ... ટિનુ... આ કાદરનું શું કરવું છે ?"

"તેને ઉઠાવીને ક્યાંક નાંખવો પડશે. પોલીસ અહીં આવે અને આ લાશ પકડાય તો તે ઓળખાયા વગર રહેવાની નથી. તેને દાટવાનો કે બાળવાનો આપણી પાસે સમય નથી. આપણે મિનિટોમાં અહીંથી રવાના

નહીં થઈએ તો મુસીબત થશે."

"તેને ગાડીમાં નાંખો. આપણે તેની લાશને ઘેર પહોંચાડવી જોઈએ ને !" પ્રોફેસરે કહ્યું.

"તેને ઘેર ? અહીંથી કેટલા માઈલ દૂર છે તેનો ખ્યાલ છે ! રાજસ્થાન ચેક પોસ્ટ આગળ -" મેં કહેવા માંડ્યું.

"તેમાં શું છે ? આપણી પાસે ટિનુની ટેક્સી છે અને ચેક પોસ્ટ પર ઓળખીતા જ અફ્સરો હોય છે."

"ટિનુની ટેક્સી છે મતલબ !" ટિનુ ચાળો કરીને બોલ્યો, "મારે કમોતે મરવું નથી. દારૂની બાટલીઓ કે બિસ્કિટ જેકેટ જેવી ચીજો લઈ જવા લાવવાનો મને વાંધો નથી. પણ લાશ નહીં ભાઈ. તમારે તેને લઈ જવો હોય તો શામજી શેઠની ગાડી છે."

"શામજીભાઈની ગાડીમાં ? તારે કમોતે મરવું નથી તો શામજીભાઈ શું કામ મરે ? તેમની ગાડી ચેક થાય અને લાશ પકડાય તો - સાલા બે-પાંચ બિસ્કિટ પકડાય તો તેમાંથી છટકી શકાય પણ લાશ એટલે લાશ !" પત્ની બોલી. "તેના કરતાં થોડી બુદ્ધિ ચલાવો. તેને કૂવામાં નાંખો."

"કૂવામાં ? આ કાદરને... મારા શાર્ગિદને ! મારી હાજરીમાં તેને ગીધડા-સમડાં કૂતરા-કાગડા ચૂંથી ખાય તેવી રીતે નાંખી દેવાનો !" પ્રોફેસરે ઈમોશનલ થઈને કહ્યું.

"તો તમે તેને ખોળામાં લઈને બેસો - આપણે ફરાર થઈ જઈએ. બિસ્કિટ બરાબર મૂક્યાં છે ને !" મેં કહ્યું "દાજી, હથિયારો ક્યાં મૂક્યાં છે ? પોલીસે ઘેરો ઘાલ્યો હશે તો ભડાકા કર્યા વગર હાઈ-વે સુધી પહોંચાશે નહીં."

"એટલે તું ધિંગાણું કરવા માંગે છે ? પોલીસ સાથે - ?"

"ધિંગાણું કરવુંય પડે !"

"અમે ના પાડીએ તો -" બબલાએ ફિલ્મી હિરોની અદાથી કહ્યું. મારા હાથમાં હજુ પિસ્તોલ હતી. મેં તેની નળી ગળે અડાડી.

"તમે ના પાડશો તો મારે બે-ત્રણ ધડાકા વધારે કરવા પડશે." મેં પણ ડાયલોગ ફેંક્યો.

"પ્લીઝ...પ્લીઝ... આ જોઈન્ટ ટ્રબલ છે." પ્રોફેસર બોલ્યા.

"એ તમે તમારા પઠ્ઠાઓને સમજાવો. પોલીસ પાસે જે નથી તે હથિયારો આપણી પાસે છે-ગ્રેનેડ્ઝ. એકવાર પોલીસને ખ્યાલ આવે કે ગ્રેનેડ્ઝ ઝીંકાઈ રહ્યા છે તો કોઈ કોન્સ્ટેબલ નજીક આવવાનો નથી."

"તેની વાત સાચી છે." ચંદુ અને બબલાને પ્રોફેસરે કહ્યું.

"આપણામાંથી કોઈ પણ જો પોલીસના હાથમાં આવ્યો તો તેનું આવી બનવાનું છે. ઈન્સ્પેક્ટર રાવલને હું ઓળખું છું. રાક્ષસોને શીંગડાં નથી હોતાં સમજ્યા ને ! તેના હાથમાં પકડાવું એટલે બે જ રસ્તા હોય છે-કાં તો એ માગે તેટલા પૈસા આપો કે પછી તેને આપણું ચામડું ઉતારવા દો. આજ સુધી મેં આવો ભયાનક અફસર જોયો નથી."

"રાવલ એટલે ? આપણને જે મળ્યા હતા તે ?" પત્ની હાથે કરીને બોલી, "પણ તે તો સાવ નમ્ર લાગતો હતો."

"તમને મળ્યા હતા મતલબ ?" દાજી ઉર્ફે પ્રોફેસર બોલી ઊઠ્યા, "મતલબ તો - મતલબ કાદર ખોટું નો'તો કહેતો. કાદર ખોટું નો'તો કે'તો." ઉશ્કેરાઈને પ્રોફેસરે બોલવા માંડ્યું.

"ચૂપ કરશો હવે ! સાલા અક્કલ ચલાવતા નથી ! આ પુષ્પા સામે ચાલીને રાવલને કહેવા જાય કે તે અને શામજી સોનાનાં બિસ્કિટ લેવા જઈ રહ્યાં છે ?"

"ઈનામની લાલચ હોય -" ચંદુ બોલ્યો.

"ઈનામની લાલચ !! તું હજુ બાળક છું. આ સોનામાંથી શામજીને કેટલો નફો થશે તે પૂછ... સાલા પાંચ-પચ્ચીસ હજારનાં ઈનામો માટે કોઈ લલચાતું હોય તો આ ધંધો જ ન થાય. એ રાવલનો બચ્ચો તલાશ કરતો કરતો અહીં આવે ત્યાં સુધી રાહ જોવી છે ? કે પછી કશું કરવું છે ?"

"આઈ થિંક યુ મે બી રાઈટ." પ્રોફેસરે અંગ્રેજીમાં કહ્યું, "આપણને પોલીસનો અનુભવ છે. કસ્ટડીમાં થતા અત્યાચાર સામે ટક્કર પણ લઈ શકીએ પણ શામજીભાઈ જેવા તો પાંચ મિનિટ એ માર સહન ન કરી શકે."

"અને આ પુષ્પાનું શું થાય ! પોલીસ સ્ટેશનમાં તેની સાથે જે વ્યવહાર થાય તેનું વર્ણન કરતાં જ તમારા દિલમાં હાહાકાર થઈ જાય." મેં કહ્યું.

આ વાર્તાલાપ શામજી માટે હતો.

મારા દાદા, તસ્કર ધુરંધર માનનીય છનાભાઈ અમને હંમેશાં કહેતા, "છોકરાઓ, ઇસપની કથાઓ કે પંચતંત્ર જેવી કથાઓ જે શીખવી શકે છે તે ચાર વેદો શીખવી શકતા નથી." અને ખરેખર તેમની વાત બરાબર હતી. સૈકાઓ પહેલાં રચાયેલી બ્રાહ્મણ, બકરી અને ચાર ઠગોની વાર્તા, જેમાં બ્રાહ્મણ બકરી લઈને નહીં કૂતરું લઈને જઈ રહ્યો છે તેવું સિદ્ધ કરીને બકરી પડાવી જાય છે. એવું જ કંઈ તે દિવસે બની રહ્યું હતું. કાદરના ખૂનથી શામજીભાઈ એટલો વિહ્વળ થઈ ચૂક્યો હતો કે તેનું મજ્જાતંત્ર હલબલી ઊઠ્યું હતું. તેની મનઃસ્થિતિ પેલા બ્રાહ્મણ કરતાં ખરાબ હતી.

વળી ટુકડીના દરેક સભ્યને 'સેડિસ્ટિક પ્લેઝર' લેવાનું મન થતું હતું. ચંદુ અને બબલાએ આમેય તેને કારણ વગર પીટ્યો હતો. તેના નાક પર સજ્જડ સોજો આવ્યો હતો. તેના મનમાં શું ચાલતું હશે તે હું કળી શકતો હતો. તેની દ્વિધાનો પાર ન હતો.

"તો ઝડપથી બધાં સાંભળો. રાવલે જો નક્કી કર્યું હશે તો તેણે આપણે ક્યાંથી ભાગીશું તેનો અંદાજ કાઢ્યો હશે. આપણે દરેક જણ મન ફાવે તેમ ભાગમભાગ કરીશું તો ઝડપાયા વગર રહેવાના નથી. કોઈકે કહ્યું છે સંગઠન એ જ શક્તિ છે. જે લોકો એકમેકને માટે હાથ બટાવતા નથી તેમનો સમાજ સરવાળે વિચ્છિન્ન થઈ જાય છે. 'મારું'ને બદલે 'આપણું' - "હું લાંબુ ભાષણ આપું તે પહેલાં જ ટિનુ બોલી ઊઠ્યો.

"અશોકભાઈ, કરવાનું શું છે ? બહાર લાઇટ્સ જે રીતે ફરી રહી છે તે-"

"ઓહ યસ." એકાએક મને ખ્યાલ આવ્યો. "ડિવિઝન ઓફ લેબર - ટિનુ તું અને આ પઠ્ઠો (ચંદુ) તમે બન્ને હથિયારો લઈ લ્યો. પુષ્પા, તું અને દાજી આ ખોરડામાંથી જે લેવાનું હોય તે ગાડીઓમાં મૂકો." મેં કહ્યું. પછી બબલા સામે આંગળી કરી "તું... હું અને શામજીભાઈ, આપણે ત્રણે મળીને આ કાદરની લાશને કૂવામાં નાંખી આવીએ."

"લાશને...!" શામજીના મોઢામાંથી ઉદ્ગાર નીકળ્યો. "લાશ ! લાશને... કૂવામાં ?"

"શું થાય છે તમને શામજીભાઈ !" પત્ની ઉર્ફે પુષ્પાએ અતિશય પ્રેમથી પૂછ્યું.

"મને ચક્કર જેવું લાગે છે." શામજીને આમેય થોડું બ્લડ પ્રેશર રહેતું હતું.

"તમે ગાડીમાં જઈને બેસો." પત્નીએ કહ્યું.

"અરે ! આ કાદરને ઊંચકવામાં તેમની મદદ જોઈશે." મેં કહ્યું, "કૂવો કંઈ નજીક નથી."

"પણ તું ટિનુને લઈ જા. આ પઠ્ઠાઓ શું કામ કરશે ?"

"મ્હોં સંભાળીને બોલ..." ચંદુ ઉશ્કેરાયો.

"મેં તને ના પાડી હતી, શામજીભાઈ, મેં તમને પણ કહ્યું હતું. મારે ત્યાં પહેલી વખત આવ્યા ત્યારથી હું કહેતો હતો. આમાં તમારું કામ નથી. પણ મને સમજાતું નથી આ પુષ્પાની જીદમાં તમે કેમ સામેલ થયા ?"

"એ સામેલ થયા કારણ તેમના પૈસા લડતા હતા. તેં અહીં આ કાદરને માર્યો ન હોત તો આપણે ક્યારનાય રવાના થઈ ગયા હોત." પત્ની બોલી.

"સાલી બૈરાની બુદ્ધિ પાનીએ તે આનું નામ. આ બેવકૂફ કાદરે તને છોડી ન હોત. મારું મોત થયું હોત. તારી ઉજાણી થતી હોત. અને આ શામજીભાઈનું શું થયું હોત તેની કલ્પના નથી." ત્યાં જ સતીષ ધસી આવ્યો.

"શું કરો છો તમે લોકો ? એ લોકો બાવળિયાના જંગલ તરફ જઈ રહ્યા છે. એક મોટર સાયકલ આ તરફ પણ ઘૂમી રહી છે."

તે પછી તરત જ ભારે હિલચાલ શરૂ થઈ. દાજીના સુપરવિઝન હેઠળ ખોરડાના ખખડી ગયેલા માળિયામાંથી હથિયારો ઉતારવામાં આવ્યાં. બે રાઈફલ, ચાર તમંચા, કાર્ટિજની બોક્સ, હેન્ડગ્રેનેડ્ઝની ચાર પેટી વગેરે. આમાંનું કશું પણ શામજીએ હાથમાં લીધું હોત તો તેને ખ્યાલ આવત કે બધું જ બનાવટી છે. બાકી ગ્રેનેડ્ઝ બનાવવામાં અસ્સલ કારીગરી વર્તાઈ આવતી હતી. સાબરમતી નદીના પટમાં આટલા નિષ્ણાત કસબીઓ હશે તેની કલ્પના તો એ ગ્રેનેડ જુઓ તો જ ખબર પડે. 'એટમ બોમ્બ' તરીકે પ્રચલિત બનેલા ફટાકડાનો દારૂ ભરીને ગ્રેનેડના આકારનો ટેટો બનાવવામાં આવેલો. તેની શગ પણ ખાસ્સી જાડી અને ગ્રેનેડની પીન જેવી બનાવેલી.

ફક્ત તકલીફ એટલી જ હતી કે શગને ફટાકડાની જેમ સળગાવવી પડે. ખેર ! પણ એ શામજીને ફોડવા માટે આપવાની ન હતી. ખોરડામાં 'ધીખતી ધરા' કરવાની હોય તેમ ઝડપથી દાજીની સૂચના હેઠળ પાણીનાં બે માટલાં, દારૂની બોટલો, થોડાંક વાસણો, સગડી, ચા-ખાંડના ડબ્બા, ફાનસો, ધારિયા, શેતરંજી, બે-ત્રણ ગોદડી, ખાટલા, ઓશીકાં વગેરેમાંથી કેટલુંક ટિનુની ગાડીમાં ભરવામાં આવ્યું. કેટલુંક શામજીની ગાડીમાં નંખાયું, તો કેટલાંકને ખોરડાની પાછળના ભાગમાં ઝટ નાંખી દેવાયું. આ બધું ચાલી રહ્યું હતું ત્યારે મેં, ટિનુ અને બબલાએ થઈને કાદરને એક ચાદરમાં લપેટ્યો. અને એક તૂટેલા પાયાવાળા ખાટલામાં નાંખ્યો. દરમિયાનમાં સતીષ, વારે વારે થોડેક દૂર જઈ આવીને, દૂર દેખાતા લાઇટ્સ પરથી, પોલીસ શું કરી રહી છે તેની રનિંગ કોમેન્ટરી આપતો રહ્યો.

અમને ખાતરી હતી કે શામજી, જમ્બોને કૂવામાં નાંખવાના કામમાં હાથ બટાવવાનો નથી. એટલે જ જ્યારે ખોરડામાં પડેલો સામાન રફે-દફે કરવામાં આવી રહ્યો હતો ત્યારે, મેં ચંદુ, બબલો અને ટિનુએ થઈને જનુ ઉર્ફે કાદરને ઉઠાવ્યો.

"તેને સાચવીને કૂવામાં ઉતારજો. કાલે પાછા આવીને તેને દફન કરવો પડશે. છેલ્લાં પચ્ચીસ વર્ષથી તે મારી સાથે હતો. સગા બાપ કરતાં તેણે મારી વધુ સેવા કરી છે. દિલાવર માણસ હતો.:." કહીને પ્રોફેસરે પોક મૂકી.

"તું પકડજે બરાબર..." ખોરડાનાં પગથિયાં ઊતરીને હું પાછો આવ્યો.

"દાજી, તમને દુઃખ થાય છે તેટલું જ દુઃખ મને થાય છે. હું તેને મારવા માંગતો ન હતો. તે મારો દુશ્મન ન હતો."

"તેને શંકા હતી અને તે શંકા સાચી તો પડીને -"

"તે તો હું પણ જોઈ શકું છું દાજી. મારું માનવું છે સિન્ડીકેટમાં છેક ઉપલા લેવલે કોઈએ દગો કર્યો છે. નહીં તો આટલો બંદોબસ્ત ન હોય. આપણે લકી છીએ કે જેણે ઇન્ફર્મેશન આપી તેણે ગજા પટેલના કંપાની આપી. આ ખોરડામાં આપણે હોઈશું તેવી કલ્પના પોલીસ ન કરે એ

સ્વાભાવિક છે. કારણ આપણા વ્યવસાયમાં પડેલાઓને ઉત્તમ સગવડો સાથે રહેવું પસંદ છે.'' મેં કહ્યું.

''પણ ભગવાન કસમ... ભલે કાદરે મારા પર હાથ ઉપાડ્યો હોય તેના મોતનો બદલો લીધા વગર હું રહીશ નહીં.'' કહીને કલ્પાંત કરતા દાજીને ખભે સાંત્વનભર્યો હાથ મૂકીને હું નીચે ઊતર્યો.

''એ અચ્છો માણસ હતો. નેક, ઈમાનદાર, વિશ્વસનીય. સ્ત્રીઓ તેની નબળાઈ હતી. એ નબળાઈ ન હોત તો તેણે નામ બનાવ્યું હોત.'' પ્રોફેસરે સ્વગતોક્તિ આપી.

અમે કાદરને ઉર્ફે જનુ જમ્બોને ઉઠાવ્યો. ખોરડાથી પશ્ચિમમાં લગભગ સોએક કદમ દૂર કૂવો હતો. તેની આસપાસ પીલુડી, લીમડા અને ગોરસ આંબલીનાં ઝાડ હતાં. અને થોરનું ઝુંડ ફેલાયેલું હતું. એક વખત ત્યાં કોસ ચાલતો હશે એટલે તેનો ઢોળાવ પણ હતો.

''સાલા પવલા, આખા શરીરે ખાલી ચડી ગઈ છે. પ્રોફેસર કમબખ્ત કઈ જાતની ગોદડીઓ લાવ્યો હતો. માકણે મારા ભુક્કા કાઢી નાંખ્યા છે. એટલી ચળ આવતી હતી કે મારાથી રહેવાતું ન હતું. અને સુવ્વરો, તમે વાર કેટલી કરી ?'' જનુ જમ્બો બોલી ઊઠ્યો. તેની વાતમાં થોડું તથ્ય જરૂર હતું. તેમ છતાં આ લખતાં જેટલી વાર થઈ છે તેના કરતાં અડધા સમયમાં આખો પ્રસંગ ઉકલેલો.

''જનુ, તને કોમ્પ્લિમેન્ટ્સ આપીએ તેટલા ઓછા છે.'' મેં કહ્યું. અને મનોમન નક્કી કર્યું કે બેસ્ટ એક્ટરના જેમ એવોર્ડ અપાય છે તેવો કોઈ એવોર્ડ જનુને આપવો.

''સીન કેવો રહ્યો પવલા ?'' જનુએ પૂછ્યું.

''વાત ન પૂછ.'' ચંદુ બોલ્યો. ''હું અને બબલો થડકી ગયા હતા. અમને ખબર હતી કે આ 'ખેલ' છે છતાં થોડી વાર તો એમ લાગ્યું કે સાલા જનીયાના પેટમાં ઘા વાગ્યો.''

''એ જશ મને જાય છે.'' મેં કહ્યું. ''પણ એ બધી વાત પછી કરીશું. ઓ. કે. જનીયા તને કાળુ પીક અપ કરશે. હવે આપણે અમદાવાદ મળીશું.'' કહીને જનુને ત્યાં છોડીને અમે વિદાય લીધી.

અમે દોડતા ખોરડે પહોંચ્યા ત્યારે સતીષ મોટર સાયકલ લઈને તૈયાર હતો. "તમંચો ?" મેં પૂછ્યું.

"તૈયાર છે અશોકભાઈ, કાર્ટિજ લીધા છે અને ગ્રેનેડ્ઝ... હું આ તરફ જઉં છું." સતીષ ઉર્ફે નીરુએ કહ્યું, "પોલીસનું સહેજે ધ્યાન એ તરફ નથી લાગતું."

"ઓ. કે. તું ઊપડ." મેં કહ્યું. તેણે મોટરસાયકલ હંકારી.

ચંદુ અને બબલાએ હથિયારો લીધાં. એ બે જણ મોટરસાયકલ પર આવ્યા હતા. ત્યાં ખોરડે કાદરની મોટરસાયકલ પડેલી જ હતી. એટલે બબલો તેની ગાડી પર સવાર થયો. "તારી ગાડી કાળુને આપી દેજે." મેં કહ્યું.

"મને ખબર છે." બબલો બોલ્યો.

"મારું સિગ્નલ મળે કે તરત તમે એક્શન લેજો. નાઉ ગો." મેં હુકમ કર્યો. અને અમે હાથ મિલાવ્યા. બન્ને જણે મોટર સાયકલો ધમધમાવી. થોડે દૂર ઊભેલો કાળિદાસ તે લોકો સાથે જોડાયો.

"દાજી... બધું આવી ગયું. તો પછી આપણે નીકળીએ. શામજીભાઈ, એક ગાડીમાં તમે, દાજી અને પુષ્પા જાવ. બીજી ગાડીમાં હું અને ટિનુ જઈશું. -"

"ઓહ ઈશ્વર ... અશોકભાઈ, એક મિનિટ. સાલી ભયાનક ઇમ્પોર્ટન્ટ ચીજ તો રહી ગઈ." કહીને દાજી દોડતા ખોરડામાં ગયા.

"શું રહી ગયું દાજી ?" મેં પૂછ્યું. પણ જવાબ આપવા તે રોકાયા નહીં. મેં શામજી તરફ જોયું. ચન્દ્રને આછે અજવાળે તેનો શ્યામલ ચહેરો, વધુ શ્યામ લાગતો હતો. તે તદ્દન અવાક હતો. તેના મનમાં શું ચાલતું હશે તે કળવું મુશ્કેલ હતું. ખોરડામાં થોડીક મિનિટો જે ફ્રી સ્ટાઇલ ધડાધડી થઈ તેમાં શામજીને ઠીક ઠીક વાગ્યું હતું. ચંદુએ થોડું થોડું વધુ પડતું ડહાપણ કરેલું પણ ટુકડીના દરેક સભ્યને કાબૂમાં રાખવો મુશ્કેલ હતો. શામજીનું નાક ટામેટા જેવું થઈ ગયેલું અને ડાબી આંખ પર સોજો પણ આવેલો હતો. પરંતુ કાદરના મોતનો પ્રસંગ જોઈને તે હતપ્રભ થઈ ગયો હતો.

"શામજીભાઈ, તમે અને પુષ્પા ધ્યાનથી સાંભળી લ્યો. આ તરફ સ્ટ્રેઈટ લગભગ બે કિલોમીટર દૂર, આડબંધનો મોટો પાળો છે. એ પાળાની

લગોલગ સપાટ જમીન છે. પાળાની પેલી તરફ વરસાદનું પાણી ભેગું કરવા માટે જમીન ખોદેલી છે. પણ તે તરફ જવાની જરૂર નથી. પાળા સુધી પહોંચીને લેફ્ટ ટર્ન લઈને બીજા એક દોઢ કિલોમીટરે વળી ક્રોસ રોડ આવે છે. ત્યાં રાઇટ ટર્ન લ્યો એટલે એ રસ્તો હારિજ-મહેસાણા-અમદાવાદ હાઈ-વેને ટચ થાય, સમજ્યા ? ત્યાં સુધી તમારે સાચવીને ગાડી ચલાવવી પડશે. લાઇટ્સ કર્યા વગર."

"ગાડી ચલાવવી પડશે - એટલે મારે -" શામજી આખરે બોલ્યો.

"તમારી ગાડી તો તમારે જ લેવી પડે ને !"

"એમ નહીં. પણ મને રસ્તો ખબર નથી. અને કદાચ -"

"શું કદાચ ! બૈરાંઓની જેમ વાત ન કરો. તમારી સાથે દાજી આવશે. મહેસાણા જતાં હાઈ-વે પર તે કહે ત્યાં તેને ઉતારી દેજો." મેં કહ્યું.

"પણ ત્યાં સુધી દાજી જ ગાડી ચલાવી લે તો શું વાંધો છે !" પુષ્પા ઉર્ફે પત્નીએ કહ્યું.

"એક વખત હાઈ-વે પર પહોંચ્યા પછી હું ચલાવી લઈશ." શામજીએ કહ્યું.

આ વાત ચાલતી હતી તે જ વખતે બાવળિયાના ઝુંડ તરફ એકાએક જાણે આઠ-દસ લાઇટો ભયાનક ગતિથી ઘૂમતી હોય તેવો પ્રકાશ રેલાયો. અને તેની અડધી મિનિટ બાદ ધડાકા થયા.

"અશોક, ત્યાં શું થઈ રહ્યું છે ?" પત્ની ઉર્ફે પુષ્પાએ પૂછ્યું, "દાજીના માણસો એ તરફ ગયા છે."

"એ તેમનું ફોડશે. તમે સાવધાન રહેજો." હું બોલ્યો. "નાઉ ગેટ ઇન..." મેં તેમને ગાડીમાં બેસવા કહ્યું. પત્ની ડ્રાઇવર સીટની બાજુમાં જઈને બેઠી. અને શામજી ડ્રાઇવરસીટમાં બેઠો. "દાજી... દાજી..." મેં જોરથી બૂમો પાડી. "જસ્ટ એ મિનિટ." દાજીએ ખોરડામાંથી જવાબ આપ્યો.

"પુષ્પા, મારું માનવું છે કે કોઈક ચોક્કસ ઉપરના લેવલે ફૂટ્યું છે. નહીં તો આટલી ધોંસ ન હોય. સારું છે કે માહિતી આપનારને રોઝડીના આ ખોરડાનો ખ્યાલ ન આવ્યો."

"પણ હવે તો ખ્યાલ -" શામજી વિહ્વળતાથી બોલ્યો.

"ગજા પટેલના કંપામાં પૂરી તલાશ કરી લેશે એટલે ખ્યાલ તો આવશે જ. પણ પહેલાં આપણે અહીંથી ફરાર થઈ જઈશું." મેં કહ્યું ત્યાં જ દાજી દોડતા આવ્યા. તેમના હાથમાં એક થેલી ભરીને ચોપડા અને ડાયરીઓ હતી.

"દાજી ... દાજી કેટલીવાર બાપા !"

"અરે ! અશોક. હમણાં દેવાઈ જાત. સોનાની લગડીઓ કે કાદરની લાશ કરતાં વધુ ખતરનાક ચીજ જ ગભરાટમાં રહી જાત તો કોડીબંધ લોકોએ આપઘાત કરવા પડત. આ ચોપડાઓમાં બધાં જ ટ્રાન્સેકશનની વિગતો અને સરનામાં છે."

"ઓહ નો... સારું થયું તમને યાદ આવ્યું... નાઉ ડોન્ટ વેસ્ટ ટાઇમ." અંગ્રેજ ગેંગસ્ટરની અદાથી મેં કહ્યું. "દાજી, ગાડી તમે ચલાવી લ્યો."

"હું ચલાવી લઉં. તને ખબર તો છે કે હાઈ-વે પર મારી આંખો અંજાય છે."

"હવે આ વગડામાંથી હાઈ-વે પર જતાં સુધી કશું નડવાનું નથી. અને શામજીભાઈને રસ્તાની સૂઝ ન પડે તો મોડું થાય." મેં કહ્યું. અને ઓચિંતાં જ ઝડપથી બોલ્યો, "લુક, પોલીસ આ તરફ - કમ ઓન મૂવ." કહીને મેં ટિનુની ટેક્સી તરફ દોટ મૂકી અને શામજી, દાજી અને પત્ની, શામજીની ગાડીમાં ગોઠવાયાં. દાજીએ ગાડી સ્ટાર્ટ કરતાં સારી એવી વાર કરી. ટિનુએ તેની ગાડી, દાજીની બાજુમાં લીધી. મેં બૂમ પાડીને કહ્યું, "તમે ગાડી ભગાવો... અમે પોલીસને ગફલતે ચડાવીએ છીએ."

પોલીસ પાર્ટી, બાવળિયા પાર્ટી - મતલબ ચંદુ દટ્ટો, બબલો બચ્ચન, કાળુ અને કાદર, તેમજ રેન્જર - મતલબ સતીષ સિલ્વર અને કી-સ્ટોન કોપ્સ - મતલબ રમણ ઉર્ફે ઇ. રાવલની પોલીસ પાસે - એકાએક એ વિસ્તાર, મોટરો અને મોટર સાયકલની લાઇટ્સથી ઝળહળી ઊઠ્યો. અને મિનિટોમાં બધી તરફથી ધડાકા શરૂ થયા. આવા ધડાકા શું કામ થાય છે અથવા તો જો ખરેખર પોલીસને માહિતી મળી હોય તો ગજા પટેલના કંપા પાસે કેમ અત્યાર સુધી ફરી રહી છે ! તેવા પ્રશ્નો પણ જો શામજીને સૂઝ્યા હોત તો

તેને ખ્યાલમાં આવત કે દાળમાં કાંઈ કાળું છે. પણ મેં કહ્યું તેમ હ્યુમન સાઇકોલોજીનું જ્ઞાન એ અમારી જ્ઞાતિનો સંસ્કારવારસો છે. મારા દાદા છનાભાઈ કાંઈ ફ્રોઈડ, જુંગ કે એડલર પાસે લેસન લેવા ગયા ન હતા. પરંતુ તે કહેતા કે ટોળામાં કોળા અને કંટોળા સરખા જ લાગે ! એવું જ કશું શામજીના માનસમાં થતું હશે ! ગમે તેમ પણ તે હજુ ટકી રહ્યો હતો કારણ પેલી - લગડીઓ ...

ખેર ! ચાર્લી ચેપ્લિન, બસ્ટર કીટન વગેરેની ફિલ્મો જેમણે જોઈ હશે તેમને 'કી - સ્ટોન કોપ્સ'ની બરાબર પહેચાન હશે. કી - સ્ટોન નામના સ્ટુડિયોમાં એક્ટરોની એક પોલીસ ટુકડી હંમેશાં તૈયાર રહેતી. મોટે ભાગે દરેક કોમેડી ફિલ્મમાં તે ટુકડીનો ઉપયોગ થતો. પ્રોફેસર દાસના પુત્ર રમણને પોલીસ ઇન્સ્પેક્ટરનો રોલ એટલો ફાવી ગયેલો કે તેણે પોતે તો ત્રણ-ચાર જોડ યુનિફોર્મ તો સીવરાવેલા પણ કોન્સ્ટેબલની એક ગેંગ પણ તૈયાર કરેલી. તમે નહીં માનો પણ રમણ એટલો પરફેક્ટનીસ્ટ હતો કે તે રીતસરનો અઠવાડિક કેમ્પ ચલાવતો અને ત્યાં પોલીસની જેમ રીફ્રેશર કોર્સ ચાલતો.

આમ છતાં અમારી આ સ્કીમમાં 'ધડાકા'નું એક અનિયંત્રિત ઘટક હતું અને લક્ષ્યમાં ન આવે તેવા અણધાર્યા સંજોગો ઊભા થાય તો સ્કીમ ભયાનક રીતે નિષ્ફળ જાય. ખૂબ જ મહેનત પછી રમણે આ જગ્યા પસંદ કરેલી કે જેના પાંચેક માઈલના ઘેરાવામાં ક્યાંય વસ્તી ન હોય. વળી સ્ટેટ હાઈ - વે કરતાં પણ ખાસ્સી દૂર હતી. રોઝડી ગામની દક્ષિણે વરસાદનું પાણી એકઠું કરવા માટે લાંબો પાળો બાંધીને, નીચાણની જમીનને આંતરેલી. એ પાળાનીય દક્ષિણે લગભગ ચાર કિલોમીટર દૂર રસ્તો હતો. એટલે સુધી ધડાકા સંભળાય તો ખરા જ. એ તરફ મોડી રાત્રે ખાસ ટ્રાફિક નથી હોતો છતાં રીસ્ક નો'તું તેવું નહીં. એટલે જ અનન્ય ઝડપે આખો ખેલ થઈ રહ્યો હતો. પ્રોફેસર દાસ અને રમણે તે પહેલાં આ સમગ્ર મોરચાનો પ્રવાસ ખેડ્યો હતો. તેમનું માનવું હતું કે રીસ્ક ફેક્ટર દસ ટકાથી વધારે નથી. વળી તે બાજુનાં ગામડાંમાં લગ્ન સમારંભોમાં ફૂલેકા કાઢવાનો રિવાજ છે. અને તેમાં લોખંડની નળીઓમાં ભરીને પોટાસના દારૂના ભડાકા થાય છે. વળી આખો વિસ્તાર તદ્દન મેદાન છે એટલે તેનો અવાજ પણ ખાસ્સો ફેલાઈ જશે. એટલે ડિટેક્શન થોડું અઘરું પડે.

પૂર્વ તરફ સતીષ, ઉત્તરમાંથી ઇ. રાવલની ટુકડી, પશ્ચિમમાં બાવળિયા પાર્ટી - એમ ત્રણ તરફથી જાણે હલ્લો શરૂ થયો. પોલીસ પાર્ટીને ખ્યાલ હતો જ કે શામજીની ગાડી ક્યાં આગળ નીકળશે. એટલે જ જેવી આ ગાડીઓ ઊપડી કે તરત રમણે જીપ ઉપાડી હતી. જીપ અને મોટરસાયકલોનાં લાઇટ્સ અને સ્ટ્રેટેજિક ધડાકાઓથી શરૂઆતમાં એવો દેખાવ યોજાયો કે પોલીસ બાવળિયાના પ્લાન્ટેશન તરફ જઈ રહી છે. શામજીને પણ એ સમજાય તે માટે જ પન્ની પણ બોલેલી કે દાજીના માણસો એ તરફ ગયા છે. તદ્દન સપાટ ખારાપાટ જેવા રણપ્રદેશને વધતું અટકાવવા માટે જે માનવ-સર્જિત જંગલ ઊભું કરાયેલું તેમાં ફાયદો એ હતો કે વૃક્ષોને ચોક્કસ હારમાં રોપવામાં આવેલાં, પરિણામે મોટરસાયકલો કે જીપ જેવું વાહન અંદર આસાનીથી ફરી શકે. આ દોડાદોડી ફક્ત ચાર-પાંચ મિનિટ જ કરવામાં આવી. ઇન્સ્પેક્ટર રાવલની પોલીસ ટુકડીને ખ્યાલ હતો જ કે શામજીની ગાડી ક્યાંથી નીકળશે.

આ બધાં દશ્યોની કોઈ ચોક્કસ સ્ક્રિપ્ટ બનાવવામાં આવી ન હતી. છતાં પન્નીએ વિચાર્યું હતું તે પ્રમાણે આખું આયોજન થઈ રહ્યું હતું. શામજીની ગાડી આડબંધની પાળે પાળે પેરલલ હંકારવામાં આવી. હું અને ટિનુ જે ગાડીમાં હતા તે ગાડી ગજા પટેલના ખેતર અને પૂર્વ દિશામાં આવેલા સૂકાભઠ વિસ્તારની વચ્ચેથી મતલબ કે ઈશાન ખૂણેથી અમે પૂરપાટ હંકારી. સતીષ લગભગ તે બાજુ જ ગયો હતો. અંધારામાં વગર લાઇટે પ્રોફેસર દાસ ગાડી ચલાવતા હતા એટલે ખાડા-ખૈયા અને ક્યાંક ક્યાંક ઊગેલા થોર, ગાંડા બાવળ, આંકડા કે કેરડાના લીલા સૂકા ઝાડવા સાથે ટકરાતી. ગમે તેમ પણ તેમણે દિશા જાળવી રાખી હતી. આખરે એ ગાડી હાઈ - વે પર પહોંચી.

મને ખૂબ ઇચ્છા હતી કે ક્લાઇમેક્સના સીનમાં 'હીરો' તરીકે મારી હાજરી હોય, પરંતુ એ શક્ય ન હતું. આખાય કૌભાડમાં 'મેઇન કેરેક્ટર' ભજવ્યા છતાં હું કે જનુ જમ્બો એ છેલ્લો અંક જોવા હાજર ન હતા. ત્યારે શું થયું તેનો અહેવાલ તો અમે ફરી એકઠાં થયાં ત્યારે મળેલો.

શામજી અને પન્નીને લઈને દાજીએ આખરે ગાડીને હાઈ - વે પર પહોંચાડી હતી. અમારી ધારણા મુજબ એ સ્ટેટ હાઈ-વે તદ્દન નિર્જન હતો. એકાદ ટ્રક કે ત્રણ પૈડાવાળો ટેમ્પો જેવાં બે-ચાર વાહનો પસાર થયાં હશે.

"શામજીભાઈ, હવે તમે ગાડી લઈ લ્યો." દાજીએ ગાડી ઊભી રાખી અને ગાડીની ભીતરમાંની બત્તી કરી. તે બારણું ખોલીને નીચે ઊતર્યા.

"તમે દાજી, બત્તી બંધ કરો." પત્નીએ એકદમ કહ્યું અને તે પણ બારણું ખોલીને બહાર આવી.

"અરે ! હવે વાંધો નથી. અહીં કોઈ બાપો આવવાનો નથી." દાજી બોલ્યા, "વી આર સેઇફ."

"આપણે રાહ જોવાની છે ?" શામજીએ પૂછ્યું. તેના ચહેરા પરની રેખાઓમાંથી ભય લગભગ ચાલ્યો ગયો હતો.

"કોઈની રાહ જોવાની નથી. દાજી, તમે પાછળ બેસો, હું શામજીભાઈની સાથે બેઠી છું." પત્નીને કોઈ પાઠ ભણાવવા જરૂરી ન હતા.

શામજીએ ગાડી ઉપાડી. અહીં બધી જ કમાલ 'એક્ઝેક્ટ ટાઈમિંગ' દ્વારા થઈ હતી. એક વખત આ 'ઓપરેશન' અંગેની મીટિંગમાં એવું સૂચવવામાં આવેલું કે વોકી-ટોકી રાખીને કોમ્યુનિકેશન કરવું. પણ તે સમય જુદો હતો. ત્યારે વોકી-ટોકી જેવી ચીજ આંખે ઊડીને બાઝે તેવી હતી. વળી પોલીસની વાયરલેસ ફ્રિકવન્સીનાં ઠેકાણાં ન હતાં. આજની જેમ કોર્ડલેસ ફોન, સેલ્યુલર મોબાઇલ ફોન વગેરે હોત તો આખો ખેલ તદ્દન સહેલો હોત. મેં કહ્યું તેમ સતીષ ઈશાન ખૂણા તરફ મોટર સાયકલ લઈને નાઠો હતો. તેણે આડબંધની ઉત્તરે થોડાક કિલોમીટર મોટરસાયકલ ચલાવીને જમણી બાજુ ટર્ન લીધો હતો. અને તે સીધો હાઈ-વે પર પહોંચ્યો હતો. ત્યાં જઈને તેણે મોટરસાઇકલ પાર્ક કરી હતી. તેને ખાતરી હતી કે અડધો કલાક વગર દાજી મુખ્ય રસ્તા પર આવવાનો નથી. અને જે રીતે રમણની પોલીસ પાર્ટી નીકળી હતી તે લોકોને અહીં સુધી આવતાં વીસ મિનિટ થવાની છે. જે બાજુથી શામજીની ગાડી હાઈ - વે પર નીકળવાની હતી તે બાજુથી કેવળ કમનસીબ હોય તો જ અન્ય કોઈ ગાડી નીકળવાની શક્યતા હતી. વળી શામજીની એમ્બેસેડર ઓળખવામાં સતીષની ભૂલ થવાની ન હતી. હાઈ - વે પર આવીને ગાડી થોડીવાર ઊભી રહેશે અને દાજીની જગ્યા શામજી લેશે. એ પણ નક્કી હતું. મતલબ કે ગાડી શામજીની જ છે તે કન્ફર્મ કરવું આસાન થઈ પડે.

બરાબર એમ જ થયું.

શામજીની ગાડી હાઈ-વે પર આવે તે પહેલાં જ બે મોટરસાયકલ પર સવાર થયેલા કુલ ચાર કોન્સ્ટેબલો આવી પહોંચ્યા. સતીષે સ્મિત વેર્યું. બધું બરાબર ઘડિયાળને કાંટે થઈ રહ્યું હતું. રમણ ઉર્ફે ઇન્સ્પેક્ટર રાવલની આ એડ્વાન્સ પાયલોટ પાર્ટી હતી. એક મોટરસાયકલ પર સુધીર, તેની પાછળ કપડાં બદલીને એ જ રીતે યુનિફોર્મમાં સજ્જ ચંદુ દટ્ટો, બીજી કાદરની મોટર સાયકલ પર હેડ કોન્સ્ટેબલના યુનિફોર્મમાં બબલો બચ્ચન અને તારીયો આવી પહોંચ્યા હતા. તેમણે મોટર સાયકલ થંભાવી.

"એ આવી રહ્યો છે." સતીષે કહ્યું.

"ઓ. કે."

"બાકીની પોલીસ પાર્ટી ?"

"બે-ત્રણ મિનિટમાં જ આવશે." સુધીરે રિપોર્ટ આપ્યો. સતીષ જોડે હાથ મિલાવ્યા અને તેમણે મોટરસાયકલો ઉપાડી. તે સાથે જ લગભગ કિલોમીટર છેટે જીપની લાઇટ્સ દેખાઈ. ઇન્સ્પેક્ટર રાવલની જીપમાં તે પોતે અને બીજા ચાર કોન્સ્ટેબલ હતા.

"આલબેલ ..." રાવલના પોલીસ ડ્રાઇવરે ગાડી અટકાવી તે સાથે સતીષે કહ્યું.

"કોઈ પણ મિનિટે એ નીકળવો જોઈએ."

"ફાઇન. તારે શું કરવાનું છે તે ખબર છે ને !" રમણે અદાથી પૂછ્યું.

"યસ બોસ." સતીષે હસીને કહ્યું. પોલીસ પાર્ટીએ ગાડી ઉપાડી. સતીષે ત્યાં જ રોકાવાનું હતું. હાઈ-વે પર હવે પછીની મિનિટો ખૂબ જ અગત્યની હતી. પોલીસ પાર્ટીના પાઇલટ્સ રવાના થયા તેની સાત-આઠ મિનિટ બાદ, રમણની પોલીસ પાર્ટી આવીને ગઈ અને તે પછી લગભગ દસેક મિનિટે શામજીની ગાડી હાઈ-વે પર આવી. સતીષ ખાસ્સો દૂર અને અંધારામાં ઊભો હતો એટલે તે પકડાય તેવો ભય ન હતો. શામજીએ ગાડીનું સુકાન સંભાળ્યું ત્યારે પોલીસ પાર્ટીને ગયે ખાસ્સી અઢાર મિનિટ થયેલી અને પાઇલટ્સને તેથીય પાંચ-સાત મિનિટ વધુ.

શામજીને હૈયે સાવ ટાઢક તો વળી ન હતી. પણ એક ચોક્કસ

મુસીબતમાંથી છટક્યાની રાહતની લાગણી થતી હતી. દાજી પેસેન્જર સીટ પર પાછળ બેઠા અને પત્ની તેમની જોડે બેઠી કે તરત જ શામજીએ ગાડી ભગાવી. તે ભયાનક સ્પીડે ગાડી ચલાવશે તેની પત્નીને ખાતરી જ હતી. તેથી જ તેણે થોડીક મિનિટો લગાડી હતી.

બરાબર પંદર મિનિટ શામજીએ ગાડી ધમધમાવી હતી. અને એકાએક વળાંક લેતા રસ્તાની વચ્ચોવચ શંકુ આકારની સફેદ લાલ ફ્લોરસન્ટ રંગથી રંગેલી રોડ બ્લોક્સ માટે વપરાતી થાંભલીઓ દેખાઈ અને તેની બાજુમાં જ બે મોટર સાયકલો લાઇટ્સ ઓન રાખીને ઊભી હતી. બરાબર રોડની વચ્ચે મોટા અક્ષરે પાટિયું મૂકેલું હતું તેમાં બે શબ્દો લખેલા ‘સ્ટોપ’ અને ‘પુલીસ’. શામજીનો પગ એકાએક એક્સીલેટર પરથી હઠ્યો. ગાડી ધીરી પડી.

શામજી કશું બોલે તે પહેલાં દાજી બરાડ્યા. “ડોન્ટ સ્ટોપ... ભગાવ... પોલીસ છે કમ ઓન.” પાછલી સીટ પરથી ઊંચા થઈને શામજી પર ઝળૂંબીને તેમણે બૂમ પાડી. શામજી ઊભો રહ્યો હોત તો પણ વાંધો ન હતો. પરંતુ વધુ ડ્રામેટિક અંત થાય તેવું પત્ની ઇચ્છતી હતી. શામજી કશું વિચારે તે પહેલાં ગાડી સ્ટોપ સાઇન પાસે ભયાનક સ્પીડે આવી હતી. સ્ટોપ સાઇન રોડની વચ્ચે લબડે તેવી રીતે સાંકળમાં લટકાવવામાં આવેલી. અને સાંકળના બન્ને છેડા, લાકડાની થાંભલીઓમાં કરેલા હૂકમાં ભરાવવામાં આવેલા. બાજુમાં જ એક મોટર સાયકલ ઊભી રાખવામાં આવેલી. દાજીની બૂમથી શામજીએ એકાએક એક્સીલેટર પર પગનું વજન દીધું અને મોટરે સ્પીડ પકડી. ભારે જોરથી તે સ્ટોપના સાઇન બોર્ડ સાથે અથડાઈ. તે સાથે થાંભલીઓ ઊછળી અને બીજી સેકન્ડે તેમાં મોટરસાયકલ ભરાઈ. “કમ ઓન શામજીભાઈ. નાઉ ડોન્ટ સ્ટોપ.” દાજીએ બરાડો પાડ્યો. સ્ટોપ સાઇન ઊછળીને મોટરના આગલા બમ્પર સાથે અથડાઈ હતી. બન્ને તરફની થાંભલીઓ ઊછળી હતી. જમણી તરફની થાંભલીની ટક્કર ત્યાં પાર્ક કરવામાં આવેલી મોટરસાયકલ સાથે થઈ હતી એટલું જ નહિ પણ સાંકળ મોટરસાયકલના હેન્ડલ બાર અને આગલા મડગાર્ડ વચ્ચે ભરાઈ. શામજીએ ગાડીનું એક્સિલેટર દબાવેલું. પરિણામે ગાડી પણ બુલેટની જેમ ઊપડી હતી. ડાબી તરફની થાંભલી ઊછળીને ગાડીના પડખામાં ટીચાઈ. જમણી તરફ મોટરસાયકલમાં સાંકળ ગૂંચવાઈ. ગાડીની સાથે જ મોટરસાયકલ પણ ખેંચાઈ. ટાયરના ચીચૂડા બોલ્યા. ડામરના રસ્તા

પર ખેંચાતી મોટરસાયકલ અને ભાગતી ગાડીમાં બેઠેલા દાજી શામજી અને પત્ની, એ દૃશ્યની કલ્પના મેં કરી હતી તે કરતાં ભયાનક થયું. સ્ટોપનું પાટિયું ઊછળીને વીન્ડ સ્ક્રિન સાથે અથડાયું. સારું હતું કે તેનો ઇમ્પેક્ટ ડ્રાઇવર સીટની બાજુની, ગાડીની થાંભલી પર આવ્યો અને આગલા કાચમાં કેવળ ક્રેક પડી. પણ જે પત્નીએ નહોતું ધાર્યું તે મોટરસાયકલનો ઇમ્પેક્ટ અને ત્યાર પછીની ઘટના. ગાડીની જમણી તરફ મોટરસાયકલ ઘસડાતી રહી. શામજી હવે ગભરાયો હતો, તેણે પહેલાં કેવળ દાજીની બૂમથી ગાડી ભગાવી પણ હવે તે સાચેસાચ ભયથી ભગાવી રહ્યો હતો.

મોટરસાયકલ ઊછળે, રોડબ્લોક્સ તરીકે મૂકેલા જોકરની ટોપી જેવા પ્લાસ્ટિકના મગદળ ઊડે, સ્ટોપ સાઈન ઊછળે વગેરેનો વિચાર મેં અને રમણે કર્યો જ હતો પણ ત્યારે કલ્પના ન હતી કે મોટરસાયકલ સાંકળમાં ભરાશે અને એ સાંકળ એમ્બેસેડરના બમ્પરમાં ભરાશે. ઢસડાતી મોટરસાયકલમાં હવે સ્પાર્ક થવા માંડ્યા હતા. રમણની પોલીસ જીપને થોડે છેટે જ ઊભી રખાઈ હતી. જેવી શામજીની ગાડી ભાગી તેવી જ રીતે પોલીસની ગાડી ઉપાડવામાં આવેલ. તે ઉપરાંત એક મોટરસાયકલ પણ ... જે રીતે શામજી ગાડી ભગાવી રહ્યો હતો અને રસ્તાની જમણી તરફ મોટરસાયકલ ઘસડાઈ રહી હતી તે જોઈને રમણ પોતે થડકી ગયો હતો. તેણે તરત જ જીપ ઉપાડી હતી છતાં થોડુંક અંતર તો પડ્યું જ હતું.

"કમ ઓન... ભગાવ... પોલીસ પીછો કરી રહી છે." દાજીને ખબર હતી કે મેં અને રમણે આ રીતે રોડ બ્લોક કરવાનું નક્કી કર્યું હતું. તેમ છતાં તેમાં કેટલું ખતરનાક જોખમ ઊભું થયું છે તેનો ખ્યાલ દાજીને આવતો ન હતો. રમણે પૂરઝડપે જીપ ઉપાડી હતી. તે પોતે ઇચ્છતો હતો કે દાજીને પત્ની ગમે તેમ કરીને ગાડી ઊભી રખાવે. પરંતુ દાજી તો 'ઓરિજીનલ પ્લાન' પ્રમાણે શામજીને ગાડી ભગાવવા માટે ઉશ્કેરી રહ્યા હતા. બરાબર પાંચ મિનિટનું અંતર પડ્યું હશે અને રમણે તેની તમામ આવડત વાપરીને જીપ હંકારી હતી. અમારી જ્ઞાતિમાં ટિનુ, રમણ અને સુધીર અવ્વલ મોટર ડ્રાઇવરો ગણાતા. જનુ જમ્બો, હું અને ચંદુ અમે મોટરસાયકલના ખેલાડીઓ ગણાતા.

હવે સાહેબ, જ્યારે આ બધું ઘમસાણ ચાલી રહ્યું હતું ત્યારે હું અને ટિનુ કંઈક ભારે લિજ્જતથી સિગરેટો પીતા હતા, ગજા પટેલના કંપા તરફથી ખાસ્સા દસ-બાર માઈલનું ચક્કર લઈને હાઈ-વે પર આવ્યા હતા અને જે જગ્યાએથી શામજીભાઈ ગાડી લઈને હાઈ-વે પર પહોંચ્યા હતા ત્યાં લગભગ પોણા કલાકે પહોંચ્યા હતા. અમારે સહીસલામત એક પેટી લગડીઓ લઈને અમદાવાદ પહોંચવા સિવાય કશું કરવાનું ન હતું. અમને સ્વપ્ને ખ્યાલ ન હતો કે અમારાથી લગભગ વીસેક કિલોમીટર દૂર કાંઈક ભયાનક બનાવ બની ચૂક્યો છે.

"સ્ટોપ ધ કાર..." પન્ની બરાડી ઊઠી.

"ભગાવ... પોલીસ છે શામજી..." દાજી બરાડતા હતા. એ બન્ને વચ્ચે શું કરવું તેની ગૂંચવણમાં શામજી ગાડી ભગાવતો રહ્યો. ગાડીના આગલા મડગાર્ડ અને રેડિયેટરની જાળીમાં સ્ટોપ સાઇનનું પાટિયું અને સાંકળ ભરાયાં હતાં. જમણી તરફ એ સાંકળનો હુક મોટરસાયકલમાં ભરાયો હતો. ડાબી તરફ થાંભલી તણાઈ રહી હતી. એ બન્ને ચીજો ખેંચાઈ રહી હતી. મોટરસાયકલમાંથી તો હવે તણખા થતા હતા. તેનું લોખંડ રોડ સાથે ઘસાતું હતું. તેની ગંભીરતા ન તો દાજીને આવતી હતી ન શામજીને. પણ પાછળ આવી રહેલા ચંદુ દટ્ટા અને રમણની જીપમાં બેઠેલા બધાને આવતી હતી. જે મોટરસાયકલ ઘસડાઈ રહી હતી તે જનુની હતી.

ગાડીની જમણી તરફ મોટરસાયકલ અને ડાબી તરફ પેલી લાકડાની થાંભલી એવી રીતે ખેંચાઈ રહ્યાં હતાં કે બન્ને તરફથી ગાડીને ઓવર ટેઇક કરવી શક્ય ન હતી. અચ્છા એ તો ઠીક પણ દાજી કે પન્નીને સિગ્નલ આપીને ઊભી કેવી રીતે રાખવી તે કોઈને સમજાતું ન હતું. રમણને ભારે ચિંતા હતી કે જો સામેથી કોઈ ગાડી આવશે અને શામજીનો બચ્ચો હંકારે રાખશે તો ભારે મુસીબત થવાની છે. ચંદુ દટ્ટો આ પામી ગયો હતો. તેણે સમથળ જગ્યા જોઈને મોટર સાયકલ રોડની નીચે ઉતારી અને ભગાવી. ખરેખર તો જ્યારે 'ફાઇનલ ચેઈઝ' શરૂ થાય ત્યારે ગોળીબાર અને ધડાકા કરવાના હતા પણ તે હવે શક્ય ન હતું. રમણને બીક હતી કે ધડાકા સાંભળીને શામજી ઔર જોરથી ભગાવશે.

ચંદુ ડાબી તરફથી ઊતરીને જાય તે પહેલાં તો રસ્તા પર એક ગરનાળું

આવ્યું. ચંદુ માટે ઊભા રહેવા સિવાય કોઈ ઇલાજ ન હતો. તેણે ગાડી થોભાવી. "સ્ટોપ ઇટ... " દાજી અને પત્નીએ ગરનાળા પરના નાનકડા બ્રિજની બન્ને તરફની સફેદ ચૂનો કરેલી પાળીઓ જોઈને બૂમ પાડી. પરંતુ શામજીએ ગભરાટમાં એક્સીલરેટર પર પગ દબાવ્યો. આંખને પલકારે, જમણી તરફ ઢસડાતી મોટરસાયકલ ગરનાળાની પાળી સાથે અથડાઈ અને એટલા જોરથી પેલી સાંકળને કારણે, ગાડીને ઝાટકો લાગ્યો કે આખી ગાડી જમણી તરફ ખેંચાઈ, ભટકાઈ અને તેના રેડિએટરના ફુરચા થઈ ગયા. બોનેટ પર ભારે ધક્કો વાગ્યો. પત્ની ડેશ-બોર્ડ સાથે અથડાઈ. શામજીની છાતીમાં સ્ટીઅરિંગ ભટકાયું. દાજીનું માથુ છત સાથે ભયાનક રીતે ભટકાયું. ગાડીનું ડાબું વ્હીલ અને બારણાની નીચેનો ભાગ પાળી સાથે જામ થઈ ગયો. પત્ની, દાજી અને શામજી બૂરી રીતે ઘાયલ થયાં હતાં.

આવું ભયાનક કશું બનશે તેવી કલ્પના જ ન હતી. શામજીની ગાડીની પાછળ જ રમણની ગાડી પોલીસ જીપ આવતી હતી. ચંદુ દટ્ટો દસ સેકન્ડ પહેલાં જ રોડ પરથી નીચે ઊતર્યો હતો. એકાએક વળાંક આગળ ગરનાળું આવશે તેવી કલ્પના જ કોઈને ન હતી. અથડામણ થઈ તેની વીસ-પચ્ચીસ સેકન્ડ દૂર રમણ ઉર્ફે ઇ. રાવલની ગાડી આવી રહી હતી. મેં કહ્યું ને કે પ્રોફેસર દાસનો આ દીકરો પોલીસ ઇન્સ્પેક્ટરના રોલમાં જેટલો કાબેલ છે તેટલો જ ગાડી ચલાવવામાં તેનો જોટો મળવો મુશ્કેલ છે. જે ગરનાળું આવ્યું તેની નીચે સાવ સૂકુંભઠ્ઠ નાળું હતું. મોટે ભાગે ચોમાસામાં ભાગ્યે જ પંદર-વીસ દિવસ તેમાં પાણી વહેતું હશે. ચંદુએ નાળું આવતાં પહેલાં મોટરસાયકલ રસ્તાની કોરાણે ઉતારી હતી. તે લગભગ ચારેક ફૂટ નીચે ઊતરી ગયો હતો. તે પછી તરત રમણની જીપ ખાબકી હતી. જીવ પર આવીને તેણે બ્રેક લગાવી હતી. તમે પોતે રસ્તામાં થતા અકસ્માતોનાં પરિણામો જોયાં હશે. અને ક્યારેક આશ્ચર્ય પામ્યા હશો કે આવો અકસ્માત થયો કેવી રીતે ! તેવું કશું જ ૮૪/૪ લખેલા એ ગરનાળા પર થયું હતું. લંઘસની જેમ જ મોટરસાયકલ ગાડીની જમણી તરફ ખેંચાઈ હતી અને ગરનાળાની પાળી આગળ જામ થઈ ગઈ હતી. તે સાથે જ શામજીની મોટરના રેડિએટરની જાળી ઊછળી હતી. મોટરે આંચકો ખાધો અને જમણી તરફ ભયાનક ગતિથી સ્કીડ થઈ. પ્રતિક્ષિપ્ત ક્રિયાની જેમ જ શામજીએ બ્રેક

પર પગ ચોંટાડી દીધો હતો. ગાડીનો જમણી તરફનો બોનેટનો ભાગ ગરનાળાની પાળ સાથે અથડાયો અને પાછલાં વ્હીલ એકદમ ડાબી બાજુએ સરક્યાં. આખી ગાડી લગભગ આડી થઈ. પાછળ આવી પહોંચેલા પોલીસ ઇન્સ્પેક્ટર રાવલે તે જોયું, ન જોયું અને પોતાની ગાડીને બ્રેક લગાવી.

આ બધું જ ત્રીસેક સેકન્ડમાં બન્યું. પત્નીનું કપાળ અને નાક ડેશબોર્ડ સાથે અથડાયું. પ્રોફેસરનું માથું ગાડીની છત સાથે ભટકાયું. શામજીની છાતીમાં ભારે જોરથી સ્ટીઅરિંગ વ્હીલ અથડાયું. ઈમ્પેક્ટ એટલો સખ્ત હતો કે સ્ટીઅરિંગ વ્હીલ અને સીટના બેકરેસ્ટ વચ્ચે શામજી ભરાયો. તેના જમણા પગ પર જોરથી ચોટ વાગી હતી. આગલા બારણાનો નકૂચો તેની કોણીમાં ઘૂસી ગયો હતો. અને કાંઈ જ અથડામણ વગર કેવળ આંચકાથી ડ્રાઈવર સાઇડમાં નાંખવામાં આવેલું રીયરવ્યુ મિરર તેના દાંડા આગળથી તૂટીને અંદર ફંગોળાયેલું, જેનો ફટકો શામજીના જમણા કાન નીચે વાગ્યો હતો. એટલે જ તેને તમ્મર આવી ગઈ હતી. બીજી તરફ પાછળ આવતા રમણે તેની કારકિર્દીની શ્રેષ્ઠ આવડત વાપરીને જીપની 'હેડ-ઓન' ટક્કર બચાવી હતી છતાં જીપના જમણા વ્હીલનું મડગાર્ડ ઊડ્યું હતું અને તેનું પાછળનું ડાબી તરફનું ટાયર, ગરનાળાની ડાબી તરફની પાળ સાથે અથડાયું હતું. પાછળ બેઠેલો એક કોન્સ્ટેબલ બૂરી રીતે ઘવાયો હતો.

ઘડીભર આખી ગેંગ પોતાનો મૂળ મકસદ ભૂલી ગઈ હતી અને બધા જ હેબતાઈને બે-ત્રણ મિનિટ પછી જાણે ભાનમાં આવ્યા હોય તેમ દોડ્યા હતા. ચંદુ દટ્ટો મોટર સાયકલ લગભગ ગરનાળા નીચેના સૂકા વહેળામાં નાંખીને ઉપર દોડી આવ્યો હતો. ચંદુ અને બબલાએ નકાબ કાઢી નાંખ્યા હતો એટલે તેમને કોઈ ઓળખે તેમ ન હતું. પોલીસ પાર્ટીમાંથી એક જણાને વધુ ગંભીર ઈજા થઈ હતી. રમણને અને આગળ બેઠેલા બે કોન્સ્ટેબલને ઈશ્વરે જ બચાવ્યા હતા. થોડી જ વારમાં બધા કામે લાગ્યા હતા. એક હકીકત છે કે અણધારી પરિસ્થિતિમાં તદ્દન સ્વસ્થતાથી વર્તવાની 'જેનેટિક ગિફ્ટ' અમારી જ્ઞાતિના સભ્યોને મળેલી જ હોય છે. હાથમાં ચોરીનો માલ હોય અને સામે પોલીસ મળે, રંગે હાથ પકડાઈ જવાનો ભય હોય, પાછળ ચોર ચોરની બૂમ પડતી હોય છતાં છટકી જવાની ત્રેવડ કેવળ અમારી જ્ઞાતિના બિરાદરો પાસે હોય છે. અકસ્માતમાં ઘવાયેલાને હઠાવવા, ગાડીઓને

રસ્તામાંથી હઠાવવી અને ચોક્કસ માણસોને ટ્રીટમેન્ટ માટે ક્યાંક રવાના કરવા જેવાં તત્કાલ પગલાં ઝડપથી ભરવાં જરૂરી હતાં. આમાં સૌથી વધુ ભય અત્યારે સાચી જ પોલીસ પેટ્રોલિંગ કરતી આવે તે હતો.

ટિનુની ટેક્સીમાં હું અને ટિનુ આરામથી આવતા હતા. ખોરડામાં જે નાટક ખેલાયું તેની રમૂજ લેતાં અમે હસી રહ્યા હતા. અમને કલ્પના ન હતી કે આગળ વિચિત્ર અકસ્માત થયો હતો. એટલું જ નહિ જે રણનીતિ ઘડવામાં આવી હતી તેમાં મારે હવે કશું કરવાનું હતું નહિ. નક્કી એવું થયેલું કે ઇન્સ્પેક્ટર રાવલની ટુકડી શામજી, પન્ની અને દાજીને આંતરીને પકડે અને તેમાંથી 'તોડ' થાય. શામજીની ગાડીમાં એક પેટીમાં જે ખોટી લગડીઓ હોય તે પોલીસ લઈ લે. તેવી જ રીતે મારે પણ છૂટવા માટે તોડ કરવો પડ્યો તેવું કરીને મારી પાસે જે સાચી લગડીઓ હતી તેમાંથી અડધી આપી દેવી પડી તે પુરવાર કરવાનું અને પોલીસે મને અને ટિનુને સજ્જડ માર્યા છે તે દેખાડવાનું હતું. પણ આ બધું એક ચોક્કસ જગ્યાએ જગતેશ્વર મંદિરની નજીક કરવાનું હતું. એટલે જ્યારે ૮૪/૪ નંબરના ગરનાળા પર આડાં વાહનો અને માણસોની દોડભાગ અમે દૂરથી જોઈ, ત્યારે ચેતવણીની ઘંટડીઓ મારા મગજમાં વાગવા માંડી.

"ટિનુ, ગાડી ધીરી પાડ. કશીક ગરબડ છે." મેં કહ્યું. વળાંક લેતો રસ્તો જ્યાં સીધો થયો હતો ત્યાં ટિનુએ ગાડી તદ્દન ધીરી પાડી. "કંઈક ખોટું છે." મેં કહ્યું. ટિનુએ હેડલાઇટ્સ તરત જ ઓફ કરી હતી. તેમ છતાં ચન્દ્રના અજવાળામાં બે ગાડીઓ અને હરતાફરતા લોક દેખાતા હતા.

"રમણ જ લાગે છે પવલા." ટિનુએ કહ્યું, ને ગાડી ઊભી રાખી.

"પણ અહીં તેને આંતરવાનો ન હતો ટિનુ." મેં કહ્યું, "રમણ જેટલો ચોક્કસ આદમી વગર કારણે -"

"કદાચ સાચેસાચ ટ્રાફિક પોલીસ -" ટિનુ બોલ્યો ત્યાં જ રસ્તા પર સામેથી કોઈ મોટરસાયકલ ઓચિંતી જ નજરમાં આવી. કોઈક અમારી બાજુ આવી રહ્યું હતું. અમે એક ફર્લાંગ કરતા ઓછા અંતરે ગાડી ઊભી રાખી હતી. સામેથી આવતી મોટરસાયકલનો અસવાર લાઇટ્સ ઓન ઓફ કરતો રહ્યો.

"આપણો જ કોઈ લાગે છે." ટિનુ બોલ્યો.

"તું સાવધ રહેજે, ટિનુ" મેં કહ્યું. ત્યાં જ અમને ખ્યાલ આવ્યો કે સતીષ સિલ્વર આવી રહ્યો હતો. તે પણ થોડી જ મિનિટો પહેલાં ત્યાં પહોંચ્યો હતો. તે મોટર સાયકલ ઊભી રાખે તે પહેલાં જ અમે બન્ને ગાડીમાંથી નીચે ઊતર્યા. તેણે ઝડપથી પરિસ્થિતિ સમજાવી.

"પન્નીને જેટલું વાગ્યું છે તેના કરતાં દાજી અને શામજીને વધુ વાગ્યું છે. પણ તેની હાલત ગંભીર નથી. ગાડીની પત્તર ઝીંકાઈ ગઈ છે. જનુની મોટર સાયકલનો ફૂચો થઈ ગયો છે."

"અચ્છા, તું પાછો જા. અમારી ગાડી નજીક આવે એટલે તમે ભડાકા કરજો." મેં કહ્યું. તેને ખ્યાલ આવ્યો કે તેણે અને રમણની પોલીસ પાર્ટીએ 'એમ્બુશ'નો દેખાવ કરીને મને અને મારી ગાડીને કબજે કરવાની છે. સતીષ સિલ્વર જેવો પાછો વળીને ત્યાં પહોંચ્યો કે તરત જ ઇન્સ્પેક્ટર રાવલની ટુકડીએ પોઝીશન લીધી. પન્ની, દાજી અને શામજીને ગરનાળાની પેલી તરફ ફર્સ્ટ એઇડ અપાઈ રહી હતી. તે જ વખતે રમણે બૂમ પાડી - "ફાયર."

શામજી ધડાકા સિવાય કશું સાંભળી શકે તેમ ન હતો. તેના કાન, ખભા, પડખાની પાંસળીઓ અને છાતીમાં દર્દ થતું હતું. "પકડો સુવ્વરને... રામજી... તેના પગમાં ગોળી માર. ડોન્ટ કીલ હીમ... એમ જાતભાતની બૂમો પડતી રહી. હું અને ટિનુ અમે બન્નેએ ગાડી ઊભી રાખીને ભાગવાની કોશિશ કરી તે પછી બધું ફટાફટ કરવામાં આવ્યું. બે જણને લઈ જાવ. એ હરામજાદાની ગાડીમાં. તેને જીપમાં નાંખો" ઇન્સ્પેક્ટર રાવલે હુકમો આપ્યા. "ગાડીમાં જુઓ, કમબખ્તો પાસે હથિયારો હશે."

"નહિ, સર પેટી છે."

"ઉતારી લ્યો એ પેટી. શું છે તેમાં ? "

"સાહેબ બિસ્કિટ... ગોલ્ડ..." બે કોન્સ્ટેબલોએ બૂમો પાડી. શામજી આ બધું સાંભળી રહ્યો હશે તેમ બધાએ વિચારેલું. તેને, પન્નીને અને દાજીને ટિનુની ગાડીમાં નાંખવામાં આવ્યાં. ઇ. રાવલે સ્ટીયરિંગ સંભાળ્યું, અને બીજા બે પોલીસો બંદૂકો સાથે અંદર ગોઠવાયા.

વેલ... ધેટ વોઝ ધ એકચ્યુઅલ ફીનીશ.

*

અકસ્માત, એ અણધારી ઘટના હતી. અમારા પ્લાનમાં શામજીને, દાજી અને પન્નીને આંતરીને પોલીસવાળું નાટક થાય અને તોડમાં પોલીસ પાર્ટી અડધી લગડીઓ પડાવી જાય તેવું ગણિત હતું. અકસ્માતને કારણે અમારે મૂળ પ્લાનમાં ઝડપથી ફેરફાર કરવો પડ્યો હતો. નસીબ જોગે જ પન્ની, શામજી કે દાજીને ગમખ્વાર ઈજાઓ થઈ ન હતી. તેમ છતાં દાજી તદ્દન બેહોશ હોય તેવો આબાદ અભિનય તેમણે કરેલો. ખરેખર તો સૌથી વધુ ઈજા શામજીને થઈ હતી. જો પોલીસ પાછળ પડી ન હોત અને આવો અકસ્માત થયો ન હોત તો શામજી બેહોશ થઈ ગયો હોત. પરંતુ પોતાની ઈજા કરતાં વધુ જોખમ અને ભય પોલીસને કારણે લાગતો હતો, તેથી એ દર્દ છતાં સજાગ હતો.

ટિનુની ગાડીમાં દાજી, શામજી અને પન્નીને નાખવામાં આવ્યાં. તે વખતે જ પન્નીએ શામજીને કાનમાં કહેલું, "તમે અર્ધબેહોશ રહેજો. હું પોલીસ સાથે વાત કરીશ." શામજી થથરી ગયો હતો. આ સૂચન તેને સ્વીકાર્ય હોય તેમાં નવાઈ ન હતી. સોના સાથે રંગે હાથે પકડાયા પછી જો કાદરના ખૂનની તલાશ થાય તો આવી બનવાનું છે, તેવું શામજીને સમજાવવાની જરૂર ન હતી.

"પ્લીઝ રાવલ સાહેબ, હું તમને બધી વાત કરું છું. તમે અમદાવાદ અમને પહોંચાડો. જે કાંઈ બન્યું તેમાં હું કે અશોક જવાબદાર નથી." પન્નીએ અને ઈન્સ્પેક્ટર રાવલે ગાડીમાં જ વાર્તાલાપ શરૂ કરેલો.

"તો પછી કોણ મારો બાપ જવાબદાર છે ?" રાવલ તરીકે રમણનો ભારે અવાજ થથરાવી નાખે તેવો નીકળે છે.

"આ શામજીભાઈને અને મારે ટ્રિટમેન્ટની જરૂર છે." પન્નીએ વિનંતી કરી.

'મને દેખાય છે. એટલે તો તમને બધાંને સિવિલ હૉસ્પિટલમાં લઈ જવાં પડશે !'

"સિવિલ હૉસ્પિટલમાં -!"

"કેમ, મારે કેસ નહીં કરવો પડે ! અને આ માણસ -" ગાડીની પાછળના ભાગમાં લગભગ સ્થિર થઈને. શામજીની બાજુમાં પડેલા દાજીને બતાવીને રાવલે ઉર્ફે રમણે કહ્યું, "આ માણસ મરી જાય તેનું શું ?"

"તેમાં અમારે કાંઈ નથી." પત્નીએ કહ્યું. "અમે ! તેને ઓળખતાં નથી. રસ્તામાં અમને એક ગાડી મળી હતી. તેમાં કંઈક ખરાબી થયેલી. એ લોકોએ હાથ કરીને અમને ઊભા રાખ્યા. અમે ઊભા રહ્યા. આ માણસે વિનંતિ કરી કે મહેસાણા સુધી તેને લિફ્ટ જોઈએ છે. તેની ગાડી બગડેલી. અમને થયું કે લેટ્સ હેલ્પ હીમ. તે વખતે અમને ખબર નો'તી સર કે-"

"કે શું ?"

"કે આ માણસ દેખાય છે તેવો નથી. અરે ! તેણે તમારો રોડ-બ્લોક દૂરથી જોઈને, એકાએક પિસ્તોલ કાઢીને શામજીભાઈના માથા પાછળ અડાડીને હુકમ કર્યો કે 'ગાડી ભગાવ' ત્યારે અમને ખબર પડી કે એ શયતાન છે. બિલિવ મી... નહિ તો આટલી ખતરનાક રીતે કોઈ ગાડી ચલાવતું હશે !"

"એ માણસને તમે ઓળખતાં નથી ?"

"નહિ, બિલકુલ નહિ."

"અને લગડીઓ... તેના સામાનમાંથી મળી આવેલ ચાઈનીઝ લગડીઓ ?"

"ચાઈનીઝ લગડીઓ... !" પત્નીએ આશ્ચર્ય ઠાલવ્યું.

"રાવલ સાહેબ, તમારી કંઈ ગંભીર ભૂલ થાય છે. તમે સમજો, તમે આ માણસને પકડીને લઈ જાવ. તમારે થોડો સમય માટે ગાડી જોઈતી હોય તો તે પણ રાખી લો. પરંતુ અમને જવા દો."

"મતલબ ?"

"અમને આ લફરામાં પાડો નહિ. મારું આવી બનશે."

"શું કામ ? તમને શું ડર છે હવે ! આ હરામજાદો (દાજી) હોશમાં આવશે કે તરત બધું ઓકાવીશું. અને તમને રંજાડવા બદલ, તમને બંદૂકની અણીએ બાનમાં લેવા બદલ, જીવલેણ અકસ્માત કરાવવા બદલ આપણે કેસ કરીશું."

"નહિ સર... તમારે જે કરવું હોય તે કરો. પણ અમને સંડોવો નહિ. હું તમે કહો તે રીતે તમને ખુશ કરીશ, પ્લીઝ..."

"મતલબ ?"

"રાવલ સાહેબ, મારા હસ્બન્ડને ખબર પડશે તો મારું આવી બનશે, પ્લીઝ..."

"વેલ... તો આ આ ભાઈ કોણ છે ?"

"એ મારા પતિ નથી."

"તો કોણ છે ?"

"શા માટે મારા મોઢે બધું બોલાવો છો !" પત્નીએ રડતાં રડતાં નાટકીય રીતે નવી જ વાર્તા રજૂ કરી. તે શામજીના પ્રેમમાં છે. થોડા વખતમાં શામજી ડાયવોર્સ લેશે અને તે પણ તેના પતિથી છૂટી થશે. પણ એ બધી વાતની અશોકને, તેના પતિને ખબર નથી. તેવી કથા લંબાણપૂર્વક અને જાતભાતના પ્રસંગો ઉમેરીને પત્નીએ કહી.

"તમારા હસ્બન્ડ ક્યાં છે ?"

"તે બહારગામ હોય તો જ હું આ રીતે ફરી શકું ને !"

"શું નામ કહ્યું તમે ?"

"અશોક !"

"અશોક ! શું ધંધો કરે છે ?"

"રેડ એરો... કુરિયર સર્વિસમાં વર્કિંગ પાર્ટનર છે..."

"અચ્છા ! ધેટ મિન્સ અમે લોકો કરેક્ટ લાઇન પર છીએ. પુષ્પાબેન ! તમે સાચે જ ચાલાક છો. તમને ખબર નથી ગોસ્વામીના પત્ની થઈને તમે એમ કહો છો કે લગડીઓ કે ચાઇનીઝ કનેક્શનની તમને ખબર નથી ? તમને ખબર છે આજે પોલીસ સામે જેમની મૂઠભેડ થઈ તેમાં અમે કાદર નામના ખૂંખાર ગુનેગારને ઝડપતા ઝડપતા રહી ગયા છીએ. એ તો સારું છે આ માણસ (દાજી) અમારા હાથમાં આવ્યો છે એટલે તેની જબાન તો ખોલાવીશું જ. અને ત્યારે તમને ભારે પડવાનું છે."

"રાવલ સાહેબ, તમે કહેવા શું માંગો છો ?"

"તમારો પતિ કોણ છે તે મારે કહેવાનું છે ? અશોક ગોસ્વામી... તમારો પતિ ઉર્ફે અનિરુદ્ધ ઠાકોર, ઉર્ફે આલોક પાંડે ઉર્ફે જવાહર પંડિત... કેટકેટલાં નામ ગણાવવાં તમને."

"માય ગોડ ! રાવલ સાહેબ, આ બધું શું બોલો છો ?"

"બોલતો નથી મારી પાસે પુરાવો છે." કહીને રાવલે ગજવામાંથી મારો ફોટો કાઢ્યો. " આ તમારો હસ્બન્ડ... અશોક..."

"વોટ ! આ ? આ ? અરે ! આ માણસને મેં ક્યારેય જોયો સુધ્ધાં નથી. તમારી કંઈ ગેરસમજ થાય છે." પન્નીએ ફોટો લઈને કહ્યું. "હું તમને ક્યારની સમજાવવાની કોશિશા કરી રહી છું. આ માણસને (દાજીને) લિફ્ટ ન આપી હોત, અને આ હરામજાદાએ પિસ્તોલ ન કાઢી હોત તો કશું અઘટિત ન થાત. રાવલ સાહેબ, મારી જિંદગી તમારા હાથમાં છે. પ્લીઝ, તમે સમજો. હું અને શામજી પ્રેમમાં છીએ તેમાં એક અંશમાત્ર ખોટી વાત નથી. મારા પતિને એ વાતની ખબર નથી... તમે મારે ત્યાં આવો તો હું નિરાંતે સમજાવું કે શા માટે મારે મારા પતિથી છૂટા થવું છે."

બસ એમ ને એમ જ આખી વાત બનતી રહી. વચ્ચે વચ્ચે પન્ની શામજીને ઉઠાડવા પ્રયત્ન કરતી. તે ઉંકારા ભરતો અને વાતચીત સાંભળતો. અમદાવાદ પહોંચતાં સુધીમાં રાવલને તેણે સમજાવી લીધા હતા. રાવલે અમદાવાદમાં પ્રવેશતાં જ દાજીને અને કૉન્સ્ટેબલોને બીજી ટેક્સીમાં રવાના કર્યા હતા. "એ હરામખોરને સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરો."

રાવલ ઉર્ફે રમણને તથા શામજીને રતિલાલને બંગલે લઈ જવામાં આવ્યો હતો. પ્રથમ કામ શામજીભાઈ માટે ડૉક્ટરને બોલાવવાનું કરવામાં આવ્યું. ડૉ. દેસાઈ નામના નજીકમાં રહેતા ડૉક્ટરને રતિલાલની બહેન લઈ આવી અને શામજીને પ્રાથમિક સારવાર અપાઈ. તે સ્વસ્થ થયો. ડૉક્ટર ગયો પછી પૂછપરછ ચાલુ રાખેલી.

"પેલા માણસે (દાજી) લિફ્ટ માંગી ત્યારે કાદર નામનો માણસ ત્યાં હતો ?" રાવલે કાદરનું વર્ણન આપીને પૂછેલું. એ સવાલ તેણે શામજીને પૂછ્યો.

"નહિ... નહિ..."

"ખેર ! કદાચ એ માણસ માલ શોધતો અહીં આવે તો મને ફોન કરજો." કહીને રાવલે અદાથી ટેલિફોન નંબર લખાવ્યો. "એ ખતરનાક માણસ છે. મોટે ભાગે તો એ આવશે નહીં. પુષ્પાબેન, તમારે થોડી લગડીઓ

રાખવી હોય તો મને વાંધો નથી. ફ્રેન્કલી આટલી લગડીઓને પંચ કેસમાં હું દર્શાવવાનો નથી."

"નહિ સર... મારે કંઈ ન જોઈએ. તમે ફક્ત અમારાં નામ ન આવે તેટલું જોજો."

"તમે નિશ્ચિંત રહેજો."

ઇન્સ્પેક્ટર રાવલે વિદાય લીધી ત્યારે સવાર થઈ ચૂકી હતી અને શામજીભાઈ તદ્દન હારી ગયો હતો. રાવલને વિદાય કરીને પત્ની, શામજીને અપરંપાર પ્રેમથી આલિંગી હતી. પણ શામજીનું શરીર કળતું હતું. માથું ભમતું હતું સોનું ગુમાવ્યાથી તેના આખા શરીરમાં ધ્રુજારી થતી હતી. તેને પત્નીના આલિંગનમાં રસ રહ્યો ન હતો.

"પુષ્પા, મારું આવી બનવાનું છે. એક તો રૂપિયા ગુમાવ્યા અને-"

"મને સમજાય છે શામજી. સોનુ તો કાલે પેદા થશે. પણ કાદરને જીવતો નહિ કરી શકાય. સારું હતું કે સોનાની વાતથી પત્યું. સાલું કાદરનું મડદું હાથમાં આવ્યું હોત તો રાવલનો બચ્ચો માનત નહિ. અને બીજું એક વખત રાવલે સોનું હડપ કર્યું એટલે તે પણ આપણા જેટલો જ ગુનેગાર થાય ને ! પછી ડરવાનું શું ?"

"પણ મારે આમાં પડવા જેવું નો'તું. એક બોક્સ અશોકભાઈ વાળી ગાડીમાં હતું. એ હવે લઈને ક્યાંય રવાના થયા હશે. ઓહ ! મારી પત્નીને હું શું કહીશ !" શામજી ભારે પસ્તાવો કરી રહ્યો હતો.

આખરે શામજીને ઘેર કેવી રીતે સમાચાર પહોંચાડવા તેની સ્ટ્રેટેજી નક્કી થઈ. મોડી સવારે શામજીને ઘેર રવાના કરવામાં આવ્યો. શામજીની તેના ઘરમાં શું હાલત થઈ હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. મહેસાણા પાસે તેને એક્સિડન્ટ થયો હતો તે અંગે ખાસ્સી વાત ઉપજાવી નાખવામાં આવી હતી. છતાં તેની પત્નીને અનેક કુશંકાઓ થઈ હતી. છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી તે શામજીને ભારે આશંકાથી જોતી: તેને ખ્યાલ આવ્યો હતો કે તેના વરનો પગ કોઈ કુંડાળે પડ્યો હતો. વળી પત્નીએ બે-ત્રણ વખત ફોન કરીને બળતામાં ઘી ઉમેર્યું હતું.

*

ખેર ! શામજીએ પોતે સોનાના નામનું સ્નાન કરી નાંખ્યું જ હતું. એટલું જ નહિ પન્નીના પ્રમુખપદે ટુકડીના અગ્રગણ્ય સભ્યોએ નફા-નુકસાનનું તારણ કાઢ્યું હતું. અને ધારા-ધોરણ પ્રમાણે રૂપિયાની વહેંચણી સોનાનો ભાવ મૂકીને લગડીઓ દ્વારા કરવામાં આવી હતી. જનુ અને અન્ય સભ્યો તો બધાં જ સોનાની વહેંચણી માટે તત્પર હતા. પણ પન્નીએ પોતાનો વટહુકમ જારી રાખ્યો હતો. "લોભે લક્ષણ જાય, સમજ્યાને ! એક પેટી શામજીને પાછી આપવી પડશે."

તેની વાત ખોટી ન હતી. બરાબર દસ દિવસે શામજી સ્વસ્થ થયો હતો અને દુકાને ગયેલો. અમે રોજ તેની ખબર રાખતા હતા. મારા માથા પર વાળ આવવા માંડ્યા હતા. મારે મારો હુલિયો બદલવાનો થાય તે પહેલાં તેની મુલાકાત લેવાની હતી. કાળા ઘનઘોર ગોળ કાચનાં ચશ્માં અને માથે પી-કેપ, બ્લેક જર્સી, વ્હાઈટ શર્ટ, વ્હાઈટ પેન્ટ અને હાથમાં મોટી સાઈઝની ઓવર નાઈટ બેગ લઈને હું શામજીની દુકાને ગયો હતો. મારો લિબાસ જોઈને બંદૂકધારી ગાર્ડે પૂછ્યું હતું "કોનું કામ છે ?"

મેં મારું કાર્ડ આપ્યું, જે શામજીને આપવામાં આવ્યું. તે સાથે તે દોડતો બહાર આવ્યો. તેણે મને જોયો તે સાથે તેના કપાળ પર પરસેવો વળી આવ્યો.

"અશોકભાઈ..."

"વધેલો માલ લઈને આવ્યો છું." મેં હોઠ ફફડાવીને કહ્યું.

"ઓહ ! હેં... ઓહ..." તેને સમજ ન પડી કે શું કરવું જોઈએ. તે મને તેની કેબિનમાં લઈ ગયો. મેં તેના સુંદર ટેબલ પર બેગ મૂકી અદાથી ખોલી.

"હું તમને પહેલેથી જ કહેતો હતો કે તમારું આમાં કામ નથી. પણ તમે માન્યા નહિ. એટલું જ નહિ મારે હાથે ન થવાનું કામ થઈ ગયું. કાદર મારો દોસ્ત હતો. મારે તેને મારવો ન હતો. મને ફક્ત સાલા રાવલ ઇન્સ્પેક્ટરની ચિંતા છે. એ કમબખ્ત મોટો તોડ કરી ગયો છે. તેનો અર્થ એ નથી કે તેણે બધી વાત માની લીધી હશે. તમે સચેત તો રહેજો. તમને નુકસાન થયું છે તેને કેમ ભરપાઈ કરવું તે ક્યારેક વિચારીશું. મેં કહ્યું અને માથુ ધુણાવ્યું.

"તમે તમે કંઈ કહેવા માંગતા હતા." શામજી બોલ્યો.

"જવા દો..." મેં ફરી માથું ધુણાવ્યું.

"નહિં... તમે શું કહેતા હતા ?"

મેં આજુબાજુ જોયું અને હળવેથી શામજીના કાનમાં કહ્યું :

"કાદરનું પતાવી નાંખ્યું છે. તેને બરાબર દાટી દીધો છે. ત્યાં કોઈ જશે નહીં. અને વેલ... પુષ્પા -"

"પુષ્પાનું શું ?"

"તેના ચક્કરમાં આવીને હું પસ્તાયો છું... એ જેટલી રૂપાળી છે તેટલી લોભિયણ છે..." મેં કહ્યું અને હું તેમની કેબિનમાંથી બહાર નીકળ્યો. બરાબર તે જ વખતે ફોન રણક્યો.


"હલો કોણ ?" શામજીભાઈએ ફોન ઉઠાવ્યો.

"શામજી..." ભારે મીઠે અવાજે પત્નીએ કહ્યું. "આજે આપણે મળવું નથી ?" પણ શામજીએ જવાબ ન આપ્યો. તે ઘડીભર રિસિવર તરફ જોઈ રહ્યો અને હળવેથી ક્રેડલ પર મૂક્યું.

તે મારી પીઠ તરફ જોતો હશે તેની મને ખાતરી હતી. મને એ પણ ખાતરી હતી કે હજુય તેને પત્નીનું આકર્ષણ રહેવાનું છે, પણ તેની હિમ્મત ઓસરી હતી.

મેં કહ્યુંને સાહેબ ! મારી પત્ની ફોઈ જેવી અફલાતૂન ઔરત જગતમાં શોધવી મૂશ્કેલ છે.

[સમાપ્ત]



'કસબ' પછી આવતી,
સત્યઘટનાના નેપથ્યમાં
રચાયેલી, પન્ની ફોઈ
અને પવલાના પરાક્રમની
બીજી કથા-'કરામત'

''પન્ની ફોઈ
જે સ્કીમ
બનાવતી તેમાં
મુખ્યત્વે ત્રણ સિધ્ધાંતો રહેતા :-
એક : લોભે લક્ષણ જાય.
બે : ચોરની મા કોઠીમાં મોં ઘાલી રડે.
ત્રણ : શૂળીનો ઘા સોયથી સર્યો ''
-પવલો

લોભી અને ધુતારા વચ્ચેના ચુંબકીય ક્ષેત્રમા
રચાતી રમૂજી અને રોમાંચક કથા-કરામત